


# ગિરનાર ગીતગંગા

ગિરનારમંડન શ્રી નેમિનાથાય નમઃ

# ગિરનાર ગીતગંગા

**: સંકલન :**

યુગપ્રધાન આચાર્યસમ,
શાસનપ્રભાવક પરમપૂજ્ય પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી
ગણિવર્યના શિષ્યરત્ન
પ.પૂ.પં. ધર્મરક્ષિતવિજયજી ગણિવર્યના શિષ્ય
પં. હેમવલ્લભવિજયજી ગણિવર્ય

**: પ્રકાશક :**

ગિરનાર મહાતીર્થવિકાસ સમિતિ
હેમાભાઈનો વંડો, ઉપરકોટ રોડ,
જગમાલ ચોક,જૂનાગઢ - ૩૬૨૦૦૧
ફોન : ૦૨૮૫-૨૬૨૨૯૨૪ મો : ૯૪૨૯૧૫૯૮૦૨

Email-girnarbhakti@gmail.com
web : www.girnarbhakti.com
www.girnarmahatirth.org
www.girnarjaintirth.com

પ્રથમ આવૃત્તિ : ૨૫૦૦ નકલ

દ્વિતીય આવૃત્તિ : ૧૦૦૦ નકલ

કિંમત : ૫૦.૦૦

**: પ્રાપ્તિસ્થાન :**

**શ્રી નેમિજિન ધર્મશાળા**
ગિરનાર તળેટી,ભવનાથ રોડ. જૂનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૨૦૨૫૧

**ગિરનાર મહાતીર્થ વિકાસ સમિતિ**
હેમાભાઈનો વંડો, જગમાલ ચોક,
જૂનાગઢ - ૩૬૨૦૦૧
ફોન : ૦૨૮૫-૨૬૨૨૯૨૪

**સમકિત ગ્રુપ**
જવાહરનગર,
ગોરેગાંવ, મુંબઈ
ફોન : ૯૮૨૧૩૨૭૩૮૮

**અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ**
ગોપીપુરા, સુભાષ ચોક,
સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૯૩૩૭

**ભગીરથ ઈલેક્ટ્રોનીક્સ**
૨૫-૨૭, બી જાદવ ચેમ્બર્સ,
સેલ્સ ઇન્ડીયાની પાછળ,
આશ્રમ રોડ, અમદાવાદ.
૦૭૯-૨૭૫૪૬૨૩૮

**વર્ધમાન સંસ્કારધામ**
ભાવાનીકૃપા બિલ્ડીંગ, પેલે માળે,
ગિરગામ ચર્ચ રોડ, ચર્ની રોડ,
ઓપેરા હાઉસ,
મુંબઈ - ૪૦૦૦૦૪
૦૨૨-૨૩૬૮૦૯૭૪

**કમ્પોઝીંગ : પ્રિન્ટહબ**
અમદાવાદ

**: મુદ્રક :**
**નવભારત સાહિત્ય મંદિર**
મહાવીર સ્વામી દેરાસર પાસે,
પતાસા પોળ સામે, ગાંધી રોડ,
અમદાવાદ - ૩૮૦૦૦૧
ફોન : ૦૭૯-૨૨૧૩૯૨૫૩-૨૨૧૩૨૯૨૧

# વિષયાનુક્રમ


| ક્રમ | વિષય | પાન નં. |
|---|---|---|
| ૧. | ગિરનારનો મહિમા ન્યારો... | ૩ થી ૮ |
| ૨. | ગિરનાર સ્તુતિસરિતા વિભાગ : | |
| | (i) ગિરનાર નેમિસ્તુતિ | ૯ થી ૩૪ |
| | (ii) સામાન્ય જિનસ્તુતિ | ૫ થી ૬૯ |
| | (iii) ગિરનાર નેમિ થોયના જોડા | ૭૦ થી ૮૩ |
| | (iv) ગિરનાર મહાતીર્થના ખમાસમણાના દુહા | ૮૩ થી ૮૪ |
| ૩. | ચૈત્યવંદન વિધિ વિભાગ | |
| ૪. | ગિરનાર-નેમિ સ્તવન વિભાગ : | |
| | (i) નેમિનાથ પ્રાચીન સ્તવન | ૯૧ થી ૧૦૮ |
| | (ii) ગિરનાર નેમિનાથ અર્વાચીન સ્તવન | ૧૦૯ થી ૧૨૯ |
| ૫. | નેમિભક્તામર સ્તોત્રમ્ | ૧૩૦ થી ૧૫૧ |
| ૬. | ગિરનાર ભક્તિધારા વિભાગ : | |
| | (i) ગિરનાર-નેમિ ભક્તિગીત | ૧૫૨ થી ૧૭૦ |
| | (ii) સામાન્ય ભક્તિગીત | ૧૭૧ થી ૨૨૫ |
| ૭. | દીક્ષાગીત વિભાગ : | ૨૨૬ થી ૨૪૩ |
| ૮. | ગુરુભક્તિગીત વિભાગ : | ૨૪૪ થી ૨૫૦ |
| ૯. | ચલતીના દુહા | ૨૫૧ થી ૨૫૨ |
| ૧૦. | ઉછામણીના દુહા | ૨૫૩ થી ૨૫૬ |
| ૧૧. | ગિરનાર મહાતીર્થની ૯૯ યાત્રાની વિધિ | ૨૫૭ થી ૨૫૮ |
| ૧૨. | ગિરનાર મહાતીર્થના ૧૦૮ નામ સહિત ખમાસમણાના દુહા | ૨૫૯ થી ૨૬૫ |
| ૧૩. | ગિરનારની યાત્રા કરતાં પહેલાં ખાસ વાંચો | ૨૬૬ થી ૨૬૯ |
| ૧૪. | પરમાત્માભક્તિના અંતે સંકલ્પ | ૨૭૦ થી ૨૭૧ |
| ૧૫. | ગિરનાર કલ્યાણકભૂમિની અમાસના સ્પર્શના | ૨૭૨ |


## ગિરનાર સ્તુતિ સરિતા


| | | |
|---|---|---|
| ૧. | ગિરનાર મહાતીર્થ સ્તુતિ (૯) | ૯ |
| ૨. | ગિરનાર વંદનાવલી (૨૧) | ૧૦ |
| ૩. | નિરખ્યું હશે તે દશ્ય... (૨૮) | ૧૩ |
| ૪. | નેમિજિન સ્તુતિ (૮) | ૧૭ |
| ૫. | શ્રી નેમિનાથ ભગવાનની સ્તુતિ (૮) | ૧૯ |

૬. નેમિ ભક્તિગાન (૨૧) ૨૦
૭. હે નેમિનાથ જિનેન્દ્ર... (૧૮) ૨૩
૮. હે નેમિનાથ જિનરાજ સુણો... (૧૮) ૨૭
૯. વંદન કરું ધરી ભાવ દિલમાં... (૪) ૨૯
૧૦. ગરવા ગિરિ ગિરનારને... (૮) ૩૦
૧૧. ભવોભવ મળો નેમિજિન... (૧૦) ૩૧
૧૨. ગિરનાર - નેમિસ્તુતિ (૫) ૩૩
૧૩. ગિરનાર - નેમિનાથ સ્તુતિ (૬) ૩૪

## સામાન્ય જિન સ્તુતિ

૧. પ્રભુમિલનની સ્તુતિઓ (૧૩) ૩૫
૨. અરિહંત ! તુજ સૌંદર્ય લીલા... (૯) ૩૭
૩. એવા પ્રભુ અરિહંતને પંચાગ... (૪૯) ૩૮
૪. રત્નાકર પચ્ચીશી (૨૫) ૪૫
૫. સંવેદના પચ્ચીશી (૨૫) ૫૦
૬. હે નાથ ! નિર્મળતા તણું વરદાન... (૯) ૫૪
૭. ચારિત્રમાં મુજ મન વસો... (૯) ૫૫
૮. આ પાપમય સંસાર છોડી... (૧૯) ૫૭
૯. આજથી મારા તમે... (૮) ૬૦
૧૦. મળજો મને જન્મોજનમ (૩૧) ૬૧
૧૧. યાચના (૮) ૬૫
૧૨. પ્રભુવિરહ સ્તુતિઓ (૭) ૬૭

## ગિરનાર-નેમિ થોયના જોડા

૧. રાજુલ વર નારી (૪) ૭૦
૨. સુર અસુર વંદિત (૪) ૭૦
૩. શ્રી ગિરનાર શિખર (૪) ૭૧
૪. નેમિનાથં, વંદે બાઢમ્ (૪) ૭૨
૫. શ્રી ગિરનારે જે ગુણ (૪) ૭૨
૬. નેમિનાથ નિરંજન નિરખ્યા (૪) ૭૨
૭. ગિરનારે નેમનાથ ગાજે (૪) ૭૩
૮. જાદવકુલશ્રી નંદ સમો એ (૪) ૭૩
૯. ગિરનારે ગીરૂઓ (૧) ૭૪
૧૦. હરિવંશ વખાણું (૪) ૭૪

૧૧. ગયા શસ્ત્રાગારે (૪) ૭૫
૧૨. નમો નેમ નગીનો નભમણિ (૪) ૭૫
૧૩. શ્રી નેમિજિન પ્રણમી (૧) ૭૬
૧૪. નેમિનાથ ગુણના ભંડાર (૧) ૭૬
૧૫. ગઢ ગિરનારે નમું (૧) ૭૬
૧૬. દુરિત ભય નિવારં (૪) ૭૭
૧૭. યાદવ કુલમંડણ (૪) ૭૭
૧૮. અમર કિન્નર જ્યોતિષધર નર (૪) ૭૮
૧૯. ચિક્ષેપોર્જિતરાજકં રણમુખે (૪) ૭૯
૨૦. ત્વં યેનાક્ષતધીરિમા ગુણનિધિ (૪) ૭૯
૨૧. કમલવલ્લપનં તવ રાજતે (૪) ૮૦
૨૨. જિત મદ નમ નેમે (૪) ૮૦
૨૩. યદુવંશાકાશે ઉડુપતિસમા (૪) ૮૧
૨૪. ગિરનાર ગિરિવર, નેમિ જિનવર (૪) ૮૨
૨૫. યદુ કુલામ્બર ભાસન (૪) ૮૨
૨૬. નેમિ જિનેસર સમરીએ (૪) ૮૩

**ગિરનારના ખમાસમણાના દુહા** ૮૩

**ચૈત્યવંદન / ચૈત્યવંદનવિધિ** ૮૫

## ગિરનાર-નેમિ સ્તવન

૧. નિરખ્યો નેમિ જિણંદને... ૯૭
૨. તોરણ આવી રથ... ૯૮
૩. પરમાતમ પૂરણ કલા... ૯૮
૪. રહો રહો રે યાદવજી... ૯૯
૫. અબ મોરી અરજ... ૯૯
૬. મેં આજ દરિસણ પાયા... ૧૦૦
૭. તુજ દરીશન દીઠું... ૧૦૧
૮. હારે મારે નેમિ જિનેશ્વર... ૧૦૨
૯. દ્વારાપુરીનો નેમ રાજીયો... ૧૦૨
૧૦. સહસાવન જઈ વસીએ... ૧૦૩
૧૧. નેમિ જિનેશ્વર નમીએ... ૧૦૩
૧૨. અરજી સુન લો હો નેમ નગીના... ૧૦૪
૧૩. નેમ પ્રભુના ચરણકમળની... ૧૦૪
૧૪. નેમજી કાગળ મોકલે... ૧૦૪
૧૫. સુણો સખી સજ્જન... ૧૦૫
૧૬. આવ્યા ઉગ્રસેન દરબાર... ૧૦૬
૧૭. નેમિ જિનેસર નિજ કારજ કર્યો... ૧૦૬
૧૮. નેમિ જિણંદ નિરંજણો... ૧૦૭
૧૯. સુણો સૈયર મોરી... ૧૦૮
૨૦. થાશું કામ સુભટ ગયો... ૧૦૮
૨૧. નેમિ નિરંજન ! નાથ...! ૧૦૯
૨૨. નેમિસરજિન બાવીસમોજી... ૧૦૯
૨૩. દેખો માઈ ! અજબ... ૧૦૯
૨૪. મહેર કરો મનમોહન... ૧૧૦
૨૫. શૌરીપુર સોહામણું રે... ૧૧૧
૨૬. નેમિ જિનેસર વાલ્હો રે... ૧૧૨
૨૭. નેમિજિન સાંભળો... ૧૧૩
૨૮. બાવીસમા નેમિ જિણંદ... ૧૧૩
૨૯. નેમિજિન જાદવકુળ... ૧૧૪
૩૦. સાંભળોસ્વામી ! ચિત્તસુખકારી...! ૧૧૪
૩૧. એહ અથિર સંસાર-સ્વરૂપ... ૧૧૪
૩૨. નેમજી રે તોરણ... ૧૧૫

## ગિરનાર - નેમિનાથ અર્વાચીન સ્તવન


| | | | |
|---|---|---|---|
| ૧. સૌ ચાલો ગિરનાર જઈએ... | ૧૧૬ | ૧૫. ગિરનાર ગિરિવર સમતા... | ૧૨૪ |
| ૨. વંદો ગિરનારને... | ૧૧૭ | ૧૬. ઘડિયાઁ ધન્યતા પાઈ... | ૧૨૪ |
| ૩. રુડા રુડા ગિરનાર... | ૧૧૭ | ૧૭. શ્રી રે ગિરનાર ભેટીને... | ૧૨૫ |
| ૪. પલ પલ તારું સ્મરણ... | ૧૧૮ | ૧૮. ગિરનારકું સદા... | ૧૨૫ |
| ૫. માતા શિવાદેવીના નંદ... | ૧૧૮ | ૧૯. ગિરનાર ગિરિવર નયણે... | ૧૨૬ |
| ૬. મેં ભેટ્યા યદુકુલમંડન... | ૧૧૯ | ૨૦. ગિરનારે ચિત્તડું ચોર્યું... | ૧૨૭ |
| ૭. બાલ બ્રહ્મચારી નેમજી... | ૧૨૦ | ૨૧. જે ગિરનારને ધ્યાયા... | ૧૨૮ |
| ૮. જગવત્સલ જગબાંધવરે... | ૧૨૦ | ૨૨. નેમિ નિરંજન કિમહી... | ૧૨૯ |
| ૯. મેરા આતમ તેરે હવાલે... | ૧૨૧ | ૨૩. સાથ ગિરનારનો હાથ... | ૧૩૦ |
| ૧૦. આતમજીને આ ખોળિયું... | ૧૨૧ | ૨૪. મેરો પ્રભુ... | ૧૩૧ |
| ૧૧. યાત્રા નવ્વાણું કરીએ... | ૧૨૨ | ૨૫. તારો તારો નેમિનાથ... | ૧૩૨ |
| ૧૨. તારી કીકી કામણગારી રે... | ૧૨૨ | ૨૬. તુમ સરીખો દીઠો... | ૧૩૩ |
| ૧૩. જગતિમિરને મિટાવન કાજે... | ૧૨૩ | ૨૭. ધન ધન શ્રી ગિરનારને... | ૧૩૪ |
| ૧૪. નેમિવર નિરાલા... | ૧૨૩ | ૨૮. શત્રુંજય સમો રૈવત... | ૧૩૫ |


## ગિરનાર ભક્તિધારા :


| | | | |
|---|---|---|---|
| ૧. ચાલો રે... સૌ ચાલો... | ૧૫૮ | ૧૬. જોગી બનીને ચાલ્યા... | ૧૬૮ |
| ૨. ચાલો આપણે સાથે... | ૧૫૮ | ૧૭. આપ ક્યા જાને... | ૧૬૮ |
| ૩. જિનશાસનના ઇતિહાસના... | ૧૫૯ | ૧૮. વો કાલા સહસાવન... | ૧૬૯ |
| ૪. મળે તારું શરણું... | ૧૬૦ | ૧૯. ઓ મારા નેમજી... | ૧૬૯ |
| ૫. તારા વિના નેમ મને... | ૧૬૧ | ૨૦. મેરે સર પર રખ દો... | ૧૭૦ |
| ૬. ગિરનારજીકા નાથ હૈ... | ૧૬૧ | ૨૧. આવો આવો ને નેમકુમાર... | ૧૭૧ |
| ૭. ઝલક દિખા... | ૧૬૨ | ૨૨. ભાવના જાગી છે... | ૧૭૧ |
| ૮. ઓ નેમિ તેરે ભક્ત... | ૧૬૩ | ૨૩. દર્શન કરવાને અમે... | ૧૭૨ |
| ૯. એક રાજકુમારી રે... | ૧૬૩ | ૨૪. વરસે ભલે વાદળી... | ૧૭૩ |
| ૧૦. આ નેમ પ્રભુ કે ચરણો મેં... | ૧૬૪ | ૨૫. થાળ ભરી ચોખા... | ૧૭૩ |
| ૧૧. કભી પ્યાસે કો... | ૧૬૫ | ૨૬. ઘોર અંધારી રે... | ૧૭૪ |
| ૧૨. જીવન લડાઈ જીતી જનારા... | ૧૬૫ | ૨૭. હેલો મારો સાંભળો... | ૧૭૪ |
| ૧૩. યે નેમપ્રભુ અલબેલે... | ૧૬૬ | ૨૮. ઝનન ઝનન... | ૧૭૫ |
| ૧૪. દેવાધિદેવ તણા... | ૧૬૭ | ૨૯. દીનાનાથજી... | ૧૭૬ |
| ૧૫. તેરે દ્વાર ખડા ભગવાન... | ૧૬૭ | ૩૦. નેમ રાજુલ છે... | ૧૭૬ |

## સામાન્ય ભક્તિગીત વિભાગ


| | | |
|---|---|---|
| ૧. | ભગવાનની કૃપાનો... | ૧૭૭ |
| ૨. | આશરા ઈસ જહાં કા... | ૧૭૭ |
| ૩. | તુજ કરુણાધારમાં... | ૧૭૮ |
| ૪. | તારે દ્વારે આવીને... | ૧૭૮ |
| ૫. | કરુણાના સિંધુ પ્રભુજી... | ૧૭૯ |
| ૬. | સૂરજ કી ગરમી સે... | ૧૭૯ |
| ૭. | એક ઘડી પ્રભુ... | ૧૮૦ |
| ૮. | આંખડી મારી પ્રભુ... | ૧૮૦ |
| ૯. | અમી ભરેલી નજરું... | ૧૮૧ |
| ૧૦. | ગમે તે સ્વરૂપ... | ૧૮૧ |
| ૧૧. | ઝગમગતા તારલાનું... | ૧૮૨ |
| ૧૨. | તમે મન મૂકીને... | ૧૮૨ |
| ૧૩. | નામ હૈ તેરા તારણહારા... | ૧૮૩ |
| ૧૪. | બંધન બંધન ઝંખે મારું મન... | ૧૮૩ |
| ૧૫. | મુક્તિ મળે કે ના મળે... | ૧૮૪ |
| ૧૬. | ઓ વીર તારા ચરણકમળમાં... | ૧૮૫ |
| ૧૭. | મારો ધન્ય બન્યો... | ૧૮૫ |
| ૧૮. | મારા વ્હાલા પ્રભુ... | ૧૮૬ |
| ૧૯. | યહ હૈ પાવન ભૂમિ... | ૧૮૬ |
| ૨૦. | હું કરું છું પ્રાર્થના... | ૧૮૭ |
| ૨૧. | ચાર દિવસનાં ચાંદરડાં પછી... | ૧૮૭ |
| ૨૨. | મારું આયખું ખૂટે... | ૧૮૭ |
| ૨૩. | ભક્તિ કરતા છૂટે મારા... | ૧૮૮ |
| ૨૪. | પ્રભુ એ વિનંતી... | ૧૮૯ |
| ૨૫. | આટલું તો આપજે... | ૧૮૯ |
| ૨૬. | મૈત્રીભાવનું પવિત્ર ઝરણું... | ૧૯૦ |
| ૨૭. | સમતાથી દર્દ સહુ... | ૧૯૦ |
| ૨૮. | વ્હાલા મારા હૈયાંમાં... | ૧૯૧ |
| ૨૯. | અબ સોંપ દીયા... | ૧૯૧ |
| ૩૦. | બધી મિલકત તને ધરું તોપણ... | ૧૯૨ |
| ૩૧. | દાદા તારું મંદિર... | ૧૯૨ |
| ૩૨. | ચલો બુલાવા આયા હૈ... | ૧૯૩ |
| ૩૩. | દર્શન દેજો નાથ... | ૧૯૩ |
| ૩૪. | જબ કોઈ નહિ આતા... | ૧૯૩ |
| ૩૫. | અમને અમારા પ્રભુજી... | ૧૯૪ |
| ૩૬. | આ ભવ મળિયા... | ૧૯૪ |
| ૩૭. | દાદા તારા પગલાં... | ૧૯૫ |
| ૩૮. | મારા મનમાં એક જ તું... | ૧૯૫ |
| ૩૯. | તુજને જોયા કરું... | ૧૯૫ |
| ૪૦. | તારી પ્રીતિની કેવી અસર ? | ૧૯૬ |
| ૪૧. | સમજુને શું કહેવાય... | ૧૯૬ |
| ૪૨. | આ ભવના સાગરમાં... | ૧૯૭ |
| ૪૩. | ફરું છું પહાડ ને જંગલ... | ૧૯૭ |
| ૪૪. | સદા હું તું સદા તું હું... | ૧૯૮ |
| ૪૫. | મોહે લાગી લગન... | ૧૯૮ |
| ૪૬. | સમયને સાચવી લેશો... | ૧૯૯ |
| ૪૭. | મંદિર પધારો સ્વામી... | ૧૯૯ |
| ૪૮. | મુઝે મેરી મસ્તી... | ૨૦૦ |
| ૪૯. | તમારે ઈશારે તમારી કૃપાથી... | ૨૦૦ |
| ૫૦. | ફૂલ નહિ તો પાંખડી... | ૨૦૧ |
| ૫૧. | ઐસા મિલતા રહે... | ૨૦૧ |
| ૫૨. | આંસુ ભરેલી આંખે... | ૨૦૨ |
| ૫૩. | પ્રેમ ભરેલું હૈયું... | ૨૦૩ |
| ૫૪. | સ્વામી તારા સ્નેહથી... | ૨૦૪ |
| ૫૫. | મને જ્યાં જવાનું મન... | ૨૦૪ |
| ૫૬. | તું મને ભગવાન... | ૨૦૫ |
| ૫૭. | સંસાર કે સાગર મેં... | ૨૦૫ |
| ૫૮. | જિંદગી બેકાર ચાલી... | ૨૦૬ |
| ૫૯. | મેરે દોનોં હાથોં મેં... | ૨૦૬ |
| ૬૦. | એવી લાગી લગન... | ૨૦૭ |
| ૬૧. | એક પંખી... | ૨૦૭ |
| ૬૨. | તાહી જો હાંક સુણી કોઈ ના આવે... | ૨૦૮ |
| ૬૩. | પંખીડા ને આ પીંજરું... | ૨૦૮ |
| ૬૪. | એક જ અરમાન છે મને... | ૨૦૯ |
| ૬૫. | પ્રભુ ! તેં મને જે ... | ૨૦૯ |
| ૬૬. | પ્રભુ ! મારા કંઠમાં દેજો... | ૨૧૦ |
| ૬૭. | રંગાઈ જાને રંગમાં... | ૨૧૦ |
| ૬૮. | શબ્દમાં સમાય નહીં... | ૨૧૧ |
| ૬૯. | મારો ધન્ય બન્યો આજે... | ૨૧૨ |
| ૭૦. | ઓ તારણહારે... | ૨૧૨ |
| ૭૧. | પ્રભુ અમે ડૂબી રહ્યા... | ૨૧૩ |
| ૭૨. | પાપ કરતાં માપ રાખ્યું... | ૨૧૩ |

૭૩. તારી પાસે એવું શું ? ૨૧૪
૭૪. દૂર તમે ના રહેશો, પ્રભુજી... ૨૧૪
૭૫. સાચોસંગમ પ્રભુસાથે... ૨૧૫
૭૬. ખૂણે ખૂણામાં હૃદય... ૨૧૬
૭૭. દાન ધર્મની જવલંત જયોતિ... ૨૧૭
૭૮. તું તારે કે ના તારે... ૨૧૭
૭૯. અવતાર માનવીનો... ૨૧૮
૮૦. મોડું શાને કરે છે વધુ ? ૨૧૯
૮૧. હૃદયને અશાંતિમાં... ૨૧૯
૮૨. યુગોથી હું પુકારું છું... ૨૨૦
૮૩. જિનવર મંદિર જે બંધાવે... ૨૨૧
૮૪. કર્મો કરેલા મુજને... ૨૨૧
૮૫. આજ વગડાવો... ૨૨૨
૮૬. કેસરિયાં રે...કેસરિયાં... ૨૨૨
૮૭. ઢોલિડા ઢોલ ધીમો... ૨૨૩
૮૮. મારા દાદાને દરબારે... ૨૨૩
૮૯. મારે ભક્તિ તમારી... ૨૨૪
૯૦. મારી આજની ઘડી છે... ૨૨૪
૯૧. રંગે રમે આનંદે રમે... ૨૨૪
૯૨. અજવાળાં દેખાડો... ૨૨૫
૯૩. અરિહંતના ધ્યાને... ૨૨૫
૯૪. દુઃખડા નિવારો મારા... ૨૨૬
૯૫. પ્રભુથી પાગલ થઈ... ૨૨૭
૯૬. ખુલ્લા મુક્યા છે મેં તો... ૨૨૮
૯૭. કૈસે રીઝાવું મેં તુમ્હેં... ૨૨૯
૯૮. ઈતની શક્તિ હમેં... ૨૨૯
૯૯. હમકો મનકી શક્તિ... ૨૩૦
૧૦૦. તુમ્હીં હો માતા પિતા... ૨૩૦
૧૦૧. ગિરનાર કે નિવાસી... ૨૩૧


## દીક્ષાગીત


૧. મને વેશ શ્રમણનો મળજો... ૨૩૨
૨. ઓઘો છે અણમૂલો... ૨૩૩
૩. જા સંયમ પંથે દીક્ષાર્થી... ૨૩૪
૪. જેના રોમ રોમથી ત્યાગ... ૨૩૫
૫. રૂડા રાજમહેલને ત્યાગી... ૨૩૫
૬. યૌવનવયમાં સુખ છોડનારા... ૨૩૬
૭. સાધુ બને કોઈ... ૨૩૬
૮. સાધનાના પંથે આજે... ૨૩૭
૯. સંયમ જીવનનો... ૨૩૮
૧૦. બેના રે... ૨૩૯
૧૧. હું જઉં છું... ૨૩૯
૧૨. ક્યારે બનીશ હું સાચો રે સંત... ૨૪૦
૧૩. તમે મારગડો લઈ... ૨૪૦
૧૪. કદી જો પરિષદ રડાવે... ૨૪૧
૧૫. જાગ્યો રે આતમા આશ... ૨૪૨
૧૬. મુક્તિતણા સપના... ૨૪૩
૧૭. આ કેશનું લુંચન છે... ૨૪૩
૧૮. આગળ પોથી ને પાછળ... ૨૪૪
૧૯. મારે સાધવી છે... ૨૪૫
૨૦. તમે ઓઘો લઈને તરિયા... ૨૪૬
૨૧. હો સંયમ સાધક શૂરવીરો... ૨૪૭
૨૨. લેજો સમજીને સંયમનો ભાર... ૨૪૮
૨૩. હોજો જયજયકાર... ૨૪૮
૨૪. વીરા રે... ૨૪૯
૨૫. હું તો અરિહંત અરિહંત... ૨૫૦


## ગુરુભક્તિગીત


૧. સંત પરમ હિતકારી ૨૫૦
૨. તારા ગુણોની પાટ ૨૫૦
૩. ગુરુમા તેરે... ૨૫૧
૪. ઐસા ચિદ્રસ દિયો... ૨૫૨
૫. કોટિ કોટિ વંદન... ૨૫૨
૬. ગુરુ પ્રેમરોગ હૈ... ૨૫૩
૭. ગુરુદેવ મેરે દાતા... ૨૫૪
૮. તુમ્હીં હો ભ્રાતા... ૨૫૪
૯. ગુરુવર તેરી પરમ... ૨૫૫
૧૦. શ્વાસોની માળામાં ૨૫૫
૧૧. જીવનલીલા સંકેલીને ૨૫૬

## ગિરનાર તળેટીએથી...

***જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર;***
***એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર.***

જગપ્રસિદ્ધ તીર્થાધિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થની સ્પર્શના-ભક્તિ આજે ચતુર્વિધસંઘમાં દિનપ્રતિદિન વિસ્તાર પામી છે, તેવા અવસરે આ વિશ્વના દ્વિતીય જગપ્રસિદ્ધ શ્રી ગિરનારજી મહાતીર્થ પ્રત્યે કેટલાક વર્ષોથી સમસ્તજૈનસંઘો દ્વારા ઉપેક્ષા સેવાયેલ છે. જેના પરિણામે અતીત-અનાગત અનંતા તીર્થંકરો તથા વર્તમાન ચોવીસીના બાવીસમા તીર્થંકર બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પરમાત્માના દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણકોથી પાવન બનેલી આ તીર્થભૂમિ ચતુર્વિધસંઘ દ્વારા અલ્પ સ્પર્શાયેલ રહેલ છે.

પરમાત્મા અને પૂજ્યોના પ્રસાદથી છેલ્લા ચારેક વર્ષથી આ મહાતીર્થના માહાત્મ્યને સમસ્તજૈનસંઘના ઘર- ઘરમાં અને ઘટ-ઘટ સુધી પહોંચાડવાના યત્કિંચિત્ પ્રયાસ અંતર્ગત પ્રસ્તુત પુસ્તકનું પ્રકાશન થઈ રહેલ છે.

આજે ગિરનાર-નેમિનાથ આ બન્ને નામો એકબીજાના પર્યાય તુલ્ય બની ગયા છે, ગિરનાર-નેમિનાથ એકબીજા સાથે અનેક ઘટનાઓની ઘટમાળથી ગુંથાયેલા છે. આજે પણ આ તીર્થભૂમિ ઉપર નેમિપ્રભુ સહ અનંતા તીર્થંકરોના દીક્ષાકલ્યાણક અવસરના વૈરાગ્યરસથી ભીંજાયેલો વસંતીવાયરો રોમ-રોમને રોમાંચિત કરી રહ્યો છે, અનંતા કેવળજ્ઞાન કલ્યાણકોનો પુનિતપ્રકાશ અનેક

ભવ્યાત્માઓના અંતરમાં પડેલા મિથ્યાતામસને દૂર હડસેલી સમ્યક્ત્વની સાધનાનો સ્પર્શ કરાવી રહ્યો છે સાથેસાથે અનંતાજિનના મોક્ષકલ્યાણકોની મધુરીમહેકથી સમગ્ર પ્રકૃતિ મઘમઘાયમાન બની રહી છે.

આવા મહાતીર્થની આરાધના-સાધના-ઉપાસના આપણા આત્મા ઉપર ગાઢ થયેલા અનાદિકાળના વિષય-કષાયની વાસનાના સંસ્કારોને મંદ પાડી પરંપરાએ પરમતત્ત્વ પર્યંત પહોંચાડવાનું સામર્થ્ય ધરાવે છે, તેથી આ તીર્થભક્તિ ભવ્યજનોની ભાવધારાને પ્રોત્સાહિત કરે તેવા શુભાશયથી સ્તુતિ, સ્તવન, થોય, ભક્તિગીતો,સ્તોત્ર, પૂજાદિ સંગ્રહસ્વરૂપ ઝરણાંઓનો સંગમ કરાવી પ્રસ્તુત "ગિરનાર ગીતગંગા"નું અવતરણ કરાવી ભવ્યજનોના હૈયા સુધી વહેતું કરવાનો અલ્પપ્રયાસ કરેલ છે. સૌ કોઈ આ ગંગાજળનાં ભાવસ્નાનની મસ્તી માણી પરમપંથ તરફ પગરવ માંડી પરંપરાએ પરમપદને પામે એ જ પિપાસા.

જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ લખાયું હોય તો ત્રિવિધે અંતઃકરણપૂર્વક ક્ષમા યાચું છું.

વિ.સં. ૨૦૬૮ | એ જ લિ. ભવોદધિતારક ગુરુપાદરેણુ
વૈ.વ.૯ | **મુનિ હેમવલ્લભ વિજય**

## ગિરનારનો મહિમા ન્યારો એનો ગાતા નાવે આરો.....

૧, ગિરનાર ગિરિવર પણ શત્રુંજયગિરિની માફક પ્રાયઃ શાશ્વત છે પાંચમા આરાના અંતે જ્યારે શત્રુંજયની ઊંચાઇ ઘટીને સાત હાથ થશે ત્યારે ગિરનારની ઊંચાઇ સો ધનુષ્ય રહેશે.

૨, રૈવતગિરિ (ગિરનાર) એ શત્રુંજયગિરિનું પાંચમું શિખર હોવાથી તે પાંચમું જ્ઞાન અર્થાત્ કેવળજ્ઞાન અપાવનારું છે

૩, આ મનોહર એવો ગિરનાર સમવસરણની શોભાને ધારણ કરે છે કારણકે મધ્યમાં ચૈત્યવૃક્ષ જેવું મુખ્ય શિખર અને ગઢ જેવા આજુબાજુમાં અન્ય નાના પર્વતો આવેલા છે જાણે કે ચાર દિશામાં ઝરણાં વહેતાં હોય તેવા ચાર દ્વારોરૂપ ચાર પર્વતો શોભી રહ્યા છે

૪, ગિરનાર ઉપર અનંતા તીર્થંકરો આવેલા છે અને મહાસિદ્ધિ અર્થાત્ મોક્ષપદને પામેલા છે તથા અનંતા તીર્થંકરના દીક્ષા- કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક થયા છે તેમજ અનેક મુનિઓ પણ મોક્ષપદને પામ્યા છે અને ભવિષ્યમાં પામશે.

૫, ગંઇ ચોવીસીમાં થયેલા ૧, શ્રી નમીશ્વર ૨, શ્રી અનિલ ૩, શ્રી યશોધર ૪, શ્રી કૃતાર્થ ૫, શ્રી જિનેશ્વર ૬, શ્રી શુદ્ધમતિ ૭, શ્રી શિવંકર અને ૮, શ્રી સ્પંદન નામના આઠ તીર્થંકર ભગવંતોના દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક અને અન્ય બે તીર્થંકર ભગવંતના માત્ર મોક્ષકલ્યાણક ગિરનાર ગિરિવર ઉપર થયા હતા.

૬, વર્તમાન ચોવીસીના બાવીસમાં તીર્થંકર બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાનના દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક ગિરનાર ઉપર થયા છે તેમાં દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણક સહસાવન (સહખસ્રાભ્રવન) માં તથા મોક્ષકલ્યાણક પાંચમી ટુંક ઉપર થયેલ છે

૭, આવતી ચોવીસીમાં થનારા ૧,શ્રી પદ્મનાભ ૨,શ્રી સુરદેવ ૩, શ્રી સુપાર્શ્વ ૪, શ્રી સ્વંયપ્રભ ૫, શ્રી સર્વાનુભૂતિ ૬, શ્રી દેવશ્રુત ૭, શ્રી ઉદય ૮, શ્રી પેઢાલ ૯, શ્રી પોટ્ટીલ ૧૦, શ્રી સત્કીર્તિ ૧૧, શ્રી સુવ્રત ૧૨, શ્રી અમમ ૧૩, શ્રી નિષ્કષાય ૧૪, શ્રી નિષ્પુલાક

૧૫, શ્રી નિર્મમ ૧૬, શ્રી ચિત્રગુપ્ત ૧૭, શ્રી સમાધિ ૧૮, શ્રી સંવર ૧૯, શ્રી યશોધર ૨૦, શ્રી વિજય ૨૧, શ્રી મલ્લિજિન ૨૨, શ્રી દેવ આ બાવીસ તીર્થંકર પરમાત્માના માત્ર મોક્ષકલ્યાણક તથા ૨૩, શ્રી અનંતવીર્ય ૨૪, શ્રી ભદ્રકૃત આ બે તીર્થંકર પરમાત્માના દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક ભવિષ્યમાં ગિરનાર મહાતીર્થ ઉપર થશે.

૮, ગિરનાર મહાતીર્થની ભક્તિ દ્વારા શ્રી નેમિનાથ ભગવાનના રહનેમિ સહિત આઠ ભાઇઓ, શાંબ, પ્રદ્યુમ્ન આદિ અનેક કુમારો, કૃષ્ણ મહારાજાની આઠ પટ્ટરાણીઓ, સાધ્વી રાજીમતિશ્રી આદિ અનેક ભવ્યાત્માઓ મોક્ષપદને પામ્યા છે અને કૃષ્ણ મહારાજાએ તો આ તીર્થભક્તિના પ્રભાવે તીર્થંકરનામકર્મ બાંધેલ છે તેથી તેમનો આત્મા આવતી ચોવીસીમાં બારમા તીર્થંકર શ્રી અમમસ્વામી બની મોક્ષપદને પામશે.

૯, ગિરનાર મહાતીર્થ તથા શ્રી નેમિનાથ ભગવાન ઉપર અવિહડરાગના પ્રભાવે ધામણઉલી ગામના ધાર નામના વેપારીના પાંચપુત્રો ૧, કાલમેઘ ૨, મેઘનાદ ૩,ભૈરવ ૪, એકપદ અને ૫, ત્રૈલોક્યપદ આ પાંચેય પુત્રો મરીને તીર્થના ક્ષેત્રાધિપતિ દેવ થયા છે

૧૦, સ્વર્ગલોક, પાતાળલોક અને મૃત્યુલોકના ચૈત્યોમાં સુર, અસુર અને રાજાઓ ગિરનારના આકારને હંમેશા પૂજે છે

૧૧, વલ્લભીપૂરનો ભંગ થતાં ઇન્દ્રમહારાજાએ સ્થાપન કરેલ શ્રી નેમિનાથ ભગવાનના બિંબની રત્નકાંતિ ગિરનારમાં લુપ્ત કરવામાં આવી હતી તે મૂર્તિ આજે ગિરનારમાં મૂળનાયકના સ્થાને બિરાજમાન છે

૧૨, ગિરનાર મહાતીર્થમાં વિશ્વની સૌથી પ્રાચીન એવી મૂળનાયક તરીકે બિરાજમાન શ્રી નેમિનાથ ભગવાનની મૂર્તિ લગભગ ૧,૬૫,૭૩૫ વર્ષ ન્યૂન (ઓછા) એવા ૨૦ કોડાકોડી સાગરોપમ વર્ષ પ્રાચીન છે જેગઇ ચોવીસીના ત્રીજા સાગરનામના તીર્થંકરના કાળમાં બ્રહ્મેન્દ્ર દ્વારા બનાવવામાં આવેલ હતી. આ પ્રતિમાને પ્રતિષ્ઠિત કર્યાને લગભગ ૮૪,૭૮૫ વર્ષ થયા છે તે મૂર્તિ આ જ સ્થાને હજુ લગભગ ૧૮,૪૬૫ વર્ષ સુધી પૂજાશે ત્યારબાદ શાસન અધિષ્ઠાયક દ્વારા પાતાળલોકમાં લઇ જઇને પૂજાશે.

૧૩, ગિરનાર ઉપર ઇન્દ્ર મહારાજાએ વજ્રથી છિદ્ર પાડીને સોનાના બલાનક-ઝરૂખાવાળું રૂપાનું ચૈત્ય બનાવીને મધ્યભાગમાં શ્રી નેમિનાથ પરમાત્માની ચાલીસ હાથ ઊંચાઇની શ્યામવર્ણની રત્નની મૂર્તિ સ્થાપન કરી હતી.

૧૪, ઇન્દ્ર મહારાજાએ પૂર્વે બનાવ્યું હતુ તેવું પૂર્વાભિમુખ જિનાલય શ્રી નેમિનાથ ભગવાનના નિવાર્ણ સ્થાને પણ બનાવ્યું હતું.

૧૫, ગિરનારમાં એક સમયે કલ્યાણના કારણસ્વરૂપ છત્રશિલા, અક્ષરશિલા, ઘંટાશિલા, અંજનશિલા, જ્ઞાનશિલા, બિન્દુશિલા અને સિદ્ધશિલા આદિ શિલાઓ શોભતી હતી.

૧૬, જેમ મલયગિરિ ઉપર બીજા વૃક્ષો પણ ચંદનમય બની જાય છે તેમ ગિરનાર ઉપર આવનાર પાપી પ્રાણીઓ પણ પુણ્યવાન થઇ જાય છે

૧૭, જેમ પારસમણિના સ્પર્શથી લોઢું સુવર્ણ થઇ જાય છે તેમ ગિરનારના સ્પર્શથી પ્રાણી ચિન્મય સ્વરૂપી બની જાય છે

૧૮. ગિરનારની ભક્તિ કરનારને આ ભવમાં કે પરભવમાં દારિદ્રય આવતું નથી.

૧૯, ગિરનાર મહાતીર્થમાં નિવાસ કરતાં તિર્યંચો (જનાવરો) પણ આઠભવની અંદર સિદ્ધિપદને પામે છે

૨૦, ગિરનાર મહાતીર્થ એ પુણ્યનો ઢગલો છે

૨૧, ગિરનાર મહાતીર્થ એ પૃથ્વીના તિલક સમાન છે

૨૨, અનેક વિદ્યાધરો, દેવતાઓ, કિન્નરો, અપ્સરાઓ અને યક્ષો પોતપોતાની ઇષ્ટસિદ્ધિને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી ગિરનારમાં નિવાસ કરે છે

૨૩,. ગિરનાર ગિરિવરના પવનનો પવિત્ર આહાર કરતા અને વિષમમાર્ગે ચાલતા એવા યોગીઓ અર્હં પદની ઉપાસના કરતા ગુફાઓમાં સાધના કરતાં હોય છે

૨૪, ગિરનાર મહાતીર્થની સેવાથી કેટલાય પુણ્યાત્માઓ આ લોકમાં સર્વસંપત્તિ અને પરલોકમાં પરમપદને પામે છે

૨૫, ગિરનાર મહાતીર્થની સેવાથી પાપી જીવો પણ સર્વકર્મનો સંક્ષય કરી અવ્યક્ત અને અક્ષય એવા શિવપદને પામે છે

૨૬, સર્વતીર્થોમાં ઉત્તમ અને સર્વતીર્થની યાત્રાના ફળને આપનાર આ ગિરનાર મહાતીર્થના દર્શન અને સ્પર્શનમાત્રથી સર્વપાપો હણાઇ જાય છે

૨૭, ગિરનાર મહાતીર્થની ભક્તિ દ્વારા મહાપાપના કરનારા અને મહાદુષ્ટ એવા કુષ્ઠાદિક રોગવાળા જીવો પણ સર્વસુખનાં ભાજન થાય છે

૨૮, ગિરનાર મહાતીર્થના શિખર ઉપર રહેલા કલ્પવૃક્ષો યાચકોનાં ઇચ્છિતને પૂરે છે તે આ ગિરિનો જ મહિમા છે અહીં રહેલા ગિરિઓ, નદીઓ, વૃક્ષો, કુંડો અને ભૂમિઓ અન્યસ્થાને રહેલા એક તીર્થની માફક અહીં તીર્થપણાને પામે છે અર્થાત્ તે બધા પણ તીર્થમય બની જાય છે

૨૯, ગિરનાર મહાતીર્થમાં પુણ્યહીન પ્રાણીઓને નહીં દેખાતી એવી સુવર્ણસિદ્ધિ કરનારી અને સર્વઇચ્છિતફલને આપનારી રસકૂપિકાઓ રહેલી છે

૩૦, ગિરનાર મહાતીર્થની માટીને ગુરુગમના યોગથી તેલ અને ઘીની સાથે ભેળવીને અગ્નિમાં તપાવવાથી તે સુવર્ણમય બની જાય છે

૩૧, ભદ્રશાલ વગેરે વનમાં સર્વઋતુઓના બધી જ જાતનાં ફુલો ખીલેલાં હોય છે, જલ અને ફલ સહિત ભદ્રશાલાદિ વનથી વીંટળાયેલો આ રમણીય ગિરનાર પર્વત ઇન્દ્રોનો એક ક્રીડાપર્વત છે

૩૨, ગિરનાર મહાતીર્થમાં દરેક શિખરોની ઉપર જલ, સ્થળ ને આકાશમાં ફરનારા જે જે જીવો હોય છે તે સર્વે ત્રણ ભવમાં મોક્ષે જાય છે

૩૩, ગિરનાર મહાતીર્થ ઉપર વૃક્ષો, પાષાણો, પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય અને અગ્નિકાયના જીવો છે તે વ્યક્ત ચેતના નહિ હોવા છતાં આ તીર્થના પ્રભાવથી કેટલાક કાળે મોક્ષે જનારા થાય છે

૩૪, જે જીવો ગિરનાર મહાતીર્થ ઉપર આવી પોતાના ન્યાયોપાર્જિત ધનનો સુપાત્રદાન દ્વારા સદ્વ્યય કરે છે, તેઓને ભવોભવ સર્વ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે

૩૫, ઉત્તમ એવા ભવ્યજીવો ગિરનાર મહાતીર્થમાં માત્ર એક દિવસ પણ શીલ ધારણ કરે છે તે હંમેશા સુર, અસુર, નર અને નારીઓથી સેવવા યોગ્ય થાય છે

૩૬, ગિરનાર મહાતીર્થમાં જે ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ આદિ તપ કરે છે તે સર્વસુખોને ભોગવી પરમપદને અવશ્ય પામે છે

૩૭, જે જીવો ગિરનાર મહાતીર્થ ઉપર આવી ભાવથી જિનપ્રતિમાની પૂજા કરે છે તે શીઘ્ર શિવસુખને પ્રાપ્ત કરે છે ઘેરબેઠા પણ શુદ્ધ ભાવપૂર્વક ગિરનારનું ધ્યાન ધરનાર ચોથાભવે મોક્ષપદને પામે છે

૩૮, ગિરનાર ગિરિવરના પવિત્ર શિખરો, સરિતાઓ, ઝરણાંઓ, ધાતુઓ અને વૃક્ષો સર્વ પ્રાણીઓને સુખ આપનારા થાય છે

૩૯, ગિરનાર ગિરિવર ઉપર શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિષ્ઠા અવસરે પ્રભુજીના સ્નાત્રાભિષેક માટે ત્રણેય જગતની નદીઓ વિશાળ એવા ગજેન્દ્રપદકુંડમાં ઉતરી આવી હતી.

૪૦, ગિરનાર ગિરિવરમાં મોક્ષલક્ષ્મીના મુખરૂપે રહેલા ગજેન્દ્રપદ (ગજપદ) નામના કુંડના પવિત્રજલના સ્પર્શમાત્રથી જીવોના અનેક ભવના પાપો નાશ પામે છે

૪૧, ગિરનાર ગિરિવરના ગજપદકુંડના જલથી સ્નાન કરીને જેણે જિનેશ્વર પરમાત્માને સ્નાન (પ્રક્ષાલ) કરાવેલ છે, તેણે કર્મમળવડે લેપાયેલા પોતાના આત્માને પવિત્ર કર્યો છે

૪૨, ગિરનાર ગિરિવરના ગજપદકુંડના જલનું પાન કરવાથી કાસ, શ્વાસ, અરૂચિ, ગ્લાનિ, પ્રસુતિ અને ઉદરમાં ઉત્પન્ન થયેલા બાહ્યરોગો પણ અંતરના કર્મમલની જેમ નાશ પામે છે

૪૩, જગતમાં કોઇપણ શાશ્વતી દિવ્ય ઔષધીઓ, સ્વર્ણાદિ સિદ્ધિઓ અને રસકૂપિકાઓ નથી કે જે આ ગિરનાર ગિરિવર ઉપર ન હોય!

૪૪, આકાશમાં ઉડતાં પક્ષીઓની છાયા પણ જો આ ગિરનાર મહાતીર્થનો સ્પર્શ પામે તો તેઓની પણ દુર્ગતિનો નાશ થાય છે

૪૫, સહસાવનમાં નેમિનાથ ભગવાનની દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણકો થયા હતા.

૪૬, સહસાવનમાં (લક્ષારામવન) ક્રોડો દેવતાઓ દ્વારા શ્રી નેમિનાથ ભગવાનના પ્રથમ અને અંતિમ સમવસરણની રચના કરવામાં આવી હતી. અને પ્રભુએ પ્રથમ તથા અંતિમ દેશના આપી હતી.

૪૭, સહસાવનમાં સોનાના ચૈત્યોની મનોહર ચોવીસીનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

૪૮, સહસાવનમાં કૃષ્ણવાસુદેવ દ્વારા રજત, સુવર્ણ અને રત્નમય પ્રતિમાયુક્ત ત્રણ જિનાલયોનું નિર્માણ થયું હતું.

૪૯, સહસાવન (લક્ષારામવન) ની એક ગુફામાં ભૂત-ભાવિ અને વર્તમાન એમ ત્રણ ચોવીસીના બોંતેર પ્રતિમાઓ બિરાજમાન છે

૫૦, સહસાવનમાં શ્રી રહનેમિજી તથા સાધ્વી રાજીમતિશ્રીજી આદિ મોક્ષપદને પામ્યા છે

૫૧, સહસાવનમાં હાલ સંપ્રતિકાલીન શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમા યુક્ત અદ્‌ભુત સમવસરણ મંદિર છે

૫૨, ગિરનાર ગિરિવરની પહેલી ટૂંકે હાલ ચૌદ-ચૌદ બેનમૂન જિનાલયો ગિરિવર તિલક સમાન શોભી રહ્યા છે

૫૩, ભારતભરમાં મૂળનાયક તરીકે તીર્થંકર ન હોય તેવા સામાન્ય કેવળી સિદ્ધાત્મા શ્રી રહનેમિનું એક માત્ર જિનાલય ગિરનાર ગિરિવર ઉપર છે

૫૪, શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી બપ્પભટ્ટસૂરિ, શ્રી વસ્તુપાળ-તેજપાળ, શ્રી પેથડશા આદિ અનેક પુણ્યત્માઓને સહાય કરનાર ગિરનાર મહાતીર્થના અધિષ્ઠાયિકા શ્રી અંબિકાદેવી આજે પણ હાજરાહજુર છે

૫૫, જ્યાં સુધી ગિરનારની યાત્રા નથી કરી ત્યાં સુધી જ જીવને સર્વપાપ, સર્વ દુ:ખ અને સંસાર ભ્રમણ રહે છે

# ગિરનાર સ્તુતિ સરિતા

## ગિરનાર મહાતીર્થ સ્તુતિ

(રાગ : એવા પ્રભુ અરિહંતને...)

૧. બે તીર્થ જગમાં છે વડા તે, શત્રુંજયને ગિરનાર,
એક ગઢ સમોસર્યા આદિજિનને, બીજે શ્રી નેમિ જુહાર;
એ તીર્થ ભક્તિના પ્રભાવે, થાયે સૌનો બેડોપાર,
એ **તીર્થરાજને** વંદતા, મુજ જન્મ આજ સફળ થયો...

૨. દેવાંગનાને દેવતાઓ, જેની સેવના ઝંખતા,
મળી તીર્થ કલ્પો વળી , જેના ગુણલાં ગાવતાં;
જિનો અનંતા જે ભૂમિએ, પરમપદને પામતાં,
એ **ગિરનારને** વંદતા, મુજ જન્મ આજ સફળ થયો...

૩. પશુઓના પોકાર સુણી, કરુણા દિલમાં આણતાં,
રડતી મેલી રાજીમતિને, વિવાહમંડપ ત્યાગતાં;
સંયમવધૂ કેવલશ્રી, શિવરમણીને પરણતાં,
એ **નેમિનાથને** વંદતા, મુજ જન્મ આજ સફળ થયો...

૪. શિવાનંદને પરણવાના, મનોરથોને સેવતાં,
પ્રિતમતણા પગલેપગલે, ગિરનારે સંયમ સાધતાં;
નેમથી વરસો પહેલાં, મુક્તિપદને પામતાં,
એ **રાજીમતિને** વંદતા, મુજ જન્મ આજ સફળ થયો...

૫. કનક કામિનીને ત્યાગી, નેમજી પધારતાં,
સંયમગ્રહી સંગ્રામ માંડી, ઘાતીકર્મ જ્યાં ચૂરતાં;
રાજીમતિ દીક્ષા ગ્રહી, શિવશર્મને જ્યાં પામતાં,
એ **સહસાવનને** વંદતા, મુજ જન્મ આજ સફળ થયો...

૬. અવસર્પિણીમાં સૌ પ્રથમ, અરિહંતપદે જે શોભતાં,
તીર્થતણી રચના કરી, યુગલાધર્મ નિવારતાં;
અજ્ઞાનીના તિમિર ટાળી, જ્ઞાનજ્યોત જલાવતાં,
એ **આદિનાથને** વંદતા, મુજ જન્મ આજ સફળ થયો...

૭. કમઠતણા ઉપસર્ગોને, સમભાવથી જે ઝીલતાં,
જે બિંબથી અમિરસતણા, ઝરણાઓ સહેજે ઝરતાં;
જેના પ્રગટપ્રભાવથી, ભવિના દુઃખડા ભાંગતાં,
એ **અમિઝરાપાર્શ્વ** વંદતા, મુજ જન્મ આજ સફળ **થયો**...

૮. નેમસમીપે વ્રતગ્રહી, ગુફામાં ધ્યાનને ધ્યાવતાં,
અશુભકર્મના ઉદયથી જે, વ્રતમાં ડગમગ થાવતાં;
પ્રતિબોધ પામી રાજુલ વયણે, મોક્ષમારગ સાધતાં
એ **રહનેમિને** વંદતા, મુજ જન્મ આજ સફળ **થયો**...

૯. બાલબ્રહ્મચારી નેમનાથ, પરમપદ જ્યાં પામતાં,
ભવિજનો મળીને ભક્તિકાજે, પગલાં ને ત્યાં ઠાવતાં;
પરતીર્થીઓ જેને વળી, દત્તાત્રય નામે પૂજતાં,
એ **પાંચમીટૂંકને** વંદતા, મુજ જન્મ આજ સફળ **થયો**...

## ગિરનાર વંદનાવલી

(રાગ:અરિહંત વંદનાવલી / મંદિર છે મુક્તિ...)

૧ બે તીર્થ જગમાં છે વડા તે, શત્રુંજયને ગિરનાર,
એક ગઢ સમોસર્યા આદિજિનને, બીજે શ્રી નેમિ જુહાર;
એ તીર્થ ભક્તિના પ્રભાવે, થાયે સૌનો બેડોપાર,
એ તીર્થરાજને વંદતા, પાપો બધાં દૂરે જતાં ...(૨)

૨ ગત ચોવીસીમાં જે ભૂમિએ, સિધ્ધિવધૂ જિન દસ વર્યા,
ને આવતી ચોવીસી માંહે, સૌ જિનો શાસ્ત્રે કહ્યાં;
એ ગિરનારના ગુણઘણા પણ, અંશથી શબ્દે વર્ણ્યા,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં...(૨)

૩ **નંદભદ્ર**, **ગિરનાર**, **સ્વર્ણગિરિ**, ને શાશ્વતો **રૈવત** વળી,
**ઉજ્જયંત**, **કૈલાસ**, એમ છ આરે નામો ધરી ;
ઉત્સર્પિણીએ શતધનુથી, છત્રીસ યોજન બની,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં...(૨)

૪ અપ્સરાઓ ૠષિઓ વળી, સિધ્ધપુરૂષને ગાંધર્વો,
આ તીર્થંકેરી સેવા કાજે, આવતાં સૌ ભવિજનો;
ઘેરબેઠાં પણ તસ ધ્યાન ધરતાં, ચોથે ભવે શિવસુખ લહો,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં...(૨)

૫ ત્રણ ત્રણ કલ્યાણક ભાવિકાળે, નેમિજિનના જ્યાં જાણી,
ભરતેશ્વરે રચના કરાવી, ''સુરસુંદર'' મંદિર તણી;
શોભતી જેમાં પ્રભુની, મણિમય મૂરત ઘણી,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં...(૨)

૬ અજ્ઞાન ટાળી ભવ્યજનના, જ્ઞાનજ્યોત જલાવતાં,
''સ્વસ્તિકાવર્તક'' પ્રાસાદને, ભરતચક્રી કરાવતાં,
જેમાં માણિક્ય રત્નને વળી, સ્વર્ણબિંબો ભરાવતાં,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં...(૨)

૭ પ્રાસાદની પ્રતિષ્ઠા કાજે, ગણધરો પધારતાં,
હર્ષે ભરેલાં ઇન્દ્રો પણ, ઐરાવણ પર આવતાં;
હસ્તિપાદે ભક્તિકાજે, ગજપદ કુંડ કરાવતાં,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં...(૨)

૮ ત્રણ ભુવનની સરિતાતણા, સુરભિ પ્રવાહ તે ઝીલતાં,
જે જલ ફરસતાં આધિ - વ્યાધિ, રોગ સૌના ક્ષય થતાં ;
તે જલ થકી જિન અર્ચતા, અજરામરપદ પામતાં,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં...(૨)

૯ દેવતાઓ ઉર્વશીઓ, યક્ષોને વિદ્યાધરો,
વળી ગાંધર્વો સ્વસિદ્ધિ કાજે, તીર્થની સ્તવના કરે ;
જ્યાં સૂર્ય-ચંદ્ર વિમાન વિરામી, હર્ષથી સ્તવના કરે,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં...(૨)

૧૦ જ્યાં દેવાંગનાના ગાનમાં, આસક્ત મયૂરો નાચતાં,
પવને પૂરેલ વેણુને, ઝરણાંઓ સૂરને પૂરતાં ;
જ્યાં વાયુવેગે વિવિધવૃક્ષો, નૃત્ય કરતાં ભાસતાં,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં...(૨)

૧૧ ગુફાઓમાં સાધકો વળી, મંત્રોને આરાધતાં,
નવરંધ્રોથી પ્રાણોને રોધિ, પરમનું ધ્યાન ધ્યાવતાં ;
વળી વિવિધ યોગાસનો વડે જે, યોગ સાધના સાધતાં,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં...(૨)
૧૨ સ્વર્ણમણિ માણિક્યરત્નો, સૃષ્ટિને અજવાળતાં,
દિવસે મણીરત્નો વળી ઔષધો રાત્રે દીપતાં ;
ને કદલીઓના ધ્વજપતાક, અનંત વૈભવે શોભતાં,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં...(૨)
૧૩ આ તીર્થ ભૂમિએ પક્ષીઓની, છાયા પણ આવી પડે ;
ભવભ્રમણ કેરાં દુર્ગતિના, બંધનો તેનાં ટળે ;
મહાદુષ્ટને વળી કુષ્ટરોગી, સર્વસુખ ભાજન બને,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં...(૨)
૧૪ આ તીર્થપર જે ભાવથી, અલ્પ ધર્મ પણ કરે,
આ લોકથી પરલોક વળી, તે પરમલોકને જઈ વરે ;
જે તીર્થની સેવા થકી,ફેરા ભવોભવના ટળે,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં...(૨)
૧૫ નેમ આવ્યા જાન જોડી, પરણવા રાજુલ ઘરે,
પશુઓતણા પોકાર સુણી, તે નેમજી પાછા ફરે ;
વૈરાગ્યના રંગે રમેને, શિવવધૂ મનને હરે,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં...(૨)
૧૬ સહસાવને વૈભવ ત્યજી, દીક્ષા ગ્રહે રાજુલપ્રભુ,
યુધ્ધ આદરી ચોપનદિને, કર્મ કરે તે લઘુ ;
આસો અમાસે ચિત્રા કાળે, કૈવલ્ય પામે જગવિભુ,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં...(૨)
૧૭ સુરવૃંદ નાચે હર્ષ સાથે, ભાવથી ત્રણગઢ રચી,
વરદત્ત - યક્ષિણીવળી, દશાર્હને તસશ્રી મળી ;
તીર્થથાપનાને કરી, ગૌમેધ યક્ષ અંબા ભળી,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં...(૨)

૧૮ સાગર પ્રભુના કાળમાં, અતીત ચોવીસી મહી,
બ્રહ્મેન્દ્રે નિજભાવિ જાણી, નેમની પ્રતિમા ભરી ;
ગણધર પ્રભુના એ થયા, વરદત્ત શિવવધૂ ધણી,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં...(૨)

૧૯ આર્ય-અનાર્ય પૃથ્વી પર, પ્રતિબોધતાં વિચરણ કરે,
નિર્વાણકાળ સમીપ જાણી, રૈવતે પ્રભુ પાછા ફરે,
અનશનગ્રહી અષાઢ માસે, શુભાષ્ટમે સિદ્ધિ વરે,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં...(૨)

૨૦ અલ્પમતિ મનમાં ધરીને, ભાવ અપાર હૈયે ભરી,
સંવંત સહસ્ર યુગલને, સંવરતણા વરસે વળી ;
વર્ષાન્તમાસે શુભ્રપડવે, શબ્દો તણી ગુંથણી કરી,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં...(૨)

૨૧ ગિરનાર મહિમા આજ ગાયો, શત્રુંજય મહાતમથી લઇ,
**પ્રેમ - ચંદ્ર - ધર્મ** પસાયે, **હેમ** સૂરીને ગ્રહી ;
હર્ષિત બન્યા નરનારી સૌ, અદ્ભૂત ગરીમાને સુણી,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં...(૨)

## નિરખ્યું હશે તે દ્રશ્ય...

જે પાંચ રૂપે ઇન્દ્ર પ્રભુને મેરુગિરિ પર લાવતા,
પાંડુકવનમાં સ્વર્ણના સિંહાસને પધરાવતા;
બહુ ભાવથી સહુ દેવગણ કરતા જનમ અભિષેકને,
નિરખ્યું હશે તે દ્રશ્ય ત્યારે જેમણે તે ધન્ય છે.

૧

શ્યામલ પ્રભુના દેહ પર જબ ક્ષીર સાગર જળ ઢળે,
કાલી ઘટામાં શ્વેત જાણે વીજળીઓ ઝળહળે;
વળી દેવદુંદુભિ દિવ્યનાદે મેઘરવ જિમ ગડગડે,
નિરખ્યું...૨

માતા શિવાદેગર્ભમાં વહતા હતા જબ નાથને,
સ્વપ્ને નિહાળે રિષ્ટ નિર્મિત ચક્ર કેરી ધારને;
તેથી અરિષ્ટ નેમિ થાયે નામ પ્રભુનું શુભ પળે,
નિરખ્યું...૩

દશ ધનુષની કાયા ઉપર વાયો વસંતી વાયરો,
જામ્યો મજાનો જોવનાઇના ફુલોનો ડાયરો;
વનરાઇ જેવો શ્યામ પ્રભુનો દેહ જગ કામણ કરે,
નિરખ્યું...૪

મદભર જુવાનીના રસે છલકેલ દોસ્તો નાથને,
રમવા જતા ખેંચી નગરમાં સીમમાં કે ઉપવને;
થાતો વસંતોત્સવ તદા સહુ નગર જનના નેત્રને,
નિરખ્યું...૫

શ્રી કૃષ્ણની આયુધશાળામાં પહોંચ્યા એકદા,
ત્યાં મિત્ર હઠથી દાખવ્યા શસ્ત્રોતણા દાવો બધા;
શ્રી કૃષ્ણ કેરો શંખ પૂર્યો ઘોરનાદે નેમિએ,
નિરખ્યું...૬

શ્રી કૃષ્ણને બલરામ યાદવ સર્વ દોડ્યા તે સ્થળે,
ચમક્યા નિહાળી નેમિને ત્યાં ખેલતા શસ્ત્રો વડે;
દેખી અચિંતિત બળ પ્રભુનું ચકિત ચિત્તે સર્વ તે,
નિરખ્યું...૭

તવ નેમિનું બળ માપવાને કૃષ્ણ કર લાંબો કરે,
પળમાં નમાવી હાથ હરિનો નાથ નિજ કરને ધરે;
શ્રી કૃષ્ણ લટકે વાંદરાની જેમ તોયે ના વળે,
નિરખ્યું...૮

દેખી અનંતુ નાથનું બળ કૃષ્ણ મનમાં ભય કરે,
શું નેમિ મારું રાજ લેવા લાલસા મનમાં ધરે;
'લેશે કુંવારા નેમિ સંયમ' ગગનવાણી ઉચ્ચરે,
નિરખ્યું...૯

શ્રી કૃષ્ણ હોરી ખેલવા ચાલ્યા ઉમંગે સરવરે,
શ્રી નેમિને પણ ખેલવા ખેંચે જતા સાહી કરે;
જળકેલી કરતા ત્યાં હજારો ગોપીઓની સંગ તે,
નિરખ્યું...૧૦

શ્રી કૃષ્ણના આદેશથી શ્રી નેમિને ખેલાવતી,
ગોપી બધીએ લાજ મુકી વ્યંગ બાણો છેડતી;
લલચાવવાને લગ્ન માટે ગજબના નખરા કરે,
નિરખ્યું...૧૧

તવ નિર્વિકારી નેમિ રાખી મૌન મુખ મલક્યા કરે,
સહુ સ્વજન સ્મિતને સંમતિ માની તુરત સગપણ કરે;
પરણાવવાને રાજીમતીની સાથ જોડે જાનને,
નિરખ્યું...૧૨

રૈવતગિરિના શ્યામ શિખરે શ્વેત વાદલડી રમે,
રે તેજ રીતે શ્યામનેમિ ગૌરી રાજુલને ગમે;
આ શ્યામ શ્વેતા જોડલીની જોડ જગમાં ના જડે,
નિરખ્યું...૧૩

પણ ગોખમાં બેઠેલ રાજુલ રાહ જોતી રહી ગઇ,
કે કર્મરાજાને ન આવી જોડલી મંજુર થઇ;
પશુઓ તણા પોકારથી હા ! નેમજી પાછા વળે,
નિરખ્યું...૧૪

કરવું નહોતું લગ્ન તોયે કેમ આવ્યા પરણવા ?
નવ ભવ તણી જે પ્રીતડી તેને જ નિત્ય બનાવવા;
બસ કોલ દેવા રાજુલાને કે 'ના ભજજો અન્યને',
નિરખ્યું...૧૫

લોકાંતિકોના વચનથી વ્રતગ્રહણ વેળા મન ધરી,
દઇ દાન વાર્ષિક વિશ્વમાં દારિદ્ર દુ:ખો સંહરી;
માતાપિતાની સંમતિથી સર્વ મમતાને તજે,
નિરખ્યું...૧૬

રૈવતગિરિની મધ્યમાં સહસામ્રવનમાં સંચર્યા,
ત્યાં સહસનર સાથે તમે સ્વામી ! પ્રવ્રજ્યાને વર્યા;
ને મનઃ પર્યવજ્ઞાન પ્રગટ્યું વ્રતગ્રહણ કેરી ક્ષણે,
નિરખ્યું...૧૭

છદ્મસ્થકાળે દિવસ ચોપ્પન અપ્રમત્તપણે રહ્યા,
તપ ધ્યાન કેરા ઉગ્ર અનલે ઘાતી કર્મોને દહ્યા;
સહસામ્રવનમાં શ્રેણિ માંડી કેવલશ્રી મેળવે,
નિરખ્યું...૧૮

રત્ન કંચન રજતના ત્રણ ગઢ સુરો અસુરો રચે,
પ્રભુ દેશનાનો મેઘ વરસ્યો બાર પર્ષદાની વિચે;
વરદત્ત આદિ ગણધરોની થાપના થઇ ત્યાં કને,
નિરખ્યું...૧૯

જે મદ્ય પીએ દ્યૂત ખેલે કેઇ કરે દુષ્કર્મને,
ક્રોડો ગમે તે જાદવોને પાંડવોને સર્વને,
આ ઘોર ભવથી તારનારા તીર્થને થાપ્યું તમે,
નિરખ્યું...૨૦

તુજ તીર્થમાં વીસ કોટી મુનિની સાથ પાંડવ ભવ તર્યા,
વળી શાંબ ને પ્રદ્યુમ્ન ક્રોડો સાધુ સાથે શિવ વર્યા;
વસુદેવને શ્રી કૃષ્ણનો પરિવાર પણ મુક્તિ લહે,
નિરખ્યું...૨૧

જેણે મહાયુદ્ધો કર્યા ક્રોડો મનુજ સંહારના,
તે કૃષ્ણ વાસુદેવ પણ સેવે ચરણયુગ આપના;
સમ્યક્ત્વ પામી બાંધતા જિનપદ પ્રદાયક કર્મને,
નિરખ્યું...૨૨

છે ના કર્યું મુજ કરગ્રહણ તેં નાથ આવી માંડવે,
તારા જ કરથી વ્રત ગ્રહણ હું કરીશ આવીને હવે;
તે બોલ પાળીને બતાવ્યો નેહઘેલી રાજુલને,
નિરખ્યું...૨૩

નવ નવ જનમની પ્રીતડી શ્રી નેમરાજુલની હતી,
અહીં દેહનો સંબંધ તોડી તેમણે જે શાશ્વતી;
પ્રીતિતણો સંબંધ જોડ્યો મુક્તિ કેરા માંડવે,
નિરખ્યું...૨૪

તે ધન્ય શૌરીપુર નગર જ્યાં ચ્યવન જન્મ થયા હતા,
તે ધન્ય સહસાવન પ્રભુ જ્યાં દિક્ખકેવલ પામતા;
તે ધન્ય રૈવતગિરિ શિખર જ્યાં શિવ રમા સંગમ લહે,
નિરખ્યું...૨૫

ગિરનાર ગિરિ પર પાંચસો છત્રીસ મુનિની સાથમાં,
નિર્વાણ પામ્યા માસનું અણસણ કરી પરમાતમા;
આયુષ્ય એક હજાર વર્ષનું પૂર્ણ કરી ખડ્ગાસને,
નિરખ્યું...૨૬

ગિરનારગિરિ શણગાર તમને કોટિ કોટિ વંદના,
રાજુલ તણા ભરતાર તમને કોટિ કોટિ વંદના;
યોગીશ્વરોના નાથ તમને કોટિ કોટિ વંદના,
નવભવ તણા સંગાથ તમને કોટિ કોટિ વંદના.
નિરખ્યું...૨૭

ગિરનાર ગિરિ પર જુગ જુગોથી જેમના છે બેસણાં,
જે નાથની કરુણાં થકી પંથે ચડ્યો અનુભવ તણા;
દર્શન કરાવ્યા પરમના તે નાથ ને સ્તવતાં સ્તવે,
માંગે **ધુરંધર વિજય** દેજો બોધિ લાભ ભવે ભવે.
નિરખ્યું...૨૮

## નેમિજિન સ્તુતિ

(૧) જે પ્રભુ તણા સંસ્મરણથી, સંતાપ સવિ મનના ટળે,
જે પ્રભુ તણા દર્શન થકી, દુઃખ દુરિત દર્દ દૂર ટળે,
જે પ્રભુ તણા વંદન થકી, વિરમે વિષયને વાસના
ગિરનાર મંડણ નેમિજિનને, ભાવથી કરું વંદના.

(૨) રમણીય રાજુલ જેવી નારી ત્યજી દીધી પળવારમાં
રમણીનું રુપ વિરુપ લાગ્યું, પશુ તણા પોકારમાં,
રાજીમતીનું શુ થશે, ક્ષણ માત્ર નવિ કરી કલ્પના...
ગિરનાર...

(૩) તોરણ સુધી આવીને પણ, પાછા વળ્યા જીવ પ્રેમથી,
નિર્દોષ પશુઓની કતલ, જોવાય કેમ પ્રભુ નેમથી,
અંતર બને કરુણા ભીનું, બસ આટલી મુજ પ્રાર્થના
ગિરનાર...

(૪) જે ભોગના કાળે અનુપમ, યોગને સાધી ગયા,
વનિતાના સંગમ કાળમાં, વિરતિ શું પ્રીત બાંધી ગયા,
મહાસત્ત્વશાળી શિરોમણી, પ્રભુ સત્ત્વની કરું યાચના
ગિરનાર...

(૫) નિષ્કામ નિર્મલ નિર્વિકારી, નેમિનાથ નમું સદા,
ચાહુ હું ઉજ્જવલ જીવનમાં, લાગે કલંક નહીં કદા,
અવિકારતા રહો દષ્ટિમાં, બસ આટલી મુજ પ્રાર્થના.
ગિરનાર...

(૬) અંજન સરિખા પણ નિરંજન, રાગ દ્વેષ વિનાશથી
છો શ્યામ પણ જીવન તમારું, શોભે શુભ પ્રકાશથી
કેવો વિરોધાભાસ, તારા સ્વરૂપની શી કલ્પના...
ગિરનાર...

(૭) રૈવતગિરિના શિખર પર, પ્રભુ મુકુટ મણી સમ ઓપતાં
મનોહારિણી મુદ્રાથી ભવિમાં, બોધિના બીજ ઓપતા,
હૈયું છે હર્ષવિભોર આજે, હવે ન રહી કોઈ ઝંખના...
ગિરનાર...

(૮) ઉત્તંગગિરિ ગિરનાર નજરે દૂરથી દેખાય જ્યાં,
ઉભરાય આનંદ રોમે રોમે નયન બે છલકાય ત્યાં
મળશે હવે દર્શન પ્રભુનું, શ્વાસે શ્વાસે ભાવના...
ગિરનાર...

# શ્રી નેમિનાથ ભગવાનની સ્તુતિ

પ્રણમું પ્રતિદિન પ્રેમથી, પરમાત્મા તારા બિંબને,
બાવીસમો તું જિનપતિ, ભવપાર કરજે તું મને;
મુજ પ્રાણ તું મુજ ત્રાણ તું, મુજ જીવનનો આધાર તું,
કરૂં નમન નેમિજિન ચરણમાં, સ્મરણમાં રહેજો સદા. કરૂં...૧

ગિરનાર ગિરિ શણગાર તું, તુજ ધામ એ વખણાય છે,
શત્રુંજયે ભમતી મહીં, તું ભાવથી પૂજાય છે;
અર્બુદગિરિએ લુણીંગ વસહી, મંદિરે તુજ વાસ છે, કરૂં...૨

ગુજરાત રાજસ્થાનને સૌરાષ્ટ્ર તુજ પ્રદેશ છે,
માલવ પ્રદેશે તીર્થ આષ્ટા, તાહરૂં સવિશેષ છે;
રાંતેજ વાલમ નાડલાઇ, તીર્થપતિ પણ તું જ છે, કરૂં...૩

ભોરલ તીર્થે ભવ્ય પ્રતિમા, જોઇ મન મારૂં ઠરે,
બસ બેસી જઉં ધરૂં ધ્યાન તારૂં, ભાવ એજ થયા કરે;
તુજ શ્યામવર્ણી પાપહરણી, મૂર્તિ મુજને ખૂબ ગમે, કરૂં...૪

મહાબ્રહ્મચારી તું વિભો, અદ્ભુત છે તારી કથા,
સંસાર ફંદે ના ફસાયો, રાજીમતી વરવા છતાં;
તુજ નામ મંત્ર જપે શમે, સહુ વાસનાઓની વ્યથા, કરૂં...૫

તુજ દ્રષ્ટિથી દ્રષ્ટિ મિલે તો, દ્રષ્ટિ દોષ ટળે બધા,
તુજ મૂર્તિમાં મન જો ભળે તો, નિર્વિકારી બને તદા;
તુજ સ્પર્શથી મહાબ્રહ્મની, સિદ્ધિ સધાયે સર્વદા, કરૂં...૬

ભગવાન તુજને નિરખનારા, નિર્વિકારી થાય છે,
ભગવાન તુજને વંદનારા, વંદનીય બની જાય છે;
ભગવાન તુજને ભેટનારા, ભવ થકી ય મૂકાય છે, કરૂં...૭

તુજ મૂર્તિના દર્શન પ્રભુ, ભવોભવ મને મળતા રહો,
તુજ ભક્તિનો અવસર પ્રભુ, ભવોભવ મને મળતો રહો;
મુક્તિકિરણ ની જ્યોત, ભવોભવ હૃદયમાં જલતી રહો, ફ્ક્ડું...૮

## નેમિ ભક્તિગાન

નેમ પ્રભુ હું પુછું પ્રેમે, કર્મો મારા કેટલા ?
જન્મ મરણના ફેરા કરવા, હજુએ મારે કેટલા ?
મોક્ષ પુરીમાં, જાવા આડે, આગળાઓ કેટલા ?
એક સમતા તુજ મિલે તો, ભાર એના કેટલા ? ...૧

પહાડે માંથી નીકળે ત્યારે, લાગે નાનું ઝરણું,
નેમિ પ્રભુનું મારે લેવું, એવું સાચું શરણું ;
ઝરણું જ્યારે આગે જાતું, નદી બનતી મોટી,
નેમિ પ્રભુનું, શરણું એવું, કાપે કર્મો કોટિ. ...૨

શૌરિપુરીમાં, ચ્યવન જન્મ લઇ, દીક્ષા લીધી સહેસાવને,
ચોપન દિનમાં ઘાતી ખપાવી, કેવલ પામ્યા સહેસાવને;
સકલ કર્મનો અંત કરીને, શિવ પામ્યા પ્રભુ ગિરનારે
નેમિ પ્રભુનું શરણું લેતા, ગિરનારે તેને તારે. ...૩

સમવસરણમાં, આપ બિરાજી, દીધી દેશના શુધ્ધ યદા,
ભવ્ય જીવો જે સાંભળી હરખે, હું ભટકતો ક્યાં તદા ?
નેમિ પ્રભુ તુજ બિંબ નિહાળી, ભાવું ભાવના એહ સદા,
સમવસરણમાં બેસી સુણીશ હું, જિનવાણી આકંઠ કદા ? ...૪

અધ્યાત્મ ગુણમાં જે રમે, તેને જ સાચું બ્રહ્મ છે,
વલી વિષય સંગથી જે પરે, તેને પ્રભુ પણ બ્રહ્મ છે;
નિર્મલ એવા બ્રહ્મથી, દ્વિવિધ જેના પક્ષ છે,
તે નેમિ જિનના ચરણે વંદુ, એહ મારું લક્ષ છે. ...૫

કૃષ્ણાદિક દશ જીવ થાશે, તીર્થપતિ તારા નિમિત્ત,
એક કોડિ દેવો ભક્તિ ભાવે, નમન કરશે તસ વિનિત;
અવતાર દશમાંથી કોઇ એક, તીર્થપતિ ક્ને આપજો,
ગિરનાર ગિરિ પર જ્યાં તર્યા ત્યાં, નેમ મુક્તિ આપજો. ...૬

ગિરનાર જે પાવન બન્યો છે, આજ નેમિ નામથી,
ચોવીશ જિનવર મુક્તિ થાશે, જે ગિરિવર ઠામથી ;
એ ગિરિવર સંભારતા, અમે નેમ નમતા નિર્મળા,
નેમિ જિણંદ કૃપા કરો જેમ, કર્મો થાએ વેગળાં. ...૭

બ્રહ્મચારીમાં શિરદાર જિનવર, નેમ મૂર્તિ તારનાર
કળિયુગમાં એ કલ્પવેલી, વિષય વાસના વારનાર;
દર્શન લહ્યું જે તાહરું તે, પુણ્ય કેરા પ્રાગ્ભાર,
તારા શરણ વિણ આ જગે બીજો નહિ ઉગારનાર. ...૮

નેમિ પ્રભુ હું અવર ન યાચું, તારું દર્શન નિત મળજો,
કુદેવની સવિ વાસના સંગત, મિથ્યામતિ મારી બળજો;
શાસન તારું પામી પ્રભુજી, ભવભ્રમણ મારું ટળજો,
અરિહંત દેવ સુસાધુ ગુરુ, વીતરાગ કથિત ધરમ મળજો. ...૯

સમુદ્ર વિજય શિવાદેવી નંદન, શ્યામ વરણ પડિમા દિઠી,
નહિ જપમાળા નહિ હથિયારો, સ્ત્રી વિના લાગે મીઠી;
નયણા પાવન કરતી પડિમા, જે ભવિયણ ભાવે ભજતા,
એક ભવિક થાવા ગતિ કરતાં, દૂર ભવિયણ દૂરે તજતા. ...૧૦

ષડ્રસ ભોજન મેં કર્યા, તોય ના હટે જે દીનતા,
ગુણ ગ્રામ કરતાં તાહરા, આશ્ચર્ય રસના લિનતા;
વાજીંત્ર નાદ સુણ્યા ઘણા તોયે, ચિત્ત શાન્તિ નવ જરી,
નેમિ પ્રભુ તુજ વાણી સુણતા, કર્ણયુગ શાન્તિ ખરી. ...૧૧

એકાદશી એક દિન દેખાડી, કૃષ્ણ બાંધવ કારણે,
તે નિમિત્ત બનતું ભવ્ય જનની, દુર્ગતિના વારણે;
નેમિ પ્રભુ દિનરાત ધ્યાવું, કર્મ કુટિલ વિદારણે,
ભટકી રહ્યો ગતિ ચારમાં, બોલો પ્રભુ ક્યા કારણે ? ...૧૨

પ્રાગ્ભાર ઇષત્ પૃથ્વી પહોંચે, કર્મ છેડી ભવ્ય છે
વ્યવહાર રાશિ પામવી, બાકી રહી દૂર ભવ્ય છે;
વિણ મુક્તિ માને ભક્તિ કરતાં, જીવ તે અભવ્ય છે
નેમિ પ્રભુ કૃપા મિલે તે, જીવ આસન્ન ભવ્ય છે. ...૧૩

ઠારક ક્રોધાનલ તણા હે! નેમિનાથ જગત્પતિ,
કારક મુક્તિપુર તણા હે! નેમિનાથ યતિપતિ;
નારક નર તિરિ દેવ ભવ, મુકાવતા રાજુલપતિ,
ધારક ગુણ સમુદાયના, ગુણ આપજો મુજ યદુપતિ. ...૧૪

ધન શૌરીપુરીના માનવી, તુજ જન્મ કલ્યાણક જુએ,
ધન દ્વારિકાના માનવી, દીક્ષા કલ્યાણક ઉજવે;
ધન ધરા ગિરિ ગિરનારની, કલ્યાણક ત્રણ સંપજે,
ગુણ ગાન બાવીસ જિન ગાતા, પુણ્ય અંકુર નીપજે. ...૧૫

શાંબ પ્રદ્યુમન વલી, વસુદેવની જે નારીઓ,
ગજસુકુમાલ ગુણે ભર્યો, આંતર વૈરી વારીઓ ;
યદુકુલને સોહાવતા, નર નારીઓ તેં તારીઓ,
તુજ કૃપા ભૂખ્યો તડપતો, પ્રભુ કેમ મુજ વિસારીઓ. ...૧૬

વિધિ જો ચૂકે તો શ્યામ હોવે, સરલ એ જગ ઉક્તિને,
તે નાશ કીધી શ્યામ દેહે, પામી કેવલ મુક્તિને;
એ શામળા બાવીશમા, નેમિ જિનેસર છેડીને,
છે કોણ બીજો તારનારો, જાઉં હું ત્યાં દોડીને. ...૧૭

કોઇ પૂર્વભવના પાપથી, જેની મતિ મૈથુનમાં,
તે પાપમતિ ભૂલવા રહે, બ્રહ્મચારી પ્રભુ તુજ ધૂનમા;
વિકાર સૌ સળગી જતાં, તે ધૂનથી તસ ખૂનમાં,
નેમિજિનેશ્વર ધ્યાનથી, જીવ રમણ કરતો પુનમાં. ...૧૮

ચોથે ભવે કેવલ લહે, ગિરનાર ગિરિવર ધ્યાનથી,
મંદિર નેમિ જિણંદનું, સોહાવે ગિરિવર શાનથી,
તીર્થપતિને તીર્થ સાથે, પ્રણમતો બહુમાનથી,
તરવો બધો સંસાર સાગર, નેમિનાથ સુકાનથી. ...૧૯

વિચરતા જિન વેગળા, નથી પુણ્ય કીધું પરભવે,
બંધન ઘણા મુંઝાવનારા, નથી સમરતો આ ભવે;
હું કેમ તુજ પામી શકીશ, તેથી જ આ પછીના ભવે,
સમાધિ મૃત્યુ યાચતો, નેમિ જિનેસર ભવે ભવે. ...૨૦

તુજ નામ લેતા વાંચતા ને, સુણતા મન ઉલ્લસે,
જ્યાં મૂરતિ દેખું તાહરી, ત્યાં અધિક આનંદ ઉલ્લસે;
હું બેસતા ઉઠતા સૂતા, નેમિ સ્મરણ કરું તાહરું,
આ જીવન તુજ ચરણે ધર્યું, કલ્યાણ કરજો માહરું. ...૨૧

## હે નેમિનાથ જિનેન્દ્ર...

**રાગ : મંદિર છે મુક્તિ તણા**

શૌરીપુરી ગિરનારમાં, કલ્યાણકો તાહરા થયા,
રાંતેજ વાલમ પરોલી, ભોરોલમાં ભાસિત થયા;
કુંભારીયાજી દેલવાડે, વંદના અવધારજો,
હે નેમિનાથ જિનેન્દ્ર,મારી પ્રાર્થના સ્વીકારજો... ...૧

મહાશંખ ફુંકી શત્રુઓની, શક્તિઓ સૌ સંહરી,
રણભૂમિ પર શ્રી કૃષ્ણના, મહાસૈન્યની રક્ષા કરી;
બસ આ રીતે હે નાથ, આંતર શત્રુ મુજ સંહારજો,
હે નેમિનાથ જિનેન્દ્ર, મારી પ્રાર્થના સ્વીકારજો... ...૨

રાજીમતિ ભૂલી ગઇ તે, સ્નેહ સંભાર્યો તમે,
રાજીમતિનો વણ કહ્યો, આત્મા પ્રભુ તાર્યો તમે ;
હું રોજ સંભારુ મને, ક્યારેક તો સંભારજો,
હે નેમિનાથ જિનેન્દ્ર, મારી પ્રાર્થના સ્વીકારજો... ...૩

પોકાર પશુઓના સુણી, સહુને પ્રભુ તમે ઉદ્ધર્યા,
દીક્ષા લઇ કેવલ વરી, બહુને પ્રભુ તમે ઉદ્ધર્યા;
મારી વિનવણી છે હવે, મુજને પ્રભુ ઉધ્ધારજો,
હે નેમિનાથ જિનેન્દ્ર, મારી પ્રાર્થના સ્વીકારજો... ...૪

શ્રી કૃષ્ણની પટરાણીઓ, લોભાવવા તમને મથી,
ત્યારેય અંતરમાં તમારા, કામજ્વર આવ્યો નથી;
હે કામ વિજયી નાથ મારો, કામરોગ નિવારજો,
હે નેમિનાથ જિનેન્દ્ર, મારી પ્રાર્થના સ્વીકારજો... ...૫

શ્યામલ છબી પ્રશમાર્દ નયનો, રૂપ આ રળિયામણું,
મુખડું મનોહર આકૃતિ, રમણીય સ્મિત સોહામણું;
આ સર્વ અંતિમ સમયમાં, મુજ નયનમાં અવતારજો,
હે નેમિનાથ જિનેન્દ્ર, મારી પ્રાર્થના સ્વીકારજો..... ...૬

હે નાથ તૃષ્ણા અગ્નિએ, જનમોજનમ બાળ્યો મને,
સ્નેહાળ નયનોમાં ડુબાડી, પ્રભુ તમે ઠાર્યો મને;
છે ઝંખના બસ એક કે, મુજને ભવોભવ ઠારજો
હે નેમિનાથ જિનેન્દ્ર, મારી પ્રાર્થના સ્વીકારજો..... ...૭

આ ક્રોધ પિશાચ નડયો છે આકરો પ્રભુ જાણજો,
ઝાઝું કહું શું તુજને, છે જ્ઞાનરુપી ભાણજો;
અમી નજર ફેંકી વાત્સલ્ય દેઇ, ક્રોધ મુજ વિદારજો,
હે નેમિનાથ જિનેન્દ્ર, મારી પ્રાર્થના સ્વીકારજો..... ...૮

પડિમા બનાવું જગમહીં, સવિ મૂરતિ ને જુહારવા,
તું સહાય કરજે મુજને, ભવજલધિમાંથી તારવા;
વીતરાગ સહ શ્રી સંઘ ભક્તિ, પામવા ભવપાર જો,
હે નેમિનાથ જિનેન્દ્ર, મારી પ્રાર્થના સ્વીકારજો...... ...૯

અનુકૂળતામાં ખુશ થાતો, પ્રતિકૂળતા ગમતી નહીં,
દિનરાત જાતા એમ મારા, રતિને અરતિ મહીં;
જે પાપસ્થાનક પંદરમું, તે દૂર કરવા વિચારજો,
હે નેમિનાથ જિનેન્દ્ર, મારી પ્રાર્થના સ્વીકારજો...... ...૧૦

જ્યાં ત્યાં ફરું જે તે મલે, પણ વાત હું મારીકરું,
કથની બીજાની ટાળતો, ફરિયાદ હું મારી કરું;
બીજો કષાય ગાળવા, મુજ મન મહીં પધારજો,
હે નેમિનાથ જિનેન્દ્ર, મારી પ્રાર્થના સ્વીકારજો..... ...૧૧

વીશે વિચરતા વિહરમાનો, ભક્તિ કરવા કોડ છે
તું સહાય કર જો મુજને, તો તાહરે શી ખોડ છે;
કર કૃપા જેથી લહું હું, સુર લોક માં અવંતાર જો,
હે નેમિનાથ જિનેન્દ્ર, મારી પ્રાર્થના સ્વીકારજો..... ...૧૨

સમણહ કોડિ સહસ્સ દુઅ, વિચરતા જિનવર જિહાં,
વૈક્રિય રૂપ કરી ભક્તિ કરવા, પહોંચતો નિશદિન તિંહા,
એ ભાવનાને પૂરી કરવા, તુજ કૃપા અવધારજો,
હે નેમિનાથ જિનેન્દ્ર, મારી પ્રાર્થના સ્વીકારજો...... ...૧૩

પંચ ભરતને ઐરાવતે, તિમ મહાવિદેહે જે વસે,
વ્રતધારી કેવલી નામધારી, શ્રાવકાદિ જે હશે;
સુરશક્તિથી તેહને કરું હું, ભક્તિમાં શિરદારજો,
હે નેમિનાથ જિનેન્દ્ર, મારી પ્રાર્થના સ્વીકારજો..... ...૧૪

ચોવીશ જિનવર મુક્તિ લેશે, જે ભૂમિ ગિરનાર જો,
સિદ્ધશે વલી સાધુ સાધ્વી, જે ભૂમિ ગિરનાર જો;
ચોવીશ જિન મંદિર બનાવું, તે ભૂમિ ગિરનાર જો,
હે નેમિનાથ જિનેન્દ્ર, મારી પ્રાર્થના સ્વીકારજો..... ...૧૫

સંઘપતિ સહુ સંઘ લઇને, આવશે ગિરનાર જો,
આફત સવિ દૂરે કરું હું, જે જતા ગિરનાર જો;
તારા પ્રભાવે ભાવ મારા, પામશે સુખકાર જો
હે નેમિનાથ જિનેન્દ્ર, મારી પ્રાર્થના સ્વીકારજો..... ...૧૬

આ ભરતમાં શ્વેતાંબર કે હોય, દિગમ્બર ભલે,
સ્થાનકવાસી તેરાપંથી, મોક્ષમાર્ગી જે મલે;
વીતરાગી બનવા ઝૂરતા, પ્રતિ નમન વારંવાર જો,
હે નેમિનાથ જિનેન્દ્ર, મારી પ્રાર્થના સ્વીકારજો..... ...૧૭

એક જન્મ હો મુજ મહાવિદેહે, સંઘભક્તિ કારણે,
શ્રમણ ગણ કે શ્રાવકો હો, આવજો મુજ બારણે;
જે જે ચહે તે તે દઉં હું તેહને પલવાર જો,
હે નેમિનાથ જિનેન્દ્ર, મારી પ્રાર્થના સ્વીકારજો..... ...૧૮

# હે નેમિનાથ જિનરાજ સુણો...

રાગ:ભક્તામર પ્રણત મૌલી...

મંદિર ત્રણ મૂલનાયક જામનગરે,
ગોઇંજ ગામ જિલ્લામાં જામનગરે;
રાંતેજ વાલમ પરોલી મહીં રસાળ,
હે નેમિનાથ જિનરાજ સુણો દયાળ. ....૧

દક્ષિણમાંહે મૂરતિ ગોકાક ગામે,
મૂરતિ વસી કારકલ તિરૂવલૈ ઠામે;
ફોટા જ દેખી થયો આનંદનો ઉછાળ,
હે નેમિનાથ જિનરાજ સુણો દયાળ. ....૨

મધ્ય પ્રદેશે મલ્હારગઢ તું સોહે,
રીંગણોદ આષ્ટા મહીં દેખતા મન મોહે ;
ડીંગાવ નાલછા નમે તેહને તું પાળ,
હે નેમિનાથ જિનરાજ સુણો દયાળ. ....૩

નારલાઇ રાણકપુર ફલોધિ દેખું,
નાડોલ પાડીવ નગરે તુજને પેખું;
દેલવાડા માંહે મૂરતિ તાહરી વિશાળ,
હે નેમિનાથ જિનરાજ સુણો દયાળ. ....૪

ડીકેબીને તિમ નરોડા રાજનગરે,
મંદિર ગોમતીપુર મહીં રાજનગરે;
કુંભારીયાજી ભોરોલ મુજને દેખાળ,
હે નેમિનાથ જિનરાજ સુણો દયાળ. ....૫

મુંબઇ મહીં વસઇ ગોખીરા નગરે સારી,
ગોવર્ધન નગર મુલુન્ડ માંહે ભારી;
ગિરનાર ધામ ભજે તેહનો જાય કાળ,
હે નેમિનાથ જિનરાજ સુણો દયાળ. ....૬

કચ્છમાંહે તુંબડી અને સોંધડી ગામે,
મહારાષ્ટ્રમાં તિમ વલી દોલ્થામ ઠામે;
ચાંદવડ જાલના માંહે નમતો નિહાળ,
હે નેમિનાથ જિનરાજ સુણો દયાળ. ....૭

ડીસા બીલીમોરા સુરેન્દ્રનગરે છાજે,
મંદિર અને નગર નેમિનાથ રાજે ;
કરે જન્મ સફલ લહી તાહરી સંભાળ,
હે નેમિનાથ જિનરાજ સુણો દયાળ. ....૮

તું ભાખતો શરણ ચાર જો રહેલો
અરિહંત સિધ્ધ મુનિ કેવલીએ કહેલો ;
તે ધર્મના શરણ વિણ ગયો છે કાળ,
હે નેમિનાથ જિનરાજ સુણો દયાળ. ....૯

આજે લહું શરણ ચાર હું ચિત્તમાંહે,
જેથી રહું ભવોભવ ચરણોની માંહે,
જોજે પડું નહિ કદિ સંસાર ઝાળ,
હે નેમિનાથ જિનરાજ સુણો દયાળ. ....૧૦

ધરી દેહ શ્યામલ રૂપે દીક્ષા ગ્રહીને,
કેવલ લહ્યું શુક્લ ધ્યાનમાં થૈં રહીને ;
યાચું સદા દરિશન મહીં જાય કાળ,
હે નેમિનાથ જિનરાજ સુણો દયાળ. ....૧૧

જંગમ અને તીરથ સ્થાવર જેહ ફરતાં,
ગિરનાર તીરથ જઇ સવિ કર્મ હરતાં;
ચોવીશ જિન લહેશે શિવ ભાવિ કાળ,
હે નેમિનાથ જિનરાજ સુણો દયાળ. ....૧૨

નિગોદથી ભટકતાં હું રહ્યો અનાથ,
શાસન તાહરું લહી હું થયો સનાથ ;
મૃત્યુ સમાધિ દેઇ નાથ મરણ ટાળ,
હે નેમિનાથ જિનરાજ સુણો દયાળ. ....૧૩

વિધ વિધ તર્ક કરતાં જીવ જેહ મળતાં,
ઘો શક્તિ જેથી મુજ પાસ સુશાંતિ રળતાં;
સ્થિરતા લહી ગતિ કરે તેહ મોક્ષ ઢાળ,
હે નેમિનાથ જિનરાજ સુણો દયાળ. ....૧૪

અતિ હર્ષ સાથે સુણતો હું બીજાના આળ,
વદતો વળી હરખ સાથે વિવિધ આળ;
કરજે ક્ષમા હે જિનરાજ મેં દીધા આળ,
હે નેમિનાથ જિનરાજ સુણો દયાળ. ....૧૫

કીધા ઘણાં જીવનમાંહી કલહ ભારી,
વળી માનતો કરણી તેહ અતિજ સારી;
ભાખું હું તેહ સવિ જેમ કહે જ બાળ,
હે નેમિનાથ જિનરાજ સુણો દયાળ. ....૧૬

મેં તો લહ્યો જીવન આશરો એક તાહરો,
જનમો જનમ મળજો મુજ સાથ તાહરો ;
સેવક તાહરો ગણી મુજને તું ભાળ,
હે નેમિનાથ જિનરાજ સુણો દયાળ. ....૧૭

જન્મ અને ચ્યવન શૌરીપુર ગામે,
કલ્યાણક ત્રણ નેમિ ગિરનાર ધામે;
શૌરીપુરી ને ગિરનાર નમું ત્રિકાળ,
હે નેમિનાથ જિનરાજ સુણો દયાળ. ....૧૮

## વંદન કરું ધરી ભાવ દિલમાં....

રાગઃ મંદિર છે મુક્તિ....

ભણું કેટલું હું તુજને, સર્વજ્ઞ સ્વામી તું રહ્યો,
સવિ દ્રવ્ય ગુણ પર્યાયનો, પ્રભુ જાણનારો તું કહ્યો;
જ્યાં ત્યાં રહું જે તે સમે, તુજ ધ્યાન હો નિરંતરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં, નેમિનાથ જિનેશ્વરં... ....૧

તુજ જીવનકેરા દૃષ્ટિપાતે, મુજ જીવન મંગલ વસો,
પંચેન્દ્રિયની જે ભરી તે, વાસનાઓ દૂર ખસો;
નિરમલતાં એવી પ્રભુ દ્યો, સ્વ - પર નિર્મલ કરું,
વંદન કરું ધરી ભાવ દિલમાં, નેમિનાથ જિનેશ્વરં... ....૨

જુગ જુગ રહો હે નાથ તારું, નામ આ જગને વિષે,
ભલે મોક્ષ મુજને ના મલે, રહું ગુણ ગાવા જગ વિષે;
બોધિ સમાધિ વાત્સલ્ય ભરપૂર દ્યો પરમેશ્વરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં, નેમિનાથ જિનેશ્વરં... ....૩

નેમિજિન તુમ ગુણ ગાતા, ગુણ પ્રગટે મુજ ઘણા,
મંદિર મૂરતિ દેખી હરખું, નેમિ જિન હે તુજ તણાં;
તિહું લોકમાં અપ્રતિમ ભાસે, દાતા નેમિ ગુણકરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં, નેમિનાથ જિનેશ્વરં... ....૪

## ગરવા ગિરિ ગિરનારને...

રાગઃ મંદિર છે મુક્તિ...

જે અમર શત્રુંજયગિરિનું, શિખર પંચમ શોભતું,
સોવનમયી સોરઠ ધરા પર, તિલકસમ જે દીપતું;
ઉત્તુંગ જેના શિખર પર છે નેમિજિનના બેસણા,
ગરવાગિરિ ગિરનારને હોજો સદા મુજવંદના. ગરવા..૧

જે પરમ ઉત્તમ શૃંગ પર, શ્રી નેમિજિન દીક્ષિત બન્યાં,
કેવલ કરી કેઇ જીવતારી ને પ્રભુ શિવ સંચર્યા,
ચોવીશે ભાવી જિનવરા જ્યાં પામશે સુખ શાશ્વતા. ગરવા..૨

જેને સદા સેવી રહ્યાં, સુર અસુરને નરપતિ અહો !
ત્રણ કાલમાં ત્રણ લોકમાં, યશ જેહનો ગાજી રહ્યો,
રૈવતગિરિ, કૈલાસ વળી નંદભદ્ર નામો ગાજતાં, ગરવા..૩

સુરલોકથી પણ અધિક સોહે, પૃથ્વી આ ગિરનારની,
જ્યાં પુનિત પગલે સંચર્યા, શિવાદેવી નંદન જગપતિ,
રાજુલ પણ વિરતિ વરીને પામી મુક્તિ સંપદા. ગરવા..૪

ગિરનારના સાંનિધ્યમાં, પામે સહુ શાતા બહુ,
ગિરનારના સદ્ધ્યાનથી, પાપો ટળે સંચિત સહુ,
ગિરનારના આલંબને, ઉજ્જ્વળ બને છે આતમા. ગરવા..૫

અન્યત્ર પણ શુભ ભાવથી જે, ધ્યાન ગિરિવરનું ધરે,
ચોથે ભવે સવિ કર્મ ટાળી, તે ભવિ શિવપદ વરે,
મહિમા અપાર ગિરિતણો, શબ્દે મહીં કહેવાય ના. ગરવા..૬

પાવન કરે તન મન ભવિકજન, આ ગિરિના સ્પર્શથી,
આતમ બને પાવન અહો, શ્રી નેમિજિનના દર્શથી,
ત્રણયોગ સફળ બને, ગિરિને ગિરિપતિ વંદતા. ગરવા..૭

ગિરનારના શુભ દર્શને, નયના સફલ મારા થયાં,
ગિરનારની યાત્રા કરી, ગાત્રો સફલ મારા થયાં,
શ્રી નેમિ જિનવર ! આપો મુજને, પરમ બ્રહ્મની સંપદા. ગરવા..૮

## ભવોભવ મળો નેમિજિન...

રાગ : સેવો પાસ શંખેશ્વરા મન શુદ્ધે...

કપડવંજ નગરે તુ વસીયો કિનારે,
અમરેલી કેહું રહ્યુ તુજ બજારે;
રાધનપુર બાવન જિનાલય સંભારો,
ભવોભવ મલો નેમિજિન તુજ સહારો. ....૧
મેવાડ મધ્યે ઉદેપુર નગર સારું,
તિમ રાષ્ટ્ર મધ્યે દિલ્હીમાં સુચારુ;
પાલનપુરથી મુજ હૃદયે પધારો;
ભવોભવ મલો નેમિજિન તુજ સહારો. ....૨
ગેરિતા ઉપરિયાળામાં મૂરતિ નાની,
હારીજ માણસા ડોળીયામાં સુહાની;
લહે હર્ષ છલા જઇ દેખનારો,
ભવોભવ મલો નેમિજિન તુજ સહારો. ....૩

વડોદરા મહેતા પોળે રહ્યા છે,
ગૃહ મંદિરે પણ બિરાજી રહ્યા છે ;
અંબાજી નગર ફાલના વસનારો,
ભવોભવ મલો નેમિજિન તુજ સહારો. ....૪
પાટણ સાલવીવાડે તુજ રૂપ દેખે,
ધન્ય તે નયન બીકાનેરે જે પેખે;
રહે નાલ નગરે વલી શોભનારો,
ભવોભવ મલો નેમિજિન તુજ સહારો. ....૫
સૂરત ગોપીપુરામાં મૂરતિ સારી,
ભર્યું ભામંડલ તિંહા શંખે ભારી,
રાંદેર ગામમાં અદ્દભૂત રૂપ ધારો,
ભવોભવ મલો નેમિજિન તુજ સહારો. ....૬
કદંબગિરિ ટોચમાં તુજ દેખું રૂપ,
મહુવા રહ્યું સુંદર તુજ સ્વરૂપ;
ભાવનગરમાં અલગ તારો ઠઠારો,
ભવોભવ મલો નેમિજિન તુજ સહારો. ....૭
ભીલડી ગામમાં મંદિર તારૂં એક,
તીરથમાં રહી મૂરતિ મોટી જ છેક;
ઘોઘા બંદરે તું બિરાજે છે ન્યારો,
ભવોભવ મલો નેમિજિન તુજ સહારો. ....૮
ખંભાતે રહ્યો ભોંયરાપાડા ગલીએ,
પ્રભાસપાટણે દર્શને દુઃખ દલીએ;
ડુંગરપુરમાં અમી વરસાવનારો,
ભવોભવ મલો નેમિજિન તુજ સહારો. ....૯
યદુવંશ રૂપી દરિયે જે ચંદ્ર,
અગ્નિ બની દૂર કરે કર્મ ફંદ;
સવિ નાશ કરજો ઉપદ્રવ અમારા,
ચરણોમાં વંદન નેમિ તમારા. ....૧૦

## ગિરનાર - નેમિ સ્તુતિ

મેઘ સમ દેહકાંતિ પેખી, મન મયૂર નાચી રહ્યો,
પુનમચંદ વદન નિહાળી, હૃદય ચકોર હરખીયો;
દર્શન અમૃત પાન દીધું નયનોને આપે ખરે,
દર્શન સરોવર હંસલો, ગુણ મોતીનો ચારો ચરે...૧

મત્સર ધરી મિથ્યાત્વી સુરે, પારણે પોઢ્યા ગ્રહી,
લઇ જઇ ગગને જ્ઞાને જાણ્યો, અજ્ઞાની સુરને તહીં;
સ્પર્શી બળાંશ આપનો, ધરતીએ ખૂંપી ગયો,
સમ્યક્ત્વનો પસાય પામ્યો, આપના ચરણે રહ્યો...૨

દીક્ષા કેવલ મુક્તિ અર્થે નેમ પધાર્યા ભૂધરે,
ધન્ય બન્યો ગિરનાર ત્યારે, આપના ચરણો ધરે;
કોટી મુનિ વર્યા મુક્તિ આપને ભાવે સ્તવે,
તે નિસુણી આવ્યો પ્રભુ, નિસ્તાર કરજો ભવદવે...૩

સાગર પ્રભુની દેશના, માધવ સુણીને હરખીયા,
અંજન રતન પડિમા ભરાવી, સ્વ વિમાને સ્થાપીયા;
અતિ પ્રાચીન પડિમા, અંબાએ હેતે દીધી.,
તે નેમિપ્રભુના દરિસણે, આનંદ ઉરમાંહી વધી...૪

કોડાકોડી વીશ સાગર, લાખન્યૂન પ્રભુ તમે,
પાવન કરો છે વિશ્વને પગલા પુનિત પાડી તમે;
સુણ્યા શ્રવણે ભાવધરી, આવ્યો પ્રભુ ઉલટ ધરી,
દર્શન અમીરસ મેહ વૂઠ્યા, તૃપ્તિ પામ્યો આખરી...૫

# ઉપકારકારી નેમિવરને...

મળવું છે તુજને નાથજી, જેમ જ્યોતને જ્યોતિ મળે,
ભળવું છે મુજને તુજ મહીં, જેમ બિંદુ સિંધુમાં ભળે;
વિલંબ ના કરશો પ્રભુજી, તડપી રહ્યો છું તુમ વિના,
ઉપકારકારી નેમિવરને, ભાવથી કરૂં વંદના... (૧)

પ્રતિ રોમમાં, પ્રતિ શ્વાસમાં, પ્રતિ પલકમાં, પ્રભુ તું જ છે
આ સૃષ્ટિમાં કરૂં દૃષ્ટિ જ્યાં, તે દશ્યમાં પ્રભુ તું જ છે;
પ્રતિ અણુ અને પરમાણુમાં, સંભળાય સૂર તુજ નામના,
ઉપકારકારી નેમિવરને, ભાવથી કરૂં વંદના... (૨)

સંસ્મરણો જ્યાં તાજા કરૂં, રોમાંચથી મન માહરું,
દિન-રાત-સાંજ-સવારમાં, બસ સ્મરણ કરતું તાહરુ;
હતી ગાઢ તુજ-મુજ લાગણી, નિર્મોહી બની વિસરાયના,
ઉપકારકારી નેમિવરને, ભાવથી કરૂં વંદના... (૩)

ઉપસર્ગો મારા જીવનમાં, અનુકૂલ કે પ્રતિકૂલ હો,
આશિષ દેજો ડગમગુનાં, ફુલ કે ભલે શૂલ હો;
મુજ વેલડી સમ આતમાનો, તુમ થકી ઉદ્ધાર છે,
ઉપકારકારી નેમિવરને, ભાવથી કરૂં વંદના... (૪)

મુજ જીવનની સંધ્યા ઢળે, ત્યારે સ્મરણમાં આવજો,
સમભાવ મારો ટકાવીને, નવકાર યાદ કરાવજો;
હવે મૃત્યુનો પણ ભય નથી, તુમ નામનો જયકાર છે
ઉપકારકારી નેમિવરને, ભાવથી કરૂં વંદના... (૫)

ગિરનાર તારા દર્શથી, હું ભવ્ય છું સમજાય છે
મને મુક્તિ મળશે નિકટમાં, વિશ્વાસ એવો થાય છે;
રૈવતગિરિ તુજ નામ છે, મમ જન્મ-મરણ નિવારજે,
ગિરનાર વંદી વિનવું, મુજ આતમાને તારજે... (૬)

# પ્રભુ મિલનની સ્તુતિઓ

૧, રૂપ તારૂં એવું અદ્‌ભુત, પલક વિણ જોયા કરું,
નેત્ર તારાં નિરખી નિરખી, પાપ મુજ ધોયા કરું,
હૃદયના શુભ ભાવ પરખી, ભાવના ભાવિત બનું,
ઝંખના એવી મને કે, હું જ તુજ રૂપે બનું.

૨, દાદા તારી મુખમુદ્રાને, અમીય નજરે નિહાળી રહ્યો,
તારા નયનોમાંથી ઝરતું, દિવ્ય તેજ હું ઝીલી રહ્યો;
ક્ષણભર આ સંસારની માયા, તારી ભક્તિમાં ભૂલી ગયો,
તુજ મૂર્તિમાં મસ્ત બનીને, આત્મિક આનંદ માણી રહ્યો.

૩, છે પ્રતિમા મનોહારિણી, દુઃખહરી, શ્રી વીરજિણંદની,
ભક્તોને છે સર્વદા સુખકરી, જાણે ખીલી ચાંદની;
આ પ્રતિમાના ગુણભાવ ધરીને, જે માણસો ગાય છે,
પામી સઘળા સુખ તે જગતના, મુક્તિ ભણી જાય છે.

૪, હે દેવ ! તારા દીલમાં, વાત્સલ્યના ઝરણા ભર્યા;
હે નાથ ! તારા નયનમાં, કરુણા તણા અમૃત ભર્યા,
વીતરાગ ! તારી મીઠી મીઠી વાણીમાં જાદુ ભર્યા,
તેથી જ તારા ચરણમાં, બાલક બની આવી ચડયા.

૫, પ્રભુ આજ તારા બિંબને જોતા, નયણ સફલાં થયાં,
પાપો બધા દૂરે ગયાં, તેમ ભાવ નિર્મળ નીપજયા;
સંસાર રૂપ સમુદ્રભાસે, ચૂલુક સરખો નિશ્ચયે,
આનંદ રંગ તરંગ ઉછળે, પદ કમલના આશ્રયે.

૬, યાચક થઇને હું માંગુ છું, હે વીતરાગી ! તારી કને,
મહાવિદેહ ક્ષેત્રમાં જાવું મારે, શ્રી સીમંધર સ્વામી કને;
આઠ વરસની વયમાં મારે, સંયમ લેવું સ્વામી કને;
ઘાતી-અઘાતી કર્મો ખપાવી, આવી પિહોંચુ તારી કને.

૭, ક્યારે પ્રભુ ! નિજ દ્વાર ઊભો બાળને નિહાળશો ?
નિતનિત માગે ભીખ ગુણની, એક ગુણ ક્યારે આપશો ?
શ્રદ્ધા-દિપકની જ્યોત ઝાંખી, જ્વલંત ક્યારે બનાવશો ?
સૂના સૂના અમ જીવન ગૃહમાં, આપ ક્યારે પધારશો ?

૮, ક્યારે પ્રભુ ! તુજ સ્મરણથી, આંખો થકી આંસુ સરે ?
ક્યારે પ્રભુ ! તુજ નામ વદતાં, વાણી મુજ ગદ્ ગદ્ બને ?
ક્યારે પ્રભુ ! તુજ નામ શ્રવણે, દેહ રોમાંચિત બને ?
ક્યારે પ્રભુ ! મુજ શ્વાસે શ્વાસે, નામ તારું સાંભરે ?

૯, દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનમ્ ।
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનમ્ ॥

૧૦, તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ ।
તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય ॥
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય ।
તુભ્યં નમો જિન ભવોદધિશોષણાય ॥

૧૧, યૈઃ શાન્તરાગરુચિભિઃ પરમાણુભિસ્ત્વં
નિર્માપિત સ્ત્રિભુવનૈકલલામભૂત !
તાવન્ત એવ ખલુ તેઽપ્યણવઃ પૃથિવ્યાં;
યત્તે સમાનમપરં ન હિ રૂપમસ્તિ ॥

૧૨, નેત્રાનન્દકરી, ભવોદધિતરી, શ્રેયસ્તરોર્મઞ્જરી,
શ્રીમદ્ધર્મ મહાનરેન્દ્રનગરી, વ્યાપલ્લતા ધૂમરી,
હર્ષોત્કર્ષ શુભપ્રભાવલહરી, રાગદ્વિષાં જિત્વરી,
મૂર્તિઃ શ્રી જિનપુંગવસ્ય ભવતુ, શ્રેયસ્કરી દેહિનામ્ ॥

૧૩, અર્હન્તો ભગવંત ઈન્દ્રમહિતાઃ સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતાઃ,
આચાર્યા જિન શાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ
શ્રી સિદ્ધાન્તસુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધકાઃ,
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં, કુર્વન્તુ વો મંગલમ્ ॥

## અરિહંત ! તુજ સૌન્દર્ય લીલા....

જાણે કરે છે નૃત્ય ફરફરતાં સરસ પર્ણો અહીં
જાણે કરે છે ગાન રણઝણતાં ભ્રમર-વૃન્દો અહીં
આપે અશોકતરુ જગતને પ્રેમભીનો આશરો !
અરિહંત ! તુજ સૌન્દર્યલીલા મુજ નયનમાં અવતરો !

★ ઊંચા ગગનના ગોખથી આ પુષ્પ રિમઝિમ વરસતાં !
ફેલાવતાં વાતાવરણમાં સ્નિગ્ધ સુંદર સરસતા !
રેલાવતાં સુરભિભર્યાં રંગોભરેલાં સરવરો !
અરિહંત ! તુજ સૌન્દર્યલીલા મુજ નયનમાં અવતરો !

★ આવો પધારો પરમપદ પામો મહાશય માનવો !
ને ત્યાં તમે શાશ્વત સમય શાશ્વત સુખોને અનુભવો !
જાણે કહે છે આમ આ દિવ્યધ્વનિના સુસ્વરો !
અરિહંત ! તુજ સૌન્દર્યલીલા મુજ નયનમાં અવતરો !

★ ખેલે અહો ! આ હંસ જાણે મુખકમલ પાસે અહીં !
મુખકાંતિ લેવા ચાંદસૂરજ સેવતા પાસે રહી !
ઇન્દ્રો સ્વયં ઢાળી રહ્યા આ શ્વેત ઉજ્જવલ ચામરો !
અરિહંત ! તુજ સૌન્દર્યલીલા મુજ નયનમાં અવતરો !

★ ત્રૈલોક્ય મહાસામ્રાજ્યના સ્વામી હવે છો પ્રભુ ! તમે
દેવો કહે : આ સૂચવવા સિંહાસનમ્ નિર્મ્યું અમે
સિંહાસને બેસો પ્રભુ ! આ સૃષ્ટિનું મંગલ કરો !
અરિહંત ! તુજ સૌન્દર્યલીલા મુજ નયનમાં અવતરો !

★ આ દિવ્યભામંડલ અહો ! સૂર્યપ્રભા મંડલ સમું
ભીતર-બહાર બધે જ અજવાળાં અજબ ફેલાવતું
સૌના હૃદયમાં આ વહાવે હર્ષનો અમૃતઝરો !
અરિહંત ! તુજ સૌન્દર્યલીલા મુજ નયનમાં અવતરો !

★ જે દિવ્ય દુંદુભિનાદ દેવોએ કર્યો તે સાંભળી,
સૌએ વિચાર્યું, શું અષાઢી ગરજતી આ વાદળી ?
શું ખળભળ્યા આજે અચાનક સામટા સૌ સાગરો ?
અરિહંત ! તુજ સૌન્દર્યલીલા મુજ નયનમાં અવતરો !

* રત્નો થકી ઝળહળ અને ઝગમગ સુવર્ણ રજત થકી
આ ઉત્તરોત્તર પુણ્યવૃદ્ધિ સૂચવતા ત્રણ છત્રથી
ત્રણ લોકને પ્રભુ ! આપ આપો છો મજાનો છાંયડો !
અરિહંત ! તુજ સૌન્દર્યલીલા મુજ નયનમાં અવતરો !
* દૂરે ગયા સૌ દોષ, કેવલજ્ઞાન તુજ હૃદયે રમે
નરનાથ ને સુરનાથ સૌ તુજ ચરણમાં પ્રેમે નમે
ઝરણું વહે તુજ વાણીનું ને પાપ સંતાપો શમે !
અરિહંત ! તુજ સૌન્દર્યલીલા મુજ નયનમાં અવતરો !

## એવા પ્રભુ અરિહંતને પંચાગ...

(ચ્યવન કલ્યાણક)
જે ચૌદ મહાસ્વપ્નો થકી, નિજમાતને હરખાવતા,
વળી ગર્ભમાંહી જ્ઞાનત્રયને, ગોપવી અવધારતા,
ને જન્મતા પહેલાં જ ચોસઠ ઇન્દ્ર જેને વંદતા,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. (૧)

(જન્મ કલ્યાણક)
મહાયોગના સામ્રાજ્યમાં જે, ગર્ભમાં ઉલ્લાસતા,
ને જન્મતાં ત્રણ લોકમાં મહાસૂર્ય સમ પ્રકાશતા,
જે જન્મકલ્યાણક વડે સહુ જીવને સુખ અર્પતા, એવા (૨)

(જન્મોત્સવ)
છપ્પન દિક્કુમરી તણી, સેવા સુભાવે પામતા,
દેવેન્દ્ર કરસંપુટ મહીં, ધારી જગત હરખાવતા,
મેરુશિખર સિંહાસને જે નાથ, જગના શોભતા, એવા (૩)

કુસુમાંજલિથી સુરઅસુર, જે ભવ્ય જિનને પૂજતા,
ક્ષીરોદધિના ન્હવણજલથી, દેવ જેને સિંચતા,
વળી દેવદુંદુભિ નાદ ગજવી, દેવતાઓ રીઝતા, એવા (૪)

મઘમઘ થતા ગોશીર્ષ ચંદનથી વિલેપન પામતા,
દેવેન્દ્ર દૈવી પુષ્પની માળા ગળે આરોપતા,
કુંડલ કડાં મણિમય ચમકતાં, હાર મુકુટે શોભતા,
એવા પ્રભુ અરિહંતને, પંચાગ ભાવે હું નમું. (૫)

ને શ્રેષ્ઠવેણુ મોરલી, વીણા મૃદંગ તણા ધ્વનિ,
વાજિંત્ર તાલે નૃત્ય કરતી, કિન્નરીઓ સ્વર્ગની,
હર્ષે ભરી દેવાંગનાઓ નમન કરતી લળી લળી, એવા (૬)

જયનાદ કરતા દેવતાઓ, હર્ષના અતિરેકમાં,
પધરામણી કરતા જનેતાના મહાપ્રસાદમાં,
જે ઇન્દ્રપૂરિત વરસુધાને, ચૂસતા અંગુષ્ઠમાં, એવાં (૭)

(અતિશયવંત)
આહારને નિહાર જેના, છે અગોચર ચક્ષુથી,
પ્રસ્વેદ વ્યાધિ મેલ જેના અંગને સ્પર્શે નહિ,
સ્વર્ધેનુ દુગ્ધ સમા રુધિર ને માંસ જેના તન મહીં, એવા (૮)

મંદાર પારિજાત સૌરભ, શ્વાસ ને ઉચ્છ્વાસમાં,
ને છત્ર ચામર જયપતાકા સ્તંભ જવ કરપાદમાં,
પૂરા સહસ્ર વિશેષ અષ્ટક, લક્ષણો જ્યાં શોભતા, એવા (૯)

દેવાંગનાઓ પાંચ આજ્ઞા, ઇન્દ્રની સન્માનતી,
પાંચે બની ધાત્રી દિલે, કૃતકૃત્યતા અનુભાવતી,
વળી બાલક્રિડા દેવગણના, કુંવરો સંગે થતી, એવા (૧૦)

જે બાલ્ય-વયમાં પ્રૌઢજ્ઞાને, મુગ્ધ કરતા લોકને,
સોળે કળા વિજ્ઞાન કેરાં, સારને અવધારીને,
ત્રણ લોકમાં વિસ્મયસમા ગુણરૂપ યૌવનયુક્ત જે, એવા (૧૧)

મૈથુન પરિષહથી રહિત જે, નંદતા નિજભાવમાં,
ને ભોગકર્મ નિવારવા વિવાહ કંકણ ધારતા,
ને બ્રહ્મચર્ય તણો જગાવ્યો, નાદ જેણે વિશ્વમાં, એવા (૧૨)

(રાજ્યાવસ્થા)
મૂર્છા નથી પામ્યા મનુજના, પાંચ ભેદે ભોગમાં,
ઉત્કૃષ્ટ જેની રાજ્યનીતિથી પ્રજા સુખચેનમાં,
વળી શુદ્ધ અધ્યવસાયથી, જે લીન છે નિજભાવમાં, એવા (૧૩)

પામ્યા સ્વયંસંબુદ્ધ પદ જે, સહજ વર વિરાગવંત,
ને દેવલોકાંતિક ઘણી, ભક્તિ થકી કરતા નમન,
જેને નમી કૃતાર્થ બનતા ચાર ગતિના જીવગણ, એવા (૧૪)

આવો પધારો ઇષ્ટવસ્તુ, પામવા નરનારીઓ,
એ ઘોષણાથી અર્પતા સાંવત્સરિક મહાદાનને,
ને છેદતા દારિદ્રય સહુનું, દાનના મહાકલ્પથી એવા (૧૫)

દીક્ષા તણો અભિષેક જેનો, યોજતા ઇન્દ્રો મળી,
શિબિકા સ્વરૂપ વિમાનમાં, બિરાજતા ભગવંતશ્રી,
અશોક પુન્નાગ તિલક ચંપા વૃક્ષ શોભિત વનમહીં,
એવા પ્રભુ અરિહંતને પંચાગ ભાવે હું નમું (૧૬)

શ્રી વજ્રધર ઇન્દ્રે રચેલા, ભવ્ય આસન ઉપરે,
બેસી અલંકારો ત્યજે, દીક્ષા સમય ભગવંત જે,
જે પંચમુષ્ટિ લોચ કરતા, કેશ વિભુ નિજ કર વડે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. (૧૭)

(દીક્ષા કલ્યાણક)

લોકાગ્રગત ભગવંત સર્વે, સિદ્ધને વંદન કરે,
સાવદ્ય સઘળા પાપ યોગોનાં કરે પચ્ચક્ખાણને,
જે જ્ઞાન-દર્શનને મહાચારિત્ર રત્નત્રયી ગ્રહે, એવા (૧૮)

નિર્મલવિપુલમતિ મનઃપર્યવ-જ્ઞાને સહેજે દીપતા,
ને પંચસમિતિ ગુપ્તિત્રયની રયણમાળા ધારતા,
દશ ભેદથી જે શ્રમણ સુંદર ધર્મનું પાલન કરે, એવા (૧૯)

પુષ્કર કમલના પત્રની, ભ્રાંતિ નહિ લેપાય જે,
ને જીવની માફક અપ્રતિહત, વરગતિએ વિચરે,
આકાશની જેમ નિરાલંબન ગુણ થકી જે ઓપતા, એવા (૨૦)

ને અસ્ખલિત વાયુ સમૂહની જેમ જે નિર્બંધ છે
સંગોપિતાંગોપાંગ જેના, ગુપ્ત ઇન્દ્રિય દેહ છે,
નિસ્સંગતા ય વિહંગશી, જેનો અમુલખ ગુણ છે એવા (૨૧)

ખડ્ગીતણા વરશૃંગ જેવા, ભાવથી એકાકી જે,
ભારંડપંખી સારીખા ગુણવાન ને અપ્રમત્ત છે,
વ્રતભાર વહેતા વરવૃષભની, જેમ જેહ સમર્થ છે એવા (૨૨)

કુંજરસમા શૂરવીર જે છે, સિંહસમ નિર્ભય વળી,
ગંભીરતા સાગર સમી, જેના હૃદયને છે વરી,
જેના સ્વભાવે સૌમ્યતા છે, પૂર્ણિમાના ચંદ્રની,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. (૨૩)

આકાશ ભૂષણ સૂર્ય જેવા, દીપતા તપતેજથી,
વળી પૂરતા દિગંતને, કરુણા ઉપેક્ષા મૈત્રીથી,
હરખાવતા જે વિશ્વને, મુદિતા તણા સંદેશાથી, એવા (૨૪)

જે શરદ ઋતુના જળસમા નિર્મળ મનોભાવો વડે,
ઉપકાર કાજ વિહાર કરતા, જે વિભિન્ન સ્થળો વિષે,
જેની સહનશક્તિ સમીપે, પૃથ્વી પણ ઝાંખી પડે, એવા (૨૫)

બહુપુણ્યનો જ્યાં ઉદય છે એવા ભવિકના દ્વારને,
પાવન કરે ભગવંત નિજ તપ, છઠ્ઠ અઠ્ઠમ પારણે,
સ્વીકારતા આહાર બેંતાલીસ દોષ વિહીન જે, એવા (૨૬)

ઉપવાસ માસક્ષમણ સમા, તપ આકરા તપતા વિભુ,
વીરાસનાદિ આસને, સ્થિરતા ધરે જગના પ્રભુ,
બાવીસ પરિષહને સહંતા ખુબ જે અદ્ભુત વિભુ, એવા (૨૭)

ને બાહ્ય અભ્યંતર બધા, પરિગ્રહ થકી જે મુક્ત છે,
પ્રતિમા વહન વળી શુકલધ્યાને, જે સદાય નિમગ્ન છે
જે ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરતા મોહમલ્લ વિદારીને, એવા (૨૮)

(કેવળજ્ઞાન કલ્યાણક)
જે પૂર્ણ કેવલજ્ઞાન, લોકાલોકને અજવાળતું,
જેના મહાસામર્થ્ય કેરો, પાર કો નવ પામતું,
એ પ્રાપ્ત જેણે ચારઘાતી કર્મને છેદી કર્યું, એવા (૨૯)

જે રજત સોના ને અનુપમ, રત્નના ત્રણ ગઢમહીં,
સુવર્ણના નવપદ્મમાં પદકમલને સ્થાપન કરી,
ચારે દિશા મુખ ચાર ચાર, સિંહાસને જે શોભતા, એવા (૩૦)

જ્યાં છત્ર સુંદર ઉજ્જવળા, શોભી રહ્યા શિર ઉપરે,
ને દેવદેવી રત્ન ચામર વીંઝતા કરદ્વય વડે,
દ્વાદશ ગુણા વર દેવવૃક્ષ, અશોકથી ય પૂજાય છે એવા (૩૧)

મહાસૂર્ય સમ તેજસ્વી શોભે, ધર્મચક્ર સમીપમાં,
ભામંડલે પ્રભુપીઠથી, આભા પ્રસારી દિગંતમાં,
ચોમેર જાનુ પ્રમાણ પુષ્પો, અર્ધ્ય જિનને અર્પતા, એવા (૩૨)

જ્યાં દેવદુંદુભિ ઘોષ ગજવે, ઘોષણા ત્રણલોકમાં,
ત્રિભુવન તણા સ્વામી તણી, સૌએ સુણો શુભદેશના,
પ્રતિબોધ કરતા દેવ, માનવ ને વળી તિર્યંચને, એવા (૩૩)

જ્યાં ભવ્ય જીવોના અવિકસિત ખીલતાં પ્રજ્ઞાકમળ,
ભગવંતવાણી દિવ્યસ્પર્શે, દૂર થતાં મિથ્યાં વમળ,
ને દેવ દાનવ ભવ્ય માનવ, ઝંખતા જેમું શરણ, એવા (૩૪)

જે બીજભૂત ગણાય છે ત્રણ પદ ચતુર્દશ પૂર્વના,
ઉપ્પન્નેઇ વા વિગમેઇ વા ધુવેઇ વા મહાતત્ત્વના,
એ દાન સુશ્રુતજ્ઞાનનું દેનાર ત્રણ જગનાથ જે, એવા (૩૫)

જે ચૌદપૂર્વોનાં રચે છે સૂત્રસુંદર સાર્થ જે,
તે શિષ્યગણને સ્થાપતા, ગણધર પદે જગનાથ જે,
ખોલે ખજાનો ગૂઢ માનવ જાતના હિત કારણે, એવા (૩૬)

(ભાવ અરિહંત)
જે ધર્મ તીર્થંકર ચતુર્વિધ સંઘ સંસ્થાપન કરે,
મહાતીર્થ સમ એ સંઘને, સુર અસુર સહુ વંદન કરે,
ને સર્વ જીવો, ભૂત, પ્રાણી, સત્ત્વશું કરુણા ધરે, એવા (૩૭)

જેને નમે છે ઇન્દ્ર, વાસુદેવ ને બલભદ્ર સહુ,
જેના ચરણને ચક્રવર્તી, પૂજતાં ભાવે બહુ,
જેણે અનુત્તર વિમાનવાસી દેવના સંશય હણ્યા એવા (૩૮)

જે છે પ્રકાશક સહુ પદાર્થો, જડ તથા ચૈતન્યના,
વરશુક્લ લેશ્યા તેરમે, ગુણસ્થાનકે પરમાતમા,
જે અંત આયુકર્મનો , કરતા પરમ ઉપકારથી, એવા (૩૯)

લોકાગ્રભાગે પહોંચવાને, યોગ્યક્ષેત્રી જે બને,
ને સિદ્ધનાં સુખ અર્પતી અંતિમ તપસ્યા જે કરે,
જે ચૌદમા ગુણસ્થાનકે, સ્થિર પ્રાપ્ત શૈલેશીકરણ, એવા (૪૦)

હર્ષે ભરેલા દેવનિર્મિત, અંતિમે સમવસરણે,
જે શોભતા અરિહંત પરમાત્મા જગતઘર આંગણે,
જે નામના સંસ્મરણથી, વિખરાય વાદળ દુઃખનાં, એવા (૪૧)

જે કર્મનો સંયોગ વળગેલો અનાદિ કાળથી
તેથી થયા જે મુક્ત પૂરણ, સર્વથા સદ્ભાવથી,
રમમાણ જે નિજરૂપમાં ને સર્વજગનું હિત કરે, એવા (૪૨)

જે નાથ ઔદારિક વળી, તૈજસ તથા કાર્મણ તનુ,
એ સર્વને છોડી અહીં, પામ્યા પરમપદ શાશ્વતુ,
જે રાગદ્વેષ જળે ભર્યાં, સંસાર સાગરને તર્યા, એવા (૪૩)

(નિર્વાણ કલ્યાણક)
શૈલેશી કરણે ભાગ ત્રીજે, શરીરના ઓછા કરી,
પ્રદેશા જીવના ઘન કરી, વળી પૂર્વધ્યાન પ્રયોગથી,
ધનુષ્યથી છૂટેલ બાણ તણી પરે શિવગતિ લહી, એવા (૪૪)

નિર્વિઘ્ન સ્થિરને અચલ, અક્ષય, સિદ્ધિગતિ એ નામનું,
છે સ્થાન અવ્યાબાધ જ્યાંથી નહિ પુનઃ ફરવાપણું,
એ સ્થાનને પામ્યા અનંતા, ને વળી જે પામશે, એવા (૪૫)

આ સ્તોત્રને પ્રાકૃતગિરામાં વર્ણવ્યું ભક્તિબળે,
અજ્ઞાતને પ્રાચીન મહામના, કો મુનીશ્વર બહુશ્રુતે,
પદપદ મહીં જેના મહાસામર્થ્યનો મહિમા મળે, એવા (૪૬)

જે નમસ્કાર સ્વાધ્યાયમાં, પ્રેક્ષી હૃદય ગદ્‌ગદ બન્યું,
શ્રી ચંદ્ર નાચ્યો ગ્રંથ લઇ, મહાભાગનું શરણું મળ્યું,
કીધી કરાવી અલ્પભક્તિ, હોંશનું તરણું ફળ્યું, એવા (૪૭)

જેના ગુણોના સિંધુના, બે બિંદુ પણ જાણું નહિ,
પણ એક શ્રદ્ધા દિલમહિં કે નાથ સમ કો છે નહિ,
જેના સહારે ક્રોડ તરીયા મુક્તિ મુજ નિશ્ચય સહિ. એવા (૪૮)

જે નાથ છે ત્રણ ભુવનના કરુણા જાગે જેની વહે,
જેના પ્રભાવે વિશ્વમાં સદ્‌ભાવની સરણી વહે,
આપે વચન શ્રીચંદ્ર જાગને, એ જ નિશ્ચય તારશે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. (૪૯)

## રત્નાકર પચ્ચીશી

મંદિર છો મુક્તિતણા માંગલ્યક્રીડાના પ્રભુ,
ને ઇન્દ્ર નર ને દેવતા, સેવા કરે તારી વિભુ;
સર્વજ્ઞ છો સ્વામી વળી, શિરદાર અતિશય સર્વના,
ઘણું જીવ તું, ઘણું જીવ તું, ભંડાર જ્ઞાન કળા તણા (૧)

ત્રણ જગતના આધાર ને, અવતાર હે કરુણાતણા,
વળી વૈદ્ય હે ! દુર્વાર આ સંસારનાં દુઃખો તણા ;
વીતરાગ વલ્લભ વિશ્વના તુજ પાસ અરજી ઉચ્ચરું,
જાણો છતાં પણ કહી અને, આ હૃદય હું ખાલી કરું (૨)

શું બાળકો મા - બાપ પાસે બાળક્રીડા નવ કરે ?
ને મુખમાંથી જેમ આવે, તેમ શું નવ ઉચ્ચરે ?
તેમજ તમારી પાસ તારક, આજ ભોળા ભાવથી,
જેવું બન્યું તેવું કહું તેમાં કશું ખોટું નથી (૩)

મેં દાન તો દીધું નહિ ને, શીયળ પણ પાળ્યું નહિ,
તપથી દમી કાયા નહિ, શુભભાવ પણ ભાવ્યો નહિ;
એ ચાર ભેદે ધર્મમાંથી કાંઇ પણ પ્રભુ ! નવ કર્યું,
મારું ભ્રમણ ભવસાગરે નિષ્ફળ ગયું, નિષ્ફળ ગયું. (૪)

હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડસ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે, હું કેમ કરી ધ્યાવું તને ?
મન મારું માયાજાળમાં, મોહન ! મહા મુંઝાય છે
ચડી ચાર ચોરો હાથમાં, ચેતન ઘણો ચગદાય છે (૫)

મેં પરભવે કે આ ભવે પણ હિત કાંઇ કર્યું નહિ,
તેથી કરી સંસારમાં સુખ, અલ્પ પણ પામ્યો નહિ ;
જન્મો અમારા જિનજી ! ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં અજ્ઞાનથી હારી ગયા. (૬)

અમૃત ઝરે તુજ મુખરૂપી, ચંદ્રથી તો પણ પ્રભુ,
ભીંજાય નહિ મુજ મન અરેરે ! શું કરું હું તો વિભુ ;
પથ્થર થકી પણ કઠણ મારું મન ખરે ક્યાંથી દ્રવે,
મરકટ સમા આ મન થકી, હું તો પ્રભુ હાર્યો હવે. (૭)

ભમતાં મહા ભવસાગરે પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણરૂપી રત્નત્રય દુષ્કર ઘણાં ;
તે પણ ગયા પ્રમાદના વશથી પ્રભુ કહું છું ખરુ,
કોની કને કિરતાર આ પોકાર હું જઇને કરું ? (૮)

ઠગવા વિભુ આ વિશ્વને, વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મના ઉપદેશ રંજન, લોકને કરવા કર્યા,
વિદ્યા ભણ્યો હું વાદ માટે કેટલી કથની કહું ?
સાધુ થઇને બહારથી દાંભિક અંદરથી રહું. (૯)

મેં મુખને મેલું કર્યું, દોષો પરાયા ગાઇને,
ને નેત્રને નિંદિત કર્યા પરનારીમાં લપટાઇને;
વળી ચિત્તને દોષિત કર્યું ચિંતી નઠારું પરતણું,
હે નાથ ! મારું શું થશે, ચાલાક થઇ ચૂક્યો ઘણું. (૧૦)

કરે કાળજાને કતલ પીડા કામની બિહામણી,
એ વિષયમાં બની અંધ હું, વિડંબના પામ્યો ઘણી;
તે પણ પ્રકાશ્યું આજ લાવી, લાજ આપ તણી કને,
જાણો સહુ તેથી કહું, કર માફ મારા વાંકને (૧૧)

નવકાર મંત્ર વિનાશ કીધો, અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રનાં વાક્યો વડે, હણી આગમોની વાણીને ;
કુદેવની સંગત થકી કર્મો નકામા આચર્યા ;
મતિભ્રમથકી રત્નો ગુમાવી કાચ કટકા મેં ગ્રહ્યા. (૧૨)

આવેલ દષ્ટિમાર્ગમાં મૂકી મહાવીર આપને,
મેં મૂઢધીએ હૃદયમાં ધ્યાયા મદનના ચાપને ;
નેત્રબાણો ને પયોધર, નાભિ ને સુંદર કટી,
શણગાર સુંદરીઓ તણા, છટકેલ થઇ જોયા અતિ. (૧૩)

મૃગનયની સમ નારીતણાં મુખચંદ્ર નીરખવા વલી,
મુજ મન વિષે જે રંગ લાગ્યો, અલ્પ પણ ગાઢો અતિ;
તે શ્રુતરૂપ સમુદ્રમાં, ધોયા છતાં જાતો નથી,
તેનું કહો કારણ તમે બચું કેમ હું આ પાપથી. (૧૪)

સુંદર નથી આ શરીર કે સમુદાય ગુણ તણો નથી,
ઉત્તમ વિલાસ કલા તણો દેદીપ્યમાન પ્રભા નથી;
પ્રભુતા નથી તો પણ પ્રભુ અભિમાનથી અક્કડ ફરું,
ચોપાટ ચાર ગતિ તણી, સંસારમાં ખેલ્યાં કરું. (૧૫)

આયુષ્ય ઘટતું જાય તો પણ, પાપબુદ્ધિ નવ ઘટે,
આશા જીવનની જાય પણ, વિષયાભિલાષા નવ મટે,
ઔષધ વિષે કરું યત્ન પણ, હું ધર્મને તો નવ ગણું,
બની મોહમાં મસ્તાન હું, પાયા વિનાનાં ઘર ચણું. (૧૬)

આત્મા નથી પરભવ નથી, વળી પુણ્ય પાપ કશું નથી,
મિથ્યાત્વીની કટુ વાણી મેં, ધરી કાન પીધી સ્વાદથી;
રવિ સમ હતા જ્ઞાને કરી, પ્રભુ આપશ્રી તો પણ અરે !
દીવો લઇ કૂવે પડ્યો, ધિક્કાર છે મુજને ખરે. (૧૭)

મેં ચિત્તથી નહિ દેવની, કે પાત્રની પૂજા ચહી,
ને શ્રાવકો કે સાધુઓનો ધર્મ પણ પાળ્યો નહી;
પામ્યો પ્રભુ નરભવ છતાં રણમાં રડ્યા જેવું થયું,
ધોબી તણા કુત્તા સમું, મમ જીવન સહુ એળે ગયું. (૧૮)

હું કામધેનુ કલ્પતરુ, ચિંતામણિના પ્યારમાં,
ખોટા છતાં ઝંખ્યો ઘણું, બની લુબ્ધ આ સંસારમાં ;
જે પ્રગટ સુખ દેનાર તારો, ધર્મ તે સેવ્યો નહિ,
મુજ મુર્ખ ભાવોને નિહાળી નાથ ! કર કરુણા કંઇ. (૧૯)

મેં ભોગ સારા ચિંતવ્યા, તે રોગ સમ ચિંત્યા નહિ,
આગમન ઇચ્છયું ધનતણું, પણ મૃત્યુને પ્રીછયું નહિં,
નહીં ચિંતવ્યું મેં નરક કારાગૃહ સમી છે નારીઓ,
મધુબિંદુની આશા મહીં ભયમાત્ર હું ભૂલી ગયો. (૨૦)

હું શુદ્ધ આચારો વડે સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર ઉપકારનાં, યશ પણ ઉપાર્જન નવ કર્યો,
વળી તીર્થના ઉદ્ધાર આદિ કોઇ કાર્યો નવ કર્યા,
ફોગટ અરે આ લક્ષ ચોરાશી તણા ફેરા ફર્યા. (૨૧)

ગુરુવાણીમાં વૈરાગ્ય કેરો, રંગ લાગ્યો નહિ અને,
દુર્જનતણા વાક્યો મહીં શાંતિ મળે ક્યાંથી મને ?
તરૂં કેમ હું સંસાર આ ? અધ્યાત્મ તો છે નહિ જરી,
તૂટેલ તળિયાનો ઘડો, જળથી ભરાયે કેમ કરી ? (૨૨)

મેં પરભવે નથી પુણ્ય કીધું, ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં, કહો ક્યાંથી થશે હે નાથજી !
ભૂત ભાવિ ને સાંપ્રત ત્રણે ભવ નાથ હું હારી ગયો,
સ્વામી ! ત્રિશંકુ જેમ હું, આકાશમાં લટકી રહ્યો. (૨૩)

અથવા નકામું આપ પાસે, નાથ ! શું બકવુ ઘણું,
હે દેવતાના પૂજ્ય ! આ ચારિત્ર મુજ પોતા તણું ;
જાણો સ્વરૂપ ત્રણ લોકનું, તો માહરું શું માત્ર આ,
જ્યાં ક્રોડનો હિસાબ નહીં ત્યાં પાઇની તો વાત ક્યાં ? (૨૪)

(રાગ : સ્નાતસ્યા..................)

તારાથી ન સમર્થ અન્ય દીનનો, ઉદ્ધારનારો પ્રભુ,
મારાથી નહિ અન્ય પાત્ર જગમાં, જોતાં જડે હે વિભુ ;
મુક્તિ મંગળ સ્થાન તોય મુજને ઇચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યગ્રત્ન શ્યામ જીવને, તો તૃપ્તિ થાયે ઘણી. (૨૫)

# સંવેદના પચ્ચીશી

(રાગ-મંદિર છે મુક્તિતણા)

હું મોહમદિરામાં ડુબી, ભૂલી સ્વરૂપ નિજ આત્માનું,
ભવભ્રમણમાં બસ કામ કીધું પારકી પંચાતનું,
ચોરાસીના ચૌટે ક્યાં, મેં નટ બની નાટક ઘણા,
કહું બાળભાવે પ્રભુ તને, મુજ આત્માની સંવેદના. (૧)

ભવ સાગરે ભમતા કદી, તુમ નામ શ્રવણે ના પડ્યું,
આજે અનંતા કાળથી, દર્શન તમારૂં સાંપડ્યું,
તારા વિરહને વિસ્મરણથી ભોગવી મેં આપદા,
રહેજે સ્મરણમાં તું સદા, જેથી લહું શિવસંપદા. (૨)

સંસારથી સિદ્ધિ સુધીના પંથનો તું સારથિ,
મુજ કર્મવનને બાળનારો, એક છે તું મહારથિ,
ભવચક્રને તું ભેદતો, તારી કૃપાના ચક્રથી,
છે કેવી મુજ વિડંબના, હજુ ઓળખ્યો તુજને નથી. (૩)

નિગોદના કારાગૃહેથી નીસર્યો તારી કૃપા,
વ્યવહારરાશિ, ત્રસપણું, પામ્યો પ્રભુ તારી કૃપા,
શુભ મનુજભવ ને જૈનકુળ, લાધ્યો પ્રભુ તારી કૃપા,
જો મોક્ષ પણ આપો તમે, તો માનું ખરી તારી કૃપા. (૪)

ચોરાસીના ચક્કરમહીં ભમતા અનાદિકાળથી,
તન ધન સ્વજન વિષયો કષાયોનું કર્યું પોષણ અતિ,
માનવ જનમ, શ્રધ્ધા, શ્રવણ પામ્યો અતિ દુર્લભ છતાં,
ક્યારે કરીશ ભવચક્રમાં, હું મુક્તિની પુરુષાર્થતા. (૫)

પુદ્ગલ પરાવર્તો અનંતા મેં કીધા સંસારમાં,
ભટક્યો અનંતી વાર વળી યોનિ ચોરાસી લાખમાં,
પામ્યો મહાપુણ્યોદયે શાસન તમારું આ ભવે,
પામી તને આ ભવવને, ભમવું નથી મારે હવે. (૬)

પામ્યો તને પરખ્યો નહિં, જાણ્યો તને માણ્યો નહિ,
હોઠે સદા તુજ વાત પણ, હૈયે કદી આણ્યો નહિ;
શિવનગરની કરું ઝંખના, શિવમાર્ગથી ડરતો સદા,
દ્યો તુમ સમું સામર્થ્ય પ્રભુ, જેથી હરું કર્મો બધા (૭)

હે નાથ ! ભારેકર્મી છું ? અથવા નથી મુજ પાત્રતા,
જિમ બળદ ઘાણીનો ભમે, તિમ હું ભમું સમજુ છતાં,
જિમ ભુંડ મ્હાલે વિષ્ઠામાં, તિમ હું ખુચ્યોં છું વિષયમાં,
ક્યારે પ્રભુ ! મુજને થશે ? વૈરાગ્ય આ સંસારમાં (૮)

નશ્વર છતાં સંસારના, સુખો મને લલચાવતા,
શાશ્વત સુખોની સાધનાના સ્વપ્ન પણ કંપાવતા,
ફરી ના મળે સંયોગ કાળ અનંતમાં જાણું છતાં,
હું મસ્ત છું સંસારમાં, મુજ કેવી છે મોહાંધતા. (૯)

હું સાધનોમાં મસ્ત બનીને સાધના ભૂલી ગયો,
બનવા અજન્મા જનમ જે, તે પણ પ્રમાદે હારીયો,
ક્યારે થશે ! નિસ્તાર જન્મ-મરણ થકી વિભુ માહરો ?
કોને કહું ને ક્યાં જઉં ? નથી અન્ય માહરો આશારો (૧૦)

હું પાપ રસીયો તીવ્ર ભાવે પાપ કરતા ના ડરું,
ને આપની આજ્ઞા પ્રમાણે ધર્મ કરતા થરથરું,
થાશે શું મારું ? જઇશ ક્યાં હું ? કર્મ નવિ છોડે કદા,
એક જ સહારો તાહરો, તું આપજે શરણું સદા. (૧૫)

ભોગોમહી મેં વેડફ્યો માનવ જનમ અતિ દોહિલો,
ના સાધના કરી મનથકી, શિવરાજ જેથી સોહિલો,
તુજ આણ હૈયે ના ધરી, કરી મોહરાજની ચાકરી,
થાક્યો પ્રભુ માહરો હવે, ઉદ્ધાર કર કરૂણા કરી. (૧૨)

હું ઓરડો અવગુણ તણો, ભંડાર ચાર કષાયનો,
વળી પંચ ઇન્દ્રિય વિષય કેરી વાસના લંપટ ઘણો,
નથી પુણ્ય પણ ઉદ્યમ કરું, ભોગોતણી ભૂખ ભાંગવા,
દુર્બુદ્ધિ મારી દૂર કરવા, આપ તું મુજને દવા (૧૩)

મેં નરક-નિગોદે સહ્યાં, દુઃખો ઘણા સમજણ વિના,
સમજણ મળી મુજને હવે, સિદ્ધિ નથી શુદ્ધિ વિના,
પણ શુદ્ધિકર બાવીસ પરિષહ લાગે અતિશય આકરા,
સુખથી ડરૂં, દુઃખને વરૂં, દે સન્મતિ મુજને જરા. (૧૪)

તું સર્વશક્તિમાન તો , મુજ કર્મ શેં કાપે નહિં ?
તું સર્વઇચ્છાપૂરણો, તો મોક્ષ શેં આપે નહિં ?
ભલે મુક્તિ હમણા ના દિયો, પણ એક ઇચ્છા પૂરજો,
ભવવન દહન દાવાનલો, સમ્યક્ત્વ મુજને આપજો (૧૫)

ક્યારે પ્રભુ ! સમ્યક્ત્વની જ્યોતિ હૃદયમાં થિર થશે ?
ક્યારે પ્રભુ ! વૈરાગ્યવાસિત માહરી હર પળ થશે ?
ક્યારે પ્રભુ ! સુવિશુદ્ધ ભાવે સર્વવિરતિ સ્પર્શશે ?
ક્યારે પ્રભુ ! સંસારમાં, પણ મુક્તિની ઝાંખી થશે ? (૧૬)

વિષયોતણા વળગાડને ક્યારે પ્રભુ છેડીશ હું ?
જિનઆગમે, જિનબિંબમાં મુજ મન કદા જોડીશ હું ?
અણગારના વસ્ત્રો સજી કર્મો કદા તોડીશ હું ?
મુક્તિનગરના માર્ગ પર ક્યારે પ્રભુ દોડીશ હું ? (૧૭)

ભવિતવ્યતા, કર્મો, સ્વભાવને કાળ હો વિપરીત ભલે
ને મુક્તિ માટે માહરો, પુરુષાર્થ હો નબળો ભલે
તુજ ભક્તિએ અનુકૂળ થાયે, એ બધા તુજ દાસ છે
તું મુખ્ય હેતુ મોક્ષનો, મુજને સબલ વિશ્વાસ છે (૧૮)

મેં પ્રીત પુદ્ગલથી કરી, તેથી ભમ્યો સંસારમાં,
જો પ્રીત તુજ સંગે કરું, તો મુક્તિ પણ પલવારમાં,
તારો અચિંત્યપ્રભાવ જાણી પ્રીત કરતો હું તને,
જો કર્મવશ ભૂલું તને, તો પણ સમરજે તું મને. (૧૯)

પ્રિયતમ તમે મારા પ્રભુ નિશદિન તમોને ઝંખતો,
તારા વિરહની વેદનામાં રાત - દિન હું ઝૂરતો,
તારા મિલનની પ્યાસમાં નિજદેહને પણ ભૂલતો,
છે આશા કે મળશો તમે, તેથી તને નિત સમરતો. (૨૦)

પ્રિયતમ સ્વીકાર્યા મેં તને, પ્રીતિ અનાદિકાળની,
તરછેડી કિમ ચાલ્યા તમે, નિષ્ઠૂર ને નિર્દય બની,
ભમતા અનાદિકાળમાં શોધ્યો તને આ ભવવને,
થાક્યો હવે બોલાવજે, જલ્દી મને તારી કને. (૨૧)

તારું સ્મરણ, તારું રટણ, તારા સુપન જોયા કરું,
તારું શ્રવણ, તારું મનન, તારુ જ ધ્યાન કર્યા કરું,
ક્યારે તરીશ આ ભવથકી, ચિંતા નથી મુજને જરા,
સુક્યા બધા ભવસાગરો, તારા પ્રભાવે માહરા. (૨૨)

અરિહંત - સિદ્ધ - સુસાધુ ને, જિનધર્મ શરણું હું વરૂં,
ભવોભવતણા સવિ પાપનું મિચ્છામિ દુક્કડમ્ હું કરું,
સવિ જીવકૃત સત્કૃત્યની, કરૂં શુભ મને અનુમોદના,
''સવિ જીવ કરૂં શાસનરસી'' ની, ભાવું નિત શુભ ભાવના. (૨૩)

વૈરાગ્ય ભવનો હો સદા, નિત મોક્ષની હો ઝંખના,
નિજ આત્મમાં નિત થિર રહું, આવે ભલે સુખ દુઃખ ઘણા,
મુજ સપ્તધાતુમાં હો અવિહડ રાગ જિનશાસન તણો,
માંગુ સદા મળજો મને, સંગાથ આ જિનધર્મનો. (૨૪)

હે નાથ ! અંતરથી કહું, મુજ વિનતિ સ્વીકારજે
મુજ જીવન સંધ્યાની ક્ષણે, મારા હૃદયમાં આવજે,
વળી આવતા ભવમાં પ્રભુ જિનધર્મ હૈયે થાપજે,
મુક્તિ સુધી મુજ આત્મગુણ રશ્મિનું હીર વધારજે. (૨૫)

## હે નાથ ! નિર્મળતા તણું વરદાન....

આ જગતના કૈં ભૂપના પણ રૂપ જ્યાં પાછા પડે,
દેવો તણા અધિરાજના તનુતેજ જ્યાં ઝાંખા પડે,
રૂપયુક્ત રાગે મુક્ત પ્રભુવર ! એક વિનતી સાંભળો,
હે નાથ ! નિર્મળતા તણું વરદાન મુજને આપજો. (૧)

સૌંદર્યને પ્રસરાવતા પરમાણુઓ છે આ જગે,
જાણે જગતમાં તેટલા પ્રભુદેશમાં જે ઝગમગે,
પ્રભુ ! આપસમ કો રૂપ નહીં મુજ રૂપરતિને ટાળજો,
હે નાથ ! નિર્મળતા તણું વરદાન મુજને આપજો. (૨)

તીર્થો તણી પર્વો તણી લજ્જા પ્રભુ મેં ધરી નથી,
શુભયોગને સ્પર્શ્યા છતાં શુભતાને મનમાં ભરી નથી,
કેવળક્રિયાઓ કરી રહ્યો હવે તેહનું ફળ આપજો,
હે નાથ ! નિર્મળતા તણું વરદાન મુજને આપજો. (૩)

તવદર્શ કેરું સ્પર્શ કેરું નિમિત લઈ અતિનિર્મળું,
નથી છૂટતી આ પાપગ્રંથિ કેમ કરી પાછો વળું ?
આ જીવ કેરી અવદશાને કૃપાળુ દેવ ! નિવારજો,
હે નાથ ! નિર્મળતા તણું વરદાન મુજને આપજો. (૪)

ઉપસર્ગ કરનારા જીવોને પણ ક્ષમા પ્રભુ ! દઈ દીધી,
આસક્તને વૈરાગ્ય કેરી સ્પર્શના પ્રભુ ! દઈ દીધી,
સ્તવના કરીને યાચતા આ બાળનું મન રાખજો,
હે નાથ ! નિર્મળતા તણું વરદાન મુજને આપજો. (૫)

ભલે રૂપને મહાભાગ્ય આપ તણું અવરને આપજો,
વિશ્વાતિશાયી પ્રભાવ જે તે પણ અવરને આપજો,
કરજોડી કરગરતા ગરીબને પણ કંઈક પ્રભુ ! આપજો,
હે નાથ ! નિર્મળતા તણું વરદાન મુજને આપજો. (૬)

જો મોહપીડા ઉપશમે પ્રભુ ! આપ ત્યારે પધારશો,
ઉપકારફળ દીસે નહીં કરુણા કિમર્થ વહાવશો,
કલ્યાણ કેરો કાળ જાણી નાથ ! હાથ પસારજો,
હે નાથ ! નિર્મળતા તણું વરદાન મુજને આપજો. (૭)

મનના મલિન વિચારનો કોઈ અંત દેખાતો નથી,
કાયા તણી શુભકરણીનો કાંઈ અર્થ લેખાતો નથી,
હવે એક ઔષધ આપ તારક પ્રાર્થના અવધારજો,
હે નાથ ! નિર્મળતા તણું વરદાન મુજને આપજો. (૮)

તવ નયનમાંથી નિખરતા નિર્મળ કિરણ ઝીલ્યા કરું,
ને નિર્વિકારદશા તણો હરપળ પ્રભુ ! અનુભવ કરું,
મુજને કરાવી શુદ્ધિનું મહાસ્નાન પછી શણગારજો,
હે નાથ ! નિર્મળતા તણું વરદાન મુજને આપજો. (૯)

## ચારિત્રમાં મુજ મન વસો....

* ચારિત્ર જો ના હોય તો સુજ્ઞાન પણ નિષ્ફળ રહે !
ચારિત્ર જો ના હોય તો સદ્દર્શનમ્ નિર્બળ રહે !
સુજ્ઞાન દર્શન પણ સદા ચારિત્રયુક્ત સફળ રહે !
**ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો !** ૧
* ચૂમે નિરંતર દેવતા ચારિત્રધરના ચરણને !
ઝંખે નિરંતર ઇન્દ્ર પણ ચારિત્રના આચરણને !

ચાહે નિરંતર ચિત્ત મુજ ચારિત્રધરના શરણને !
**ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો !** ૨
* ષટ્ખંડ મહાસામ્રાજ્યમાં પણ જે મહાદુઃખ દેખતા !
તે ચક્રવર્તીઓ સદા ચારિત્રમાં સુખ દેખતા !
સિંહાસને બેસે છતાં ચારિત્ર સન્મુખ દેખતા !
**ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો !** ૩
* વિશ્વે અનંતા કાળથી ચારિત્રનો છે પંથડો !
આ પંથ પર ચાલ્યા અનંતા જિનવરો ને ગણધરો !
આત્મા અનંતા શિવ વર્યા ચારિત્રનો લઈ આશરો !
**ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો !** ૪
* સમતા-વરસતી સાધના, કરુણા-છલકતી દૃષ્ટિ છે !
ચારિત્રધરની ચોતરફ આનંદની અમી વૃષ્ટિ છે !
સંયમ અને સંતોષમય ચારિત્રધરની સૃષ્ટિ છે !
**ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો !** ૫
* ભિક્ષુક જુઓ એક જ દિવસ ચારિત્ર પાળીને થયો -
સમ્રાટ સંપ્રતિ-શાસ્ત્રમાં જે ધર્મ ઉદ્ધારક કહ્યો !
ચારિત્ર જેને સાંપડ્યું, આખો જનમ ઉત્સવ ભયો !
**ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો !** ૬
* ચારિત્ર સ્વીકાર્યા પછી ચારિત્રપાલનથી લહે-
અહમિન્દ્ર કરતાં પણ અધિક સુખ-એમ તીર્થંકર કહે
ચારિત્રમાં આનંદના અનુપમ અમૃતઝરણાં વહે !
**ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો !** ૭
* ચારિત્રધરના જીવનમાં અગવડ નથી આફત નથી !
ચારિત્રધરના જીવનમાં નથી ચાહ કે ચાહત નથી !
ચારિત્ર જેવી જગતમાં કોઈ શહનશાહત નથી !
**ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો !** ૮
* બાળક બને ચારિત્રધર તો તેય સુરવંદિત બને !
દેવો અને દેવેન્દ્ર તેને વંદી આનંદિત બને !
ચારિત્રધર્મ સ્વીકારવા મારું હૃદય સ્પંદિત બને !
**ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો !** ૯

## આ પાપમય સંસાર છોડી....

ડગલે અને પગલે સતત હિંસા મને કરવી પડે,
તે ધન્ય છે જેને અહિંસાપૂર્ણ જીવન સાંપડે,
ક્યારે થશે કરુણાઝરણથી આર્દ્ર મારું આંગણું,
આ પાપમય સંસાર છોડી શ્રમણ હું ક્યારે બનું ! (૧)
ક્યારેક ભય ક્યારેક લાલચ ચિત્તને એવાં નડે,
વ્યવહારમાં વ્યાપારમાં જૂઠું તરત કહેવું પડે,
છે સત્યમહાવ્રતધર શ્રમણનું જીવનઘર રળિયામણું,
આ પાપમય... (૨)
જે માલિકે આપ્યા વગરનું તણખલું પણ લે નહિ,
વંદન હજારો વાર હો તે શ્રમણને પળપળ મહીં,
હું તો અદત્તાદાન માટે ગામ પરગામે ભમું,
આ પાપમય... (૩)
જે ઈન્દ્રિયોને જીવનની ક્ષણ એક પણ સોંપાય ના,
મુજ આયખું આખું વિત્યું તે ઈન્દ્રિયોના સાથમાં,
લાગે હવે શ્રી સ્થૂલભદ્રતણું સ્મરણ સોહામણું,
આ પાપમય... (૪)
નવવિધ પરિગ્રહ જિંદગીભર હું જમા કરતો રહ્યો,
ધનલાલસામાં સર્વભક્ષી મરણને ભૂલી ગયો,
મૂર્ચ્છારહિત સંતોષમાં સુખ છે ખર જીવનનું,
આ પાપમય... (૫)
અબજો વરસની સાધનાનો ક્ષય કરે જે ક્ષણમહીં,
જે નરકનો અનુભવ કરાવે સ્વ પરને અહિ ને અહીં,
તે ક્રોધથી બની મુક્ત સમતાયુક્ત હું ક્યારે બનું,
આ પાપમય... (૬)

જિનધર્મતરુના મૂલ જેવા વિનયગુણને જે હણે,
જે ભલભલા ઊંચે ચડેલાને ય તરણા સમ ગણે,
તે દુષ્ટ માનસુભટની સામે બળ બને, મુજ વામણું,
આ પાપમય... (૭)

શ્રીમલ્લિનાથ જિનેન્દ્રને જેણે બનાવ્યા સ્ત્રી અને,
સંક્લેશની જાલિમ અગનમાં જે ધખાવે જગતને;
તે દંભ છોડી સરળતાને પામવા હું થનગનું,
આ પાપમય... (૮)

જેનું મહાસામ્રાજ્ય એકેન્દ્રિય સુધી વિલસી રહ્યું,
જેને બની પરવશ જગત આ દુઃખમાં કણસી રહ્યું,
જે પાપનો છે બાપ તે ધનલોભ મેં પોષ્યો ઘણું,
આ પાપમય... (૯)

તન ધન સ્વજન જીવન ઉપર મેં ખૂબ રાખ્યો રાગ પણ,
તે રાગથી કરવું પડ્યું મારે ઘણા ભવમાં ભ્રમણ,
મારે હવે કરવું હૃદયમાં સ્થાન શાસનરાગનું,
આ પાપમય... (૧૦)

મેં દ્વેષ રાખ્યો દુઃખ ઉપર તો સુખ મને છોડી ગયું,
સુખ દુઃખ પર સમભાવ રાખ્યો, તો હૃદયને સુખ થયું,
સમજાય છે મુજને હવે, છે દ્વેષ કારણ દુઃખનું,
આ પાપમય... (૧૧)

જે સ્વજન તન ધન ઉપરની મમતા તજી સમતા ધરે,
બસ, બારમો હોય ચન્દ્રમા તેને કલહ સાથે ખરે,
જિનવચનથી મઘમઘ થજો મુજ આત્મના અણુએ અણુ,
આ પાપમય... (૧૨)

જો પૂર્વભવમાં એક જૂઠું આળ આપ્યું શ્રમણને,
સીતા સમી ઉત્તમસતીને રખડપટ્ટી થઈ વને,
ઈર્ષ્યા તજું, બનું વિશ્વવત્સલ, એક વાંછિત મનતણું,
આ પાપમય... (૧૩)

મારી કરે ચાડીચૂગલી એ મને ન ગમે જરી,
તેથી જ મેં, આ જીવનમાં નથી કોઈ પણ ખટપટ કરી,
ભવોભવ મને નડજો કદી ના પાપ આ પૈશુન્યનું,
આ પાપમય... (૧૪)

ક્ષણમાં રતિ ક્ષણમાં અરતિ આ છે સ્વભાવ અનાદિનો,
દુઃખમાં રતિ સુખમાં અરતિ લાવી બનું સમતાભીનો,
સંપૂર્ણ રતિ બસ, મોક્ષમાં હું સ્થાપવાને રણઝણું,
આ પાપમય... (૧૫)

અત્યંત નિંદાપાત્ર જે આ લોકમાં ય ગણાય છે,
તે પાપ નિંદા નામનું તજનાર બહુ વખણાય છે,
તજું કામ નક્કામું હવે આ પારકી પંચાતનું,
આ પાપમય... (૧૬)

માયામૃષાવાદે ભરેલી છે પ્રભુ ! મુજ જિંદગી,
તે છોડવાનું બળ મને દે, હું કરું તુજ બંદગી,
બનું સાચાદિલ આ એક મારું સ્વપ્ન છે આ જીવનનું,
આ પાપમય... (૧૭)

સહુ પાપનું, સહુ કર્મનું, સહુ દુઃખનું જે મૂલ છે
મિથ્યાત્વ ભૂંડું શૂલ છે, સમ્યક્ત્વ રૂડું ફૂલ છે
નિષ્પાપ બનવા હે પ્રભુજી ! શરણ ચાહું આપનું,
આ પાપમય... (૧૮)

જ્યાં પાપ જ્યારે એક પણ તજવું અતિ મુશ્કેલ છે,
તે ધન્ય છે, જેઓ અઢાર પાપથી વિરમેલ છે !
ક્યાં પાપમય મુજ જિંદગી, ક્યાં પાપશૂન્ય મુનિજીવન !
આ પાપમય... (૧૯)

## આજથી મારા તમે....

સંતપ્ત આ સંસારમાં, કરુણાની જલધારા તમે,
ચંદા તમે સૂરજ તમે, તપતેજધર તારા તમે;
સહુ જીવથી ન્યારા તમે, સહુ જીવના પ્યારા તમે,
હે નાથ ! હૈયું દઈ દીધું, હવે આજથી મારા તમે. (૧)
મુજ પુણ્યની પુષ્ટિ તમે, સંકલ્પની મુષ્ટિ તમે,
ભવ ગ્રીષ્મતાપે તપ્ત જીવો પર અમીવૃષ્ટિ તમે;
આ વિશ્વની હસ્તી તમે, મુજ મનતણી મસ્તી તમે,
મુજ નેત્રની દૃષ્ટિ તમે, મુજ સ્વપ્નની સૃષ્ટિ તમે. (૨)
હર્ષે ભર્યા હૈયા તમે, ગુણપ્રીતના સૈયા તમે,
શુભજીવન કેરી સાધનાના રથતણા પૈયા તમે;
દોષોતણા વનમાં ભમંતાના છો રખવૈયા તમે,
ભવસાગરે નૈયા તમે, અમ બાળની મૈયા તમે. (૩)
નિષ્કારણે ભ્રાતા તમે, સંકટ થકી ત્રાતા તમે,
મહાપંથના દાતા તમે, મહારોગમાં સાતા તમે;
જેનું ન થાતુ કોઈ જગમાં, તેહના થાતા તમે,
શું કહું સંપૂર્ણ ષટ્કાયો તણી માતા તમે. (૪)
ઔચિત્ય કેરું કદ તમે, જીવો પ્રતિ ગદ્ગદ તમે,
સર્વોચ્ચ ધરિયું પદ તમે, વળી તેહમાં નિર્મદ તમે;
કરુણામહીં બેહદ તમે, શુભતા તણી સરહદ તમે,
આતમતણા દુઃસાધ્ય આ, ભવરોગનું ઔષધ તમે. (૫)
જ્યાં કાર્ય કોઈ અટકી પડે, ત્યાં કાર્યસાધક કળ તમે,
છો નિર્બળોનું બળ તમે, સંકટ સમય સાંકળ તમે;
બની વૃક્ષ લીલાછમ તમારા, આંગણે ઊભા અમે,
બસ દર્શને ભીનું બને મન, એહવું ઝાકળ તમે. (૬)
કરુણા મહાદેવી તણા સોહામણા નંદન તમે,
સંસાર કેરા રણ મહી આનંદની છો ક્ષણ તમે;
કષાય કેરી ઉગ્રતાએ પ્રજ્વળતા ચૈતન્યને,
બસ નામ લેતા ઠારતું પ્રભુ, એહવું ચંદન તમે. (૭)

માર્ગસ્થ જીવો કાજ ભવનિસ્તારણું તરણું તમે,
અધ્યાત્મના ગુણ બાગમાં મન મોહતું હરણું તમે;
મુજ પુણ્યનું ભરણું તમે, મુજ પ્રેમનું ઝરણું તમે,
આ વિશ્વના ચોગાનમાં છો શાશ્વતું શરણું તમે. (૮)

## મળજો મને જન્મો જનમ

મળજો મને જન્મો જનમ બસ આપની સંગત પ્રભુ !
રેલાય મારા જીવનમાં ભક્તિ તણી રંગત પ્રભુ !
તુજ સ્મરણભીનો વાયરો મુજ આસપાસ વહો સદા
મુજ અંગે અંગે નાથ ! તુજ ગુણમય સુવાસ વહો સદા ! (૧)
ના તેજ હો નયને પરંતુ નિર્વિકાર રહો સદા
હૈયે રહો ના હર્ષ કિંતુ સદ્‌વિચાર રહો સદા
સૌંદર્ય દેહે ના રહો પણ શીલભાર રહો સદા
મુજ સ્મરણમાં હે નાથ ! તુજ પરમોપકાર રહો સદા. (૨)
છે એક વિનતી નાથ ! માહરી કાનમાં અવધારજે
પ્રત્યેક અક્ષર પ્રાર્થનાના હૃદયમાં કંડારજે
સાક્ષાત્ કે સ્વપ્ને દઈ દર્શન પ્રભુ ! મને ઠારજે
હૈયે જે ઉછળી ભાવધારા સતત તેને વધારજે. (૩)
ના જોઈએ ધન વૈભવો સંતોષ મુજને આપજે
ના જોઈએ સુખ સાધનો મન સંયમે મુજ સ્થાપજે
ના જોઈએ અનુકૂળતા સુખરાગ મારો કાપજે
મુજ જીવનઘરમાં હે પ્રભુ ! તુજ પ્રેમ સૌરભ આપજે. (૪)
કરી કલ્પના ઉદયંકરી કરી પ્રાર્થના ક્ષેમંકરી
મનમાં ઉતારી સોંસરી છબી આપની નયને ભરી
નેત્રો તણા સઘળા પ્રદેશે આપ એવા વસી રહ્યા
કે નેત્રોમાં નહીં સ્થાન મળતાં આંસુઓ મુજ રડી રહ્યા. (૫)

રોગો ભલે મુજ જાય ના, મુજ રાગને પ્રભુ ! ટાળજો
દુઃખો ભલે મુજ જાયના, મુજ દોષને પ્રભુ ! ટાળજો
કર્મો ભલે મુજ જાય ના, અંતર કષાયને ટાળજો
ભલે દુર્ગતિ મુજ ના ટળે પણ દુર્મતિ પ્રભુ ! ટાળજો. (૬)
ક્યારે પ્રભુ ! ષટ્કાય જીવના વધ થકી હું વિરમું ?
ક્યારે પ્રભુ ! રત્નત્રયી આરાધવા ઉજ્જવળ બનું ?
ક્યારે પ્રભુ ! મદમાન મૂકી સમતા રસમાં લીન બનું ?
ક્યારે પ્રભુ ! તુજ ભક્તિ પામી મુક્તિગામી હું બનું ? (૭)
પ્રશ્નો પૂછું છું કેટલા ઉત્તર મને મળતાં નથી
દીધેલ કોલ ભૂલી ગયા જાણે જૂની ઓળખ નથી
દાદા થઈ બેસી ગયા હવે દાદ પણ દેતા નથી
આવી ઊભો તારે દ્વાર પણ આવકાર મુજ દેતા નથી. (૮)
શું કર્મો કેરો દોષ છે અથવા શું મારો દોષ છે ?
શું ભવ્યતા નથી માહરી ? હતકાળનો શું દોષ છે ?
અથવા શું મારી ભક્તિ નિશ્ચે આપમાં પ્રગટી નથી ?
જેથી પરમપદ માંગતા પણ દાસને દેતા નથી. (૯)
સંસાર ઘોર અપાર છે એમાં ડૂબેલા ભવ્યને
હે તારનારા નાથ ! શું ભૂલી ગયા નિજ ભક્તને ?
મારે શરણ છે આપનું નવિ ચાહતો હું અન્યને
તો પણ પ્રભુ ! મને તારવામાં ઢીલ કરો શા કારણે ? (૧૦)
હે ત્રણ ભુવનના નાથ ! મારી કથની જઈ કોને કહું ?
કાગળ લખ્યો પહોંચે નહીં ફરિયાદ જઈ કોને કરું ?
તું મોક્ષની મોઝારમાં હું દુઃખભર્યા સંસારમાં
જરા સામું પણ જુઓ નહીં તો ક્યાં જઈ કોને કહું ? (૧૧)
શબ્દો તણો વૈભવ નથી ભાવોનો વૈભવ આપજે
શક્તિ તણો વૈભવ નથી ભક્તિનો વૈભવ આપજે
બુદ્ધિ તણો વૈભવ નથી શ્રદ્ધાનો વૈભવ આપજે
વિજ્ઞાનનો વૈભવ નથી વૈરાગ્ય વૈભવ આપજે. (૧૨)

સુખ દુઃખ સકલ વીસરું પ્રભુ ! એવી મળે ભક્તિ મને
સૌને કરું શાસન રસી એવી મળો શક્તિ મને
સંકલેશ અગન બુઝાવતી મળજો અભિવ્યક્તિ મને
મનને પ્રસન્ન બનાવતી મળજો અનાસક્તિ મને. (૧૩)
છે શક્યતા તુજમાં ઘણી પણ યોગ્યતા મુજમાં નથી
છે દિવ્યતા તુજમાં ઘણી પણ ભવ્યતા મુજમાં નથી
છે ધૈર્યતા તુજમાં ઘણી પણ નમ્રતા મુજમાં નથી
તેથી કરી સંસાર સાગર ભટકી રહ્યો છું નાથજી ! (૧૪)
હું કદી ભૂલી જાઉં તો પ્રભુ ! તું મને સંભારજે
હું કદી ડૂબી જાઉં તો પ્રભુ ! તું મને ઉગારજે
હું વસ્યો છું રાગમાં ને તું વસે વૈરાગ્યમાં
આ રાગમાં ડૂબેલને ભવપાર તું ઉતારજે. (૧૫)
દુઃખો તણા ડુંગર ભલે તૂટી પડો મુજ ઉપરે
આપત્તિના વાદળ ભલે વરસી પડો મુજ ઉપરે
રોગો તણી ફોજો ભલે ને ત્રાટકે મુજ ઉપરે
પણ સર્વ કાળે નાથ ! તારો હાથ રહો મુજ ઉપરે. (૧૬)
આરાધનાની ગાંઠ સરકી જાય ના જોજે પ્રભુ !
મુજ ભાવનાનો સ્રોત ફસકી જાય ના જોજે પ્રભુ !
આ શ્વાસની ક્યારી મહીં તુજ નામને રોપ્યું પ્રભુ !
એ મોક્ષગામી બીજ બગડી જાય ના જોજે પ્રભુ ! (૧૭)
પાવન કરજો હે પ્રભુ ! ભવ જલ થકી ઉગારજો
રત્નત્રયીની વરસુધાનું પાન મુજને કરાવજો
મેં હાથ ઝાલ્યો આપનો જિમ બાળ ઝાલે માતનો
મુક્તિ મળે ના જ્યાં સુધી આ બાળને સંભાળજો. (૧૮)
સાગર દયાના છો તમે કરુણા તણા ભંડાર છો
અમ પતિતોને તારનારા વિશ્વના આધાર છો
તારા ભરોસે જીવન નૈયા આજ મેં તરતી મૂકી
કોટિ કોટિ વંદન કરું જિનરાજ ! તુજ ચરણે ઝૂકી. (૧૯)

નિ:સીમ કરુણાધાર છો ત્રણ જગતના આધાર છો
ઓ દયાસિંધુ ! શું કહું મારા હૃદયના હાર છો
સહુ જીવને ઉગારવા કરુણા તણા અવતાર છો
મુજ ભક્તિની આ સિતારના તમે તેજસ્વી તાર છો. (૨૦)
ભલે કાંઈ મુજને ના મળે પણ તું મળે તો ચાલશે
ભલે આશ મુજ કો નવિ ફળે બસ તું મળે તો ચાલશે
વિશ્વાસ કીધો વિશ્વમાં વ્હાલા જિનેશ્વર આપથી
છૂટવા મથુ છું અંતરે ભવોભવ કેરા સંતાપથી. (૨૧)
વૈરાગ્યનાં રંગો સજી ક્યારે પ્રભુ ! સંયમ ગ્રહું ?
સદ્‌ગુરુ તણાં શરણે રહી સ્વાધ્યાયનું ગુંજન કરું ?
સવિ જીવને દઈ દેશના હું ધર્મનું સિંચન કરું ?
કર્મો થકી નિર્લેપ થઈને ક્યારે હું મુક્તિ વરું ? (૨૨)
ક્યારે પ્રભુ ! તુજ સ્મરણથી આંખો થકી અશ્રુ ઝરે ?
ક્યારે પ્રભુ ! તુજ નામ વદતાં વાણી મુજ ગદ્‌ગદ બને ?
ક્યારે પ્રભુ ! તુજ નામ શ્રવણે દેહ રોમાંચિત બને ?
ક્યારે પ્રભુ ! મુજ શ્વાસે શ્વાસે નામ તારું સાંભરે ? (૨૩)
ક્યારે પ્રભુ ! નિજ દ્વાર ઊભા બાળને નિહાળશો ?
નિત નિત માંગે ભીખ ગુણની એક ગુણ ક્યારે આપશો ?
શ્રદ્ધા દિપકની જ્યોત ઝાંખી જ્વલંત ક્યારે બનાવશો ?
સૂના સૂના મુજ જીવન ગૃહમાં આપ ક્યારે પધારશો ? (૨૪)
આ સૃષ્ટિનો શૃંગાર તું આ અવનિનો આધાર તું !
આનંદનો અવતાર તું પરમાર્થ પારાવાર તું !
અંધારઘેર્યા અખિલ વિશ્વે એક અજબ ઉજાસ તું !
સુગુણો તણો આવાસ તું મારા હૃદયનો શ્વાસ તું. (૨૫)
મુજ હૃદયના ધબકારમાં તારું રટણ ચાલી રહો
મુજ શ્વાસને ઉચ્છ્‌વાસમાં તારું સ્મરણ ચાલી રહો
મુજ નેત્રની હર પલકમાં તારું જ તેજ રમી રહો
ને જિંદગીની હર પળોમાં પ્રાણ તું મુજ બની રહો. (૨૬)

આ બાળનો જો વાળ વાંકો થાય તું હોવા છતાં
તો આળ મૂકીને કહું મુજને નથી સંભાળતાં
ઓ સ્વામી ! ઉમટી લાગણી છે, માંગણી કરું 'મા' ગણી
આ છોરુને બાળક કહી બોલાવજે તારો ગણી. (૨૭)
ભવોભવ તમારા ચરણ પામી શરણમાં બેસી રહું
ભવોભવ તમારી આણ પાળી કર્મનો કાંટો દહું
ભવોભવ તમારો સાથ મળજો એક છે મુજ પ્રાર્થના
ભવોભવ તમારું પામું શાસન એક છે અભ્યર્થના. (૨૮)
વાત્સલ્ય સાગર તું પ્રભુ ! વાત્સલ્યનો અભિલાષી હું
કરુણાઝરણ તુજમાં વહે કરુણા અમૃતનો પ્યાસી હું
હું સુમતિને શોધું સદા તું સુમતિનો ભંડાર છે
આ વિશ્વમાં હે નાથ ! મારો એક તું આધાર છે. (૨૯)
જે દૃષ્ટિ પ્રભુ દર્શન કરે તે દૃષ્ટિને પણ ધન્ય છે
જે જીભ જિનવરને સ્તવે તે જીભને પણ ધન્ય છે
પીએ મુદા વાણી સુધા તે કર્ણયુગલને ધન્ય છે
તુજ નામ મંત્ર વિશદ ધરે તે હૃદયને પણ ધન્ય છે. (૩૦)
શત કોટિ કોટિ વાર વંદન નાથ ! મારા હે ! તને
તરણ તારણ હે વિભુ ! સ્વીકાર મારા નમનને
હે નાથ ! શું જાદુ ભર્યો 'અરિહંત' શબ્દોચ્ચારમાં
આફત બધી આશિષ બને તુજ નામ લેતાં વારમાં. (૩૧)

## યાચના

સંસારની નિઃસારતા નિર્વાણની રમણીયતા,
ક્ષણક્ષણ રહે મારા સ્મરણમાં ધર્મની કરણીયતા,
સમ્યક્ત્વની જ્યોતિ હૃદયમાં ઝળહળે શ્રેયસ્કરી,
પ્રભુ ! આટલું જનમોજનમ દેજે મને કરુણા કરી. (૧)

સવિ જીવ કરું શાસનરસી આ ભાવના હૈયે વહું,
કરુણા ઝરણમાં રાતદિન હું જીવનભર વહેતો રહું,
શણગાર સંયમનો સજુ ઝંખુ સદા શિવસુંદરી,
પ્રભુ ! આટલું જનમોજનમ દેજે મને કરુણા કરી. (૨)
ગુણીજન વિશે પ્રીતિ ધરું, નિર્ગુણ વિશે મધ્યસ્થતા,
આપત્તિ હો, સંપત્તિ હો, રાખું હૃદયમાં સ્વસ્થતા,
સુખમાં રહું વૈરાગ્યથી, દુઃખમાં રહું સમતા ધરી,
પ્રભુ ! આટલું જનમોજનમ દેજે મને કરુણા કરી. (૩)
સંકટ ભલે ઘેરાય ને વેરાય કંટક પંથમાં,
શ્રદ્ધા રહો મારી સદા જિનરાજ ! આગમગ્રન્થમાં,
પ્રત્યેક પલ પ્રત્યેક સ્થળ હૈયે રહો તુજ હાજરી,
પ્રભુ ! આટલું જનમોજનમ દેજે મને કરુણા કરી. (૪)
તારાં સ્તવન ગાવા હંમેશા વચન મુજ ઉલ્લસિત હો,
તારાં વચન સુણવા હંમેશા શ્રવણ મુજ ઉલ્લસિત હો,
તુજને નિરખવા આંખ મારી રહે હંમેશા બહાવરી,
પ્રભુ ! આટલું જનમોજનમ દેજે મને કરુણા કરી. (૫)
સંસારસુખનાં સાધનોથી સતત હું ડરતો રહું,
ધરતો રહું તુજ ધ્યાનને આંતરવ્યથા હરતો રહું,
કરતો રહું દિનરાત બસ તારા ચરણની ચાકરી,
પ્રભુ ! આટલું જનમોજનમ દેજે મને કરુણા કરી. (૬)
ધર્મે દીધેલાં ધન સ્વજન હું ધર્મને ચરણે ધરું,
શ્રી ધર્મનો ઉપકાર હું ક્યારેય પણ ના વીસરું,
હો ધર્મમય મુજ જિંદગી, હો ધર્મમય પળ આખરી,
પ્રભુ ! આટલું જનમોજનમ દેજે મને કરુણા કરી. (૭)

મનમાં સ્મૃતિ, મૂર્તિ નયનમાં, વચનમાં સ્તવના રહે,
મુજ રક્તના હર બુંદમાં જિનરાજ ! તુજ આજ્ઞા વહે,
પહોંચાડશે મોક્ષે મને જિનધર્મ એવી ખાતરી,
પ્રભુ ! આટલું જનમોજનમ દેજે મને કરુણા કરી. (૮)

## પ્રભુ ! જેવો ગણો તેવો

૧) પ્રભુ ! જેવો ગણો તેવો... તથાપિ બાળ તારો છું...
તને મારા જેવા લાખો... પરંતુ એક મારે તું...
નથી શકિત નીરખવાની... નથી શકિત પરખવાની...
નથી તુજ ધ્યાનની લગની... તથાપિ બાળ તારો છું...
★ નથી તપ જપ મેં કીધા... નથી કાંઇ દાન પણ દીધાં...
અધમ રસ્તા સદા લીધા... તથાપિ બાળ તારો છું...
★ અરિહંત દેવ ઓ પ્યારા... ગુના કર માફ સૌ મારા...
ભૂલ્યો ઉપકાર હું તારા... તથાપિ બાળ તારો છું...
★ દયા કર દુ:ખ સૌ કાપી... અભય ને શાંતિપદ આપી...
પ્રભુ હું છું પૂરો પાપી... તથાપિ બાળ તારો છું...
★ દયા કર હું મુંઝાઉં છું... સદા હૈયે રિબાઉં છું...
પ્રભુ તુજ ધ્યાન ઉર ધ્યાવું... તથાપિ બાળ તારો છું...

૨) આજે પામ્યો પરમપદનો, પંથ તારી કૃપાથી,
મિટ્યા આજે ભ્રમણભવના, દિવ્ય તારી કૃપાથી,
દુ:ખો સર્વે ક્ષય થઇ ગયાં, દેવ તારી કૃપાથી,
ખુલ્યાં ખુલ્યાં સકળ સુખના, દ્વાર તારી કૃપાથી.

૩) અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઇ જા,
ઉંડા અંધારેથી પ્રભુ, પરમ તેજે તું લઇ જા,

મહા મૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ લઇ જા,
તું હીણો હું છું તો, તુજ દરિશનના દાન દઇ જા.

૪) જાવું નથી જોવું નથી, જિનરાજ વિના જીવવું નથી,
તારા ગુણોના ગીતડાં, ગાયા વિના ગમતું નથી;
ઉપકાર તારો શેં ભૂલું? તેં શરણ દીધું પ્રેમથી,
પ્રેમલ નિશ્ચય માહરો, તાહરી બંદગી મારી જીંદગી.

૫) જોવું હોય તો જોઇ લેજો, જોવા જેવું બીજે નથી;
ઠારી લેજો આંખડી, ઠરવા જેવું બીજે નથી;
શિરતાજના શરણ વિના, સાચું શરણ બીજે નથી,
માંગી લેજો મન મૂકી, આવો દાતાર પણ બીજે નથી.

૬) દયાસિંધુ ! દયાસિંધુ ! દયા કરજે દયા કરજે;
મને આ જંજીરોમાંથી, હવે જલદી છૂટો કરજે;
નથી આ તાપ સહેવાતો, ભભૂકી કર્મની જવાળા,
વરસાવી પ્રેમની ધારા, હૃદયની આગ બુઝવજે.
બધી શક્તિ વિરામી છે, તું હી આશે ભ્રમણ કરતા,
પ્રભુતાના કટોરાથી, ભીતરની આગ બુઝવજે;
ઘવાયો મોહની સાથે, હૃદયથી આંસુડા સારું,
રૂઝાવી ઘા કલેજાના, મધુરી વાસના ભરજે.
પુરાયો હંસ પિંજરમાં, ઉડીને ક્યાં હવે જાશે?
ભલે સારો અગર બૂરો, નિભાવ્યો તેમ નિભાવજે;
કરું પોકાર હું તારા, જપું છું રાતદિન પ્યારા,
વિનંતી ધ્યાનમાં લઇને, દુઃખી આ બાળ રીઝવજે.
ઝુલાવી ભક્તિના ઝુલે, ભવોના બંધનો કાપો,
કહે કિંકર પ્રભુ યોગી, અમર કરજે અમર કરજે.

૭) દેવ મારા આજથી તારો બનીને જાઉં છું,
દિલડાના દેવ મારા દિલ દઇને જાઉં છું;
મનડા કેરી ભક્તિની મહેંક, મૂકતો જાઉં છું,
અંતરના આપેલ આશિષ, અંતરમાં લઇ જાઉં છું.

૮) ફરી ફરી મળવાનો તમને કોલ દઇને જાઉં છું,
નિભાવવાનો ભાર તારે, માથે મૂકતો જાઉં છું;
શ્વાસે શ્વાસે નામ જપીશ હું, સોગંદથી કહી જાઉં છું,
જુગ જુગ જીવો ઝાઝી ખમ્મા, ચરણો ચૂમતો જાઉં છું.

૯) આવ્યો શરણે તમારા જિનવર, કરજો આશ પૂરી અમારી,
નાવ્યો ભવપાર મારો તુમ વિણ, જગમાં સાર લે કોણ અમારી;
ગાયો જિનરાજ આજે હરખ, અધિકથી પરમ આનંદકારી,
પાયો તુમ દર્શ નાશે ભવોભવ ભ્રમણા નાથ સર્વે અમારી.

૧૦) જિને ભકિત જિને ભકિત જિને ભકિત દિને દિને,
સદા મેડસ્તુ સદા મેડસ્તુ સદા મેડસ્તુ ભવે ભવે.

૧૧) ઉપસર્ગા: ક્ષયં યાન્તિ, છિદ્યન્તે વિઘ્નવલ્લય;
મન: પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે.

૧૨) સર્વમંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણમ્;
પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જ્યતિ શાસનમ્.

# શ્રી નેમિનાથ સ્તુતિ જોડા વિભાગ

(૧)

રાજુલ વર નારી, રૂપથી રતિ હારી,
તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી;
પશુઆં ઉગારી, હુઆ ચારિત્રધારી,
કેવલસિરી સારી, પામીયા ઘાતીવારી.૧
ત્રણ જ્ઞાન સંયુતા, માતાની કુખે હુંતા,
જન્મે પુરહુંતા, આવી સેવા કરંતા;
અનુક્રમે વ્રત લહંતા, પંચ સમિતિ ધરંતા;
મહિયલ વિચરંતા, કેવલશ્રી વરંતા.૨
સવિ સુરવર આવે, ભાવના ચિત્ત લાવે,
ત્રિગડું સોહાવે, દેવછંદો બનાવે;
સિંહાસન ઠાવે, સ્વામિના ગુણ ગાવે,
તિહાં જિનવર આવે, તત્ત્વવાણી સુણાવે.૩
શાસનસુરી સારી, અંબિકા નામ ધારી,
જે સમકિતી નર નારી, પાપ સંતાપ વારી;
પ્રભુ સેવા કારી, જાપ જપીએ સવારી,
સંઘ દુરિત નિવારી, પદ્મને જેહ પ્યારી.૪

(૨)

સુર અસુર વંદિત પાયપંકજ મયણમલ્લમક્ષોભિતં,
ઘન સુઘન શ્યામ શરીરસુંદર શંખલંછનશોભિતં;
શિવાદેવીનંદન ત્રિજગવંદન ભવિકકમલદિનેશ્વરં,
ગિરનાર ગિરિવરશિખર વંદો શ્રીનેમિનાથજિનેશ્વરં.૧
અષ્ટાપદે શ્રીઆદિજિનવર વીર પાવાપુરી વરં,
વાસુપૂજ્ય ચંપાનયર સિધ્યા નેમ રૈવતગિરિવરં;
સમેતશિખરે વીશ જિનવર મુક્તિ પહોંચ્યા મુનિવરં,
ચોવિશ જિનવર નિત્ય વંદુ સયલ સંઘ સુહંકરં. ૨

અગ્યાર અંગ ઉપાંગ બારે દશ પયન્ના જાણીએ,
છ છેદગ્રંથ પ્રશસ્ત અત્થા ચાર મૂલ વખાણીએ;
અનુયોગદ્વાર ઉદાર નંદી-સૂત્ર જિનમત ગાઇએ,
વૃત્તિ ટીકા ભાષ્ય ચૂર્ણી પીસ્તાલીશ આગમ ધ્યાઇએ.૩
દોય દિશી દોય બાલક સદા ભવિયણ સુખકરૂ,
દુઃખહરી અંબા લુંબ સુંદર દુરિત દોહગ અપહરૂ;
ગિરનારમંડન નેમિ જિનવર ચરણપંકજસેવીએ,
શ્રી સંઘ સુપ્રસન્નમંગલ કરો તે અંબાદેવીએ.૪

(3)

શ્રી ગિરનાર શિખર શણગાર,
રાજીમતી હૈડાનો હાર, જિનવર નેમિકુમાર,
પુરણ કરૂણા રસભંડાર,
ઉગાર્યા પશુઆં એ વાર, સમુદ્રવિજ્ય મલ્હાર;
મોર કરે મધુરો કિંકાર,
વિચે વિચે કોયલના ટહુકાર, સહસ ગમે સહકાર,
સહસાવનમાં હુઆ અણગાર,
પ્રભુજી પામ્યા કેવલસાર, પહોતા મુક્તિ મોઝાર.૧
સિદ્ધિગિરિએ તીરથ સાર,
આબુ અષ્ટાપદ સુખકાર, ચિત્રકૂટ વૈભાર,
સુવર્ણગિરિ સમ્મેત શ્રીકાર,
નંદીશ્વર વર દ્વીપ ઉદાર, જિહાં બાવન વિહાર;
રૂચક કુંડલને ઇષુકાર,
શાશ્વતા અશાશ્વતા ચૈત્યવિહાર, અવર અનેક પ્રકાર,
કુમતિ વયણે મ ભૂલ ગમાર,
તીરથ ભેટે લાભ અપાર, ભવિયણ ભાવે જુહાર. ૨
પ્રગટ છઠ્ઠે અંગે વખાણી,
દ્રૌપદી પાંડવની પટરાણી, પૂજા જિનપ્રતિમાની,
વિધિશું કીધી ઉલટ આણી,
નારદ મિથ્યાદ્દષ્ટિ અન્નાણી, છાંડી અવિરતિ જાણી;

શ્રાવકકુલની એ સહિનાણી,

સમકિત આલાવે આખ્યાણી, સાતમે અંગે વખાણી,

પૂજનિકની એ પ્રતિમા પંકાણી,

ઇમ અનેક આગમની વાણી, તે સુણજો ભવિ પ્રાણી. ૩

કેડે કટિમેખલા ઘુઘરીયાળી,

પાયે નેઉર રમઝમ ચાલી, ઉજ્જયંતગિરિ રખવાલી,

અધર લાલ જીસ્યા પરવાળી,

કંચનવાન કાયા સુકુમાલી, કર લહકે અંબડાળી;

વૈરીને લાગે વિકરાળી,

સંઘનાં વિઘન હરે ઉજમાલી, અંબાદેવી મયાલી,

મહિમાએ દશ દિશી અજુઆળી,

શ્રી સંઘવિજય બુધ આનંદકારી, નિત્ય નિત્ય ઘેર દિવાળી. ૪

(૪)

નેમિનાથં, વન્દે બાઢમ્.૧ સર્વે સાર્વા,સિદ્ધિં દધુ:.૨

જૈની વાણી, સિદ્ધયૈ ભૂયાત્.૩ વાણી વિદ્યાં, દદ્યાદ્ હૃદ્યામ્.૪

(૫)

શ્રી ગિરનારે જે ગુણ નીલો, તે તરણ તારણત્રિભુવન તિલો,
નેમીશ્વર નમીએ તે સદા,સેવ્યો આપે સુખ સંપદા.૧
ઇન્દ્રાદિક દેવ જેહને નમે, દર્શન દીઠે દુ:ખ ઉપશમે;
જે અતીત અનાગત વર્તમાન, તે જિનવર વંદુ વર પ્રધાન.૨
અરિહંતે વાણી ઉચ્ચારી, ગણધરે તે રચના કરી;
પીસ્તાલીશ આગમ જાણીએ, અર્થ તેના ચિત્ત આણીએ.૩
ગઢ ગિરનારની અધિષ્ઠાયિકા જિન શાસનની રખવાળીકા;
સમરૂ સા દેવી અંબિકા, કવિ ઉદયરત્ન સુખદાયિકા.૪

(૬)

નેમિનાથ નિરંજન નિરખ્યો, નિજ નયને મે આજજી,
પાપ સંતાપ ટળે તુમ નામે, હુવે વાંછિત કાજજી,
સેવ સુવાળી ખાંડ જલેબી, લાપસી તલધારીજી,
સવૈયા મોતૈયા મોદક, તુમ નામે લહે નરનારીજી.૧

ખાજા તાજા ફેણી મગદાળ, મેસુર મોતીચુરજી,
દ્રાખ દાડમ અખોડ ખલેલા, ખારેક ખુરમા ખજુરજી,
નાળીયેર નારંગી દાડિમ, મીઠા ફણસ ઉદારજી,
એ ફળ ફુલ લઇ જિન પૂજો, ચોવિશે જિનરાજજી.૨
દૂધપાક માલપુઆ પેંડા, પતાસાને પુરીજી,
ગુંદપાક ગોળધાણી ગલેફા, ગોળ પાપડી ગુણ ભુરીજી,
આંબા રાયણ સાકર ઘેબર, મરકીણી સમ મીઠીજી,
એ સુખડીથી જિનજીની વાણી, અતિ મીઠી મેં દીઠીજી.૩
સાલી દાલી પંચામૃત ભોજન, ખીર ખાંડની પોલીજી,
સરસ સલુણા ઉના તીખા, નિત જમીએ ઘીશું ઝબોળીજી,
પાન સોપારી કાથા ચુનો,એલચી વાસિત થાણીજી,
વીર કહે અંબાઇ તુસે, તો સુખ લહે સવિ પ્રાણીજી.૪

(૭)

ગિરનારેં નેમનાથ ગાજે રે, રાણી રાજુલ ધ્રુસકે રૂવે રે;
મારો શામળીયો ગિરધારી રે, એણે હરણો ને હરણી ઉગારી રે.૧
એક ચડતા ચડતી દીસે રે, અષ્ટાપદ જિન ચોવિસે રે,
શત્રુંજય જુહારો રે, આબુજી જઇ દુઃખ વારો રે.૨
જ્યાં ચોત્રીસ અતિશય છાજે રે, ત્યાં બેઠાં ધીંગડમલ ગાજે રે,
ધીંગડમલની વાણી મીઠી રે,સહુ સુણજો સમકિત પ્રાણી રે.૩
જ્યાં અંબિકા દેવી ભારી રે, તેને નાકે સોનાની વાળી રે,
સહુ સંઘના સંકટ ચૂરે રે, નય વિમલના વાંછિત પૂરે રે.૪

(૮)

જાદવકુલશ્રી નંદ સમો એ, નેમિસર એ દેવ તો,
કૃષ્ણ આદેશે ચાલીયા એ, વરવા રાજુલ નાર તો,
અનુક્રમે ત્યાં આવીયા એ, ઉગ્રસેન દરબાર તો,
ઇન્દ્ર ઇન્દ્રાણી નાચતા એ, નાટક થાય તેણી વાર તો. ૧
તોરણ પાસે આવીયા એ, પશુઓનો પોકાર તો,
સાંભળીને મુખ મરડીયું એ, રાજુલ મન ઉચ્ચાટ તો,

આદિનાથ આદિ તીર્થંકર એ, પરણ્યા છે બહુ નાર તો,
તેણે કારણ તુમે કાંઇ ડરો એ, પરણો રાજુલ નાર તો.૨
રથ ફેરી સંજમ લીઓ એ, ચઢ્યા ગઢ ગિરનાર તો,
નેમીશ્વર કાઉસ્સગ્ગ રહ્યા એ પામ્યા કેવલ સાર તો,
સોલ પહોર દીએ દેશના એ, આપી અખંડાધાર તો,
ભવિક જીવ પ્રતિબોધીઆ એ, બુઝી રાજુલ નાર તો.૩
અથિર જાણી સંયમ લીઓ એ, અંબા જય જયકાર તો,
પાયે ઝાંઝર ઝમ ઝમે એ, નાચે નેમ દરબાર તો,
શ્યામ વર્ણના નેમજી એ, શંખ લંછન શ્રીકાર તો,
કવિ નમિ કહે રાયને એ, પરણ્યા શિવસુંદરી નાર તો.૪

(૯)

(ચાર વખત બોલાય)

ગિરનારે ગીરૂઓ વહાલો નેમિ જિણંદ,
અષ્ટાપદ ઉપર, પૂજી ધરો આનંદ,
સિદ્ધાંતની રચના, ગણધર કરે અનેક,
દિવાળી દિવસે ધો અંબા વિવેક.૧

(૧૦)

હરિવંશ વખાણું, જિમ વયરાગર ખાણ,
જિહાં રતન અમૂલખ, નેમિનાથ જગભાણ,
લઘુવય બ્રહ્મચારી, જગ રાખે અખિયાત,
પહોંતા પંચમ ગતિ, કર્મ હણી ઘનઘાત.૧
ક્રોધાદિક સોલસ, છે કષાય અતિ દુષ્ટ,
હાસ્યાદિક નવ જે, નોકષાય બલ પુષ્ટ,
એ પ્રકૃતિ ખપાવી, પામ્યા શુદ્ધ ચારિત્ર,
તે જિનપતિ સઘળા,વંદો પુણ્ય પવિત્ર.૨
પ્રવચનની રચના, ગણધર કરે ગુણવંત,
જેહમાંહિ જીવા-જીવાદિક વિરચંત,
લોક સ્થિતિ અદ્‌ભુત, અષ્ટ પ્રકાર કહાય,
તે ભણતાં સુણતાં, સકલ સંશય પલાય.૩

જસ દોય કર સોહે, આંબા લુંબી ઉદાર,
દોય કર નિજ અંગજ, સુંદરને શ્રીકાર,
અંબાઇ દેવી, અકલ રૂપ અવિકાર,
શ્રી વિજયરાજસૂરિ, શિષ્યને જય જયકાર.૪

(૧૧)

(રાગ- જિનશાસન વંછિત, પુરણ દેવ રસાલ)

ગયા શસ્ત્રાગારે, શંખ નિજ હાથ ધારે,
કીધો શબ્દ પ્રચારે, વિશ્વ કંપ્યા તિવારે;
હરિ સંશય ધારે, એહની કોઇ સારે,
જયો નેમકુમારે, બાલથી બ્રહ્મચારી. ૧
ચાર જંબુદ્વીપે, વિચરંતા જિનદેવ,
અડ ધાતકીખંડે, સુરનર સારે સેવ;
અડ પુષ્કર અરધે, ઇણીપરે વીશ જિનેશ,
સંપ્રતિ એ સોહે, પંચવિદેહ નિવેશ. ૨
પ્રવચન પ્રવહણ સમ, ભવજલનિધિને તારે,
કોહાદિક મ્હોટા, મચ્છતણા ભય વારે;
જીહાં જીવદયા રસ, સરસ સુધારસ દાખ્યો,
ભવિ ભાવ ધરીને, ચિત્ત કરીને ચાખ્યો. ૩
જિનશાસન સાન્નિધ્યકારી, વિઘન વિદારે,
સમકિતદષ્ટિ સુર, મહિમા જાસ વધારે;
શત્રુંજયગિરિ સેવો, જિમ પામો ભવપાર,
કવિ ધીરવિમલનો, શિષ્ય કહે સુખકાર. ૪

(૧૨)

(રાગ - મનોહર મૂર્તિ મહાવીરતણી)

નમોં નેમ નગીનો નભમણિ, આવ્યો પદવી ભોગવી સુરતણી;
મોક્ષ પામ્યો અષ્ટ કરમ હણી, લહી અક્ષય ઋદ્ધિ અનંત ગુણી. ૧
ઇમ વીસ ચાર જિન જનમીયા, દિગ્કુમારીએ હુલરાવીઆ;
મીલી મીલી ઇન્દ્રાણીએ ગાઇઆ, ધનધન માતા જિણે જાઇઆ. ૨
નેમિ જિનવર દિયે દેશના, ભવિ પંચમી કરો આરાધના;
પંચ પોથી ઠવણી વીટાંગણા, દાબડી જપમાલા થાપના. ૩

જિન ઉત્તમ પદ પદ્મને પ્રણમે, કરે સેવા દુઃખ તસ હરે ખિણમે;
ગોમેધ જક્ષને અંબાદેવી, વિઘ્ન હરે નિત સમરેવી. ૪

(૧૩)

(આ સ્તુતિઓ ચાર વખત બોલી શકાય)

શ્રી નેમિજિન પ્રણમી, સવિ દુઃખ ટાળું,
સવિજિન વંદી, અઘ સંચિત ગાળું;
જિન આગમથી, જગમાંહે અજવાળું,
દેવી અંબાઇ, કરે રખવાળું.

(૧૪)

**(ગિરનાર-નેમિનાથ થોયના જોડા વિભાગ...)**

નેમિનાથ ગુણના ભંડાર,
ચોવીશ જિન બિંબ જુહાર;
જેની વાણી અમૃત ધાર,
અંબિકાદેવી વિઘ્ન નિવાર.

(૧૫)

ગઢ ગિરનારે નમું, નેમિજિનેશ્વર સ્વામ,
ચોવીશે જિનવર, જગતજીવ વિશ્રામ;
અમૃત સમ આગમ, સુણીયે શુભ પરિણામ,
અંબિકાદેવી, સારે કાજ તમામ.

## (૧૬)

દુરિત ભય નિવારં, મોહ વિધ્વંસકારં,
ગુણવંતમવિકારં, પ્રાપ્ત સિદ્ધિ મુદારં,
જિનવર જયકારં, કર્મ સંક્લેશહારં,
ભવજલ નિધિતારં, નૌમિ નેમિકુમારં.૧
અડ જિનવર માતા, સિદ્ધિ સૌધે પ્રયાતા,
અડ જિનવર માતા, સ્વર્ગ ત્રીજે વિખ્યાતા,
અડ જિનવર માતા, પ્રાપ્ત માહેન્દ્ર સાતા,
ભવ ભય જિન ત્રાતા, સંતને સિદ્ધિ દાતા.૨
ઋષભ જનક જાવે, નાગસુર ભાવ પાવે,
ઇશાન સગ કહાવે, શેષ કાન્તા સ્વભાવે,
પદ્માસન સુહાવે, નેમ આદ્યન્ત પાવે,
શેષ કાઉસ્સગ્ગ ભાવે, સિદ્ધિ સૂત્ર પઠાવે.૩
વાહન પુરૂષ જાણી, કૃષ્ણ વર્ણે પ્રમાણી,
ગોમેધ ને ષટ્ પાણિ, સિંહ બેઠી વરાણી;
સજી કનક સમાણી, અંબિકા ચાર પાણિ,
નેમ ભક્તિ ભરાણી, વીરવિજયે વખાણી.૪

## (૧૭)

યાદવ કુલમંડણ, નેમિનાથ જગનાથ,
ત્રિભુવન જગમોહન, શોભન શિવપુર સાથ;
ગિરનાર શિખર શિર, દીક્ષા- નાણ-નિર્વાણ,
શૌરિપુરિ નગરે ચ્યવન જનમ સુખકાર. ૧
ઇમ ભરતે પંચે, ઐરવતે બલસાર,
ચોવીસે જિનનાં, થાયે જિન આધાર;
તસ પંચ કલ્યાણક વંદે પૂજે જેહ,
નિરૂપમ સુખ સંપત્તિ, નિશ્ચે પામે તેહ, ૨

જિનમુખે લહી ત્રિપદી, વલી આગમ ગુંથ્યા જેહ,
વર અંગ અગ્યાર, દષ્ટિવાદ ગુણગેહ;
ત્રણ કાલે જિનવર, કલ્યાણક વિધિ તેહ,
સમકિત થીર કારણ, સેવો ધરિય સનેહ.૩
શ્રી નેમિજિનેશ્વર, શાસન વિનયે રત્ત,
જિનવર કલ્યાણક, આરાધક ભવિચિત્ત;
દેવચંદ્રને શાસન, સાનિધ્ય કરે નિત મેવ,
સમરીજે અહનિશ, સા અંબાઇ દેવ.૪

## (૧૮)

અમર કિન્નર જ્યોતિષધર, નર અભિવંદિત પાયાજી,
સમુદ્રવિજય કુલ કાનન જલધર, શ્યામલ વર્ણજસ કાયાજી,
જય યદુનંદન મદન વિગંજન, ચંદન વચન સુહાયાજી,
નેમ નિરંજન નયન નલીનદલ, પાવન શિવ સુખ દાયાજી,૧.
જય રાજુલવર કરૂણાસાગર, પુન્યપવિત્ર તુજ કાયાજી,
રાજુલ રઢીયાલી લટકાલી, છોડી ચાલ્યો તજી માયાજી,
સત્યભામા વર લઇ હલધર, તોરણ કિણહી પઠાયાજી,
ઋષભાદિક જિનથી તું અધિકો, કહત શિવા સુણ જાયાજી,૨.
ચારિત્ર લેઇ ચોપનમેં દિન, કેવલજ્ઞાન ઉપાયાજી,
ચઉવિહ દેવ મલી મન રંગે, સમવસરણ વિરચાયાજી,
બારહ પર્ષદામાંહી બેસી, બહુજન ધર્મ બતાયાજી,
શાસન પામી ત્રિભુવન સ્વામી, આપે મુગતે સધાયાજી,૩.
યદુનાયક શ્રી નેમિ જિનેશ્વર, યાદવવંશ દિપાયાજી,
રાજુલનારી પિયુને પ્યારી, લેઇ મુગતિ રાખી માયાજી,
જગદંબા અંબા રખવાલી, શાસન દેવી ઠાયાજી,
માય મયા કરી સંઘ વિઘનહર, ભાણવિજય ગુણગાયાજી.૪

## (૧૯)

### રાગ: નેત્રાનંદકરી ભવોદધિ-તરી

ચિક્ષેપોર્જિતરાજકં રણમુખે યો લક્ષસંખ્યં ક્ષણા,
દક્ષામં જન ભાસમાનમ હસં રાજીમતીતાપદમ્;
તં નેમીં નમ નમ્ર નિર્વૃતિકરં ચક્રે યદૂનાં ચ યો,
દક્ષામંજનભાસમાનમહસં રાજીમતીતા પદમ્ ....(૧)

પ્રાવાજીજિજતરાજકા રજઇવ જયાયોડપિ રાજ્યં જવાદ્,
યા સંસારમહોદધાવપિ હિતા શાસ્ત્રી વિહાયોદિતમ્;
યસ્યાઃ સર્વત એવ સા હરતુનો રાજી જિનાનાં ભવા,
યાસં સારમહો દધાવ પિહિતા શાસ્ત્રી વિહાયોદિતમ્ ....(૨)

કુર્વાણાણુપદાર્થ દર્શન વશાદ્ ભાસ્વત્પ્રભાયા સ્રપા
માનત્યા જનકૃત્ત-મોહરત મે શસ્તાદડરિદ્રોહિકા;
અક્ષોભ્યા તવ ભારતી જિનપતે પ્રોન્માદિનાં વાદિનાં,
માનત્યાજન કૃત્તમોહરતમેશ સ્તાદડરિદ્રોહિકા ....(૩)

હસ્તા લમ્બિતચૂતલુમ્બિલતિકા યસ્યા જનોડભ્યાગમદ્,
વિશ્વાસેવિત તામ્રપાદપરતાં વાચા રિપુત્રાસકૃત્;
સા ભુતિં વિતનોતુ નોડર્જુનરૂચિઃ સિંહેડધિરૂઢોલ્લસદ્,
વિશ્વાસે વિતતા મ્રપાદપરતાડમ્બા ચારિપુત્રાડસકૃત્ ....(૪)

## (૨૦)

### રાગ: નેત્રાનંદકરી ભવોદધિ-તરી

ત્વં યેનાક્ષતધીરિમા ગુણનિધિઃ પ્રેમ્ણા વિતન્વન્ સદા,
નેમેડકાન્તમહામના વિલસતાં રાજીમતીરાગતઃ;
કુર્યાસ્તસ્ય શિવં શિવાંગજ! ભવામ્ભોધૌ ન સૌભાગ્યભાગ્,
નેમે ! કાન્તમહામડનાવિલ ! સતાં રાજીમતી રાગતઃ .... (૧)

જીયાસુર્જિન પુંગવા જયતિ તે રાજ્યર્દ્ધિષુ પ્રોલ્લસ
દ્ધામાનેક પરા જિતાસુ વિભયા સન્નાભિરા મોદિતાઃ;

યોધાલીભિરૂદિત્વરા ન ગણિતા યૈઃસ્ફાતયઃ પ્રસ્ફુર
દ્ધામાનેક પરા જિતાસુ વિભયા સન્નાભિરામોદિતા : ....(૨)

યા ગંગેવ જનસ્ય પંકમખિલં પૂતા હરત્યંજસા,
ભારત્યાડડગમ સંગતા નયતતાડમાયાચિતા સાધુના;
અધ્યેતું ગુરૂસન્નિધૌ મતિમતા કર્તું સતાં જન્મભી,
ભારત્યાગમ સંગતા ન યતતા માડડયા ચિતા સાડધુના ....(૩)

વ્યોમ સ્ફારવિમાનતૂરનિનદૈ : શ્રી નેમિભક્તં જનં,
પ્રત્યક્ષામર સાલ પાદપરતાં વાચાલયન્તી હિતમ્;
દધ્યાન્નિત્યમિતાડડમ્રલુમ્બિલતિકા વિભ્રાજિહસ્તાડહિતં,
પ્રત્યક્ષામર સાલપાદરતાં ડમ્બા ચાલયન્તી હિતમ્ .... (૪)

## (૨૧)

કમલવલ્લપનં તવ રાજતે, જિનપતે ! ભુવનેશ શિવાત્મજ;
મુકુરવદ્ વિમલં ક્ષણદાવશાદ્, હૃદયનાયકવત્ સુમનોહરમ્... (૧)

સકલપારગતઃ પ્રભવન્તુ મે, શિવસુખાય કુકર્મ વિદારકાઃ;
રૂચિરમંગલ વલ્લિવને ઘના, દશતુરંગમ ગૌર યશોધરાઃ... (૨)

મદનમાનજરાનિધનોજ્ઝિતા, જિનપતે ! તવવાગ મૃતોપમા;
ભવભતાં ભવતા વશર્મણેચ્છિ, પયોધિપત જજનતારકા... (૩)

જિનપપાદપયોરૂહહંસિકા, દિશતુ શાસન નિર્જર કામિની;
સકલદેહ ભૃતામમલં સુખં, મુખવિભાભર નિર્જિત ભાધિપા... (૪)

## (૨૨)

જિત મદ નમ નેમે, તાનિ સન્નાથ નેમે,
નિરૂપમ શમ નેમે, યેન તુભ્યં વિનેમે;
નિકૃત જલધિ નેમેં, સીર મોહ દ્રુ નેમે,
પ્રણિદધતિ ન નેમે, તં પરા આપ્ય નેમે ... (૧)

વિગલિત વ્રજિનાનાં, નૌમિરાજીં જિનાનામ્,
સરસંજ નયનાનાં, પૂર્ણ ચંદ્રાનનાનામ્;
ગજ્વર ગમનાનાં, વારિવાહ સ્વનાનામ્,
હત મદ મદનાનાં, મુકતજીવાસનાનામ્ ...(૨)

અવિકલ કલ તારા, પ્રાણનાથં સુ તારા,
ભવજલધિ તારા, સર્વદા વિપ્ર તારા;
સુરનર વિન તારા, ત્વાર્હતિ ગીર્બતારા,
દનવર તમિ તારા, જ્ઞાનલક્ષ્મી સુતારા ... (૩)

નયન જીત કુરંગિ, કાંશુ ધારો ચિરંગિ,
મિહ કિલ મુહુ રંગિ, કૃત્ય ચિત્તાં તરંગિ;
સ્મૃતિ: સુચિરંગિ, દેવતાં ય સ્તુરંગિ,
કુરૂત ઇમ મુરંગિ, ત્યાદિ કૃત્ બંધુરંગી ...(૪)

**(૨૩)**

યદુવંશાકાશે ઉડુપતિસમા નેમિજિનજી !,
શરીરે રંભા ભારતી મદહરી રાજુલ તજી;
ગ્રહી દીક્ષા ભારી ભવિજન વિબોધે દિનકરી!,
કરો દષ્ટિ સવામી હરિણપશુ જૈસે હિતકારી... (૧)

ગયા મુક્તિ સ્વામી ગિરિશિખર ઉજ્જંત શિરસી !,
અપાપામાં વીર શિવસુખ અનંત વિફરસી;
જ્યાભૂ ચંપામાં ધવલગિરિ શ્રી આદિજિનજી !,
સમેતા આનંદામૃત રસ કર્યા વીસ જિનજી ... (૨)

અનેકાંત સ્યાદ્વાદનયગમ ભંગા વિવિધસુ!
યજે આર્હી તીર્થાંતર સવબુધૈ કીટ સ પ્રસુ;
નિહારી વાણી જો જિનની સય પંચાસય વિહા,
સુધા ધારા સારા જિન મુખ થકી નિર્ગત સુહા ...(૩)

અધિષ્ઠાત્રી અંબા પ્રવચન નમે નેમિજિનજી,
કુરોગો ને ધોઇ સતત સુખ શાંતિ અતિ ઘણી;
વિજ્ય આણંદે શ્રી તપગણગણિ વલ્લભ સદા,
નમો ભાવે શુધ્ધે મનવચન કાયા ફળ તદા ... (૪)

## (૨૪)

ગિરનાર ગિરિવર, નેમિ જિનવર વિશ્વસુખકર દેવરે;
જ્યોતિષ વ્યંતર, ભુવનવાસી નાકિ સારે સેવ રે;
યદુવંશ દિપક મદનજીપક બાવીસમો નેમિનાથ રે;
ભાવે ભજો ભવિ ભુવન હિતકર મુકિત કેરો સાથ રેઃ...૧.
પ્રથમ જિનેશ્વર સિદ્ધિ પામ્યા અષ્ટાપદ ગુણવંત રે;
વાસુપૂજ્ય ચંપા રૈવતાચલ નેમિ રાજીમતિ કંત રે;
નયરી અપાપા વીર સ્વામી સમેત શિખર ગિરિ રાય રે;
તિહાં વીશ જિનવર મુક્તિ પામ્યા તાસ પ્રણમુ પાય રે... ૨.
અરિહંત વાણી સુણો પ્રાણી ચિત્તે જાણી સાર રે;
સિધ્ધાંત દરિયો રયણ ભરીયો ભવિક જન સુખ કાર રે;
આગમ આરાધિ ભાવ સાધી નરનારી વલી જેહ રે
સ્વર્ગના સુખ ભોગવી પછી પરમ પદ લહે તેહ રે ... ૩.
અંબિકા દેવી યક્ષગોમેધ નેમિ સેવા સારતા;
જિન ધર્મ વાસિત ભવિકજનના દુરિત દૂર નિવારતા;
શ્રીપુન્યવિજય ઉવજઝાય સેવક ભક્તે નામી શીશ રે;
ગુણવિજય કરજોડી જંપે પુરો સંઘ જગીશ રે...: (૪)

## (૨૫)

યદુ કુલામ્બર ભાસન ભાસ્કરો,
જનિ શિવાનિ શિવાતનયઃ સૃજન્;
નયતુ નેમિજિનો જિન સમ્પદં,
સુજન મંજન મંજુ તનુત્વિષિઃ....(૧)

સકલ ભવ્ય તમોભર ભાસ્કરા,
જન ચકોર મુદેક નિશાકરાઃ;
તનુમતાં નમતાં દદતાં શ્રિયં,
જિનવરા નવરાગ વિદારિણઃ.... (૨)

નય વિતાનમણી રમણીયતાં,
વિદધતં ગમભંગ સમાકુલમ્;
ભગવતાં સકલાંગ ભૃતાંદયા,
રસમયં સમયં જલધિ શ્રયે .... (૩)

જિન પદાબ્જ પરાગ મધુવ્રતા,
કવિ કલાગ્ર વિલાસ વનપ્રિયા;
શમયતામશિવં શિવકારિણી,
શ્રુત સુરિત સુરીજન મુખ્યતા.... (૪)

## (૨૬)

નેમિ જિનેસર સમરીએ, શિવાદેવી માય,
સમુદ્રવિજય કુલ ઉપન્યા, શંખલંછન પાય;
દશ ધનુષ પ્રભુ દેહમાન, શ્યામવરણી તસ કાય,
અષ્ટકર્મ હેલે હણી, મુક્તિપુરીમાં જાય...(૧)

નવણવિલેપન વાસની, ધૂપ દીપ નિવેદ,
ફુલ અક્ષતે પૂજીએ, જેહથી જાય ભવ ખેદ;
જિન ચોવીસે પૂજતાં, દુર્ગતિ નવિ થાય,
મહાનિશિથે ભાખ્યું, બારમે દેવલોકે જાય... (૨)

નેમિનાથ કેવલ લહ્યું, ઉજ્જયંતગિરિ આય,
ભવિકજીવને કારણે, દેશના દીયે જિનરાય;
સુણી ચારીત્ર કેઇ લહે, કેઇ શ્રાવક ધર્મ,
એમઅનેક જીવ ભવતર્યા, પામ્યા શિવશર્મ... (૩)

ગોમેધ જક્ષને અંબિકા, શાસન રખવાલ,
જિનની સેવા જે કરે, તેની કરે સારસંભાલ;
આભવ પરભવ સુખ ઘણું, જે ધ્યાવે ચિત્ત,
મુનિ હૂકમ જિન સેવીએ, શિવ પામવાની રીત... (૪)

## શ્રી ગિરનાર મહાતીર્થના ખમાસમણાના દુહા

**રૈવતગિરિ** સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;
માનવભવ પામી કરી, ધ્યાવું વારંવાર .... (૧)
સોરઠદેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ **ગિરનાર**;
સહસાવન ફરસ્યો નહીં, એનો એળે ગયો અવતાર ....(૨)

દીક્ષા - કેવલ સહસાવને, પંચમે ગઢ નિર્વાણ;
પાવનભૂમિને ફરશતાં, જન્મ સફળ થયો જાણ .... (૩)
જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર;
એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર .... (૪)
**કૈલાસ** ગિરિવરે શિવવર્યા, તીર્થંકરો અનંત;
આગે અનંતા પામશે, તીરથકલ્પ વદંત .... (૫)
ગજપદ કુંડે નાહીને, મુખબાંધી મુખકોશ;
દેવ નેમિજિન પૂજતાં, નાશે સઘળા દોષ .... (૬)
એકેકું પગલું ચઢે, **સ્વર્ણગિરિનું** જેહ;
હેમ વદે ભવોભવતણાં, પાતિક થાયે છેહ .... (૭)
**ઉજ્જયંત** ગિરિવર મંડણો, શિવાદેવીનો નંદ;
યદુકુળવંશ ઉજાળીયો, નમો નમો નેમિજિણંદ .... (૮)
આધિ વ્યાધિ ઉપાધિ સૌ, જાયે તત્કાળ દૂર;
ભાવથી **નંદભદ્ર** વંદતા, પામે શિવસુખ નૂર .... (૯)

(અવસર્પિણીના છ આરામાં આ તીર્થના અનુક્રમે ૬ નામ:
(૧) કૈલાસ (૨) ઉજ્જયંત (૩) રૈવત (૪) સ્વર્ણગિરિ (૫) ગિરનાર (૬) નંદભદ્ર )

★ એક ખમાસમણ આપીને શ્રી રૈવતગિરિ મહાતીર્થ આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરું?
ઇચ્છં. રૈવતગિરિ મહાતીર્થ આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિયાએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! સદ્ધાએ, મેહાએ, ધીઇએ ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં. અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઇએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ,. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨. એવમાઇએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓહુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં અપ્પાણં વોસિરામિ ૪
(૯ લોગસ્સનો કાઉસ્સગ્ગ ન આવડે તો ૩૬ નવકારનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ લોગસ્સ બોલવો.)

# ચૈત્યવંદન

(૧)

નેમિનાથ બાવીશમા, અપરાજીતથી આય;
સૌરીપુરમાં અવતર્યા, કન્યા રાશિ સુહાય... ૧
યોનિ વાઘ વિવેકીને, રાક્ષસ ગણ અદ્ભુત;
રિખ ચિત્રા ચોપન દિન, મૌનવતા મનપૂર...૨
વેતસ હેઠે કેવલીએ, પંચસયા છત્રીશ;
વાચંયમશું શિવ વર્યા, વીર નમે નશિદ્દીશ...૩

(૨)

નેમિનાથ બાવીશમા, શિવાદેવી માય;
સમુદ્રવિજય પૃથ્વીપતિ, જે પ્રભુના તાય ...૧
દસ ધનુષની દેહડી, આયુ વરસ હજાર;
શંખલંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર ...૨
શૌરીપુરીનયરી ભલીએ, બ્રહ્મચારી ભગવાન;
જિન ઉત્તમ્ પદ પદ્મને, નમતાં અવચિલ ઠામ ...૩

(૩)

વિશુદ્ધવિજ્ઞાન ભૃતાં વરેણ, શિવાત્મજેન પ્રશમાકરેણ;
યેન પ્રયાસેન વિનૈવ કામં, વિજિત્ય વિક્રાન્તવરં પ્રકામમ્.૧
વિહાયરાજ્યં ચપલ સ્વભાવં, રાજિમતિં રાજકુમારિકાં ચ;
ગત્વા સલીલં ગિરનારશૈલં, ભેજે વ્રતં કેવલ મુક્તિયુક્તમ્.૨
નિ:શૈષયોગીશ્વરમૌલિરત્નં, જિતેન્દ્રિયત્વે વિહિતપ્રયત્નમ્;
તમુત્તમાનન્દ નિધાનમેકં, નમામિ નેમિં વિલસદ્વિવેકમ્, ૩

(૪)

બાલ બ્રહ્મચારી નેમનાથ; સમુદ્રવિજય વિસ્તાર.
શિવાદેવીનો લાડકો, રાજુલ વર ભરથાર. ૧
તોરણ આવ્યા નેમજી, પશુડે માંડ્યો પોકાર;
મોટો કોલાહલ થયો, નેમજી કરે વિચાર. ૨
જો પરણું રાજુલને, જાય પશુના પ્રાણ;
જીવદયા મનમાં વસી, ત્યાંથી કીધું પ્રયાણ. ૩
તોરણથી રથ ફેરવ્યો, રાજુલ મૂર્છિત થાય;
આંખે આંસુડાં વહે, લાગે નેમજીને પાય, ૪
સોગન આપું માહરા, પાછા વળો એક વાર;
નિર્દય થઈ શું વાલમા, કીધો મારો પરિહાર. ૫
ઝીણી ઝબુકે વિજળી, ઝરમર વરસે મેહ;
રાજુલ ચાલ્યાં સાથમાં, વૈરાગ્ય ભીંજી દેહ. ૬
સંજમ લઇ કેવળ વર્યા એ, મુક્તિપુરીમાં જાય
નેમ રાજુલની જોડને જ્ઞાન નમે સુખદાય. ૭

(૫)

નેમિ જિનેસર નિયમથી, નમતા નવ નિધિ,
સકલ પદારથ પૂરવે, સેવ્યો દીએ સિદ્ધિ. ૧
નિરાગીમાં લીહ દીહ, રયણી દિલ મોરે,
રસીઓ મન અલી માહરો, પદકમલે તોરે. ૨
તું ત્રાતા ત્રિભુવન ધણી, નિજ સેવક સંભાળ,
રામ વિજય જિન નામથી, લહીએ સુખ રસાળ. ૩

(૬)

સમુદ્ર વિજય કુલ ચંદ, નંદ શિવાદેવી જાયા;
જાદવ વંશ નભોમણિ, શૌરિપુર ઠાયા...(૧)
બાલથકી બ્રહ્મચર્યધર, ગત મારને પ્રચાર;
ભક્તિ નિજ આત્મિક ગુણ, ત્યાગી સંસાર... (૨)
નિષ્કારણ જગજીવનો એ, આશાનો વિશ્રામ;
દીન દયાલ શિરોમણી, પૂરણ સુરતરૂ કામ... (૩)
પશુ પોકાર સુણી કરી, છાંડી ગૃહવાસ;
તત્ક્ષણ સંજમ આદરી, કરી કર્મનો નાશ... (૪)
કેવલ શ્રી પામી કરી એ, પહોંચ્યા મુક્તિ મોઝાર;
જન્મ મરણ ભય ટાળવા, જ્ઞાન સદા સુખકાર... (૫)

(૭)

જયવંત મહંત નિરંજન છે, ભવનાં દુઃખ દોહગ ભંજન છે;
ભવિનેત્ર વિકસજ અંજન છે, પ્રભુ કામ વિકાર વિગંજન છે. (૧)
જગનાથ અનાથ સનાથ કરો, મમ પાપ અમાપ સમૂલ હરો;
અરજી કર નેમિ જિણંદ ધરો, તુમ સેવક છું પ્રભુ ના વિસરો. (૨)
સુર અર્ચિત વાંછિત દાયક છે, સહુ સંઘતણા પ્રભુ નાયક છે;
ગિરનાર તણા ગુણ ગાયક છે, કલહંસતણી ગતિ લાયક છે. (૩)

(૮)

નાયક ત્રિભુવન નાથજી, શ્રી નેમિજિનસાર,
પ્રભુપદ પ્રેમે પૂજીએ, ગિરૂઓ ગઢ ગિરનાર (૧)
એ ગિરિ ઉપર એહના, તીન કલ્યાણક તાસ,
અરિહંત ભક્તિ અનુસરો, આણી મન ઉલ્લાસ (૨)

જાદવ કુલ દિનકર જીસ્યો, બ્રહ્મચારી, શિરદાર,
સતીઓ માંહે શિરોમણિ, રૂડી રાજુલનાર, (૩)
સહસાવન સંયમ લીયો, ગિરિ ઉપર કેલવજ્ઞાન,
કૃપાનાથ સરખી કરી, ભામીનીને ભગવાન (૪)
સાતકૂટ સોહામણી, એ તીરથ અહિઠાણ,
પંચમ ટુંકે શ્રી પ્રભુ, પામ્યાપદ નિર્વાણ (૫)
ગુણી અઢારે ગણધરા, ગિરૂઆ બહુ ગુણવંત,
સહસ અઢારે શ્રમણને, સેવો ભવિજન સંત (૬)
આઠ ભવોની અંબિકા એ તીરથ રખવાલ,
સેવો ભવિશુદ્ધે મને, જાવે ભવદુઃખ જાલ (૭)
ભવિજન ભાવે ભેટીયે, આણી મન આણંદ,
હંસ વિજય નમે હરખશું, પામે પરમાનંદ (૮)

(૯)

ગિરિ ગિરનાર જઈ વસે, જેસે નેમકુમાર
કનક ભૂમી કરી દેવતા, ભક્તિ કરે મનોહાર (૧)
એક પ્રતિમા વજ્રની, એક કંચનકેરી,
એક પ્રતિમા રત્ન મણિમય ભલેરી (૨)
કાલે સજ્જન બહુમિલ્યાંએ, જેણે કીધો ઉદ્ધાર
નેમનાથ બેઠાં તિહાં, કંઠે રયણ મનોહાર (૩)

(૧૦)

બાલપણે શ્રીનેમિનાથ, વંદુ બ્રહ્મચારી;
આઠ ભવોની પ્રતીડી, તારી રાજુલનારી. ૧

સમુદ્રવિજયસુત જાણીયે, શંખ શીવાદેવીના જાયા;
જાદવકુલ સોહામણો, શંખ લંછન ગુણ ગાયા. ૨
બત્રીસ સહસ બંધવ તણી, જાણો પટરાણી;
પિચકારી સોવનતણી, નીર જલે ભરી આણી. ૩
દડો ઉછાલે ફુલનો, દીયરને બોલાવે;
નેમકો વિવાહ માંડિયો, ભોજાઇઓ મનાવે. ૪
પરણો રાજુલ નાર તિહાં. ઉગ્રસેનની બેટી;
સત્યભામાની બેનડી, સમક્તિ ગુણની પેટી. ૫
નારી વિનાનું ઘર નહીં, વાંઢો પુરુષવિખ્યાત;
ભોજાઇ મેણાં મારશે, પરણો નેમ કુમાર. ૬
એક નારી વિના ઇશ્યો, ઘર સ્મશાન ક્હેવાશે;
ઉના અન્ન કોણ આપશે, સુણો બાંધવ વાત. ૭
મંડપ ચૌરાશી સ્તંભનો, રચીયો મન રંગે;
ચૌદિશી ગૌરી ગાવતી, સાંજને પ્રભાતે. ૮
ભાત ભાતના ધાન તિહાં, જુવારા વવરાવે;
ભોજાઇ પાસે સીંચાવવા, ગંગા નીર મંગાવે. ૯
પીઠી ચોલે પીતરાણી મલી, ઉને જલ નવરાવે;
નવલ ઘઉંલા ભેળવી, મગ પીઠી મંગાવે. ૧૦
આભૂષણ અંગે ધરી, શેષ ભરાવે;
વરઘોડે શ્રી નેમનાથ, પરણે રાજુલનાર. ૧૧
પંચજાતના વાજીંત્ર વાગે, ભેરી વજડાવે;
થૈઇ થૈઇ નાચ પતાકા, તોરણ નેમકુમાર. ૧૨

પશુડાં કરે પોકાર, તિહાં સાળાને બોલાવે;
સારથવાહને પૂછતા, જીવ બંધને કેમ બાંધ્યા. ૧૩
જાદવકુલ એને પરે, પરભાતે ગૌરવ દઇશું;
વિષયારસને કારણે, જીવ સંહાર કરીશું. ૧૪
અંગ ફરકે જમણું તિહાં, નવલા નેમકુમાર;
રાજુલ કહે સુણો સાહેલીઓ, રથ વાળ્યો તત્કાળ. ૧૫
વરસીદાન દેઈ કરી, એક કોડી સાઠ લાખ;
સહસાવન જઇ સંયમ લીધો, સહસ પુરુષ સંગાથ. ૧૬
રાજુલ ધરણી ઢળી પડ્યા, ઉજ્જયંત ગઢ ચાલ્યા;
ગુફામાં શ્રી રહનેમી, રાજુલ પ્રતિબોધે. ૧૭
સ્વામી હાથે સંજમ લીધો, સંલેખણા એક માસ;
કેવલજ્ઞાને ઝળહળે, પામ્યા શિવપુર વાસ. ૧૮
પીયુ પહેલાં મુગતે ગયા. ધનધન નેમકુમાર;
પરણે શિવની નાર તિહાં, સહસ પુરુષ સંગાથ. ૧૯
ભણતાં શિવસુખ ઉપજે, ગુણતાં મંગલકાર;
વિનયવિજય વાચક જસ, તસ ઘર કોડી કલ્યાણ. ૨૦

(૧૧)

બાવીશમા શ્રી નેમિનાથ, ઘોર બ્રહ્મવ્રત ધારી;
શક્તિ અનંતી જેહની, ત્રણ ભુવન સુખકારી... (૧)
ઇન્દ્ર ચન્દ્ર નાગેન્દ્રને, વાસુદેવો સર્વે;
ચક્રવર્તિઓ નેમિને, સેવે રહી અગર્વે... (૨)
કૃષ્ણાદિક ભક્તો ઘણાએ, જેની સેવા સારે;
એવા પરમેશ્વર વિભુ, સેવંતા સુખ ભારે... (૩)

# ચૈત્યવંદન વિધિ વિભાગ

(નીચે મુજબ પ્રથમ ઇરિયાવહિ કરવી)

**ઇચ્છામિ ખમાસમણ સૂત્ર**

ઇચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**(ભાવાર્થ : આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાયછે.)**

**ઈરિયાવહિયં સૂત્ર**

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઇરિયાવહિયં પડિક્કમામિં ? ઇચ્છં,ઇચ્છામિ પડિક્કમિઉં ૧. ઇરિયાવહિયાએ વિરાહણાએ ૨.ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગ પણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા, ૫. એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**(ભાવાર્થઃ આ સૂત્રથી હાલતા - ચાલતા જીવોની જાણતા અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.)**

**તસ્સ ઉત્તરી સૂત્ર**

તસ્સ ઉત્તરી કરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**(ભાવાર્થઃ આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.)**

**અન્નત્થ સૂત્ર**

અન્નત્થ ઉસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઇએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવમાઇએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**(ભાવાર્થ : આ સૂત્રમાં કાઉસ્સગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઊભા રહેવું તે બતાવેલ છે.)**

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## લોગસ્સ સૂત્ર

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસંપિ કેવલિ ૧. ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઇં ચ; પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપૂજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિ, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં, મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરુગ્ગબોહિલાભં,સમાહિવરમુત્તમં દિંતુ, ચંદેસુનિમ્મલયરા, આઇચ્ચેસુઅહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**(ભાવાર્થ : આ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.)**

(પછી ત્રણ ખમાસમણ દઇ, ડાબો ઢીંચણ ઊભો કરી હાથ જોડી )
ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરું ? ઇચ્છં કહી
ચૈત્યવંદન કરવું.

સકલ કુશલ વલ્લી - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનુઃ કલ્પવૃક્ષોપમાનઃ
ભવ જલ નિધિ પોતઃ સર્વ સંપત્તિ હેતુઃ,
સ ભવતુ સતતં વઃ
શ્રેયસે શાન્તિનાથઃ શ્રેયસે પાર્શ્વનાથઃ.

## **શ્રી સામાન્યજિન ચૈત્યવંદન**

તુજ મુરતિને નિરખવા, મુજ નયણાં તલસે;
તુજ ગુણ ગણને બોલવા, રસના મુજ હરખે .....૧
કાયા અતિ આનંદ મુજ, તુમ યુગ પદ ફરસે;
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરસે. .....૨
એમ જાણીને સાહિબા એ, નેહનજર મોહે જોય;
જ્ઞાનવિમલ પ્રભુ સુનજરથી, તે શું ? જે નવિ હોય ....૩

## **જંકિંચિ સૂત્ર**

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઇં જિણબિંબાઇં, તાઇં સવ્વાઇં વંદામિ.

**(ભાવાર્થઃ આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.)**

## **નમુત્થુણં સૂત્ર**

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઇગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં.૩. લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઇવાણં, લોગપજ્જોઅગરાણં, ૪. અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટિણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિઅટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવ-મયલ મરૂઅ -મણંત મક્ખય મવ્વાબાહ- મપુણરાવિત્તિ - સિદ્ધિ ગઇ નામધેયં ઠાણં સંપત્તાણં, નમો જિણાણં જિઅભયાણં ૯. જે અ અઇઆ સિધ્ધા, જે અ ભવિસ્સંતિ ણાગએ કાલે; સંપઇ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**(ભાવાર્થઃ આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. ઈન્દ્ર મહારાજા સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.**

## જાવંતિ ચેઈઆઈં સૂત્ર

(પુરૂષોએ બે હાથ ઊંચા કરીને બોલવું)

જાવંતિ ચેઇઆઇં, ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ;
સવ્વાઇં તાઇં વંદે, ઇહ સંતો તત્થ સંતાઈ.

**(ભાવાર્થ : આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.)**

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ મત્થએણ વંદામિ.

## જાવંત કેવિ સાહૂ સૂત્ર

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ;
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

**(ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વીજીઓને નમસ્કાર કરવામાં આવે છે.)**

**(નીચેનું સૂત્ર ફક્ત પુરૂષોએ બોલવું)**

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

**(ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતને નમસ્કાર કરવામાં આવ્યો છે.)**

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું અથવા નીચેનું સ્તવન ગાવું)**

## શ્રી સામાન્ય જિન સ્તવન

આજ મારા પ્રભુજી ! સામું જુઓને, સેવક કહીને બોલાવો રે;
એટલે હું મનગમતું પામ્યો, રૂઠડાં બાળ મનાવો,
મારા સાંઇ રે .....૧

પતિતપાવન શરણાગતવત્સલ, એ જશ જગમાં ચાવો રે;
મન રે મનાવ્યા વિણ નહીં મૂકું, એહી જ માહરો દાવો
મારા સાંઇ રે .....૨

કબજે આવ્યા હવે નહિ મૂકું, જિહાં લગે તુમ સમ થાવો રે;
જો તુમ ધ્યાન વિના શિવ લહિએ, તો તે દાવ બતાવો.
મારા સાંઇ રે .....૩

મહાગોપને મહાનિર્યામક, ઇણિ પરે બિરુદ ધરાવો રે;
તો શું આશ્રિતને ઉદ્ધરતાં, બહુ બહુ શું રે કહાવો.
મારા સાંઇ રે .....૪

જ્ઞાન વિમલ ગુરૂનો નિધિ મહિમા, મંગલ એહિ વધાવો રે;
અચલ - અભેદપણે અવલંબી, અહોનિશ એહિ દિલ ધ્યાવો.
મારા સાંઇ રે .....૫

## જય વીયરાય સૂત્ર

જયવીયરાય ! જગગુરૂ ! હોઉ મમં તુહ' પભાવઓ ભયવં!
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિયા ઇઠ્ઠફલસિદ્ધિ .....૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા. .....૨

**(બે હાથ નીચે કરીને)**

વારિજજઇ જઇવિ નિઆણ-બંધણં વીયરાય ! તુહ સમએ;
તહ વિ મમ હુજજ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં. ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજજઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં. .....૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ-કલ્યાણકારણમ્;
પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્. .....૫

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઇએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ,.૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિઠ્ઠિસંચાલેહિં. ૨. એવમાઇએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજજ મે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં અપ્પાણં વોસિરામિ ૪

**(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ પારીને)**

**નમોઽર્હત્સિધ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ**

**(બોલી ને થોય બોલવી)**

રાજુલ વર નારી, રૂપથી રતિ હારી,
તેહના પરીહારી, બાલથી બ્રહ્મચારી;
પશુઆં ઉગારી, હુઆ ચારિત્રધારી,
કેવલ સિરી સારી, પામીયા ઘાતી વારી.

# શ્રી નેમિનાથ પ્રાચીન સ્તવન વિભાગ

## (૧) નિરખ્યો નેમિ જિણંદને

**નિરખ્યો નેમિ જિણંદને** અરિહંતાજી, રાજિમતી કર્યો ત્યાગ; ભગવંતાજી.
બ્રહ્મચારી સંયમ ગ્રહ્યો અરિ., અનુક્રમે થયા વીતરાગ- ભ. ૧
ચામર ચક્ર સિંહાસન અરિ., પાદપીઠ સંયુક્ત- ભ.
છત્ર ચાલે આકાશમાં અરિ., દેવદુંદુભિ વર ઉત્ત- ભ. ૨
સહસ જોયણ ધ્વજ સોહતો અરિ., પ્રભુ આગલ ચાલંત-ભ.
કનક કમલ નવ ઉપરે અરિ., વિચરે પાય ઠવંત- ભ. ૩
ચાર મુખે દીયે દેશના અરિ., ત્રણ ગઢ ઝાકઝમાલ-ભ.
કેશ રોમ શ્મશ્રુ નખા અરિ., વાધે નહિ કોઇ કાલ- ભ. ૪
કાંટા પણ ઉંધા હોયે અરિ., પંચ વિષય અનુકૂલ-ભ.
ષટ્ઋતુ સમકાલે ફળે અરિ., વાયુ નહિ પ્રતિકૂલ- ભ. ૫
પાણી સુગંધ સુર કુસુમની અરિ.વૃષ્ટિ હોય સુરસાલ- ભ.
પંખી દીયે સુપ્રદક્ષિણા અરિ.,વૃક્ષ નમે અસરાલ- ભ. ૬
જિન ઉત્તમ પદ પદ્મની અરિ., સેવા કરે સુરકોડી- ભ.
ચાર નિકાયના જઘન્યથી અરિ, ચૈત્યવૃક્ષ તેમ જોડી- ભ. ૭

## (૨) તોરણ આવી રથ

### રાગ: એક દિન પુંડરીક...

તોરણ આવી રથ ફેરી ગયા રે હાં, પશુઆં શિર દેઇ દોષ મેરે વાલમા;
નવ ભવ નેહ નિવારિયો રે હાં, શો જોઇ આવ્યા જોષ.મેરે. તો.૧
ચંદ્ર કલંકી જેહથી રે હાં, રામને સીતા વિયોગ; મેરે.
તેહ કુરંગને વયણડે હાં, પતિ આવે કુણ લોગ. મેરે.તો. ૨
ઉતારી હું ચિત્તથી રે હાં, મુક્તિ ધુતારી હેત; મેરે.
સિદ્ધ અનંતે ભોગવી રે હાં, તેહશું કવણ સંકેત. મેરે.તો. ૩
પ્રીત કરંતા સોહીલી રે હાં, નિર્વહેતાં જંજાલ; મેરે.
જેહવો વ્યાલ ખેલાવવો રે હાં, જેહવી અગનની ઝાલ. મેરે. તો. ૪
જો વિવાહ અવસર દીયો રે હાં, હાથ ઉપર નવિ હાથ; મેરે.
દીક્ષા અવસર દીજીએ રે હાં, શિર ઉપર જગનાથ. મેરે. તો. ૫
ઇમ વલવલતી રાજુલ ગઇ રે હાં, નેમિ કને વ્રત લીધ; મેરે.
વાચક યશ કહે પ્રણમીએ રે હાં,એ દંપતિ દોય સિદ્ધ. મેરે. તો. ૬

## (૩) પરમાતમ પૂરણ

પરમાતમ પૂરણ કલા, પૂરણ ગુણ હો પૂરણ જન આશ;
પૂરણ દૃષ્ટિ નિહાળીએ, ચિત્ત ધરીયે હો અમચી અરદાસ, પરમાતમ.૧
સર્વ દેશ ઘાતી સહુ, અઘાતી હો કરી ઘાત દયાલ;
વાસ કીયો શિવમંદિરે, મોહે વીસરી હો ભમતો જગજાલ, પરમાતમ.૨
જગતારક પદવી લહી તાર્યા સહી હો અપરાધી અપાર;
તાત કહો મોહે તારતાં, કિમ કીની હો ઇણ અવસર વાર, પરમાતમ.૩
મોહ મહામદ છાકથી, હું છકીયો હો નહિ શુદ્ધિ લગાર;
ઉચિત સહી ઇણે અવસરે,સેવકની હો કરવી સંભાળ, પરમાતમ.૪
મોહ ગયે જો તારશો, તિણ વેળા હો કીહાં તુમ ઉપગાર;
સુખ વેળા સજ્જણ ઘણા, દુઃખ વેળા હો વિરલા સંસાર, પરમાતમ. ૫
પણ તુમ દરિશન જોગથી, થયો હૃદયે હો અનુભવ પ્રકાશ;
અનુભવ અભ્યાસી કરે, દુઃખદાયી હો સહુ કર્મ વિનાશ, પરમાતમ.૬
કર્મ કલંક નિવારીને, નિજ રૂપે હો રમે રમતા રામ;
લહત અપૂરવ ભાવથી, ઇણ રીતે હો તુમ પદ વિસરામ, પરમાતમ.૭
ત્રિકરણ જોગે હું વિનવું, સુખદાયી હો શિવાદેવીના નંદ;
ચિદાનંદ મનમેં સદા, તુમે આવો હો પ્રભુ નાણદિણંદ, પરમાતમ.૮

## (૪) રહો રહો

**રાગ : બોલો બોલો રે શાલીભદ્ર...**

રહો રહો રે યાદવજી દો ઘડીયાં. રહો.
દો ઘડીયાં, દો ચાર ઘડીયાં, રહો રહો રે યાદવજી દો ઘડીયાં;
શિવા માત મલ્હાર નગીનો, ક્યું ચલીએ હમ વિછડીયાં;
યાદવ વંશ વિભૂષણ સ્વામી, તુમે આધાર છે અડવડીયાં. રહો રહો.૧
તો બિન ઓરસેં નેહ ન કિનો, ઓર કરનકી આંખડીયાં;
ઇતને બિચ હમ છેડ ન જઇએ, હોત બુરાઇ લાજડીયાં. રહો રહો ૨
પ્રીતમ પ્યારે કહકર જાનાં, જે હોત હમ શિર બાંકડીયાં;
હાથસેં હાથ મિલાદે સાંઇ, ફુલ બિછાઉં સેજડીયાં. રહો રહો. ૩
પ્રેમકે પ્યાલે બહુત મસાલે, પીવત મધુરે સેલડીયાં;
સમુદ્રવિજય કુલતિલક નેમકું, રાજુલ ઝરતી આંખડીયાં. રહો રહો.૪
રાજુલ છોડ ચલે ગિરનારે, નેમ યુગલ કેવલ વરીયાં;
રાજિમતી પણ દીક્ષા લીની, ભાવના રંગ રસે ચડીયાં. રહો રહો. ૫

કેવલ લઇ કરી મુગતિ સિધાયે, દંપતિ મોહન વેલડીયાં;
શ્રી શુભવીર અચલ ભઇ જોડી, મોહરાય શિર લાકડીયાં. રહો રહો. ૬

## (૫) અબ મોરી અરજ

અબ મોરી અરજ સુનો મહારાજ, હો ગિરનાર કે જાનેવાલે;
ગિરનાર કે જાનેવાલે. હો મુગતિ કે પાનેવાલે (અંચલી) અબ.,
મુક્તિ ભોગ જોગ લીયા ધાર, અબ કયા સોચો નેમકુમાર;
કરતી રાજુલ સોચ વિચાર, વેરણ મુક્તિને ઘર ઘાલા. અ.૧
તોરણ આય રથ દીયા ફેર, પ્રભુ તુમ સુની પશુઅનકી ટેર;
તુમને જરા ન કીની ડેર, નવ ભવ પ્રીત નિભાનેવાલે. અ.૨
ડૂબી ભવસાગરમાં નૈયા, મેરે તુમ બીન કૌન ખેવૈયા;
તુમ હો અરજી કે સુનવૈયા, બેડા પાર લગાનેવાલે. અ.૩
દિલ મેરા ગુલામ, હરદમ લેતા તેરા નામ;
મુઝે ભક્તિ સિવા નહી કામ, મેરે દિલમેં સમાનેવાલે. અ.૪
તુમ તો નેમનાથ ભગવાન, લીના સહસાવનમેં ધ્યાન;
કીના અતિ ઉત્તમ એ કામ,આતમ પાર લગાનેવાલે.અ.૫

## (૬) મેં આજ દરિસણ

**રાગ : ઓઘો છે અણમૂલો...**

મેં આજ દરિસણ પાયા, શ્રી નેમિનાથ જિનરાયા.
પ્રભુ શિવાદેવીના જાયા, પ્રભુ સમુદ્રવિજ્ય કુલ આયા,
કર્મો કે ફંદ છુડાયા, બ્રહ્મચારી નામ ધરાયા;
જીને તોડી જગતકી માયા (૨) મેં.૧
રૈવતગિરિ મંડનરાયા, કલ્યાણક તીન સોહાયા,
દીક્ષા કેવલ શિવરાયા, જગતારક બિરૂદ ધરાયા;
તુમ બૈઠે ધ્યાન લગાયા (૨) મેં.૨
અબ સુનો ત્રિભુવનરાયા, મેં કર્મો કે વશ આયા,
મૈં ચતુર્ગતિ ભટકાયા, મેં દુ:ખ અનંતાં પાયા;
તે ગીનતી નાહી ગિનાયા. (૨) મેં.૩
મેં ગર્ભાવાસમેં આયા, ઉંધે મસ્તક લટકાયા,
આહાર અરસવિરસ ભુગતાયા,એમ અશુભ કરમ ફલ પાયા;
ઇણ દુ:ખસે નાહિ મુકાયા (૨) મેં.૪

નરભવ ચિંતામણિ પાયા, તબ ચાર ચોર મીલ આયા,
મુજે ચૌટેમેં લૂંટ ખાયા, અબ સાર કરો જિનરાયા;
કિસ કારણ દેર લગાયા (૨) મેં.૫
જિણે અંતરગતમેં લાયા, પ્રભુ નેમિ નિરંજન ધ્યાયા,
દુ:ખ સંકટ વિઘન હટાયા, તે પરમાનંદ પદ પાયા;
ફિર સંસારે નહિ આયા (૨) મેં.૬
મેં દૂર દેશસેં આયા, પ્રભુ ચરણે શીષ નમાયા,
મેં અરજ કરી સુખદાયા, તુમે અવધારો મહારાયા;
એમ વીરવિજય ગુણ ગાયા (૨) મેં.૭

## (૭) તુજ દરિશન દીઠું

તુજ દરીશન દીઠું અમૃત મીઠું લાગે રે યાદવજી,
ખિણ ખિણ મુજ તુજશું ધર્મ સનેહો જાગે રે યાદવજી;
તું દાતા ત્રાતા ભ્રાતા માતા તાત રે યાદવજી,
તુજ ગુણના મોટા જગમાં છે અવદાત રે યાદવજી. ૧
કાચે રતિ માંડે સૂરમણી છાંડે કુણ રે યાદવજી,
લઇ સાકર મુકી કુણ વળી ચુકી લુણ રે, યાદવજી;
મુજ મન ન સુહાયે તુજ વિણ બીજો દેવ રે, યાદવજી,
હું અહર્નિશ ચાહું તુજ પદ પંકજ સેવ રે યાદવજી. ૨
સુરનંદન હેવા ગજ જિમ રેવા સંગ રે યાદવજી,
જિમ પંકજ ભૃંગા શંકર ગંગા રંગ રે, યાદવજી;
જિમ ચંદ ચકોરા મેહા મોરા પ્રીતિ રે યાદવજી,
તુજમાં હું ચાહુ તુજ ગુણને જોગે છતી, યાદવજી. ૩
મેં તુમને ધાર્યા વિસાર્યા નહિ જાય રે. યાદવજી,
દિન રાતે ભાતે ધ્યાઉં તો સુખ થાય રે. યાદવજી;
દિલ કરૂણા આણો જો તુમ જાણો રાગ રે યાદવજી,
દાખો એક વેળા ભવજલ કેરા તાગ રે યાદવજી. ૪
દુ:ખ ટળીયો મીલીયો આપે મુજ જગનાથ રે યાદવજી,
સમતા રસ ભરીયો ગુણ દરિયો શિવ સાથ રે યાદવજી;
તુજ મુખડું દીઠે દુ:ખ નાઠે સુખ હોઇ રે યાદવજી,
વાચકજસ બોલે નહિ તુજ તોલે કોઇ રે યાદવજી. ૫

## (૮) હારે મારે નેમિ

### રાગઃ હારે મારે ધર્મ જિણેશ્વર

હાંરે મારે નેમિ જિનેસર, અલવેસર આધાર જો,
સાહિબરે સોભાગી ગુણમણી આગરૂં રે લો;
હાંરે મારે પરમ પુરૂષ પરમાતમ દેવ પવિત્રજો,
આજ મહોદય દરિસણ પામ્યો તાહરૂ રે લો; ૧
હાંરે મારે તોરણ આવી, પશુ છોડાવી નાથજો,
રથ ફરીને વળીયા, નાયક નેમજીરે લો;
હાંરે મારે દૈવ અટારે, એ શું કીધુ આજ જો,
રઢીયાળી વર રાજુલ છોડી નેમજી રે લો ૨
હાંરે મારે સયોગી ભાવ, વિયોગી જાણી સ્વામી જો,
એ સંસારે ભમતા કો કેહનું નહિ રે લો
હાંરે મારે લોકાંતિકને, વયણે પ્રભુજી તામજો,
વરસીદાન દીયે તિણ અવસર જિન સહીરે લો ૩
હાંરે મારે સહસાવનમાં સહસ પુરૂષની સાથજો,
ભવદુઃખ છેદન કારણ ચારિત્ર આદરે લો,
હાંરે મારે વસ્તુ તત્ત્વને રમણ કરંતા સાર જો;
ચોપનમેં દિન કેવળજ્ઞાન દશા વરે રે લો. ૪
હાંરે મારે લોકાલોક પ્રકાશક ત્રિભુવન ભાણજો,
ત્રિગડે બેસી ધરમ કહે શ્રી જિનવરૂ રે લો;
હાંરે મારે શિવાનંદન વરસે સુખકર વાણીજો;
આસ્વાદે ભવિ ભાવ ધરીને સુંદરૂ રે લો. ૫
હાંરે મારે દેશના નિસુણી, બુજ્યા રાજુલ નારજો,
નિજ સ્વામીને હાથે સંયમ આદરે રે લો;
હાંરે મારે અષ્ટ ભવોની, પાળી પૂરણ પ્રીતજો,
પિયુ પહેલા શિવ લક્ષ્મી રાજીમતી વરે રે લો ૬
હાંરે મારે વિચરી વસુધા, પાવન કીધી સારજો,
જગ ચિંતામણી જગ ઉપગારી, ગુણનિધિરે લો;
હાંરે મારે જિન ઉત્તમ પદ પંકજ કેરી સેવજો,
કરતા રતન વિજયની કીરતિ અતિ વધીરે લો. ૭

## (૯) દ્વારાપુરીનો નેમ

દ્વારાપુરીનો નેમ રાજીયો, તજી છે જેણે રાજુલ જેવી નાર રે;
ગિરનારી નેમ સંયમ લીધો છે બાળો વેશમાં ૧
મંડપ રચ્યો છે મધ્યચોકમાં, જોવા મળીયા છે દ્વારાપુરીના લોક રે. ૨
ભાભીએ મેણામાર્યા નેમને, પરણે વ્હાલો શ્રી કૃષ્ણનોવીર રે. ૩
ગોખે બેસીને રાજુલ જોઇ રહ્યા, ક્યારે આવે જાદવકુળનો દીપ રે ૪
નેમજી તે તોરણ આવીયા, સુણી કંઇ પશુનો પોકાર રે ૫
સાસુએ નેમજીને પોંખીયા, વ્હાલો મારો તોરણ ચઢવા જાય રે. ૬
નેમજીએ સાળાને બોલાવીયા, શાને કરે છે પશુડા પોકાર રે ૭
રાતે રાજુલ બહેન પરણશે, સવારે દેશું ગોરવના ભોજન રે ૮
પશુએ પોકાર કર્યો નેમને, ઉગારો વ્હાલા રાજીમતી કેરા કંતરે ૯
નેમજીએ રથ પાછો વાળીઓ, જઇ ચઢ્યા ગઢ ગિરનાર રે. ૧૦
રાજુલ બેની રૂવે ધ્રુસકે, રૂવે રૂવે કાંઇ દ્વારાપુરીના લોકરે ૧૧
વીરાએ બેનીને સમજાવીયા, અવર દેશું નેમ સરીખો ભરથાર રે ૧૨
પીયું તે નેમ એક ધારીયા, અવર દેખુ ભાઇને બીજા બાપ રે ૧૩
જમણી આંખે શ્રાવણ સરવરે, ડાબી આંખે ભાદરવો ભરપુર રે ૧૪
ચીર ભીંજાય રાજુલ નારીના, વાગે છે કાંઇ કંટકો અપાર રે. ૧૫
નેમ તીર્થંકર બાવીસમા, સખીયો કહે ના મળે એની જોડ રે. ૧૬
હીર વિજય ગુરૂ હીરલો, લબ્ધિ વિજય કહે કરજોડ રે. ૧૭

## (૧૦) સહસાવન જઈ

સહસાવન જઇ વસીયે, ચાલોને સખી સહસાવન જઇ વસીયે;
ઘરનો ધંધો કબહી ન પુરો, જો કરીએ અહો નિશિએ;
પીયરમાં સુખ ઘડીય ન દીઠું, ભય કારણ ચઉદિશિએ. ૧
નાથ વિહુણા સયલ કુટુંબી, લજ્જા કમિયી ન પસીએ;
ભેગા જમીએ ને નજર ન હિંસે, રહેવું ઘોર તમસીએ. ૨
પીયર પાછળ છલ કરી મેલ્યુ, સાસરીયે સુખ વસીયે;
સાસુડી તે ઘર ઘર ભટકે, લોકને ચટકે ડસીએ. ૩
કહેતા સાચું આવે હાસું, ભુંશીયે મુખ લઇ મશીએ;
કંત અમારો બાળો ભોળો, જાણે ન અસિ મસિ કસિએ; ૪

જુઠા બોલી કલહણ શીલા; ઘર ઘર શૂનિ જ્યું ભસીયે;
એ દુઃખ દેખી હઇડું મુંઝે, દુર્જનથી દૂર ખસીયે. ૫
રૈવત ગિરિનું ધ્યાન ન ધરીયું, કાલ ગયો હસમસીએ;
શ્રી ગિરનારે ત્રણ કલ્યાણક, નેમિ નમન ઉલ્લસીએ. ૬
શિવ વરસે ચોવિશ જિનેશ્વર, અનાગત ચઉવીશીએ;
કૈલાસ ઉજ્જયંત રૈવત કહીએ, શરણ ગિરિને ફરશીયે. ૭
ગિરનાર નંદ ભદ્ર એ નામે, આરે આરે છવીસીયે;
દેખી મહિતલ મહિમા મોટો, પ્રભુગુણ જ્ઞાન વરસીએ. ૮
અનુભવ રંગ વધે તેમ પૂજો, કેશર ઘસી ઓરશીયે;
ભાવસ્તવ સુત કેવલ પ્રગટે, શ્રી શુભવીર વિલશીયે. ૯

## (૧૧) નેમિ જિનેશ્વર

**રાગઃ સિધ્ધારથના રે નંદન**

નેમિ જિનેશ્વર નમીએ નેહશું, બ્રહ્મચારી ભગવાન;
પાંચ લાખ વરસનું આંતરૂ, શ્યામ વરણ તનુવાન.૧
કારતિક વદિ બારસ ચવિયા પ્રભુ, માતા શિવાદે મલ્હાર,
જન્મ્યા શ્રાવણ સુદિપાંચમ દિને, દશ ધનુષ કાયા ઉદાર.૨
શ્રાવણ સુદિ છઠે દીક્ષા ગ્રહી, આસો અમાસે રે નાણ;
અષાઢ સુદિ આઠમે સિધ્ધિ વર્યા, વરસ સહસ આયુ પ્રમાણ. ૩
હારિ પટરાણી શાંબ પ્રદ્યુમ્ન વલી તિમ વસુદેવની નાર,
ગજસુકુમાલ પ્રમુખ મુનિરાજીયા, પહોંચાડ્યા ભવપાર. ૪
રાજીમતી પ્રમુખ પરિવારને, તાર્યો કરૂણા રે આણ;
પદ્મવિજય કહે નિજ પર મત કરો, મુજ તારો તો પ્રમાણ. ૫

## (૧૨) અરજી સુનલો

**રાગઃ મેરા જીવન કોરા**

અરજી સુનલો હો નેમ નગીના, રાજુલના ભરથાર,
ભજલો ભજલો હો જગના પ્રાણી, ભજો સદા કિરતાર...અરજ
જાન લઇને આવ્યા ત્યારે, હર્ષ તણો નહિ પાર,
પશુતણો પોકાર સુણીને, પાછા વળ્યા તત્કાળ...અરજ
રાજુલ ગોખે રાહ નીરખતી, રડતી આંસુધાર,
પિયુજી મારા કેમ રિસાયાં, મુજ હૈયાના હાર...અરજ
નેમ બન્યાં તીર્થંકર સ્વામી, બાવીશમા જિનરાજ,
માયા છોડી મનડું સાધ્યું, નમો નમો શિરતાજ... અરજ

નેમ નિરંજન નાથ હમારા, અમ નયનોના તારા,
બાળક તુમ ભક્તિને માટે, રડતો આંસુધાર... અરજ
પરદુઃખ ભંજન નાથ નિરંજન, જગપાલક કિરતાર,
જ્ઞાનવિમલ કહે, ભવસિન્ધુથી, મુજને પાર ઉતાર... અરજ

## (૧૩) નેમ પ્રભુના

**રાગ: અમી ભરેલી નજરૂ રાખો...**

નેમ પ્રભુના ચરણ કમળની લગની અમને લાગી;
ભર જોબનમાં રાજુલ જેવી રમણી જેણે ત્યાગી... નેમ...
કૃષ્ણદેવની સઘળી નારી, મનહરનારી કામણગારી;
વિવાહની વાતો ઉચ્ચારી, મન ડોલાવા લાગી... નેમ...
પશુઓની સુણીને વાણી, દયા અતિશય દિલમાં આણી;
ગિરનારે જઇ સંયમધારી, માયા મમતા ત્યાગી...
પાછળ આવી રાજુલ નારી, પૂર્વ જન્મથી છે સંસ્કારી;
તેને પણ આપે ત્યાં તારી, ભવની ભાવઠ ભાગી...
રોમરોમમાં નિર્વિકારી, અમને આપો બુધ્ધિ સારી;
શ્યામ જીવનમાં ઝળહળકારી, નિર્મળ જ્યોતિ જાગી...

## (૧૪) નેમજી કાગલ

**રાગ: મેરા જીવન કોરા કાગઝ**

નેમજી કાગલ મોકલે, નિશદિન રાજુલ હાથ,
હવે અમે સંયમ લેઇશું, તમે ચાલો અમારી સાથ ।।૧।।
અમે છીએ ગઢ ગિરનારમાં, સુંદર સહેસારે વન
તિહાં તમે વ્હેલા પધારજો, જો હોય સંયમનો મન ।।૨।।
કહેશો અમને કહ્યું નહી, આઠ ભવની હો પ્રીત,
વલતું વાલમ વાલમાં, એ છે ઉત્તમ રીત ।।૩।।
લેખ વાંચીને રાજીમતિ, ચઢિયાં ગઢ ગિરનાર,
સ્વામી હાથે સંયમ લીધો, પાળે પંચ આચાર ।।૪।।
ધન્ય રાજુલ ધન્ય નેમજી, ધન્ય ધન્ય બેહુની પ્રીત,
સંયમ પાળી મુકતે ગયાં, રૂપ વંદે નિશદિન ।।૫।।

## (૧૫) રાગ: સોનામાં સુગંધ ભળે...

સુણોસખી સજ્જન ના વિસરે, સુણો સખી૦... આંકણી૦
આઠ ભવાંતર નેહ નિવાહી, નવમેં કયું વિસરે; સુ૦
નેહ વિલુધા આ દુનિયામેં, ઝંપાપાત કરે૦. ।।૧।।

ઘર છંડી પરદેશમેં ભમતા, પૂરણ પ્રેમ ઠરે; સુ૦
જાન સજી કરી જાદવ આયે; નયને નયન મિલે. સુ૦ ।।૨।।
તોરણ દેખ ગયે ગિરનારે, ચારિત્ર લેઇ વિચરે; સુ૦
દૂષણ ભરિયા દુર્જન લોકો, દયિતા દોષ ભરે. સુ૦. ।।૩।।
માત શિવાસુત સાંભલ સજ્જન, સાચા ઇમ ઠરે; સુ૦
તોરણ આઇ મુજ સમજાઇ, સંયમ શાન કરે; સુ૦ ।।૪।।
રાજુલ રાગ વિરાગે રહેતી, જ્ઞાન વધાઇ વરે; સુ૦
પ્રીતમ પાસે સંયમ વાસે, પાતિક દૂર કરે સુ૦ ।।૫।।
સહસાવનકી કુંજ ગલનમેં, જ્ઞાન સે ધ્યાન ધરે; સુ૦
કેવલ પામી શિવગતિ ગામી, આ સંસાર તરે સુ૦ ।।૬।।
નેમિજિણેસર સુખ સજઝાએ, પોઢ્યાં શિવનગરે; સુ૦
શ્રી શુભવીર અખંડ સનેહી, કીર્તિ જગ પ્રસરે.. સુ. ।।૭।।

## (૧૬) આવ્યા ઉગ્રસેન

**રાગ: મારા શામળા છો નાથ**

આવ્યા ઉગ્રસેન દરબાર, નેમ પરણવા રાજુલનાર,
નવભવની નારીને બુજવવા. ।।૧।।
જાન તોરણ પાસે આવે, સખીયો મંગલ ગીતો ગાવે, સજી સોલ શણગાર,
રાજુલ ઉભા ગોખ મોજાર, પતિ શામલીયા નેમને નિહાળવા. ।।૨।।
સુણી નેમનું હૈયું દુભાય છે, રથડો પાછો વાળીને જાય છે.
દેવા માંડયું વરસીદાન, ત્યાંતો રૂવે રાજુલનાર, પતિ૦ ।।૩।।
પતિ વિરહ સુણી ધરણી ઢળે, રાજુલ કોટી કોટી વિલાપ કરે,
મુજને છેડી ન જાઓ નાથ, હું તો આવુ તમારી સાથ, પતિ૦ ।।૪।। સહસાવનમાં
જઇ સંયમ લીયે, રાજુલ પણ સંસાર તજે,
બુજવી સ્નેહે રાજુલની જોડી શોભે છે પતિ. ।।૫।।
બન્ને મુંક્તિની મોજ માણે છે
પહેલા તારી રાજુલ નાર પછી પહેરે મુક્તિમાળ, પતિ૦ ।।૬।।
ગુરૂ ઉદય રત્ન વીનવે છે, ભવોભવનાં દર્શન ઇચ્છે છે
જેમ તારી રાજુલનાર, તેમ તારી લ્યો આ બાળ,
પતિ શામલીયા નેમને નિહાળવા, ।।૭।।

## (૧૭) નેમિ જિનેસર

### રાગઃ સિધ્ધારથના રે નંદન...

નેમિ જિનેસર નિજ કારજ કર્યો, છાંડ્યો સર્વ વિભાવોજી;
આતમ શકિત સકળ પ્રગટ કરી, આસ્વાદ્યો નિંજ ભાવોજી... (૧)
રાજુલ નારી રે સારી મતિ ધરી, અવલંબ્યા અરિહંતોજી;
ઉત્તમ સંગે રે ઉત્તમતા વધે, સાધે આનંદ અનંતોજી...(૨)
ધર્મ અધર્મ આકાશ અચેતના, તે વિજાતી અંગ્રાહ્યોજી;
પુદ્ગલ ગ્રહવે રે કર્મ કલંકતા, વાધે બાધક બાહ્યોજી...(૩)
રાગી સંગે રે રાગ દશા વધે, થાએ તિણે સંસારોજી;
નિરાગીથી રે રાગને જોડવો, લહીયે ભવનો પારોજી...(૪)
અપ્રશસ્તતા રે ટાળી પ્રશસ્તતા, કરવા આશ્રવ નાશોજી;
સંવર વાધે રે સાથે નિર્જરા, આતમ ભાવ પ્રકાશોજી...(૫)
નેમિ પ્રભુ ધ્યાને એકત્વતા, નિજ તત્ત્વે ઇક તાનોજી;
શુકલ ધ્યાને રે સાધી સુસિધ્ધતા, લહિયે મુકિત નિદાનોજી...(૬)
અગમ અરૂપી રે અલખ અગોચરૂ, પરમાતમ પરમીશોજી;
દેવચંદ જિનવરની સેવના, કરતાં વાધે જગીશોજી... (૭)

## (૧૮) નેમિ જિણંદ નિરંજણો

નેમિ જિણંદ નિરંજણો, જઇ મોહ થળે જળ કેળ રે,
મોહના ઉદ્ભટ ગોપી, એકલમલ્લે નાંખ્યા ઠેલરે;
સ્વામી સલૂણા સાહિબા, અતુલી બળ તું વડવીર રે... (૧)
કોઇક તાકી મુકિત, અતિતીખાં કટાક્ષનાં બાણ રે;
વેધક વયણ બંદુક ગોળી, જે લાગે જાયે પ્રાણ રે... (૨)
અંગુલી કટારી ઘોચતી, ઉછાળતી વેણી કૃપાણ રે;
સિંથો બાલા ઉગામતી, સિંગ જળ ભરે કોક બાણરે... (૩)
ફુલ દડા ગોળી નાખે, જે સત્ત્વ ગઢે કરે ચોટરે;
કુચ યુગ કરિ કુંભ સ્થળે, પ્રહરતી હૃદય કપાટરે... (૪)
શીલ સન્નાહ ઉન્નત સબે, આરિ શસ્ત્રને ગોળા ન લાગ્યા રે;
સોર કરી મિથ્યા સવે, મોહ સુભટ દહો દિશેં ભાગ્યા રે... (૫)
તવ નવ ભવ યોદધો મંડયો, સજી વિવાહ મંડપ કોટ રે;
પ્રભુ પણ તસ સમ્મુખે ગયો, નીસાણે દેતો ચોટરે... (૬)

ચાકરી મોહની છોડવી, રાજુલને શિવપુર દીધ રે;
આપે રૈવતગિરિ સજી, ભીંતર સંયમઘટ લીધ રે... (૭)
શ્રવણ ધરમ યોદ્ધા લડે, સંવેગ ખડગ ધૃતિ ઢાલ રે;
ભાલા કેસ ઉપાડતો, શુભ ભાવના ગડગડે નાળ રે... (૮)
ધ્યાન ધારા શર વરસતો, હણી મોહ થયો જગનાથ રે;
માન વિજય વાચક વદે, મેં ગ્રહ્યો તાહરો સાથ રે... (૯)

## (૧૯) સુણો સૈયર મોરી

સુણો સૈયર મોરી, જુઓ અટારી આવે છે નેમ કુમાર;
શિવા દેવીનો નંદ છે વાલો, સમુદ્ર વિજય છે તાત,
કૃષ્ણ મોરારીનો બાંધવ વખાણું, યાદવ કુળ મોઝાર રે,
પ્રભુ નેમ વિહારી, બાળ બ્રહ્મચારી, જુઓ અટારી... ૧
અંગ ફરકે છે જમણું બેની, અપશુકન મને થાય;
જરૂર વ્હાલો પાછો જ વળશે, નહિ ગ્રહે મુજ હાથ રે,
મને થયા દુ:ખ ભારી, કહું છું આભારી, જુઓ અટારી રે... ૨
પરણું તો બેની તેનેજ પરણું, અવર પુરૂષ ભાઇ બાપ,
હાથ ન ગ્રહો મારો તો તેમને મુકાવુ મસ્તકે હાથ.
હું થાવું વ્રત ધારી, બાળ બ્રહ્મચારી, જુઓ અટારી... ૩
સંયમધારી રાજુલ નારી, ચાલ્યા છે ગઢ ગિરનાર
મારગે જાતા મેઘજી વરસ્યા, ભીંજાય સતીના ચીરરે,
ગયા ગુફા મોઝારી, મનમાં વિચારી, જુઓ અટારી... ૪
ચીર સુકવે છે સતી રાજુલા, નગ્ન પણે તેણી વાર,
રહનેમિ તિહાં કાઉસ્સગ્ગે ઉભા, રૂપે મોહ્યા તેણીવાર
સુણો ભાભી અમારી, થાવ ઘરબારી, જુઓ અટારી... ૫
વમેલા આહારને શું કરવો છે, સુણો દિયર મોરી વાત.
મુજને વમેલી જાણો દેવરજી, શાને ખોવો વ્રત ધીરરે,
સંયમ સુખકારી, પાળો આવારી, જુઓ અટારી... ૬
રહનેમિ મુનિવર રાજીમતિને, ઉપન્યું કેવળ જ્ઞાન
ચરમ શરીરી મોક્ષે પધાર્યા, સાધવા આતમ કાજરે,
વીર વિજય આવારી, ગાઉં ગુણ ભારી, જુઓ અટારી... ૭

## (૨૦) થાશું કામ સુભટ ગયો

(રાગ - ચાંદી કી દિવાર ના તોડી...)

થાશું કામ સુભટ ગયો હારી, થાશું કામ સુભટ ગયો હારી;
રતિપતિ આણ વહે સૌ સુરનર, હરિ હર બ્રહ્મ મુરારિ રે... થાશું... ૧
ગોપીનાથ વિગોપિત કીનો, હર અર્ધાંગિત નારી રે;
તેહ અનંગ કીયો ચકચૂરણ, એ અતિશય તુજ ભારી રે... થાશું... ૨
એ સાચું જિમ નીર-પ્રભાવે, અગ્નિ હોત સવિ છારી રે;
તે વડવાનલ પ્રબલ જબ પ્રગટે, તબ પીવત સવિ વારિ રે... થાશું... ૩
તેણી પરે દહવટ અતિ કીની, વિષય રતિ અરતિ નારી રે;
નય વિજય પ્રભુ તુહીં નિરાગી, તું હી મોટા બ્રહ્મચારી રે... થાશું... ૪

## (૨૧) નેમિ નિરંજન ! નાથ !

(રાગ - આજ મારા પ્રભુજી...)

નેમિ નિરંજન નાથ હમારો, અંજન વર્ણ શરીર ;
પણ અજ્ઞાન તિમિરને ટાળે, જીત્યો મનમથ વીર...
પ્રણમો પ્રેમ ધરીને પાય, પામો પરમાનંદ;
યદુકુળચંદ રાય ! માત શિવાદે નંદ ... પ્રણમો પ્રેમ...૧
રાજીમતી શું પૂરવ ભવની, પ્રીત ભલી પરે પાળી,
પાણિગ્રહણ સંકેતે આવી, તોરણથી રથ વાળી... પ્રણમો પ્રેમ...૨
અબળા સાથે નેન જોડ્યો, તે પણ ધન્ય કહાણી;
એક રસે બહુ પ્રીત થઇ તો, કીર્તિ કોડ ગવાણી... પ્રણમો પ્રેમ...૩
ચંદન પરિમલ જિમ, જિમ ખીરે ધૃત એકરૂપ નવિ અલગા;
ઇમ જે પ્રીત નિવાસહિં અહનિશ, તે ધન ગુણ સુવિલગા... પ્રણમો પ્રેમ...૪
ઇમ એકંગી જે નર કરશે, તે ભવ સાયર તરશે;
જ્ઞાનવિમલ લીલા તે ધરશે, શિવસુંદરી તસ વરશે... પ્રણમો પ્રેમ...૫

## (૨૨) નેમીસરજિન બાવીસમોજી

(રાગ - મારો મુજરો લ્યોને રાજ.../ આજ મારા પ્રભુજી)

નેમીસરજિન બાવીસમોજી, વીસમો મુજ મનમાંહિ;
શ્રી હરિવંશ મેરૂગિરિમંડન, નંદનવન યદુવંશ;
તિહાં જે જિનવર સુરતરૂઉદયો, સુરનર રચિત પ્રશંસ...નેમી...૧
સમુદ્રવિજયનૃપ શિવાદેવીસુત, શૌરીપુર અવતાર;
અંગ તુંગ દશ ધનુષ મનોહર, અંજન વરણ ઉદાર...નેમી... ૨
એક સહસ સંવત્સર જીવિત, લંછન શંખ સુહાય;
સુર ગોમેધ અંબિકાદેવી, સેવતી જસ નિત પાય...નેમી...૩
કેશવનો બળ મદ જેણે ગાળ્યો, જિમ હિમ ગાળે ભાણ;
જેણે પ્રતિબોધિ ભવિઅણ કોડિ, મોડી મનમથ બાણ...નેમી...૪
રાજીમતી મન કમલ દિવાકર, કરૂણારસ ભંડાર;
તે જિનજી મનવંછિત દેજો, ભાવ કહે અણગાર....નેમી...૫

## (૨૩) દેખો માઇ ! અજબ

(રાગ - જિન તેરે ! ચરણ કી શરણ...)

દેખો માઇ ! અજબ રૂપ જિનજી કો...
ઇન કે આગે ઔર સબહું કો, રૂપ લાગે મોંહે ફિકો... દેખો...
નયન કરૂણા અમૃત કચોલે, મુખ સોહે અતિ નિકો... દેખો...
કવિ જશવિજય કહે એ નેમજી, પ્રભુ ત્રિભુવન ટીકો... દેખો...

## (૨૪) મહેર કરો મનમોહન

(રાગ - નિરખ્યો નેમિ જિણંદને...)

મહેર કરો મનમોહન દુઃખવારણજી, આવો આણે ગેહ ચિત્તઠારણજી
રોષ ન કીજે રાજીયા દુઃખવારણજી, આણો હઇડે નેહ ચિત્તઠારણજી...૧
કાળ જશો કહાણી ચહેરો દુઃખવારણજી, જશ વિસ્તરશે વાત ચિત્તઠારણજી
કોઇ મુજને નરતી કહશેં દુઃખવારણજી, કોઇ વળી તુમ્હને કુભાત ચિત્તઠારણજી...૨

પહિલિ વાત વિમાસીયે દુઃખવારણજી, તો ન હોય ઉપહાસ ચિત્તહરણજી
જો હોયેં ઘર આપણો દુઃખવારણજી, તોહિજ દીજેં આશ ચિત્તહરણજી...૩
વિણ તરૂઅર વનવેલીને દુઃખવારણજી, કુણ રાખે ? નિજ છાંહિ ચિત્તહરણજી
કંત વિના તેમ નારીને દુઃખવારણજી, કુણ અવલંબે ? બાંહિ ચિત્તહરણજી...૪
નેહ નથી મુજ કારમો દુઃખ વારણજી, નિશ્ચે જાણો નાથ ચિત્તહરણજી
દેહ તણી જિમછાંહડી દુઃખવારણજી, નહીં છાંડુ તિમ સાથ ચિત્તહરણજી...૫
દુઃખીયાના દુઃખ ટાળવા દુઃખવારણજી, શું શું ન કરે સંત ? ચિત્તહરણજી
તો મુજ આપ ઉત્તમ થઇ દુઃખવારણજી, કાં ઉવેખો કંત ચિત્તહરણજી...૬
ઇમ કહેતી રાજીમતી દુઃખવારણજી, પોહતી ગઢ ગિરનાર ચિત્તહરણજી
વિનય કહે જઇ મુગતિમાં દુઃખવારણજી, ભેટ્યો નિજ ભરતાર ચિત્તહરણજી...૭

## (૨૫) શૌરીપુર સોહામણું રે

**(રાગ - એક દિન પુંડરિક ગણધરું રે લાલ...)**

શૌરીપુર સોહામણું રે લાલ, સમુદ્રવિજય નૃપ નંદ રે સોભાગી
શિવાદેવી માતા જનમીયો રે લાલ, દરિસણ પરમાનંદ રે સોભાગી...૧
નેમિ જિનેસર વંદિયે રે લાલ...
જોબન વય જબ જિન હુઆ રે લાલ, આયુધશાળા આય રે સોભાગી;
શંખ શબ્દ પૂર્યો જદા રે લાલ, ભય ભ્રાંત સહુ તિંહા થાય રે સોભાગી...૨
હરિ હઇડે એમ ચિંતવે રે લાલ, એ બલિયો નિરધાર રે સોભાગી;
દેવ વાણી તબ ઇમ હુએ રે લાલ, બ્રહ્મચારી વ્રતધાર રે સોભાગી...૩
અંતે ઉરી સહુ ભેલી થઇ રે લાલ, જલ શ્રૃંગી કર લીધ રે સોભાગી;
મૌન પણે જબ જિન રહ્યા રે લાલ, "માન્યું - માન્યું" એમ કીધ રે સોભાગી.. ૪
ઉગ્રસેન રાય તણી સુતા રે લાલ, જેહનું રાજુલ નામ રે સોભાગી;
જાન લેઇ જિનવર ગયા રે લાલ, ફલ્યો મનોરથ તામ રે સોભાગી...૫
પશુય પોકાર સુણી કરે રે લાલ, ચિત્ત ચિંતે જિનરાય રે સોભાગી;
ધિગ્! વિષયા સુખ કારણે રે લાલ, બહુ જીવનો વધ થાય રે સોભાગી...૬
તોરણથી રથ ફેરીયો રે લાલ, દેઇ વરસી દાન રે સોભાગી;
સંજમ મારગ આદર્યો રે લાલ, પામ્યા કેવળ જ્ઞાન રે સોભાગી...૭

અવર ન ઇચ્છું ઇણ ભવે રે લાલ, રાજુલે અભિગ્રહ લીધ રે સોભાગી;
પ્રભુ પાસે વ્રત આદરી રે લાલ, પામી અવિચળ રિદ્ધ રે સોભાગી...૮
ગિરનાર ગિરિવર ઉપરે રે લાલ, ત્રણ કલ્યાણક જોય રે સોભાગી;
શ્રી ગુરુ ખિમાવિજય તણો રે લાલ, જશ જગ અધિકો હોય રે સોભાગી...૯

## (૨૬) નેમિ જિનેસર વાલ્હો રે...

(રાગ - સરસ્વતી સ્વામિને વિનવું રે મનના રસીયા...)

નેમિ જિનેસર વાલ્હો રે, રાજુલ કહે ઇમ વાણ રે... મનવસીયા
એહજ મેં નિશ્ચય કીયો રે, સુખદાયક ગુણ ખાણ રે... શિવરસીયા... ૧
કૃપાવંત શિરોમણિ રે, મેં સુણ્યો ભગવંત રે... મનવસીયા
હરિણ-શશાદિક જીવને રે, જીવિત આપ્યું સંત રે... શિવરસીયા... ૨
મુજ કૃપા તે નવિ કરી રે, જાણું સહિ વીતરાગ રે... મનવસીયા
યાચક દુઃખીયા-દીનને રે, દીધું દાન મહાભાગ્ય રે... શિવરસીયા...૩
માગું હું પ્રભુ એટલું રે, હાથ ઉપર દ્યો હાથ રે... મનવસીયા
તે આપી તુમ નવિ શકો રે, આપો ચારિત્ર હાથ રે... શિવરસીયા...૪
ચારિત્ર ઓથ આપી કરી રે, રાજુલ નિજ સમ કીધ રે... મનવસીયા
ઋદ્ધિ કીર્તિ પામી કરી રે, અમૃત પદવી લીધ રે... શિવરસીયા... ૫

## (૨૭) નેમિજિન સાંભળો

(રાગ - તાર મુજ તાર / ઋષભ જિનરાજ...)

નેમિજિન સાંભળો વિનતિ મુજ તણી, આશ નિજદાસની સફળ કીજે;
બ્રહ્મચારી શિરસેહરો તું પ્રભો, તાત મુજ વાત તું ચિત્ત ધરીજે... ૧
નગર શૌરીપુર નામ રળીયામણું, સમુદ્રવિજયાભિધે ભૂપ દીપે ;
શ્રી શિવાદેવી નંદન કરું વંદના, અંજનવાન રતિનાથ જીપે... ૨
શંખ ઉજ્જ્વલ ગુણા શંખ લાંછન થકી, સાર ઇગ્યાર ગણધર સોહાવે ;
આઉ એક સહસ વરસ માને કહ્યું, અંગ દશધનુષ માને કહાવે... ૩

યક્ષ ગોમેધને અંબિકા યક્ષિણી, જૈનશાસન સદા સૌખ્યકારી;
અઢાર હજાર અણગાર શ્રુતસાગરા, સહસ ચ્યાલીશ અજ્ઞાવિચારી... ૪
કંચનાદિક બહુ વસ્તુ જગકારમી, સાર સંસારમાં તું હી દીઠે;
પ્રમોદ સાગર પ્રભુ હરખથી નિરખતાં, પાતિક પૂર સવિ દૂર નીઠે.... ૫

## (૨૮) બાવીસમા નેમિ જિણંદ

(રાગ - યહ હૈ પાવનભૂમિ...)

બાવીસમા નેમિ જિણંદ, મુખ દીઠે પરમ આણંદ;
ભવિ કુમુદ ચકોરી ચંદ, સેવે વૃંદારક વૃંદ... બાવીસમા...૧
પરમાતમ પૂરણ આનંદ, પુરુષોત્તમ પરમ મુણિંદ;
જય જય જિનજગત જિણંદ, ગુણગાવે ત્રિભુવન વૃંદ... બાવીસમા...૨
ધીરીમ જિત મેરૂગિરીંદ, ગંભીરમ શયન મુકુંદ;
સદા સુપ્રસન્ન મુખ અરવિંદ, દંત છબિ ચિત્ત મસિ કુંદ... બાવીસમા...૩
શ્રી સમુદ્રવિજય નરીંદ, માતા શિવાદેવીના નંદ;
વારંતા પ્રભુ ભવભય ફંદ, દૂરે કર્યા દુઃખ કંદ... બાવીસમા...૪
જેણે જીત્યા મોહ મૃગેંદ, શિવસુખ ભોગી ચિદાનંદ;
વાઘજી મુનિ શિષ્ય ભાણચંદ્ર, ઇમ વિનવે હર્ષ અમંદ... બાવીસમા...૫

## (૨૯) નેમિજિન જાદવકુળ

(રાગ - ચાંદી કી દિવાર ના તોડી...)

નેમિજિન જાદવકુળ તાર્યો, નેમિજિન જાદવકુળ તાર્યો;
એકહી એક અનેક ઉપરે, કૃપા ધરમ મન ધાર્યો... નેમિ... ૧
વિષય વિષોપમ દુઃખ કે કારણ, જાણી સબી સુખ છાયો;
સંજમ લીનો પશુહિત કારન, મદન સુભટ મદ ગાર્યો... નેમિ... ૨
આપ તરી રાજુલકું તારી, પૂરવ પ્રેમ સમાર્યો ;
કહે જિનહર્ષ હમારી કિરપા, ક્યા મનમાંહી વિચાર્યો... નેમિ... ૩

## (30) સાંભળ સ્વામી! ચિત્તસુખકારી !

(રાગ - ઇતની શક્તિ હમે દેના...)

સાંભળ સ્વામી ! ચિત્ત સુખકારી ! નવ ભવ કેરી હું તુજ નારી !
પ્રીતિ વિસારી કાં પ્રભુ મોરી, ક્યું રથ ફેરી જાઓ છેરી ?...૧
તોરણ આવી શું મન જાણી ? પરિહરી માહરી પ્રીતિ પુરાણી,
કિમ વન સાધે ? વ્રત લીયે આધે વિણ અપરાધે શ્યે પ્રતિબંધ ...૨
પ્રીતિ કરીને કિમ તોડીજે, જેણે જસ લીજે તે પ્રભુ કીજે
જાણ સુજાણ જ તે જાણીજે, વાત જે કીજે તે નિવહીજે...૩
ઉત્તમહી જો આદરી છંડે, મેરૂ મહીધર તો કિમ મંડે ?
જો તુમ સરીખા સયણ જ ચૂકે, તો કિમ જલધર ધારા મૂકે...૪
નિગુણા ભૂલે તે તો ત્યાગે, ગુણ વિણ નિવહી પ્રીતિ ન જાયે,
પણ સુગુણા જો ભૂલી જાયે, તો જગમાં કુણને કહેવાયે ?...૫
એક પંખી પણ પ્રીતિ નિવાહે, ધન ધન તે અવતાર આરાહે ;
ઇમ કહી નેમશું મલી એકતારે, રાજુલ નારી જઇ ગિરનારે...૬
પૂરણ મનમાં ભાવ ધરેઇ, સંયમી હોઇ શિવસુખ લેઇ ;
નેમ શું મલીયા રંગે રલીયા, કેશર જંપે વંછિત ફલીયાં...૭

## (૩૧) એહ અથિર સંસાર-સ્વરૂપ

(રાગ - આંખડી મારી પ્રભુ...)

એહ અથિર સંસાર-સ્વરૂપ છે ઇસ્યો,
ક્ષણ પલટાએ રંગપતંગ તણો જિસ્યો !
બાજીગરની બાજી જેમ જૂઠી સહી,
તિમ સંસારની માયા એ સાચી નહીં... ૧

ગગને જિમ હરિચાપ પલક એક પેખિયે,
ખિણમાંહે વિસરાલ થાયે નવિ દેખિયે;
તિમ એહ યૌવન-રૂપ સકલ ચંચલ છે,
ચટકો છે દિન ચાર વિરંગ હુએ પછે.. ૨

જિમ કોઇક નર રાજ્ય લહે સુપના વિશે,
હય-હાથી-મઢ-મંદિર દેખી ઉલ્લસે;
જબ જાગે તવ આપ રહે તિમ એકલો,
તેહવો ઋદ્ધિનો ગારવ તિલ પણ નહિ ભલો... ૩

દેખીતાં કિંપાકતણાં ફલ ફૂટરાં,
ખાતાં સરસ સ્વાદ અંતે જીવિતહરાં;
તિમ તરૂણી તનુભોગ તુરત સુખ ઉપજે,
આખર તાસ વિપાક કટુક રસ નિપજે... ૪

એ સંસાર શિવાસુત એહવો ઓળખી,
રાજ રમણી ઋદ્ધિ છોડી થયા પોતે રિખી;
કર્મ ખપાવી આપ ગયા શિવમંદિરે,
દાનવિજ્ય પ્રભુ નામથી ભવસાગર તરે... ૫

## (૩૨) નેમજી રે તોરણ

(રાગ - બેના રે...)

નેમજી રે તોરણ આવીને પાછા ન જવાય;
કુંવારી ક્ન્યા રાણી રાજુલ ક્હેવાય,
પ્રભુ ગુણ ગાય, સામે જ થાય... કુંવારી...૧
આઠ ભવોની પ્રિતલડીને, નવમે ભવે ના તોડાય (૨)
બાલ બ્રહ્મચારી રાજુલબાળા, વિનવે નેમજીને પાય (૨)
નેમજી રે પાછા વળીને, અમારો પકડોને હાથ... કુંવારી...૨
પશુ તણો પોકાર સુણીને, રથ પાછો વાળ્યો (૨)
ધ્રુસકે રુવે રાજુલબાળા, ધરણી પર છે ધરાણી (૨)
નેમજી રે પાછા વળીને, તિંહા દીધું વરસીદાન... કુંવારી...૩
પંચાવન મેં દિન પ્રભુજી, પામ્યા કેવલ જ્ઞાન (૨)
સુણી વધામણી રાજુલબાળા, પ્રભુજીને ચરણે જાય (૨)
નેમજી રે દીક્ષા આપી કર્મ ખપાવી, મુક્તિપુરીમાં જાય... કુંવારી...૪
કેવલ કલ્યાણક જે કોઇ ગાશે, લેશે મુક્તિનું રાજ (૨)
નેમજી પહેલા પહોંચી રાજુલ, મુક્તિને ગોતવા જાય (૨)
નેમજી રે હીર વિજ્ય ગુરૂ, હીરલોને વીર વિજ્ય ગુણગાય... કુંવારી...૫

# ગિરનાર નેમિનાથ અર્વાચીન સ્તવન વિભાગ

**(રાગ : સૌ ચાલો સિધ્ધગિરિ જાઇએ...)**

સૌ ચાલો ગિરનાર જઇએ, પ્રભુ ભેટી ભવજલ તરીયે;
સોરઠ દેશે તરવાનું મોટું જહાજ છે.... સૌ.૧,
જયાં સન્યાસીઓ બહુ હોવે,ધર્મભાવથી ગિરિવર જોવે;
એવું સુંદર જૂનાગઢ ગામ છે.... સૌ.૨,
જયાં ગિરનાર દ્વાર આવે, વિવિધ ભાવના સૌ ભાવે;
એવું મોહક રળીયામણું આ સ્થાન છે....સૌ.૩,
જયાં તળેટી સમીપે જાતાં, આદેશ્વરના દર્શન થાતાં;
ધર્મશાળા ને બગીચો અભિરામ છે.... સૌ.૪,
જયાં ગિરિ ચઢતાં જમણે, અંબા સન્મુખ ઉગમણે;
મસ્તકે પગલાં પ્રભુ નેમિકુમારના છે.... સૌ.૫,
જયાં ગિરિ ચઢંતા ભાવે, ભવ્યાત્મા કર્મ ખપાવે;
એવો મારગ મુક્તિપુરી જાય છે.... સૌ.૬,
જયાં ચડાણ આકરા આવે, દાદાની યાદ સતાવે;
જપતાં હૈયે હાશ મોટી થાય છે.... સૌ.૭,
જયાં પહેલી ટૂંકે જાતાં, દહેરાના દર્શન થાતાં;
પ્રભુને જોવા હૈયું ઘેલું થાય છે.... સૌ.૮,
જયાં અતીત ચોવીસી માંહે, સાગરપ્રભુના કાળે;
ઇન્દ્રે ભરાવેલ મૂરતના દર્શન થાય છે .... સૌ.૯,
જયાં શત ત્રણ પગલા ચડતાં, ગૌમુખી એ પાદ ધરતાં,
ચોવીસ પ્રભુનાં પગલાં પાવનકાર છે.... સૌ.૧૦,
જયાં અંબા- ગોરખ જાતાં, શાંબપ્રદ્યુમનના પગલા દેખાતાં;
નમન કરતાં સૌ આગળ ચાલી જાય છે.... સૌ.૧૧,
જયાં પાંચમી ટૂંકે પહોતાં, મોક્ષકલ્યાણક પ્રભુનું જોતાં;
રોમે રોમે આનંદ અપાર છે.... સૌ.૧૨,
જયાં સહસાવને જાતાં, દીક્ષા-નાણ પ્રભુના થાતાં;
પગલે પગલે કોયલના ટહૂકાર છે.... સૌ.૧૩,

જયાં જિનશાસનના પાને, પ્રથમચોમાસું તળેટી થાવે;
છત્રછાયા **હિમાંશુ સૂરિ** રાય છે.... સૌ .૧૪
જયાં વીર છવ્વીસસો વરસે, હેમ નવ્વાણું વાર ફરશે;
**પ્રેમ-ચંદ્ર-ધર્મ** ની પસાય છે .... સૌ.૧૫

## વંદો ગિરનારને રે....

**(રાગ : પૂજો ગિરિરાજને રે....)**

વંદો ગિરનારને રે.... પૂજો ગિરનારને રે....
એ ગિરિવરનો મહિમા મોટો, કહેતા નાવે પાર.... રે..... વંદો....
અવસર્પિણીના છ આરે રે, વિધવિધ નામ ધરે.... વંદો.....
છવ્વીસ યોજન પહેલે આરે, કૈલાસગિરિ જે કહે.... વંદો....
ઉજ્જયંત નામે વીસ યોજનનો, બીજે તે આરે રહે.... વંદો....
રૈવતગિરિવર ત્રીજે આરે, ષટ્દસ માન ધરે.... વંદો.....
સ્વર્ણગિરિ અભિધા ચોથે આરે, યોજન દસનો બને.... વંદો....
પ્રભુનું શાસન તિંહા પ્રવર્તે, ધર્મની હેલી વહે.... વંદો....
બે યોજન માન ગિરનારનું રે, નેમિ ભજો પંચમે.... વંદો....
છઠ્ઠે આરે નંદભદ્ર નામે, શતધનુ તે રહે રે....
વિધવિધ અભિધા એમ ધરે રે ગિરિગુણ હેમ કહે.... વંદો....

## રૂડા રૂડા ગિરનારના શિખરો....

**(રાગ - ઊંચા ઊંચા શત્રુંજયના શિખરો...)**
**(મેરા જીવન કોરા કાગઝ)**

રુડા રુડા ગિરનારના શિખરો સોહાય (૨)
વચ્ચે મારા દાદા કેરા, દેરાઓ દેખાય... રુડા રુડા...
આદિશ્વરના દરશન કરી,
તળેટીએ લાગું પાય (૨)
નેમજીના ચરણ નમીને,
મનડું મારું ધાય (૨)
એ ગિરિવરનું ધ્યાન ધરતાં, ભવચોથે શિવ થાય ... ૧.
એક એક પગલે પ્રભુ સમરતાં,
નાચે મનનો મોર (૨)
(શ્વાસેશ્વાસે જપું જિનને

પગમાં આવે જોર (૨)
તીર્થંકરો સિધ્યા અનંતા વ્રતનાણ પામી હોય... ૨.
પહેલી ટૂંકે દેવકોટ માંહે,
નેમ પ્રભુ દેખાય (૨)
નયણાં મારા ધન્ય બનેને,
હૈયે હર્ષ ન માય (૨)
માનવભવનો લ્હાવો લઇને ફેરો સફલો થાય... ૩.

ચૌદે ચૈત્યના દર્શન પામી,
લળી લળી લાગું પાય (૨)
ગજપદકુંડનું જલ ફરસતા,
અંતર ભીનું થાય (૨)
જિનવર કેરી ભક્તિ કરતા, પાપો દૂર પલાય... ૪.

ચોવીસજિનના પાવન પગલાં,
ગૌમુખ ગંગા માંય (૨)
રહનેમિના દર્શન કરીને,
અંબાટૂંક જવાય (૨)
અંબાજીમાં શાંબજીના, ચરણ બે સોહાય... ૫.
ચોથી ટૂંકે ગોરખ જાતા,
પ્રદ્યુમ્ન પાદ દેખાય (૨)
ચોતરફ અવલોકન કરતાં,
આનંદ અતિ ઉભરાય (૨)
પાંચમી ટૂંકે નેમપ્રભુજી, મુક્તિગામી થાય... ૬.
નેમીશ્વર જ્યાં વ્રત ગ્રહીને,
પામ્યા કેવલ સાર (૨)
રાજીમતીજી શિવવર્યા તે,
સહસાવન મનોહાર (૨)
ઘાતી-અઘાતી કર્મો ખપાવી, પહોંતા મુક્તિ મોઝાર... ૭.
અનંતજિન કલ્યાણક જાણો,
પાવન ગઢ ગિરનાર (૨)
ગુણલા એ રૈવતગિરિના,
કહેતા નાવે પાર (૨)
હેમ વદે તમે ભાવે ભજીલો, દાદા છે ઉદાર... ૮.

## પલ પલ તારૂં સ્મરણ....

**રાગ : એક ઘડી પ્રભુ ઉર એકાંતે**

પલ પલ તારૂં સ્મરણ હો જીવનમાં, નિશદિન દર્શન મળે,
મારૂં જીવન ધન્ય બને, મારા ભવનું ભ્રમણ ટળે.... મારૂં.... ૧
ગિરનારતીર્થનો વાસી વ્હાલો, મહિમા અપરંપાર,
તીર્થંકરો સિધ્યા અનંતા, પામ્યું સિદ્ધપદ સાર.... મારૂં.... ૨
તારા દર્શન કાજે દાદા, નિત્ય સવારે દોડું,
એક વેળા મનમંદિર પધારો, અંતર દ્વાર ખોલું.... મારૂં.... ૩
આંખડી તારી કમળ પાંખડી, અદ્ભૂત રૂપ સોહે,
તારૂં મુખડું જોતાં મારૂં, હૈયું ગદ્ગદ્ બને.... મારૂં.... ૪
ખાલી હાથે આવ્યા સૌને, ખાલી હાથે જાવું,
આ જીવનમાં તુજને પામી, તારા ગુણલા ગાવું.... મારૂં.... ૫
આ ભવ પરભવ એટલું માંગુ, તારૂં શરણ મળે,
ના રહે કોઇ દ્વેષ જીવનમાં, ના ક્યાંય રાગ રહે.... મારૂં.... ૬
તારે દ્વારે આવ્યો છું હું, સંચિત કર્મો લઇને,
તપાનલના તાપે આતમ, હેમ સુશુદ્ધ બને.... મારૂં.... ૭

## માતા શિવાદેવીના નંદ...

**રાગ: માતા મરૂદેવીના નંદ**

માતા શિવાદેવીના નંદ, સતી રાજીમતીના કંત;
નિરખી તાહરૂં મુખડું, મારૂં હૈયું ભીંજાણું રે
કે મારૂ ચિત્તડું ચોરાણું રે.... ૧
અંતર્યામી અંતર્દર્શી, કાયા શ્યામલ વાન;
શંખલંછનધર સ્વામિજીરે, દશ ધનુ કાય પ્રમાણ... ૨
રાજુલ આંગણે આવ્યા સ્વામિ, સુણ્યાં પશુપોકાર;
દીલડું દાઝ્યું મનડું સાધ્યું, સંયમ લેવા સાર... ૩
વ્રત ગ્રહ્યું સહસાવનમાં ને, પામ્યા કેવળજ્ઞાન;
પાંચમી ટૂંકે સિદ્ધિવર્યા પ્રભુ, આયુ સહસ પ્રમાણ... ૪

જગહિતકારી જગના બાંધવ, જગના તારણહાર;
ભક્ત વત્સલ પ્રભુ નામ ધરાવો, આપો નિજપદ સાર...
ગાંધર્વો સૌ નૃત્ય કરંતા, ગુણલા ગાવન કાજ;
સુરવર કોડી સેવા કરંતા, લેવા મુક્તિનું રાજ....
શ્રી ગિરનારજી તીરથકેરા, યોગી નેમિજિણંદ;
**વલ્લભ** છે ભવિજનો કેરા, **હેમ** વદે મુણિંદ...

## મેં ભેટ્યા યદુકુલમંડન...

### રાગઃ મેં ભેટ્યા નાભિકુમાર

મેં ભેટ્યા યદુકુલમંડન, મેં ભેટ્યા શિવાદેવીનંદન;
દરશન તારૂં સફળ બન્યું, મારો સફળ થયો અવતાર...
જગમાં તીરથ બે વડાં રે, શત્રુંજય ગિરનાર;
એક ગઢ ઋષભ સમોસર્યારે, એક ગઢ નેમકુમાર...
યદુકુલવંશ ઉજાળીયો રે, બ્રહ્મચારી કીરતાર;
શ્યામલવરણી દેહડી રે, શંખલંછન મનોહાર...
સોરઠમંડન તું ધણી રે, નિરખતાં હરખનાં પૂર;
શ્રધ્ધા કેરા પુષ્પે વધાવતાં, થાય મિથ્યાત્વ દૂર...,
પશુતણો પોકાર સૂણીને, આવી કરૂણા અપાર;
રાહ નિરખતી રાજીમતીને, ત્યજતાં લાગી ના વાર...
દીક્ષા લીધી સહસારે વનમાં, પામ્યા કેવલસાર;
શિવરમણીને તે તો વર્યા, પાંચમી ટૂંક મોઝાર...
કાશ્મીર દેશથી સંઘ પધારે, કરવા ભક્તિ ખાસ;
મૂરતિતણો લેપ ગળંતા, થાય રતનને ત્રાસ...
નવલ પડિમા પામવા કાજે, આદરે તે ઉપવાસ;
સ્વર્ણગુફાથી અંબા આપે, બિંબ રતનને ખાસ...
અતિત ચોવીશી સાગર કાળે, ઇન્દ્રે ભરાવી તાસ;
કૃષ્ણાદિકે પૂજી જાણતાં, થાય તેને ઉલ્લાસ...
પોષ માસ સોહામણો ને, સુદ સાતમ સોમવાર;
વીર છવ્વીસ શતાબ્ધિ વરસે, નવ્વાણું થઇ સુખકાર...
ભવ અનંતા ભમતાં ભમતાં, ક્યાંયે ના આવ્યા હાથ;
પ્રચંડ પુણ્યનો ઉદય થાતાં, આપ્યો **હેમ**ને સાથ...

## બાલ બ્રહ્મચારી નેમજી...

**રાગ : જગજીવન જગવાલહો.... (નેમિજિન પંચકલ્યાણક સ્તવન)**

બાલ બ્રહ્મચારી નેમજી, શિવાદેવીનો નંદ લાલ રે,
નિર્વિકારી નિરમલ, ધરીયા ગુણ અનેક લાલ રે....
આસો વદ બારસે પ્રભુ, અવતર્યા માતની કૂખે લાલ રે,
શ્રાવણ સુદ પંચમી વળી, જન્મ્યા શૌરીપુરી ગામ લાલ રે....
દસ ધનુષની દેહડી, શ્યામલ વર્ણ અંગ લાલ રે,
શ્રાવણ સુદ છઠ્ઠે વિભુ, વ્રત ગ્રહે સહસાવન લાલ રે....
ભાદરવા વદિ અમાસ દિને, પામ્યા જ્ઞાનપ્રકાશ લાલ રે,
અષાઢ સુદિ આઠમે જિન, વરીયા શિવપુરવાસ લાલ રે....
આયુવરસ હજાર રહી, જગમાં વલ્લભ થાય લાલ રે,
હેમ સ્તવે ભાવે ભજો, કલ્યાણક તે પંચ લાલ રે....

## જગવત્સલ જગબાંધવ રે...

**રાગ : બાલુડો નિઃસ્નેહી થઇ ગયો રે....**

જગવત્સલ જગબાંધવ રે, દયાસાગર અપાર (૨)
ભોળા પશુ ઉગારવા, છેડી ચાલ્યા ઘરબાર (૨)
મેરો ચિત્ત ચોરી ગયો સાહિબો....
સ્વામીની પ્રીત નિત સાંભરે રે, સાલે વિરહ અપાર (૨)
નવભવ નેહ વિસારીયો, સૂણ્યો પશુડાનો સાદ (૨) મેરો ચિત્ત....
નેમજી વૈરાગી થઇ ગયા રે, છેડ્યો રાજુલનો હાથ (૨)
સંયમ રમણી આરાધવા, લેવા શિવપુરનો સાથ (૨) મેરો ચિત્ત....
રાજુલને મેલી એકલી રે, જાય દિન નવિ રાત (૨)
હૃદય સિંહાસન બેસવા, ઝૂરે હૈયું અપાર (૨) મેરો ચિત્ત....
સહસાવને સંયમ વરે, પામે કેવળજ્ઞાન (૨)
હેમપરે કર્મશોધતાં, વરે વલ્લભ સ્થાન (૨) મેરો ચિત્ત....

## મેરા આતમ તેરે હવાલે...

**રાગ : મેરા જીવન તેરે હવાલે....**

મેરા આતમ તેરે હવાલે, પ્રભુ ઇસે હરપલ તુંહી સંભાલે,
યે આતમધન તુજસે પાયા, કર્મોને તો ડેરા ડાલા (૨)
મેરે દોષોકો તું હી મીટા દે.... પ્રભુ
ભવસાગરમેં મેરા આતમ, ડૂબ રહા હૈ ઓ તરવૈયા (૨)
ઇસે આકર તુંહી બચાવે.... પ્રભુ
રાગદ્વેષને ડંશ લીયા આકર, કૈસે બચું મેં ઝહર કો ખાકર (૨)
ઇસ વિષકો તુંહી ઉતારે.... પ્રભુ
જનમમરણ કી ભૂલ ભૂલૈયા મેં, મેરા આતમ ભટક રહા હૈ (૨)
તું હી આકર રાહ દિખા દે.... પ્રભુ
મોહમાયા કે બંધન તોડે, હે પ્રભુ અપને ચરણો મેં લે લો (૨)
ઇસ પાપી કો તું હી અપના લે.... પ્રભુ
મિથ્યામતમેં દરદર ભાગા, વિષય કષાયકો કભી નહીં ત્યાગા (૨)
જ્ઞાનજ્યોતિકો તું હી જલા દે.... પ્રભુ
સ્વર્ણગિરિ કી ગોદમેં આકર, બિનતી કરે હેમ ચરણોકા ચાકર (૨)
ઇસ આતમકો સિદ્ધ બના દે.... પ્રભુ

## આતમજીને આ ખોળીયું...

**રાગ : પંખીડાને આ પીંજરું....**

આતમજીને આ ખોળીયું, બંધન બંધન લાગે,
ઘણુંય મથે પણ આતમ, મુક્તિ પદ ન પામે.... આતમજી....
મનોરથ કીધાં એણે, આતમ અજવાળવા,
ભગીરથ કર્યા પ્રયાસો, સિદ્ધે સિધાવા,
મુક્તિ પુરીએ જાવા, તલપ એને લાગી....
નરક તિર્યંચની, ગતિમાં પટકાયો,
દેવ-મનુજ ભવે, મોહમાયામાં સપડાયો,
જાગૃત થઇને હવે, ધર્મના રંગે મ્હાલે....
રાગ અને દ્વેષના, પાંશમાં ફસાયો,
ક્રોધને માનની, જ્વાળામાં ઝડપાયો,
તપના તાપે તપીને, હેમ સમ મારે થાવું....

## યાત્રા નવ્વાણુ કરીએ...

**રાગ : યાત્રા નવ્વાણું કરીએ....**

યાત્રા નવ્વાણું કરીએ રૈવતગિરિ.... યાત્રા નવ્વાણું....
તીર્થંકરો અનંતા સિધ્યા, દીક્ષા-કેવલ ધરીને.... રૈવતગિરિ.....
ઘેર બેઠાં તસ ધ્યાન ધરતા, ચોથે ભવે શિવ લહીએ....
અરિહંતપદનો જાપ જપતાં, કર્મ મલ સવિ હરીએ....
ત્રણ-ત્રણ કલ્યાણક નેમિજિનના, આરાધી ભવ તરીએ....
ગજપદકુંડના જલને ફરસતાં, આધિ-વ્યાધિ દૂર ખરીએ....
અતીત ચોવીસી માંહે ઘડેલા, પડિમા પૂજી હરખીએ....
સહસાવને વ્રત-જ્ઞાન વરંતા, ચરણ નમી અઘ હરીએ.....
નવ્વાણું વાર એ ગિરિ ચઢંતા, ભવરણ નવિ ભમીએ....
હેમ વદે એ તીરથ સેવતાં, વલ્લભપદને વરીએ...

## તારી કીકી કામણગારી રે...

**(રાગ - તારી અજબ શી યોગની મુદ્રા રે...)**

તારી કીકી કામણગારી રે, લાગે મને મીઠી રે,
તે તો કરુણારસની પ્યાલી રે, ઘટ ઘટ પીધી રે...
શાંત સુધારસ નયન કચોળે, નેણ ઠર્યા તત ક્ષિણ રે,
પુનમચંદ જિમ વદન સોહે, પેખી પીગળ્યું મન મીણ રે...
મેઘ સમ તુમ દેહ લતાએ, ચમકે વિદ્યુત જિમ કાંતિ રે
મેઘનાદ જિમ ગંભીર ગાજે, વાણી ભાંજે મોહ ભ્રાંતિ રે...
નિર્મળ આતમ પેખણ કાજે, તુમ દરિસણે રઢ લાગી રે,
સોહમ્ પદનું ધ્યાન ધ્યાવત, શુદ્ધિમતિ તિહાં જાગી રે...
સ્નેહ તુમારો મીઠો મધુરો, આસ્વાદે મન ભમરો રે,
ગુણપરાગ જિમ જિમ ચાખે, પુદ્ગલ રાગ લાગે ખારો રે...
નેમિ નિરંજન નયણે નિરખ્યો, રૈવતગિરિ મોઝાર રે,
નિર્વાણપદ મને દેજો પ્રભુજી, સહજાનંદ દાતાર રે...

## જગતિમિરને મિટાવન

રાગ : સંયમ જીવનનો લીધો મારગડો....

જગતિમિરને મિટાવન કાજે, વિચરે યોગી સહસાવન રે,
ક્યારેક કરીને ઊંચા હાથ, ઉભા રહે છે આતમ ધ્યાન રે (૨) જગ તિમિરને
પરિષહ-ઉપસર્ગ સહેતા સહેતા, તે તો મહાલતા નિજાનંદમાં,
અદ્ભૂત એહનું રૂપ ખીલ્યું છે વનરાજી પણ સાખ પૂરે છે (૨) જગ તિમિરને
ગિરનારગિરિએ યોગી વસે છે સાધનાના શિખરે નિત ધસે છે
પૂરણ થાતા ચોપ્પન દિવસે, કાળી અમાસના ભાદ્રમાસે (૨) જગ તિમિરને
અપૂરવ એવી ઘટના ઘટે, વનવગડામાં તેજ વહે રે,
ભેદન થાએ મોહ અંધકાર, દેવ-દુંદુભિનો થાયે રણકાર (૨) જગ તિમિરને
સમુદ્રવિજયસુત ત્રિજગવંદન, અરિહાપદ લહે શિવાનંદન,
હર્ષે ભરેલા સુરપતિ આવે, વિધવિધ દેવગણ સાથે લાવે (૨) જગ તિમિરને
વિશ્વ વિભુને વંદે ભાવે, પરમાનંદ સૌ નિજમન પાવે,
ધન્યધરાએ મુગતિ જાવે, હેમ તિંહા રહી ગિરિગુણ ગાવે (૨) જગ તિમિરને

## નેમિવર નિરાલા...

રાગ : સાવન કા મહિના

નેમિવર નિરાલા, નિરંજન નિર્વિકાર
પૂજો વંદો ભાવે, થાયે બેડો પાર...
પશુતણા પોકાર સૂણીને, દયા અતિશય દિલમાં આણી;
કરૂણાના છે સ્વામી, આતમના હિતકાર... પૂજો
રાજીમતિને સાથ ના આપ્યો, મસ્તકે તેના હાથને થાપ્યો;
કર્મકલંક નિવારે, મુગતિના દાતાર... પૂજો
કૃષ્ણરાયને મારગ આપે, ભક્તિ કરતાં જિનપદ થાપે;
નિજપદના દાતારી, કરૂણાના કરનાર... પૂજો
જે કોઇ નેમિ જિનને ધ્યાવે, કામજ્વર તેના પલમાં શમાવે;
બ્રહ્મચારી શિરનામી, અવિચલ અવિકાર... પૂજો
રૈવતગિરિ એ દીક્ષા લેવે, નાણને નિર્વાણ તિહાં તે પાવે;
ગિરનાર ગિરિને ધ્યાવે, હેમ હોવે સુખાકાર... પૂજો

## ગિરનાર ગિરિવર...

રાગ : નગરી નગરી દ્વારે દ્વારે

ગિરનાર ગિરિવર સમતા આપે, કામ ક્રોધને કાપે;
તેની ભક્તિ કરતાં જે કોઇ, શિવ સુખ સૌને આપે... ગિરનાર....
પાતકી-ઘાતકી જે કોઇ આવે, સૌને તિંહા સમાવે
કર્મમલ સૌ દૂર નિવારી, પરમપદને આપે... ગિરનાર....
સુક્ષ્મ-બાદર જે જીવ આવે, શિવસુખ સંબલ પાવે
ચઉગતિ કેરા ફેરા વિરામી, મુગતિપુરીએ જાવે... ગિરનાર....
કામવિકારી ભોગસુખકારી, એ ગિરિને જે ફરશે,
મોહરાયને દૂર હટાવી, અવિચલ સુખડાં વરશે... ગિરનાર....
ઘેર બેઠાં એ ગિરિને ધ્યાવે, ભવચોથે શિવ પાવે;
હેમ સંગે સૌ જગના પ્રાણી, ગિરિવર ગુણલાં ગાવે... ગિરનાર....

## ઘડીયાઁ ધન્યતાપાઇ...

(રાગ : અખીયાં હરખન લાગી હમારી)

ઘડીયાઁ ધન્યતા પાઇ હમારી...
ગિરિ ગિરનાર નિરંજન સાંઇ, દેખત હરખ ન માઇ... (૧)
દૂર દેશસેં ફિરત ફિરત મેં, તુજ ભક્તિ મન લાઇ... (૨)
બાવીસમાં જિન નેમ નગીના, નિરખત પાપ ધોવાઇ... (૩)
મૂરત સુરત લાગે મજાની, કરત હૈ ભવકી જુદાઇ ... (૪)
ભવ આવટ મેં બહુ પટકાઇ, આતમ ગુણ ખુંદાઇ... (૫)
મોહ મહિપતિ કેરી ખાઇ, દિન દિન મોટી ખોદાઇ... (૬)
જનમ જનમ મેં મમતા કરકે, તુમ આણા નહિ ધ્યાઇ ... (૭)
વરદત્તાદિક કૈક્ને તારી, દીધી નિજ પ્રભુતાઇ... (૮)
રાજુલરાણીને પણ તાણી, દીધી શિવ પધરાઇ... (૯)
શ્રેયપદની લગન લગાઇ, ધો દર્શન ગુણ સાંઇ... (૧૦)

## શ્રી રે ગિરનાર ભેટીને...

(રાગ : શ્રી રે સિદ્ધાચલ ભેટવા...)

શ્રી રે ગિરનાર ભેટીને, હૈયે હરખ ન માયો;
નેમિજિન ભક્તિ કરી ગિરિવર ગુણમેં ગાયો... શ્રી રે... ૧
શ્યામવરણ તનુ નેમનું, દેખી આનંદ પાયો;
બ્રહ્મેન્દ્રે પડિમા ભરી, લીધો અનુપમ લાહો... શ્રી રે... ૨
તસ પુણ્યપસાયે લીયે, સંયમ નેમની પાસ;
વરદત્ત ગણધર થયા, સાધે સિદ્ધપદ ખાસ... શ્રી રે... ૩
દીક્ષા નાણ પ્રભુ નેમના, સહસાવન મોઝાર;
પંચમે ગઢ લહે તેહ, શિવપદવી ઉદ્ધાર... શ્રી રે... ૪
અનંતા જિનવર વરે, વ્રત કેવલ નિર્વાણ;
ભવવિશ્રામ અનંતા લહે, જિનવચનથી જાણ... શ્રી રે... ૫
પાવન એ ગિરિ ભોમકા, કણ કણ હેમ સમાયા;
સ્વર્ણગિરિ નામે જેહ, વલ્લભ પદને પાયા... શ્રી રે... ૬

## ગિરનારકું સદા...

(રાગ : જિનરાજકું સદા મોરી વંદના)

ગિરનારકું સદા મોરી વંદના રે, ગિરનારકું સદા મોરી વંદના રે;
યાત્રા નવ્વાણું કરતાં હોવે, ભવોભવ પાપ નિકંદના રે... ।। ૧ ।।
છ'રી પાળી રૈવતગિરિ આવી, નેમિનાથ જુહાર રે;
લાખ નવકાર ગણણું ગણીજે, પૂજા નવ્વાણું પ્રકાર રે...।। ૨ ।।
કેવલ દીક્ષા કલ્યાણકભૂમિ, નેમિજિન ચૈત્ય ઉદ્ધાર રે;
પ્રદક્ષિણા કાઉસ્સગ્ગ કરીજે, અષ્ટોત્તર શતવાર રે... ।। ૩ ।।
ચોવિહાર છઠ્ઠ કરી સાત યાત્રા, ગજપદના જલે સ્નાન રે;
ચૌદ ચૈત્ય નવવાર નમીજે, દેવવંદન ગુણગાન રે...।। ૪ ।।
છએ આરે ઇણ ગિરિના, વિધ વિધ નામ વખાણો રે;
યોજન છવ્વીસ વીસ ષોડશ દસ બે, છઠ્ઠે ચઉશત હસ્ત માનોરે... ।। ૫ ।।
નવ્વાણું ગિરિ નામ ભલેરા, તેહમાં ષટ્ છે મુખ્ય રે;
ઇણ પાવન તીર્થે આવીને, અનંત તીર્થંકર સિદ્ધ રે...।। ૬ ।।
પાંચમે આરે 'ગિરનાર' સોહે, છઠ્ઠે ' નંદભદ્ર 'જણાય રે;
' પારસગિરિ ' ' યોગેન્દ્ર ' ' સનાતન ', ગિરિવર નામ કહાય રે... ।। ૭ ।।
ગિરનાર ભક્તિ રંગ થકી રે, ઉપન્યો નેહ અપાર રે;
હેમ વદે એ તીરથ સેવંતા, ભવજલ પાર ઉતાર રે...।। ૮ ।।

# ગિરનાર ગિરિવર નયણે...

(રાગ : ગિરિવર દરિશન વિરલા પાવે)

ગિરનાર ગિરિવર નયણે નિરખે, પૂરવ ભવ કેરા પૂણ્ય પસાયે;
પરિક્રમ્મા સાત ટૂંક કરે જે, દુઃખ દોહગ તસ દૂર પલાયે. ॥ ૧ ॥
દેવકોટ નામે પહેલે શિખરે, અનુપમ ચઉદ જિનાલય સોહે;
બીજે અંબાજી ગોરખ ત્રીજે, ચોથે ઓઘડ મુજ મન મોહે. ॥ ૨ ॥
પરમપદદાયક પંચમ શિખરે, નેમ પ્રભુજી મોક્ષે સિધાવે;
છઠ્ઠે અનસુયા સાતમે કાલિકા, સપ્ત શિખર ઇમ ગિરિ સુહાવે. ॥ ૩ ॥
આવત ઇન્દ્ર ઇણગિરિ ઉપરે, ગજપદ ઠાવીને કુંડ બનાવે;
નેમિ જિણંદની પૂજા કાજે, ત્રિભુવન પાવક જલ તિંહા લાવે. ॥ ૪ ॥
દ્વિજકુલ પામી પૂરવ ભવમાં, સાધુ દુગંછા કરે તીવ્ર ભાવે;
કર્મવશે ભવરણમાં ભમીને, દુર્ગંધા દુરભિપણું પાવે. ॥ ૫ ॥
ગજપદ કુંડનો મહિમા સુણીને, રૈવતગિરિવર યાત્રાએ આવે;
સાત દિવસ તસ પાવન જલથી, સ્નાન કરી સુગંધિત થાવે. ॥ ૬ ॥
પાવન એ જલપાનથી ભવિના, સઘળાં રોગો પલમાં જાવે;
નિરમલનીરથી જિનને અર્ચી, સર્વ તીરથ પૂજન ફળ પાવે. ॥ ૭ ॥
'સુરભિ' 'ઉદય' 'તાપસ' 'આલંબન', 'પરમગિરિ' 'શ્રીગિરિ' કહાવે;
'સપ્તશિખર' 'ચૈતન્યગિરિવર', 'અવ્યયગિરિ' ના સુરગુણ ગાવે. ॥ ૮ ॥
ધ્યેય રૂપે ગિરિવર ધ્યાવંતા, આનંદઘન આતમ આરાધે;
હેમ પરે તપ તાપે તપીને, ત્રિભુવન વલ્લભ શિવસુખ સાધે. ॥ ૯ ॥

# ગિરનારે ચિત્તડું ચોર્યું...

(રાગ : સિદ્ધાચલ શિખરે દીવો રે...)

ગિરનારે ચિત્તડું ચોર્યું રે, નેમીશ્વરે મન મોહ્યું રે;
વિણ દરિસણ આયખું ખોયું રે, નેમીશ્વરે મન મોહ્યું રે;
આતમઉદ્ધારને કરવા રે, નેમીશ્વરે મન મોહ્યું રે;
કીધા ઉદ્ધાર ગિરિ ગરવા રે, નેમીશ્વરે મન મોહ્યું રે;
ગિરનારે ચિત્તડું...

ભરતેસર પહેલા આવે રે, નેમી... નમે ચોથે આરે ભાવે રે, નેમી...
તીન કલ્યાણક નેમના જાણે રે, નેમી... સુરસુંદર ચૈત્ય રચાવે રે, નેમી...
ગિરનારે ચિત્તડું... ॥ ૧ ॥

દંડવીર્ય અષ્ટમ પાટે રે, નેમી... કરી ઉદ્ધાર નેમનાથ ભેટે રે, નેમી...
હરિ અજિતનાથને આંતરે રે, નેમી... ચઉ ઉદ્ધાર ગિરિ શણગારે રે નેમી...
ગિરનારે ચિત્તડું... ॥ ૨ ॥

કોડી સાગર લાખ અગ્યાર રે, નેમી... સપ્તમ સગર ઉદ્ધાર રે, નેમી...
ચન્દ્રયશ ચન્દ્રપ્રભ શાસને રે, નેમી... કરે તીર્થોદ્ધાર બહુમાને રે, નેમી...
ગિરનારે ચિત્તડું... ॥ ૩ ॥

ચક્રધર શાંતિનાથ સુત રે, નેમી... તસ નવમ ઉદ્ધાર હુંત રે, નેમી...
રામચન્દ્રનો દસમો ઉદ્ધાર રે, નેમી... અગ્યારમો પાંડવ સાર રે, નેમી...
ગિરનારે ચિત્તડું... ॥ ૪ ॥

રત્નશ્રાવકે બારમો કીધો રે, નેમી... પ્રભુ થાપી દર્શનામૃત પીધું રે, નેમી...
પ્રભુ બેઠા પશ્ચિમા મુખ રે, નેમી... ભાંગે ભવિજનના દુઃખ રે, નેમી...
ગિરનારે ચિત્તડું... ॥ ૫ ॥

'ધ્રુવ' 'પરમોદય' 'નિસ્તાર' રે, નેમી... 'પાપહર' 'કલ્યાણક' સાર રે, નેમી...
'વૈરાગ્યગિરિ' 'પુણ્યદાયક' રે, નેમી... 'સિદ્ધપદગિરિ''દષ્ટિદાયક' રે, નેમી...
ગિરનારે ચિત્તડું... ॥ ૬ ॥

નામે નિર્મલ હોવે કાયા રે, નેમી... પ્રભુ ધ્યાને નાશે જગમાયારે, નેમી...
ગિરિ દરિસણ ફરશન યોગે રે, નેમી... હેમ સુખીયો કર્મ વિયોગે રે, નેમી...
ગિરનારે ચિત્તડું.... ॥ ૭ ॥

## જે ગિરનારને ધ્યાયા...

(રાગ : હે ત્રિશલાના જાયા...)

જે ગિરનારને ધ્યાયા, દોષો દૂર પલાયા;
ગિરિવર કેરા ઉદ્ધાર કરાયા, જીવો સદ્ગતિ પાયા...
જે ગિરનાર... ॥ ૧ ॥

અનાર્યદેશ બેબીલોનના, નેબુચન્દ્ર મહારાયા (૨)
પુત્રમુનિ આર્દ્રકુમારને, શોધન કાજે આયા (૨)
નેમિજિનાલય જીરણ દેખી, જિર્ણોદ્ધાર કરાયા...
જે ગિરનાર... ॥ ૨ ॥

બપ્પભટ્ટસૂરીશ્વર સાથે, આમરાજ ગિરિ આયા (૨)
નિજસંપત્તિ વ્યય કરીને, શાસનશાન બઢાયા (૨)
એક એક મંદિર સાર કરીને, હર્ષોલ્લાસ ધરાયા...
જે ગિરનાર... ॥ ૩ ॥

સિદ્ધરાજનૃપ સજ્જનમંત્રી, રૈવતગિરિવર આયા (૨)
ગામેગામથી ઉદ્ધાર કાજે, શિલ્પીઓ બુલાયા (૨)
કર્ણવિહાર પ્રાસાદ કરાવી, જગમાં કીર્તિ પાયા...
જે ગિરનાર... ॥ ૪ ॥

વસ્તુપાળને તેજપાળ વળી, કુમારપાળ તિંહા આયા (૨)
સમરસિંહ હરપતિ શ્રીમાળી, ચૌદમાં સૈકે આયા (૨)
જયતિલક સૂરિ આણા લઇને, નેમિભવન સમરાયા...
જે ગિરનાર... ॥ ૫ ॥

માલવદેવ પંદરમે સૈકે, કલ્યાણકત્રય રચાયા (૨)
લક્ષ્મીતિલક નરપાલ સજાવે, પૂર્ણસિંહ મનભાયા (૨)
ચતુર્મુખ લક્ષોબા કરાવે, વર્ધમાન પદ્મ આયા...
જે ગિરનાર... ॥ ૬ ॥

શાણરાજ ભુંભવ તિંહા આયા, ઇન્દ્રનીલ બનાયા (૨)
પ્રેમા સંગ્રામસોની ઉદ્ધરિયા, માનસિંહ અપર બનાયા (૨)
નરશી કેશવ વીસમી સદીમાં, નીતિસૂરિ મહારાયા...
જે ગિરનાર... ॥ ૭ ॥

નેમપ્રભુએ દીક્ષા-કેવલ, સહસાવનમેં પાયા (૨)
પાવન વહ ભૂમિકા મહિમા, જબસે ધ્યાનમેં આયા (૨)
હિમાંશુસૂરિરાયને ઉસકા, તીર્થોદ્ધાર કરાયા...
જે ગિરનાર... ॥ ૮ ॥
આંબડમંત્રી માનસિંહ મેઘજી, પાજગિરિ સમરાયા (૨)
પેથડ-ઝાંઝણ એ ગિરિ આયા, તીરથ ધ્વજ લહેરાયા (૨)
નામી અનામી કેઇ પુણ્યવાન્, ગિરિવર ભક્તિ પાયા...
જે ગિરનાર... ॥ ૯ ॥
ગિરિભક્તિનો મહિમા મોટો, કહેતા નાવે પારા (૨)
જિનવયણને સૂણતાં સૂણતાં, કર દે ભવનિસ્તારા (૨)
આતમ અનુભવ તત્ત્વ પ્રકાશી, પંચમગતિ દાતારા...
જે ગિરનાર... ॥ ૧૦ ॥
'ઇન્દ્ર' 'નિરંજન' 'વિશ્રામગિરિવર', 'પંચમગિરિ' ગુણગાયા (૨)
'ભવચ્છેદક' ને 'આશ્રયગિરિવર', 'સ્વર્ગ' 'સમત્વ' સુખપાયા (૨)
'અમલગિરિ' કે જાપ ને હેમકો, આતમરામ બનાયા...
જે ગિરનાર... ॥ ૧૧ ॥

## નેમિ નિરંજન કિમહી...

(રાગ : ક્યું કર ભકિત કરૂં પ્રભુ તેરી...)

નેમિ નિરંજન કિમહી ન વિસરે,
મનમોહનકી મોહનગારી, મૂરત દેખી હિયડું હરખે... ॥ ૧ ॥
ગતચોવીસી ત્રીજાપ્રભુ મુખે, બ્રહ્મેન્દ્ર નિજ મુક્તિ જાણી;
અંજનરત્ન નેમપ્રભુની, ભરે પ્રતિમા ભક્તિ આણી... ॥ ૨ ॥
અસંખ્યકાળ તે પ્રભુને પૂજી, હરિ તે પ્રતિમા હરિને આપે;
દ્વારિકા નાશ થતાં જિનબિંબને, અંબિકા નિજ ભવને સ્થાપે... ॥ ૩ ॥
નેમ નિર્વાણ સહસદોય વર્ષે, રત્નાશા છ'રીપાલિત આવે;
ગજપદ જલના કળશા ભરીને, વેળુબિંબ ભવિજન નવરાવે... ॥ ૪ ॥

ગલત પ્રતિમા પ્રભુની પેખી, આહાર ચાર રત્ન તિંહા ત્યાગે;
ઉપવાસ કરી એકમાસને અંતે, શાસનદેવી અંબિકા જાગે... ॥ ૫ ॥
વજ્ર અભેદ્ય રત્નની પડિમા, કલિકાલ જાણી આપે રતનને;
નેમિનાથ મૂરત પધરાવી, શોભાવે ગિરનારગિરિને... ॥ ૬ ॥
' જ્ઞાનોદ્યોતગિરિ ' ' ગુણનિધિ ' ' સ્વયંપ્રભ ' નામે પાપ પલાયે;
'અપૂર્વગિરિ' 'પૂર્ણાનંદગિરિવર', 'અનુપમગિરિ' પરે મુગતે જાયે... ॥ ૭ ॥
' પ્રભંજનગિરિ ' ' પ્રભવગિરિવર ', શોભે મહિતલ અદ્ભૂત કાયે;
' અક્ષયગિરિ ' એ સોરઠદેશની, પૃથ્વી સઘળી પાવન થાયે... ॥ ૮ ॥
રોમે રોમે ગિરનાર ગુંજે, શ્વાસે શ્વાસે નેમિનાથ બિરાજે;
હેમવલ્લભ કહે નામ પ્રભુનું, જપીએ ભવજલ તરવા કાજે... ॥ ૯ ॥

## સાથ ગિરનારનો હાથ...

(રાગ : ઋષભ જિનરાજ મુજ...) (જાગને જાદવા...)

સાથ ગિરનારનો હાથ નેમનાથનો, હોય જો મસ્તકે તો શો તોટો; ॥ ૧ ॥
અન્ય સ્થાને રહી ધ્યાવે રૈવતગિરિ, ચોથે ભવ પામતો મોક્ષ મોટો...
માત તાત ઘાતકી પાતકી અતિ ઘણો, રાય ભીમસેન ગિરનાર આવે, ॥ ૨ ॥
મુનિ બની મૌનધરી અષ્ટદિન તપ તપી, ઉજ્જયંતગિરિએ મુગતિ પાવે...
વસ્તુપાલ તેજપાલ મંત્રી સાજનને, ધાર, પેથડ શ્રાવક ભીમો; ॥ ૩ ॥
તીર્થભક્તિ કરી તન મન ધન થકી, મનુજ અવતાર તસ સફલ કીનો...
છાયા પણ પક્ષીની આવી પડે ગિરિવરે, ભ્રમણ દુર્ગતિ તણા નાશ થાવે; ॥ ૪ ॥
જલ થલ ખેચરા ઇણ ગિરિ પર રહી, ત્રીજે ભવ મોક્ષ મોઝાર જાવે...
વ્યક્ત ચેતન રહિત પૃથ્વી અપ્ તેજસા, વાયુ પાદપ ગિરનાર પામી; ॥ ૫ ॥
તીર્થ મહિમા થકી કર્મ હળવા કરી, સવિ થયા તેહથી મુગતિ ગામી...
' રત્ન ' 'પ્રમોદ' ' પ્રશાંત ' ' પદ્મગિરિ ', ' સિદ્ધશેખર ' ભવિ પાપ જાવે; ॥ ૬ ॥
' ચન્દ્ર-સૂરજ ગિરિ ' ' ઇન્દ્રપર્વતગિરિ ', ' આત્માનંદ ' ગિરિવર કહાવે...
કથીર કાંચન હૂવે પારસના યોગથી, હેમ પરે શુદ્ધ નિજ ગુણ પાવે; ॥ ૭ ॥
તિમ રૈવતગિરિ યોગથી આતમા, પદવી વલ્લભ લહી મોક્ષ જાવે...

# મેરો પ્રભુ...

(રાગ : મેરો પ્રભુ પારસનાથ આધાર)

મેરો પ્રભુ, નેમ તું પ્રાણ આધાર,
વિસરું જો પ્રભુ એક ઘડી તો, પ્રાણ રહે ના હમાર. ॥ ૧ ॥
ભોગ ત્યજીને જોગ લેવાને, નીકળ્યા નેમકુમાર,
ગઢ ગિરનારને ઘાટે વસિયા, બ્રહ્મચારી શિરદાર. ॥ ૨ ॥
તુજ તીરથની ભક્તિ કરતાં, થાય હરિ એક તાર;
પદ તીર્થંકર કરે નિકાચિત, અકલ તુજ ઉપંગાર. ॥ ૩ ॥
સમતારસ ભરીયો ગુણ દરિયો, નેમનાથ ગિરનાર;
સુતા જાગતા ધ્યાવું નિશદિન, શ્વાસમાંહિ સોવાર. ॥ ૪ ॥
મન માણિક્કું સોંપ્યું મેં તો, મનમોહનને ઉધાર;
પ્રેમ વ્યાજ ચઢ્યો છે ઇતનો, કિમ છૂટશે કિરતાર. ॥ ૫ ॥
હારું નહિ તુજ બલ થકીજી, સિદ્ધસુખ દાતાર;
શ્રદ્ધા ભરી છે એક હૃદયમાં, તુજથી પામીશ પાર. ॥ ૬ ॥
'આનંદધરગિરિ' 'સુખદાયી', 'ભવ્યાનંદ' મનોહાર;
'પરમાનંદગિરિ' 'ઇષ્ટસિદ્ધગિરિ' 'રામાનંદ' જયકાર. ॥ ૭ ॥
'ભવ્યાકર્ષણગિરિ' 'દુ:ખહરગિરિ', 'શિવાનંદ' સુખકાર;
જગનાયક નેમિનાથ કહાવે, ગિરિનાયક શણગાર. ॥ ૮ ॥
શામળિયાકું અખિયન જાણે, કરુણારસ ભંડાર;
હેમવદે પ્રભુ તુજ અખિયનકું, દીયો છબી અવતાર. ॥ ૯ ॥

# તારો તારો નેમિનાથ...

(રાગ : બાપલડાં રે પાતિકડાં...)

તારો તારો નેમિનાથ મને તારો, ભવના દુઃખડાં વારો રે;
માહરે મન ગિરનાર ગિરિવર, જાણો એક સહારો રે ... ॥ ૧ ॥

જૈનધર્મી અંબિકા પરણી, બ્રાહ્મણ કુલે જાવે રે;
સાધુને પડિલાભી હરખે, પુન્ય પોટલીયાં પાવે રે... ॥ ૨ ॥

કટુ વચન સાસુના સૂણીને, સુતદ્વય લેઇ ઘર છોડી રે;
ગિરનાર-નેમિનાથ રટતાં-રટતાં, પડે કૂવે કરજોડી રે... ॥ ૩ ॥

એમ શુભધ્યાનથી ઉપની ભવને, ગિરિએ નેમ જૂહારે રે;
થાયે શક્ર પ્રભુ પરભાવિકા, શાસન વિઘ્ન નિવારે રે... ॥ ૪ ॥

બ્રાહ્મણ અતિહિંસક મિથ્યાત્વી, અતિ વ્યાધિએ વ્યાપતો રે;
ગિરનારગિરિનું શરણું પામી, યક્ષ ગોમેધ એ થાતો રે... ॥ ૫ ॥

અશોકચન્દ્ર દુઃખી દ્રારિદ્રી, ગિરનારે તપ તપતો રે;
આપે અંબિકા પારસમણિ, રાજરિદ્ધિમાં એ રમતો રે... ॥ ૬ ॥

સંઘસહિત રૈવતગિરિ આવે, લેઇ દીક્ષા પ્રભુ ધ્યાવે રે;
ઘાતીઅઘાતી કર્મો ખપાવે, શિવસુંદરીને પાવે રે... ॥ ૭ ॥

'ઉજ્જ્વલ' 'આનંદ' 'તીર્થોત્તમગિરિ', 'મહેશ્વર' 'રમ્ય' જાણો રે;
'બોધિદ્વય' 'મહોદ્યોત' 'અનુત્તર', 'પ્રશમગિરિ' ને વખાણો રે...॥ ૮ ॥

અમૃતથી અતિમીઠો પ્રભુનો, પ્રેમનો પ્યાલો પીધો રે;
હેમવલ્લભ પ્રભુ પાદપદ્મે, ભ્રમર પરે રસ લીધો રે... ॥ ૯ ॥

# તુમ સરીખો દીઠો...

(રાગ : નિરખ્યો નેમિ જિણંદને..)

તુમ સરીખો દીઠો નહિ મન મોહન મેરે, જગમાં દેવ દયાળ રે સુણ શામળ પ્યારે,
પશુ તણો પોકાર સુણી મન મોહન મેરે, છોડ ચલે રાજુલનાર રે સુણ શામળ પ્યારે
॥ ૧ ॥

દીન દુખીયા સુખીયા કીધા મન મોહન મેરે, ધન દોલત વરસીદાન રે સુણ શામળ પ્યારે,
રૈવતગિરિ સહસાવને મન મોહન મેરે, સહસ પુરુષ સંગાથ રે સુણ શામળ પ્યારે
॥ ૨ ॥

અજુઆલી શ્રાવણ છઠ્ઠે મન મોહન મેરે, સજે સંજમ શણગાર રે સુણ શામળ પ્યારે,
દિન ચોપન કરી સાધના મન મોહન મેરે, કરે પાવનગઢગિરનાર રે સુણ શામળ પ્યારે
॥ ૩ ॥

ભાદ્રવદી અમાસના મન મોહન મેરે, બાળે ઘાતી તમામ રે સુણ શામળ પ્યારે,
સમવસરણ સુરવર રચે મન મોહન મેરે, ચોત્રીસ અતિશય તામ રે સુણ શામળ પ્યારે
॥ ૪ ॥

ત્રિભુવન તારક પદ લહી મન મોહન મેરે, કરે જગત ઉપકાર રે સુણ શામળ પ્યારે,
મધુરગિરા જિનવર સુણી મન મોહન મેરે, ભવતરીયા નરનાર રે સુણ શામળ પ્યારે
॥ ૫ ॥

પંચમશિખર ગિરનારે મન મોહન મેરે, પાંચશો છત્રીસ સાથ રે સુણ શામળ પ્યારે,
અષાઢ સુદ આઠમ દિને મન મોહન મેરે, સોહે શિવવધૂ સંગાથ રે સુણ શામળ પ્યારે
॥ ૬ ॥

'મોહભંજક' 'પરમાર્થગિરિ' મન મોહન મેરે, 'શિવ સ્વરૂપ' વખાણ રે સુણ શામળ પ્યારે
'લલિતગિરિ' 'અમૃતગિરિ' મન મોહન મેરે, 'દુર્ગતિવારણ' જાણ રે સુણ શામળ પ્યારે
॥ ૭ ॥

'કર્મક્ષાયક' 'અજેયગિરિ' મન મોહન મેરે, 'સત્ત્વદાયક ગિરિ' જોય રે સુણ શામળ પ્યારે
ગુણ અનંત એ ગિરિતણા મન મોહન મેરે, પાર ન પામે કોય રે સુણ શામળ પ્યારે
॥ ૮ ॥

નેમિનિરંજન સાહિબો મન મોહન મેરે, બીજો ન આવે દાય રે સુણ શામળ પ્યારે,
કૃપા નજર પ્રભુ તાહરી મન મોહન મેરે, હેમને શિવસુખ થાય રે સુણ શામળ પ્યારે
॥ ૯ ॥

# ધન ધન શ્રી ગિરનારને...

(રાગ : ધન ધન શ્રી અરિહંતને રે...)

ધન ધન શ્રી ગિરનારને રે, તાર્યા અરિહા અનંત સલૂણા;
એ ગિરિવરને ફરસતા રે, આતમ નિર્મલ થાય સલૂણા ॥ ૧ ॥
જિમ જિમ એ ગિરિ સેવીએ રે, તિમ તિમ કર્મ ખપાય સલૂણા;
ત્રસ થાવર તસ વાસથી રે, પામે શિવપદ પંથ સલૂણા ॥ ૨ ॥
ત્રિકલ્યાણક ભૂતકાળમાં રે, અનંતા જિન ગિરનાર સલૂણા;
વળી અનંતા પ્રભુ પામીયા રે, નિર્વાણપદ ગિરનાર સલૂણા ॥ ૩ ॥
ગત ચોવીસીમાં ત્રણ થયા રે, નેમીશ્વર આદિ અડના સલૂણા;
અન્ય બે જિનવર લહે રે, મોક્ષગમન ગિરનાર સલૂણા ॥ ૪ ॥
અનંતવીર્ય ભદ્રકૃત્‌ના રે, દીક્ષા-નાણ-નિર્વાણ સલૂણા;
શેષ બાવીસ જિન પામશે રે, મુક્તિપદ બહુમાન સલૂણા ॥ ૫ ॥
સહસાવનમાં રાજીમતી રે, રથનેમિ વરે જ્ઞાન સલૂણા;
કૃષ્ણકેરા સપ્ત બાંધવા રે, રુક્મણી સહ અણગાર સલૂણા ॥ ૬ ॥
ગજસુકુમાલ મુણિંદનું રે, વ્રત-નાણ ને નિર્વાણ સલૂણા;
સુમુખાદિ પંદર ગ્રહે રે, સંસાર છેદક વ્રત સલૂણા ॥ ૭ ॥
સમુદ્રવિજય શિવામાતને રે, વિરતિ કેરું વરદાન સલૂણા;
નિષધ સારણાદિ કુમારને રે, ચારિત્ર મળે ગિરનાર સલૂણા ॥ ૮ ॥
દીક્ષા જ્ઞાન શિવદાનથી રે, તાર્યા અનંત ભવપાર સલૂણા;
'વિરતી' 'વ્રત' 'સંયમ' ગિરિ રે, 'સર્વજ્ઞ' 'કેવલ' 'જ્ઞાન' સલૂણા ॥ ૯ ॥
'નિર્વાણ' 'તારક' 'શિવગિરિ' રે, સેવતાં હેમ હોવે પાર સલૂણા;
ઇણ કારણ ભવિપ્રાણીયા રે, નિત્ય ધ્યાવો ગિરનાર સલૂણા ॥ ૧૦ ॥

# શત્રુંજય સમો રૈવત...

(રાગ : જિણંદા પ્યારા મુણિંદા પ્યારા...)
રૈવત પ્યારો, ઉજ્જયંત પ્યારો, દેખો રે ગઢ ગિરનાર;
દેખો રે નેમિનાથ પ્યારો;

શત્રુંજય સમો રૈવત મહિમા, શાસ્ત્ર વયણ પ્રમાણ... ॥ ૧ ॥
એ ગિરિ પંચમ નાણનો દાતા, પંચમ શિખર વખાણ... ॥ ૨ ॥
ઘોર પાપ કુષ્ઠાદિક રોગો, રૈવત ફરશે પલાય... ॥ ૩ ॥
ઇણ તીરથ આરાધન કરતાં, ગણુ ક્રોડ ફલ થાય... ॥ ૪ ॥
મહિમા મોટો એ ગિરિવરનો, પાર કદિ ન પમાય... ॥ ૫ ॥
બુદ્ધિનો લવલેશ ન મુજમાં, ભાવથી નમું ગિરિરાય... ॥ ૬ ॥
આજ લગી શાશ્વતગિરિવરના, જાણ્યા ન ગુણ અપાર... ॥ ૭ ॥
પૂરવ પુણ્ય પસાયે પામ્યો, હાથ ન છેડું લગાર... ॥ ૮ ॥
નેમિ નિરંજન ગિરિ પ્રીતે, આતમરામ રંગાય... ॥ ૯ ॥
નિરખી નિરખી નેમ નગીનો, નયણા કદિ ન ધરાય... ॥ ૧૦ ॥
'હંસગિરિ' 'વિવેકગિરિવર', સુણતાં ચિત્ત હરાય... ॥ ૧૧ ॥
'મુક્તિરાજ' 'મણિકાન્ત' 'મહાયશ', 'અવ્યાબાધ' સુહાય... ॥ ૧૨ ॥
'જગતારણ' 'વિલાસ' 'અગમ્ય', નામથી પરમ નિધાન... ॥ ૧૩ ॥
હેમ વદે ગિરિભક્તિ કાજે, તન મન મુજ કુરબાન... ॥ ૧૪ ॥

## શ્રી ભાવપ્રભસૂરિવિરચિતં

### । શ્રી નેમિભક્તામરસ્તોત્રમ્ ।

ભક્તામર ! ત્વદુપસેવન એવ રાજી-
મત્યા મમોત્કમનસો દઢતાપનુત્ ત્વમ્;
પદ્માકરો વસુકલો વસુખોઽસુખાર્તાં;
વાલંબનં ભવ જલે પતતાં જનાનામ્.....૧

## * ભાવાર્થ *

દેવો પણ જેના ભકતો છે એવા હે દેવાધિદેવ ! સ્વચ્છ નિર્મલ જલપાન દ્વારા જેમ પદ્માકર તૃષા થી પીડિતજનો માટે આધાર છે, અમૃતપાન દ્વારા જેમ સુકલાયુકત ચંદ્ર ચકોર ને માટે આધાર છે, વિરહ વેદના થી પિડાતા ચક્રવાક મિથુનને માટે સૂર્ય આધાર છે, વળી ઉન્માર્ગે ચાલી ભવસમુદ્રમાં પડતા જીવોનો તું જેમ આધાર છે તેમ તારી સેવના માટે સદા ઉત્કંઠિત ચિત્તવાળી (રાજીમતી) નો તું આધાર થા !

પિત્રોર્મુદે સહ મયોપયમં યદીન્દ્ર
નોરીકરિષ્યસિ તદા તવ કાઽત્ર કીર્તિઃ?
જગ્રાહ યો હિ ગૃહિકર્મ વિધાય વૃત્તં,
સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્.....૨

## * ભાવાર્થ *

હે નાથ ! જો તું માતા-પિતાના હર્ષની ખાતર મારી સાથે લગ્ન કરીશ નહીં તો આ જગતમાં તારી શી આબરૂ ? પ્રથમ ગૃહસ્થધર્મનો સ્વીકાર કરીને દીક્ષા લીધી છે એવા પ્રથમ જિનેશ્વર ઋષભદેવ ની હું સ્તુતિ કરીશ. (પરંતુ ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કર્યા વિના દીક્ષા ગ્રહણ કરવાનું અનુચિત કાર્ય કરનાર તારી સ્તુતિ હું નહીં કરૂં)

રમ્યં ગૃહં ચ રમણીં રમણીયરાઢાં,
ભોગાન્ સમં પ્રવરબંધુજનૈરપાસ્ય;
તારૂણ્યયુગ્ યદુપતે ! ત્વદતેઙ્ગ દીક્ષાં
મન્યઃ ક ઈચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ્?....૩

## * ભાવાર્થ *

હે યદુનાથ ! મનોહર મંદિર તથા ચિત્તાકર્ષક સૌન્દર્યવાળી સુંદરીને તેમજ ઉત્તમ બંધુજનોની સાથેના ભોગોને એકદમ ત્યજી દઇને તારા સિવાય કયો અન્ય યુવક એકદમ દીક્ષા લેવાને ઇચ્છે?

રોદ્ધું ક્ષમો જિન ! કરોડપિ મમાબલાયા
સ્ત્વામુદ્બલં હિ ભવદાગમજાતવીર્યઃ;
ન સ્યાન્મુનીશ ! લવણેશગૃહીતશક્તિઃ,
કો વા તરીતુમલમંબુનિધિં ભુજાભ્યામ્?....૪

## * ભાવાર્થ *

હે વીતરાગ ! લવણ સમુદ્રના સ્વામી પાસે પરાક્રમ પ્રાપ્ત કરનાર કોણ બે ભુજાઓ વડે સમુદ્રને તરી જવામાં સમર્થ ન બને ? તેમ આપના આગમનથીબળ પ્રાપ્ત કરનાર અબળા એવી મારો હાથ આપને રોકવા માટે શું સમર્થ ન બને ?

भद्रं चकर्थ पशवेऽपि यथा तथा त्वं,
तूर्णं कृपापर ! ममैह्यसुरक्षणार्थम्;
रिष्टाश्रितां खलु धवो महिलां समन्तुं,
नाभ्येति किं निजशिशोः परिपालनार्थम्?....५

## * ભાવાર્થ *

હે દયાનિધિ ! જેમ તે પશુઓના પ્રાણની રક્ષા કાજે તેના ઉપર દયા આણી તેનું કલ્યાણ કર્યું તેમ મારા પ્રાણનું પણ રક્ષણ કરનાર થાઓ ! બાળકના બચાવ અર્થે કષ્ટમાં સપડાયેલી એવી અપરાધી પત્નિ સન્મુખ શું તેનો પતિ ઉગારવા જતો નથી?

तीक्ष्णं वचोऽप्यभिहितं मयका हितं यत्,
तत् ते भविष्यतितरां फलवृद्धिसिद्ध्यै;
यद्हेलीधाम तपतीश ! भृशं निदाघे,
तच्चारुचूत कलिका निकरैक हेतुः.....६

## * ભાવાર્થ *

હે નાથ ! મારા કઠોર પણ હિતકારી વચનો આપના રાજ્યાદિક સમૃદ્ધિના સુખ રૂપી ફળની વૃદ્ધિ માટે જ થશે કારણ કે શું ગ્રીષ્મ ઋતુના અત્યંત તપતાં સૂર્યકિરણોને કારણે જ આંબાને મનોહર મંજરીની પ્રાપ્તિ નથી થતી ?

આગચ્છ કૃચ્છ્રહર ! હચ્છયચિત્રપુંખ-
લક્ષીકૃતાં કૃશતનું ક્ષમ ! રક્ષ માં ત્વમ્
ત્વત્સંગમે ક્ષયમુપૈષ્યતિ મેઽતિદુઃખં,
સૂર્યાંશુભિન્નમિવ શાર્વરમંધકારમ્.....૭

## * ભાવાર્થ *

હે કષ્ટ નિવારક ! તું આવ ! હે જિન ! જેમ રાત્રિ સંબંધી અંધકારનો નાશ સૂર્યના કિરણોના પ્રવેશ માત્રથી થાય છે તેમ તારા વિરહથી થતાં મારા અતિશય દુઃખ નો નાશ પણ તારા આગમનથી થશે. કંદર્પ (કામ) ના બાણો વડે વિંધાયેલી તેમજ દુર્બળ દેહવાળી એવી મારી રક્ષા કર !

ઉદ્યત્તડિદ્ ઘનઘનાઘન ગર્જિતેઽહિ,
ભુગ્ભાવિતે નભસિ નૌ નભસીન ! દેહે,
ઘર્મોત્કટાદિરિવ દંતુરતાં વિષણ્ણો,
મુકતાફલદ્યુતિમુપૈતિ નનૂદબિંદુઃ .....૮

## * ભાવાર્થ *

જ્યારે શ્રાવણ માસમાં આકાશ મયૂરના ટહુકાઓથી મિશ્રિત થયેલા, સ્ફુરાયમાન સૌદામિની થી અલંકૃત બનેલા તેમજ ગાઢ એવા મેઘરાજની ગર્જનાથી યુક્ત બને છે, ત્યારે ઉષ્ણતાના ઉત્કર્ષને કારણે જેમ ખિન્ન થયેલો કામદેવ મુકતા ફળના જેવી પ્રભાવાળી દન્તુરતાને પ્રાપ્ત કરે છે તેમ આપણા બન્ને ના દેહ ઉપરનું જલબિન્દુ મુકતા ફળની પ્રભાને પામશે.

પશ્યેદશીતિ સખિતા મદનાદરઃ કિં?
નૃત્યન્ મયૂરનિકરોડબ્દઘટાં સમીક્ષ્ય;
મૈત્ર્યા ભવન્તિ ભગવન્ ! પ્રભયા પ્રકર્ષ,
પદ્માકરેષુ જલજાનિ વિકાશભાંજિ......૯

## * ભાવાર્થ *

હે જ્ઞાની પુરૂષ ! મેઘમાલાને નિરખી મયૂરોનો સમુદાય નૃત્ય કરે છે અને સૂર્યની પ્રભાના પ્રભાવે સરોવરો માં કમળો અત્યંત વિકસીત થાય છેખરેખર મૈત્રીતો આવી હોય પરંતુ તું મારા પ્રત્યે કેમ અનાસકત રહે છે ? તે સમજાતું નથી.

કિં ત્વં સ નૈવ ચલ ! કાડડગતિકા તવૈષા,
જન્યાઃ પ્રસૂર્જનયિતા સહજાશ્ચ જામિઃ,
શ્યામાડપ્યહં ચ ઈતિ વર્ગમિમં વિવાહ-
ભૂત્યાડડશ્રિતં ય ઈહ નાત્મસમં કરોતિ ...૧૦

## * ભાવાર્થ *

હે ચપળચિત્ત સ્વામી ! જાનૈયા, જનની, જનક, બંધુ અને ભગિની તેમજ યુવાન એવી હું અમે સૌ તારા પોતાના સમાન હોવા છતાં વિવાહના બંધન વડે મને સ્વીકારતો નથી એવા તારા આગમનથી શું ?

દૃષ્ટ્વા ભવંતમનિમેષવિલોકનીયં,
નાન્યત્ર તોષમુપયાતિ મદિયચક્ષુઃ;
પીત્વા પયઃ શશિકરદ્યુતિ દુગ્ધસિન્ધોઃ,
ક્ષારં જલં જલનિધેરશિતું ક ઈચ્છેત્ ?....૧૧

## * ભાવાર્થ *

હે મારા નાથ ! નિર્નિમેષ નયને તમને નિહાળ્યા પછી મારા નેત્રો બીજે ક્યાંય સંતોષ પામતાં નથી. શું ચંદ્રકિરણની પ્રભાવાળા ક્ષીર સમુદ્રના જલનું પાન કર્યા બાદ લવણ સમુદ્રના ખારા જલનો આસ્વાદ લેવા કોઇ ઇચ્છે?

રાજ્ઞો મહામૃગમદાકુલમંડલસ્ય,
દૈત્યારિમાર્ગગમનસ્ય તમોડદિતસ્ય;
ચક્ષુષ્ય ! ચારૂચતુરાક્ષિગતસ્ય કિંચ,
યત્ તે સમાનમપરં ન હિ રૂપમસ્તિ ...૧૨

## * ભાવાર્થ *

હે સોભાગી ! લાંછનરૂપ હરણના કસ્તુરી આદિ સુગંધી દ્રવ્યોથી વ્યાપ્ત મંડળવાળા, દેવોના માર્ગમાં ગમનવાળા, અંધકારથી ખંડિત નહીં થયેલા તથા ચતુરોની આંખ માટે મનોહર એવા ચંદ્રની સમાન જેમ અન્ય કોઇ રૂપ નથી તેમ કુંજરોના મદ વડે વ્યાપ્ત દેશવાળા, કૃષ્ણ તથા દેવો જેના માર્ગમાં આગળ ગમન કરે, પાપ વડે મુક્ત તેમજ મનોહર તથા ચતુર એવા જનોના દુશ્મન સ્વરૂપ તારા સમાન ખરેખર અન્ય કોઇનું રૂપ નથી.

त्वत् सद्वियोग वनमेव गता तथापि,
तीव्रातपोध्धत् पराभवभाविताऽहम्;
'शैवेय' ! देव ! जलजांकित ! जातमेतद्
यद्वासरे भवति पांडुपलाशकल्पम्. ....१३

## * ભાવાર્થ *

તારા સુંદર યોગરૂપી વનને જ પામેલી તોપણ તીવ્ર વિયોગરૂપી પરાભવથી પીડિત થયેલી હું છું. હે શિવાસુત! હે દેવ! હે શંખલંછન ! પ્રકાશમાન એવો દિવસ હોવા છતાં આ વન ક્ષુધાથી પીડિત ફિક્કા પડી ગયેલા રાક્ષસ સમાન થયું.

व्याहारमेड इव मे यदि नो शृणोषि,
शब्दादिकं सुखमिदं व्रज हारि हित्वा;
नेतर्नरा भुवि भवन्ति गतांकुशा ये,
कस्तान् निवारयति सञ्चरतो यथेष्टम्? ...१४

## * ભાવાર્થ *

હે નાયક !જો બહેરાની માફક તું મારૂં વચન સાંભળતો નથી તો પછી આ શાબ્દિક મનોહર સુખોને છોડીને તું જા ! જે મનુષ્યો જગતમાં નિરંકુશ હોય છે, તેવા ઇચ્છા મુજબ ફરતા જનોને કોણ અટકાવે ?

ધ્યાનં વિધેહિ કુરુ રૈવતકે તપાંસિ,
વિદ્ધીતિ માં હરિસુતોઽસ્થિરમાશુ કર્તા ;
યજ્જન્મમાત્રલઘુગાત્રજિનાંહિતો નો,
કિં મંદરાદ્રિશિખરં ચલિતં કદાચિત્? ...૧૫

## * ભાવાર્થ *

હે નેમિનાથ ! ભલે તું યોગી બનીને ધ્યાન ધર અને રૈવતગિરિ ઉપર તપશ્ચર્યાઓ કર પરંતુ કામદેવ તને જરૂર ચલાયમાન કરશે. તરતના જન્મેલા જિનેશ્વર પરમાત્માના ચરણ અંગુષ્ઠથી મેરૂપર્વતનું શિખર શું કદાપિ ચલાયમાન નથી થયું?

તત્રોષિતં નિધુવનાય સમાગતાસ્ત્વાં,
દેવ્યઃ સમં સહચરૈઃ સુતનું સમીક્ષ્ય;
વક્ષ્યન્તિ મોહિતતરા ઇતિ કામરૂપો,
દીપોઽપરસ્ત્વમસિ નાથ ! જગત્પ્રકાશઃ ....૧૬

## * ભાવાર્થ *

રતિક્રિડા માટે સખીઓ સાથે આવેલી દેવાંગનાઓ રૈવતગિરિ ઉપર વસેલા સુતનુવાળા તને જોઇને અત્યંત મોહિત થયેલી આ પ્રમાણે કહેશે કે હે નાથ ! કામદેવ સમાન રૂપવાળો એવો તું જગતમાં પ્રકાશ પાથરનારો અપૂર્વ દીપક છે.

ત્વદ્ધ્યાનભાજયપિ પુનર્મયિ નો ગતાયા-
મિષ્ટાર્થ બાધક બૃહદ્વિરહાંધકારમ્;
સદ્ધર્મધામ્નિ સહજોદ્યમધૌતદોષ:
સૂર્યાતિશાયિમહિમાડસિ મુનીન્દ્રલોકે ....૧૭

## * ભાવાર્થ *

હે જિન ! ભલે તું યોગિજનોની કર્મરૂપી રાત્રિનો અંત લાવનાર હોવાથી સૂર્યથી પણ વિશેષ પ્રભાવશાળી હો પરંતુ જ્યાં સુધી તું મારા વિરહરૂપી અંધકારનો નાશ કરવા સમર્થ નથી ત્યાં સુધી તને સૂર્યથી ચડિયાતો કેમ માનું ?

વક્ત્રં જિનાત્ર વસત: પ્રણિધાનભાજો,
વિશ્વાસતો મૃગશિશુવ્રજચુંબિતં સત્;
સંદશ્યતે બહુલલક્ષણભાવિતં તે,
વિદ્યોતયજ્જગદપૂર્વ શશાંકબિંબમ્.....૧૮

## * ભાવાર્થ *

હે નાથ ! હરણનાં બાળકો વડે ચુંબિત થતું ચંદ્ર ના મુખની સમાન અનેક લક્ષણોથી લક્ષિત તથા વિશ્વ ને પ્રકાશમય કરનારૂં એવું તારૂં ચંદ્રરૂપી મુખ રૈવતગિરિ ઉપર વસનારા અનેક સમાધિયોગથી યુક્ત એવા આત્માઓ વડે જોવાય છે.

ઉદ્યોગ એષ ભવતા ક્રિયતાં કિમર્થં ?
કિં વાડથ તે નુ વરવસ્તુન ઊનમસ્તિ,?
ત્વામેવ વીક્ષ્ય શિતિભં સમુદો મયુર્યઃ,
કાર્યં ક્રિયેજ્જલધરૈર્જલભારનમ્રૈઃ?....૧૯

## * ભાવાર્થ *

હે પરમાત્મા ! શ્યામ વર્ણ વાળા એવા તારા મનોહર રૂપને જોઇનેજ મયૂરીઓ હર્ષિત બની જાય છે, તો પછી જલના ભાર વડે નમ્ર બનેલા એવા મેઘોનું કાંઇ કામ રહેતું નથી તેમ ઉત્તમ રાજ્યાદિક ભોગ સામગ્રી પામ્યા બાદ તારે શાની ખોટ છે કે તું તપશ્ચર્યા, ધ્યાન, સમાધિ આદિ યોગોનાં ઉદ્યમ કરે છે?

ઇચ્છાવરં વરમિતિ સ્વજનેન નુન્ના.
વચ્મીત્યહં દ્રુતકરાબ્જનિરૂદ્ધકર્ણા;
રત્ને યથા જનતયા ક્રિયતેડભિલાષો,
નૈવં તુ કાચશકલે કિરણાકુલેડપિ ....૨૦

## * ભાવાર્થ *

હે મારા નાથ ! જ્યારે મારા સ્વજનો તને છોડીને અન્યને વરવાની પ્રેરણા કરે છે ત્યારે હું કરકમલ વડે મારા કાનોને શીઘ્ર ઢાંકી દઇને લોકોને કહું છું કે લોકો રત્નની અભિલાષા રાખે છે પરંતુ અનેક કિરણોથી યુકત એવા કાચના કટકાની અભિલાષા રાખતા નથી.

ભવ્યે ! મનોહરવરો ભવિતા ભવત્યાઃ
કિં નેમિનાઽસહશુચા ચ કિમિત્થમાલ્યા ?
વાચ્યં કિમત્ર યદિ મે ન ભવાનિવાન્યઃ,
કશ્ચિન્મનો હરતિ નાથ ! ભવાંતરેઽપિ. ....૨૧

## * ભાવાર્થ *

હે મારા પ્રાણ ! આ ભવ કે પરભવમાં આપના સિવાય અન્ય કોઇ પુરુષોત્તમ મારૂં મન હરનાર નથી તેવો મને વિશ્વાસ છે તો પછી તને અન્ય મનોહર વરની પ્રાપ્તિ થશે એવું કહેનાર મારી સખીઓના વચનથી શું ?

અસ્યા ન દૂષણમતો હિ ભવાનસહ્યો,-
ઽબાધઃ કૃતાન્તજનકો ભવતીશ ! સોઽપિ;
સાતાય સર્વજગતાં ચ શિવા યમર્ક,
પ્રાચ્યેવ દિગ્ જનયતિ સ્ફૂરદંશુ જાલમ્. ...૨૨

## * ભાવાર્થ *

હે જગનાથ ! શિવામાતારૂપી પૂર્વ દિશા દ્વારા સર્વ જગતને સુખ આપનારા એવા આપ (નેમિપ્રભુ) રૂપી સૂર્યને જન્મ અપાયો હોવા છતાં આપના વિરહથી પીડિત એવી મારા માટે તો આપ મરણાન્ત કષ્ટદાયી બન્યા છો.

चेतश्चमच्चरिकरीषि दरीश्रितानां,
तीव्रैर्व्रतैर्विषम रैवतशृंगसंगी,
आदर्शधाम्नि धृतकेवलचक्रिवत् किं,
नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र ! पन्थाः ?....२३

## * ભાવાર્થ *

હે યોગીશ્વર ! વિષમ રૈવતાચલના શિખર ઉપર રહેલો એવો તું તીવ્રતપશ્ચર્યાદિ વ્રતો વડે ગુફામાં વસનારા લોકોના ચિત્તને અતિશય આશ્ચર્યાંકિત કરે છે પરંતુ શું આવા કષ્ટકારી માર્ગ સિવાય આરીસાભુવનમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરનારા એવા ભરત ચક્રવર્તીની જેમ શું મુક્તિપદનો કોઇ અન્ય કલ્યાણકારી માર્ગ નથી?

पूर्णं व्रतेन भवतु क्रियया गतैः किं ?
कष्टैः कृतं च तपसाऽस्त्वलमन्यकृत्यैः;
चेत् केवलं शिवसुखाब्जविकाशहेतुं,
ज्ञानस्वरुपममलं प्रवदन्ति संतः....२४

## * ભાવાર્થ *

હે દેવાધિદેવ ! જો સંતો જ્ઞાનના સ્વરૂપને નિઃસહાય તથા નિર્મલ તેમજ મુક્તિ ના સુખરૂપી કમલના વિકાસના કારણરૂપ માને છે, તો પછી વ્રત તેમજ ક્રિયા પણ શું ? વિહારાદિ ગમનાગમનથી પણ શું ? અને લોચ્ વગેરે કષ્ટો પણ શું કામના ? તપશ્ચર્યાની પણ શું સાર્થકતા ? અને અન્ય ધર્માભાસ સ્વરૂપી ક્રિયાકાંડથી પણ હવે બસ થયું.

બાલશ્ચિખેલિથ સુરૈઃ કૃતનર્મકર્મૈ-
ર્ધીરો ભવંશ્ચ સમિતૌ ભુવનેષુ જિષ્ણુઃ;
સત્ત્વાત્ પુનઃ સ ચ ગૃહીતિ કિમત્ર ગણ્યો,
વ્યક્તં ત્વમેવ ભગવન્ ! પુરુષોત્તમોઽસિ. ....૨૫

## * ભાવાર્થ *

હે ભગવાન ! ક્રીડા કરનાર દેવો સાથે બાળક બની તેં જે ક્રીડા કરી છે, ઇર્યા સમિતિ આદિમાં ધીરપણા વડે તું દુનિયામાં જયનશીલ છે તેથી તને અત્ર પુરુષોત્તમ ગણી શકાય કે નહીં.

પૂર્વં પ્રભો ! પ્રબલપૂરિતપાંચજન્યઃ,
કે પ્રેંખિતાચ્યુતભુજો હસિતોઽસ્ય દારૈઃ,
મૌનં શ્રિતઃ પરિણયે વિમુખોઽધુનૈવં,
તુભ્યં નમો જિનભવોદધિશોષણાય !....૨૬

## * ભાવાર્થ *

હે દીનબંધુ ! પહેલાં તો તે પાંચજન્ય નામનો શંખ ફુંકયો પછી અખાડામાં કૃષ્ણનો હાથ વાળી દીધો ત્યારબાદ જલાશયમાં કૃષ્ણરાણીઓ દ્વારા તું હાંસીપાત્ર બન્યો વળી અંતે લગ્ન કરવા બાબતના વાર્તાલાપમાં તેં મૌન ધારણ કર્યું એવા સકલજન અને મારા સંસાર સાગરનું શોષણ કરનારા હે મારા વીર ! તને નમસ્કાર થાઓ !

ત્વં ચેચ્છિવાત્મજ ઇતીશ ! શિવાય મે કિં, ?
નારિષ્ટનેમિરિતિ ચેદશુભચ્છિદેડપિ;
સ્વૈર્વા નિરુક્તવશતો મયિ સાનુકૂલઃ,
સ્વપ્નાંતરેડપિ ન કદાચિદપીક્ષિતોડસિ. ....૨૭

## * ભાવાર્થ *

હે જગવલ્લભ ! જો તું શિવાદેવી (કલ્યાણકારી) નો નંદન હોય તો મારૂં આત્મકલ્યાણ કરનાર કેમ થતો નથી ? જો તું અરિષ્ટનેમિ હોય તો મારા અશુભનું છેદન કરનાર કેમ બનતો નથી ? તારા નામના વિશેષણો મુજબ આ બાબત તું અનુકૂળ હોવો જોઇએ છતાં મારા પ્રત્યે કદાપિ કેમ અનુકૂળ બન્યો નથી.

વેત્થેતિ નાદ્રિવસતે ! વિશદં ધ્રુવં ત્વાં,
સૌવં મતં પ્રતિવિભાતમિદં બ્રવીતિ ;
રાગીભવદ્ વિકચકોકનદશ્રિયાડરં,
બિમ્બં રવેરિવ પયોધરપાર્શ્વવર્તિ ....૨૮

## * ભાવાર્થ *

હે વીતરાગી ! રૈવતાચલ ઉપર જેમ સૂર્યનું બિંબ સર્વદા વિકસિત કમળની માફક રકતતા (રાગી બને) ધારણ કરે છે વળી નિર્મલ એવું પર્વત પાસે વહેતું ઝરણાનું બિંદુ પણ નિત્ય પ્રભાતે પોતે રકત (રાગી) થવાનો સંદેશ આપે છે, તો તું મારા પ્રત્યે કેમ રાગ કરતો નથી ?

स्वामिन् ! 'समुद्र विजया'वनिपालसूनो !,
स्तादीश्वरोऽत्र यदहार्यगतिं तवेमाम् !,
कान्तिं निवारयति विष्णुपदोदितां क-
स्तुंगोदयाद्रिशिरसीव सहस्ररश्मेः ....२९

## * ભાવાર્થ *

હે સ્વામી ! હે સમુદ્રવિજય રાજાના નંદન! ગિરનાર ગિરિવર ઉપર તું ઇશ્વર છે! તું મહાદેવ છે! તેથી ઉદયાચલની હારમાળા ઉપરથી આવતી સૂર્યની કાંતિને જીતવા કોઇ સમર્થ નથી તેવી તારી શોભાને જીતવાની કોઇની સમર્થતા નથી.

सारेच्छुदुर्लभमतोऽफलमेव मन्ये;,
मुख्यं महेश! महतोऽप्यपरोपकृत् ते;
सिद्धागमार्थवरमुच्चदशं स्वरूप-
मुच्चैस्तटं सुरगिरेरिव शातकौम्भम्.....३०

## * ભાવાર્થ *

હે મહાપ્રભુ ! જેમ ઉત્તુંગ એવા સુવર્ણમય મેરૂ પર્વત ઉપર રહેલ વૃક્ષો તથા ત્યાં રહેલ અન્ય ઉત્તમ વસ્તુઓ વળી તેનું ઉંચું એવું શિખર લોકોના કાંઇ ઉપકાર માટે બનતું નથી, વળી ધનની વાંછા રાખનાર માટે પણ તે દુર્લભ હોવાથી નિરર્થક બને છે તેમ રૈવત ગિરિવરના તારા ઉચ્ચ સ્થાનના ઉત્તમ અને અનોખા એવા અગમ્ય સ્વરૂપને કોઇ પામી શકતું ન હોવાથી સર્વજનો માટે કોઇપણ ઉપકાર ન કરનારી એવી તારી શ્રેષ્ઠતાના દર્શનની દુર્લભતાના કારણે તે પણ નિરર્થક બને છે.

ઉચ્ચોપલાસન મશીતકરાતપત્રં,
વાતોચ્ચલત્ વિતત નિર્ઝર ચામરં ચ;
દેવાર્ચિત ! ત્રિકમિહાસ્તુ તવૈવમેવ,
પ્રખ્યાપયત્ ત્રિજગત: પરમેશ્વરત્વમ્ ....૩૧

## * ભાવાર્થ *

હે દેવાધિદેવ ! ગિરનાર ગિરિવર ઉપર (૧) ઉચ્ચ પાષાણ (પથ્થર)રૂપી આસન, (૨) સૂર્યરૂપી શિરછત્ર અને (૩) પવનના વેગ વડે ઉંચા જતા તેમ જ વિસ્તીર્ણ એવા ઝરારૂપી ચામર, આ ત્રણે તારી વિશિષ્ટતાનો સંગમ તારા ત્રિભુવનના પરમેશ્વરપણાની સાક્ષી પૂરે છે.

ઉક્તેષ્વમીષુ વચનેષુ મયાઽમૃતાનિ,
જાનીધ્વમાદત રૂષાઽપ્યનુરાગયુક્ત્યા;
નેત્રાદિષુ પ્રથિતસામ્યગુણેન મે હિ,
પદ્માનિ તત્ર વિબુધાઃ પરિકલ્પયન્તિ.....૩૨

## * ભાવાર્થ *

હે જગવિભૂ ! જેમ પંડિત પુરુષો મારાં નેત્રયુગલ તેમજ મુખચંદ્રને જોઇ કમલની કલ્પના કરે છે તેમ (આપના) વિરહની વેદનાથી પીડિત એવી મારા વડે આ કઠોર છતાં પ્રીતિપૂર્વક ઉચ્ચારાયેલાં આ કટુ વચનોમાં આપ અમૃતની જ કલ્પના કરજો.

મત્સ્વામ્યહં ચ મુખનેત્રજિતાવમુષ્યા;,
નીતોષ્ણતામિતિ મદેન મૃગેણ મન્યે;
દાહાય મે પ્રકૃતિરીશ ! વિધોર્યથાઽસ્તિ,
તાદક્ કુતો ગ્રહગણસ્ય વિકાશિનોઽપિ ?....૩૩

## * ભાવાર્થ *

હે વિશ્વ વત્સલ ! મારા સ્વામી તેમજ હું (રાજીમતી) મારા આ નેત્ર અને મુખ વડે જિતાયા હોવાથી કોપાયમાન થયેલ ચંદ્ર પણ તેનામાં રહેલ હરણની ડૂંટીમાં રહેલી કસ્તૂરીની ઉષ્ણતાને લીધે પોતાની શીતળ સ્વભાવની પ્રકૃતિને બદલી નાખતાં તે પ્રકૃતિ મારા પરિતાપ માટે બને છે તેવી પ્રકૃતિ પ્રકાશમાન એવા ગ્રહોના સમુદાયને ક્યાંથી હોય ?

અત્રૈવ પશ્ય પરમાં પર ! કૈરવિણ્યાં,
જ્યોત્સ્નાપ્રિયે ચ વિતનોતિ રતિં શશાંક:;
સ્નેહાન્વિત: પરિવૃઢો વિમુખોઽયનં હિ,
દૃષ્ટ્વાઽભયં ભવતિ નોભવદાશ્રિતાનામ્. ...૩૪

## * ભાવાર્થ *

હે ઉત્કૃષ્ટ ! તું જો ! ચંદ્ર કુમુદિની પ્રત્યે તથા ચકોર પક્ષી પ્રત્યે પોતાની ઉત્કૃષ્ટ પ્રીતિ વિસ્તારે છે તેમાં મુખ્ય કારણ એ જણાય છે કે પ્રીતિયુક્ત કુમુદિની અને ચકોર જેવા આશ્રિતજનોનો માર્ગ નિર્ભય જોઇને તેનાથી વિમુખ થયા વિના તેને પણ સાથ આપે છે.

માકન્દવૃંદવનરાજિપદે નિરેનો-
ડસહ્યોડપ્યહો ! સકલકેવલસંપદામેઃ;
સાલત્રયં ભવિભૃતં ભુવિ મોહભૂપો
નાક્રામતિ ક્રમયુગાચલસંશ્રિતં તે.....૩૫

## * ભાવાર્થ *

હે નિઃપાપી પ્રાણનાથ ! આમ્રવૃક્ષોની વનરાજી એવા સહસાવનમાં સંપૂર્ણ કેવળજ્ઞાનરૂપી આત્મલક્ષ્મી પ્રાપ્ત કરવાને કારણે દેવો દ્વારા રચના કરાયેલ અનેકવિધ ભવ્યતાઓથી ભરપૂર એવા ત્રણ ગઢોને તથા આપના ચરણયુગલ રૂપી પર્વતો તરફ અત્યંત પરાક્રમી એવો મોહરાજા પણ આક્રમણ કરતો નથી એ આશ્ચર્ય જ છે !

ઇત્યુત્સુકા ગતિવિનિર્જિતરાજહંસી,
'રાજીમતી' દઢમતિઃ સુસતી યતીશમ્ઃ
ઇન્દ્રૈઃ સ્તુતં હ્યુપયયાવિતિ નોડસુખાગ્નિં,
ત્વન્નામકીર્તનજલં શમયત્યશેષમ્ ....૩૬

## * ભાવાર્થ *

મારા સ્વામી પાસે મોહરાજા પણ મીણ જેવો બની જાય છે એમ જાણીને આતુર બનેલી વળી, 'હે નાથ ! તારા નામના કીર્તન રૂપી જલ અમારા સમસ્ત દુઃખાગ્નિને નક્કી શાંત કરે છે', એ રીતે ઇન્દ્રો વડે સ્તુતિ કરાયેલા, નેમિશ્વર પ્રભુ પ્રતિ નિશ્ચલ જાતિવાળી એવી ઉત્તમ સાધ્વી રાજીમતી રાજહંસીની ગતિનો પણ પરાભવ કરે તેવી ગતિથી ગમન કરે છે.

मत्तालिपाटल मलीमस कामभोगी;
योगीश ! दुर्धरकषायफटोत्कटाक्षः;
जय्यो जवेन जठरामजनोऽपि तेन,
त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः ....३७

## * ભાવાર્થ *

અહો ! જે મનુષ્યના હૃદય કમળમાં હે જગતારક ! તારા નામ રૂપી નાગ દમની છે, જેનાથી દુર્ધરકષાયરૂપી ફણા વડે તીવ્ર કામોત્તેજિત નેત્રોવાળા, વળી અનેક મનુષ્યના ભક્ષણ કરનાર ભ્રમરોના સમુહથી પણ વિશેષ કાળાં એવાં કામદેવરૂપી સર્પને વેગપૂર્વક જીતી શકાય છે.

कालोपमं विशददर्शनकृत्यशून्यं,
पक्षद्वयात् सदसतो धृततर्कजालम्;
मिथ्यात्विशासनमिदं मिहिरांशुविद्धं,
त्वत्कीर्तनात् तम इवाशु भिदामुपैति. ....३८

## * ભાવાર્થ *

જેમ સૂર્યના કિરણોથી ભેદાયેલું અંધારૂં સત્વર નાશ પામે છે, તેમ તારા કીર્તનથી કાલકૂટ ઝેરની ઉપમાવાળું, નિર્મળ શ્રધ્ધાથી રહિત વળી સત્-અસત્ એમ બે પક્ષની તર્કજાળ પાથરનારા મિથ્યાત્વીઓનું શાસન શીઘ્ર નાશ પામે છે.

રત્નત્રયં નિરૂપમં નરરાજહંસાઃ;
સંવિત્તિદર્શન ચરિત્રમયપ્રકાશમ્;
ક્ષિત્યામસંસૃતિ પરિશ્રમદુઃખદાહં,
ત્વત્પાદપંકજવનાશ્રયિણો લભન્તે....૩૯

## * ભાવાર્થ *

હે જગ સારથવાહ ! સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ પ્રકાશવાળા, વળી જેનો સાંસારિક પરિશ્રમ અંગે નો દુઃખનો સંતાપ નાશ પામ્યો છેએવા તારાં ચરણકમળરૂપી વનનો આશ્રય લેનારાં ઉપમારહિત મનુષ્યરૂપી રાજહંસો જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી ત્રણ રત્નોનાં સમુદાયને પામે છે.

વિત્તેન સાધકતમેન સુનદ્ધભાવાત્,
કૈવલ્યનાર્યુરસિજૈક રસાભિલાષાઃ;
સમ્યક્પ્રમાદસુભૃતોઽવ્યયતાં ત્વદીયાત્,
ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્ વ્રજન્તિ....૪૦

## * ભાવાર્થ *

પ્રસિધ્ધ ઉત્તમ કરણ વડે પ્રસિધ્ધ હેય-જ્ઞેયાદિ પદાર્થોના જાણકાર તથા શુભ જ્ઞાનના સ્વામી એવા આપના સ્મરણથી મુક્તિ રૂપી શિવવધૂના સ્તનોના મર્દનની તીવ્ર અભિલાષા વાળા પ્રાણીઓ ભવસંસારના ત્રાસથી પાર પામી અક્ષયપણાને પામે છે.

પીત્વા વચો જિનપતેરધિગમ્ય દીક્ષા,
સાડથાર કેવલમનંતસુખં ચ ,મોક્ષમ્;
આશ્રિત્ય સિદ્ધવરવસ્ત્વગદા હિ કે નો,
મર્ત્યા ભવન્તિ મકરધ્વજતુલ્યરૂપા:?....૪૧

## * ભાવાર્થ *

પ્રાણનાથ એવા નેમિનાથ જિનેશ્વરના વચનામૃતનું પાન કરીને દીક્ષા ગ્રહણ કરી રાજીમતી કેવલજ્ઞાન અને અનંત સુખાત્મક મોક્ષને પ્રાપ્ત કરે છે. કારણ કે સિધ્ધ વૈદ્યની ઉત્તમ ઔષધિઓના સેવન બાદ કયા માનવો રોગરહિત બની મદન (કામદેવ) સમાન રૂપ વાળા થતા નથી?

કૉસ્કાન્ નવાનિ હસિતાબ્જશુચીન્ ગુણાંસ્તે,
યેડનાદિતો વિષમબાણભટૈન નદ્ધા:,
રાજ્ઞિ ત્વયીશ ! મનુજા: સતિ સાર્વભૌમે,
સદ્ય: સ્વયં વિગતબંધભયા ભવન્તિ....૪૨

## * ભાવાર્થ *

હે ગુણભંડાર ! હું પૂર્ણ વિકાસ પામેલા એવા મનોહર કમળ સમાન પવિત્ર એવા તારા કયા કયા ગુણોની સ્તુતિ કરૂં ? તારા ચક્રવર્તીપણાને (મોક્ષપદ) પ્રાપ્ત કરવાથી જે માનવો અનાદિ કાળથી મદનરૂપી સુભટો વડે સંસારરૂપી બંદીખાનામાં બંધાયેલા હતા તેઓ સંસારભયથી સર્વથા મુક્ત બની મુક્તિરમણીને વરે છે.

સદ્બ્રહ્મચાર ! જિન ! 'યાદવ'વંશરત્ન!
'રાજીમતી'નયનકોક વિરોકિતુલ્ય!
જુષ્ટઃ શ્રિયા સકલયૈકપદે ભવેત્ સ,
યસ્તાવકં સ્તવમિમં મતિમાનધીતે.....૪૩

## * ભાવાર્થ *

હે સદ્બ્રહ્મચારી એવા નેમિજિનેશ્વર ! હે યાદવવંશના અણમોલ રત્ન ! હે રાજીમતીના નેત્રરૂપી ચક્રવાકને અત્યંત આનંદિત કરનારા સૂર્ય ! જે બુધ્ધિમાન જનો તારા આ સ્તવનનું અધ્યયન કરે છે તે ઝડપભેર સકલલોકને વલ્લભ એવી શુધ્ધ હેમસ્વરૂપ મોક્ષલક્ષ્મીના સ્વામી બને છે.

હારાવલીં નુતિમિમાં ધ્રુતિસંતતીદ્ધાં,
કંઠે દધાતિ મહિમાપ્રભસૂરિરાજઃ;
યસ્તે સદૈવ રૂચિરાશ્રિતભાવરત્નાં
તં માનતુંગમવશા સમુપૈતિ લક્ષ્મીઃ ....૪૪

## * ભાવાર્થ *

હે દેવાધિદેવ ! જે સર્વત્ર પ્રસરેલી મહિમાની પ્રભાવાળા પંડિતરાજ કાંતીની શ્રેણી વડે પ્રકાશિત, ભાવરૂપી રત્નો વડે પરોવેલી મનોહર હારાવલી રૂપી સ્તુતિ કંઠમાં ધારણ કરે છે, માનથી ઉન્નત એવા તે મનુષ્યની સમીપ લક્ષ્મી સર્વદા જાય છે.

# ગિરનાર ભક્તિધારા

## ગિરનાર - નેમિભક્તિ ગીત...

### ચાલો રે... સૌ ચાલો...

રાગ : બેના રે...

ચાલો રે... સૌ ચાલો
ચાલો રે... ગિરનારે જઇએ આતમ નિર્મલ થાય,
ભવોભવના પાપો દૂરે પલાય (૨)
જે કોઇ જાય ફેરા ટળી જાય, ભવોભવના પાપો દૂરે પલાય
ચૌદ ચૌદ ચૈત્યો ચમકી રહ્યા છે ગિરનાર ગિરિ શિખરે (૨)
નેમિવરની મૂરત જોતાં, હૈયું પલ પલ હરખે (૨) ચાલો રે...
દર્શન કરતાં કરતાં અંતર ભીનું થાય... ભવોભવના...
ચાલો રે... સૌ ચાલો...
દીક્ષા-કેવલ સહસાવને રે, પંચમે ગઢ નિર્વાણ (૨)
અનંત જિનના ત્રિકલ્યાણક, શાસ્ત્ર વચન પ્રમાણ (૨) ચાલો રે...
ઘેર બેઠાં તસ ધ્યાન ધરતાં, ભવચોથે શિવસુખ થાય.... ભવોભવ
ચાલો રે... સૌ ચાલો...
પાપી-અધમ અહીં જે કોઇ આવે, દુર્ગતિ દૂર હટાવે (૨)
ત્રસ-થાવર જે ગિરિને ફરશે, દુષ્કર્મોને ખપાવે (૨) ચાલો રે...
એ ગિરિવરનો મહિમા મોટો ક્હેતા નાવે પાર... ભવોભવ

### ચાલો આપણે સાથે મળી...

રાગ : આઓ બચો તુમ્હે દીખાયે

ચાલો આપણે સાથે મળી સૌ,
ગિરનાર ગિરિએ જઇએ
એ તીરથની યાત્રા કરતાં,
કર્મમલ સવિ દહિએ
જય જય ગિરનાર જય જય નેમિનાથ
જય જય ગિરનાર જય જય નેમિનાથ

એ ગિરિવરે તાર્યા અનંતા,
અનંતા જિન તિંહા તરસે,
પાપોનું પ્રક્ષાલન કરીને (૨)
પુણ્યકર્મ તિંહા ભરશે,
જય જય ગિરનાર જય જય નેમિનાથ;
જય જય ગિરનાર જય જય નેમિનાથ;

દીક્ષા નાણ પ્રભુ નેમના થાયે,
શિવસુખને તે તો ફરશે,
જે અન્નાણી વેગળા વસશે (૨)
તે તો ભવમાં ભમશે,
જય જય ગિરનાર જય જય નેમિનાથ;
જય જય ગિરનાર જય જય નેમિનાથ;

ત્રસ-થાવર જે એ ગિરિ ફરસે,
શિવરમણીને વરશે,
ઘેર બેઠાં તસ ધ્યાન ધરે જે, (૨)
ભવચોથે સિદ્ધપદ ધરશે.
જય જય ગિરનાર જય જય નેમિનાથ;
જય જય ગિરનાર જય જય નેમિનાથ;

## જિનશાસનના ઇતિહાસ...

(રાગ : જિનધર્મના જૈનબંધુ ગાઇ રહ્યા...)
જિનશાસનના ઇતિહાસના, બોલી રહ્યા સુવર્ણ પાના,
શાશ્વતગિરિ શત્રુંજય અને ગિરનાર ગિરિ લેખાણા.
જય ગિરનાર જય નેમિનાથ જય બોલો અનંતાજિનની
ગિરિવરના ગુણ ગાતા ગાતા વરસે સુખની હેલી,
જય જય બોલો ગિરનારની... જય જય બોલો ગિરનારની.

વસ્તુપાળને તેજપાળના ભવ્ય જિનાલય ગિરનારે,
કુમારપાળને સંપ્રતિ કેરા દિવ્ય દેવાલય ગિરનારે,
જય સિદ્ધરાજ જય સાજનજી જય બોલો ગિરિવર ભક્તની.
ગિરિવરના ગુણ ગાતા ગાતા...
પેથડ ઝાંઝણ ધારે રેડી, રક્તધારા આ ગિરનારે,
શાસન કેરી શાન વધારી, ભેખધરી આ ગિરનારે,
જય આમરાજ જય રત્નાશા જય બોલો ભરતચક્રીની.
ગિરિવરના ગુણ ગાતા ગાતા...
આચારજ બપ્પભટ્ટજી આવે, યુદ્ધવારે શ્રી ગિરનારે,
હેમચંદ્ર માનદેવ સૂરિજી, ક્લેશ નિવારે શ્રી ગિરનારે,
જય આનંદસૂરિ જય ભદ્રેશ્વરસૂરિ જય બોલો શ્રી વરદત્તની.
ગિરિવરના ગુણ ગાતા ગાતા...

## મળે તારું શરણું...

(રાગ : બહુત પ્યાર કરતે)

મળે તારું શરણું, જનમો જનમ...
કરું તારી સેવા, કરું હું નમન...
અંજનવરણી, મૂરતિ નિહાળી,
દોષ અંતરના, દેજે પખાળી,
ધન ધન થાયે (૨) મારું જીવન ... ૧
શાંતિ મળે ના, મારા હૃદયમાં,
ભવોમાં ભટક્યો, તારા વિરહમાં,
સ્વીકારો તમે જો (૨) શમે સૌ ભ્રમણ... ૨
તારી ભક્તિ તારી, સેવાના શમણાં,
તારા દરશને, તલસે છે નયણાં,
કરું તારી પૂજા (૨) કરું હું ભજન... ૩
તારી સેવાનો, મહિમા છે ભારે,
કામી-અધમને, પણ તું છે તારે,

તારોતારો મુજને (૨) નેમિનાથ સ્વામિ... ૪

ગિરનાર ગિરિ તો, જગમાં છે મોટો,

ચૌદ રાજમાંતો, મળે નહિ જોટો,

ભજો ભજો સૌ પ્રાણી (૨) અવસર ના ચૂકો... ૫

## તારા વિના નેમ મને...

(રાગ : તારા વિના શ્યામ મને)

તારા વિના નેમ મને એકલડું લાગે,
જાન જોડીને વહેલો આવજે...
રોજ રોજ તારી યાદ આવે, તારા વિરહની વેદના સતાવે (૨)
આવ્યો હું તારે દ્વાર, માંગુ છું તારી પાસ (૨)
દરશન દેવાને વહેલો આવ આવ આવ નેમ ... તારા....
ચોરી બાંધી છે ચોકમાં, દીવડા મૂક્યા છે ગોખમાં (૨)
તું ના આવે તો નેમ, પરણું હું બીજે કેમ ? (૨)
જાન જોડીને વહેલો આવ આવ આવ નેમ... તારા....
નવ નવ ભવની આ પ્રિતડી, રાજુલની સાથે છે નેમની (૨)
સતાવે તું મને કેમ ? તરછોડે તું શાને નેમ ?
નવ ભવનો રાખ નેહ નેહ નેહ નેમ... તારા....

## ગિરનારજીકા નાથ હૈ...

(રાગ : જનમ જનમ કા સાથ...)

ગિરનારજીકા નાથ હે, હમારા તુમ્હારા...
હમારા તુમ્હારા
કાનમેં કુંડલ ડોલે, મસ્તકે મુકુટ સોહે,
અંજન વરણી કાયા, ભક્તો કે મન મોહે,
ભવકી યાત્રા પૂરણ હોવે, આયે દ્વાર તીહારા... ગિરનાર...
આપ ભયે બ્રહ્મચારી, નિર્મલ નિર્વિકારી,
વિષયવાસના ભારી, દૂર કરે ગિરનારી,
મોહકી નિદ્રા દૂર કરે યે, શરણ કી બલિહારી... ગિરનાર...
કલ્યાણક હૈ જિનકે, દીક્ષા-નાણ-નિર્વાણી,
હર ચોવીસીમેં તીનતીન, કહે આગમ વાણી,
અનંતજિન શિવગામી હુએ, ઐસા યે દાતારી... ગિરનાર...

# ઝલક દિખા...

(રાગ-આ લૌટ કે આજા મેરે મીત)

ઝલક દિખા... ઝલક દિખા... ઝલક દિખા...
એક ઝલક દિખા તુ નેમિનાથ (૨) તુઝે તેરે લાલ બુલાતે હૈ,
તેરે દર્શન કો તરસે યે નૈન (૨) તુઝે તેરે બાલ બુલાતે હૈ,
એક ઝલક દિખા તું નેમિનાથ... || ૧ ||

ભક્તો કા પ્યારા, દેવો કા દૂલારા કિતને કી આંખો કા તારા (૨)
દુનિયા મેં ચમકા નેમિનાથ તુ, જૈસે શાસન કા સિતારા
તેરી આંખે અવિકારી નેમિનાથ (૨) તુઝે તેરે લાલ બુલાતે હૈ,
એક ઝલક દિખા તુ નેમિનાથ... || ૨ ||

બીચ ભવર મેં નૈયા ફંસી હૈ, આકર તું પાર લગા દે (૨)
તેરે સિવા મેરા કોઇ નહી હૈ, આકર ગલે સે લગા દે (૨)
અબ દેર ના લગા તું નેમિનાથ (૨) તુઝે તેરે લાલ બુલાતે હૈ,
તેરે દર્શન કો તરસે યે નયન (૨) તુઝે તેરે બાલ બુલાતે હૈ,
એક ઝલક દિખા તુ નેમિનાથ... || ૩ ||

વૈસે તો તુમ હો દિલમેં હમારે પર આંખે નહી માનતી (૨)
એક પલ તેરે સે ઇસ ભવ મેં બિછડકર રહેના નહી ચાહતી (૨)
ઘડી ઘડી તરસાઓ ના મિત (૨) તુઝે તેરે લાલ બુલાતે હૈ,
તેરે દર્શન કો તરસે યે નયન (૨) તુઝે તેરે બાલ બુલાતે હૈ,
એક ઝલક દિખા તુ નેમિનાથ... || ૪ ||

ડૂબ રહા હૈ સુખકા યે સુરજ, ગમકી બદરીયા હૈ છાયી (૨)
ઉજડ ગઇ હૈ બગીયા જીવન કી, મન કી કલી હૈ મુરઝાઇ (૨)
કરે વિનંતી તુજે તેરે ભક્ત (૨) તુઝે તેરે લાલ બુલાતે હૈ,
તેરે દર્શન કો તરસે યે નયન (૨) તુઝે તેરે બાલ બુલાતે હૈ,
એક ઝલક દિખા તુ નેમિનાથ... || ૫ ||

## ઓ નેમિ તેરે ભક્ત...

(રાગ-ઐ માલિક તેરે બંદે હમ...)

ઓ નેમિ તેરે ભક્ત હમ આયે હૈ તુમ્હારે ચરણ,
ગુણ તેરે ગાએ, ઔર ધર્મ બઢાવે, તાકિ ભવ-ભટકેં નહીં હમ...
મૈ કબસે ભટકતા રહા, મોહમાયા સે જકડા રહા,
અબ દ્વાર ખડા, ડર હૈ લગતા, અબ તો લેલો હમેં તુમ શરણ,
હો દુઃખિયા કે સાથ પ્રભુ, મુઝકો છિપાઓ હૃદયમેં તુમ...
ગુણ તેરે ગાએ...
સારી દુનિયા હૈ દુઃખી અભી, પુણ્ય કી હૈ ઇસમેં કમી,
પર તૂં જો ખડા, હૈ દયાલૂ બડા,
ભક્ત કરે અરજી, તેરી કૃપાકી ઇસમેં કમી,
સુનલે ભક્તો કી વિનંતી, ગુણ તેરે ગાએ....

## એક રાજકુમારી રે...

(રાગ - પીંજરે કે પંછી રે... - નાગમણિ)

એક રાજકુમારી રે, એનો પ્રિતમ પાછો જાય,
આશાભરી એની આંખડીમાંથી, આંસુ ચાલ્યાં જાય રે,
એનો પ્રીતમ પાછો જાય...
રોવે રાજુલ નારી રે, એનો પ્રિતમ પાછો જાય
એક રાજકુમારી રે...
મનને માંડવે તોરણ બાંધ્યા, મહેલો ઝરુખા શું શણગાર્યા રે,
સૂના છે શણગારો સઘળા, મંડપ ખાવા ધાય,
એનો પ્રીતમ પાછો જાય...
નેમ સુણે પશુઓની વાણી, એને કરુણા દિલ ઉભરાણી રે,
મારે કાજે કૈંક જીવોના, જીવન સળગી જાય,
એ તો કેમે ના સહેવાય...
દુઃખીયારી કહે રાજુલ નારી, જનમોજનમની પ્રીત વિસારી રે,
કોડભરીના કોડ અધૂરા, હૈયું બળી બળી જાય,
એનો પ્રીતમ પાછો જાય...

મારું જીવન મુજને પ્યારું, એવું સહુને જીવન પ્યારું રે,
રાજુલ ચાલો સંયમ પંથે, જન્મ સફળ બની જાય,

ફેરા ફરવાના ટળી જાય...

દુઃખદાયી સહુ પાતક છૂટ્યા, સંસારના જ્યાં બંધન તૂટ્યા રે,
કેવલ પામી મુક્તિનગરના મંગલ પંથે જાય,

એતો પ્રીતમ સાથે જાય...
એક રાજકુમારી રે...

## આ નેમ પ્રભુ કે ચરણોં મેં...

**(રાગ - જહાં ડાલ ડાલ પર સોને કી........)**

યદુવંશ સમુદ્રેન્દુ, કર્મકક્ષ હુતાશન;
અરિષ્ટનેમિ ર્ભગવાન્, ભૂયાદ્ વો રિષ્ટનાશન.

આ નેમ પ્રભુ કે ચરણોં મેં તું, ઝુકલે ઓ અભિમાની,
તેરી દો દિનકી જિન્દગાની (૨)
ક્યોં માયા કી દુનિયા મેં ફંસકર, જીવન ખો રહા પ્રાણી,
તેરી દો દિનકી જિન્દગાની (૨)

કૌડી કૌડી માયા જોડી, દાન દિયા ના કોઇ (૨)
દુઃખીયો કા ખૂન ચૂસકે તૂને, કરલી અપની કમાની (૨)
સબ ધરા રહેંગા માલ ખજાના, જાયે હાથ ખાલી,
તેરી દો દિનકી જિન્દગાની (૨)

માત-પિતા બહન બંધુ નારી, યે મતલબ કે સાથી (૨)
અંત મેં તુજકો જાના અકેલા, સંગ ચલે ના કોઇ (૨)
અબ ચેત ચેત તૂ તો એ બંદે, જીવન બહાના પાની,
તેરી દો દિનકી જિન્દગાની (૨)

આજ નેમ કે ચરણોં મે તું આકે, અપના શીશ ઝુકાલે (૨)
ભક્તજન જિસકો ભાવે, તૂ ઉસકો અપનાલે (૨)
વો હૈ માલિક કોઇ ઉનકે દરસે, ગયા કભી ના ખાલી,
તેરી દો દિનકી જિન્દગાની (૨)

## કભી પ્યાસે કો...

કભી પ્યાસે કો પાની પિલાયા નહીં,
બાદ અમૃત પિલાને સે ક્યા ફાયદા;
કભી ગિરતે હુએ કો ઉઠાયા નહીં,
બાદ આંસૂ બહાને સે ક્યા ફાયદા...

મૈં મંદિર ગયા પૂજા આરતી કી,
પૂજા કરતે હુએ યે ખયાલ આ ગયા;
કભી મા બાપ કી સેવા કી હી નહીં,
ફિર પૂજા હી કરને સે ક્યા ફાયદા...

મૈં ઉપાશ્રય ગયા, ગુરૂવાણી સુની,
ગુરૂવાણી કો સુનકર યે ખયાલ આ ગયા;
જૈન કુલકો પાયા જૈની બન ના શકા,
ફિર જૈની કહલાને સે ક્યા ફાયદા...

મૈંને દાન દિયા, મૈંને તપ જપ કિયા,
દાન કરતે હુએ યે ખયાલ આ ગયા;
કભી ભૂખે કો ભોજન કરાયા નહીં,
દાન લાખો કા કરદું તો ક્યા ફાયદા...

## જીવન લડાઇ જીતી જનારા...

(રાગ - તુમ્હીં હો માતા)

જીવન લડાઇ જીતી જનારા,
નેમિ ! તમોને નમન અમારા.
પરાક્રમોની તમે પ્રતિમા,
ચઢાણ કીધાં રૈવતગિરિમાં
ગગનભૂમિના અમરમિનારા,

પ્રભુ ! તમોને ....

તમે દિવાકર, તમે સુધાકર,
તમે જ ધરતી, તમે જ સાગર,
અણુઅણુમાં બિરાજનારા,

પ્રભુ ! તમોને ...

જીવો દુઃખી તો તમે દુઃખી હો,
તમે સુખી જો જીવો સુખી હો,
તમે સહુના, સહુ તમારા,

પ્રભુ ! તમોને ...

અમે તમારા ગુણો ગ્રહીશું,
તમે કહ્યો તે ધરમ કરીશું,
અમે પ્રવાસી તમે સિતારા,

પ્રભુ ! તમોને ...

## યે નેમપ્રભુ અલબેલે

**(રાગ - યે દેશ હૈ વીર જવાનો કા, અલબેલો કા...)**

હો હો... યે નેમપ્રભુ અલબેલે હૈ, શાસનમેં એક અકેલે હૈ,
ઇનકી શક્તિકા, ઇનકી શક્તિકા ક્યા કહના ?
યે નાથ હૈ હમ સબ કા ગહના...
હો હો... જો ઇનકે દર પર આતા,
મનવાંછિત ફલકો વો પાતા,
યહાઁ ખાલી કોઇ, યહાઁ ખાલી કોઇ નહીં જાતા...
નહીં ઐસા કોઇ જગમેં દાતા...
હો હો મૂર્તિ હૈ પ્રભુ કી મતવાલી,
અખિયા મેં પ્રભુ કે હૈ લાલી,
યે પ્રભુ હમારે, યે પ્રભુ હમારે અવિકારી...
હૈ જિનશાસન કે હિતકારી...
હો હો પશુઓ કો પ્રભુને પ્યાર દિયા,
ઉનકા ફિર બેડા પાર કિયા,
જો ઇનકો ધ્યાયે, જો ઇનકો ધ્યાયે તન-મન સે...
મિલતી હૈ મહિમા જન્મ-જન્મ સે...

## દેવાધિદેવ તણા....

(રાગ - હોઠોંસે છૂ લો તુમ - પ્રેમગીત)

દેવાધિદેવતણા, નેમના દર્શન કરીએ,
એના ગરવા ગુણોનું, ચાલો ગુંજન કરીએ,
દેવાધિદેવ તણા...

એ ભૌતિક સુખોમાં, એણે કેવળ દુઃખ જોયું,
દુઃખિયા પશુઓ દેખી, એનું કોમળ દિલ રોયું,
કરૂણાના ધારકને, ચાલો વંદન કરીએ,
દેવાધિદેવ તણા...

લખચોરાસી ભવમાં, જીવ શાને ભટકે છે ?
એણે જાણ્યું કે જીવની, પ્રગતિ ક્યાં અટકે છે ?
એ પાવન જ્ઞાનીનું ચાલો પૂજન કરીએ.
દેવાધિદેવ તણા...

દુઃખમાંથી છૂટવાનો, એણે મારગ અપનાવ્યો,
સૃષ્ટિના સૌ જીવને, નિઃસ્વાર્થે બતલાવ્યો,
એવા પરમાર્થી નેમને, હૈયુ અર્પણ કરીએ.
દેવાધિદેવ તણા...

આ ત્યાગી પરમાત્મા, તે તો અવિકારી છે
ઊંચા સન્માનતણા, પૂરા અધિકારી છે
એના ગુણો અપનાવી, સાચું તર્પણ કરીએ.
દેવાધિદેવ તણા...

## તેરે દ્વાર ખડા ભગવાન...

(રાગ - તેરે દ્વાર ખડા ભગવાન...)

તેરે દ્વાર ખડા ભગવાન, આજ મેરી ભર દો રે ઝોલી,
તેરે ચરણ પડા હું આજ, ફિ દે દો મુક્તિ પુરી કા દાન...
ડોલ રહી હૈ નૈયા મેરી, નહીં હૈ કોઇ સહારા,
ભીખ માંગને આયા ચરણમેં, તાર લો તારણહારા રે,
દેખો આયા હૈ તૂફાન, કર દો રે નૈયા મેરી સુકાન...

કરૂણાસાગર કરૂણા કીજે, મૈ હું સેવક તોરા,
છેડકે દુનિયા આયા હૂં, ચરણ મેં, મિટા દો ભવકા ફેરા રે,
કર દિયા કર્મો ને હૈરાન, પ્રભુજી ભટક રહા ભવરાન...
ઓ વિતરાગી નેમિ જિણંદા, આયા તોરે દ્વારે,
શિવાનંદન ભવ ભય ભંજન, લગા દો નૈયા કિનારે રે,
પ્રભુ દે વિનતી માન, બના દે રે મુક્તિ કા મહેમાન...

## જોગી બનીને ચાલ્યા નેમકુમાર...

દુહો : વાદળથી વાતો કરે ઊંચો ગઢ ગિરનાર,
પાવન થઇ ડોલી રહ્યો, જ્યારે આવ્યા નેમ કુમાર... ૧
રાજુલ આવી સાથમાં છેડી સકલ સંસાર,
અમર કહાની પ્રેમની ગાઇ રહ્યો ગિરનાર ....૨

જોગી બનીને ચાલ્યા નેમકુમાર, ધન્ય બન્યો રે પેલો ગઢ ગિરનાર
વિચરે જ્યાં વિશ્વના તારણહાર, ધન્ય બન્યો રે પેલો ગઢ ગિરનાર
જેને જગ કલ્યાણની લાગી લગન, જીવનની સાધનામાં મનડું મગન
અંતરમાં પ્રગટે છે પ્રીતની અગન, આતમ ઉડે છે એનો ઊંચે ગગન (૨)
વાયરમાં વહેલી વસંતી બહાર...
એના પ્રાણમાંથી પ્રસરે છે એવો પ્રકાશ,
ઉજાળી દીધા છે ધરતી આકાશ,
ભવોભવની પ્રીતડીનો બાંધ્યો છે પાશ,
પૂરી છે રાજુલના અંતરની આશ (૨)
મોક્ષે સિધાવ્યા રાજુલ નેમકુમાર...

## આપ ક્યા જાને...

આપ ક્યા જાને નેમિ જિનેશ્વર, યહાં હમ કૈસે જીએ જા રહે હૈ,
તુજકો મીલને કી ઉમ્મિદ રખ કર, ગમ કે આંસુ પીએ જા રહે હૈ.. .આપ
તું સાગર હૈ મે ઓસ બિંદુ, મૈ એક સૂર ઓર તું સૂર સિંધુ,
સપ્તસૂરો કી સરગમ બનાકર, તેરે ગીતો કો હમ ગા રહે હૈ... આપ

મુખડે પે તેરે મમતા જો મલકે, નૈનો સે તેરે પ્યાર જો છલકે,
કરૂણા ઔર સમતાકી બહતી, ધારા મેં હમ ન્હા રહે હૈ.. .આપ
તું સમુદ્ર વિજય શિવાદેવી નંદા, તેરે ચરણો મેં ચોસઠ ઇંદ્રા,
મીટા દે મેરે ભવોભવ કા ફંદા, યહી અરજ હમ સુના જા રહે હૈ... આપ

## વો કાલા સહસાવન...

વો કાલા સહસાવન વાલા (૨) સુધ બિસરા ગયા મોરી રે (૨)
શિવાદેવી નંદકીશોર જો (૨) કર ગયો રે, કર ગયો રે, કર ગયો મનકી ચોરી રે..
...સુધ બિસરા...

કાલો કાજલ અખિયન સોહે, કાલે બાદલ મેં જ્યું જલ હોવે (૨)
સુરભિ સુહાગન સુંદર સોહે (૨) કાલી ભયી કસ્તુરી રે... સુધ બિસરા..
કાલી કીકી કાલા તીલ હૈ, કાલોદધિ કા કાલા જલ રે (૨)
વૈસી હી કાલી સુરત તોરી (૨) મેં તો ગયા બલિહારી રે...
...સુધ બિસરા...

કનક કસોટી પથ્થર કાલો, કાલો કનૈયો જશોદા કો લાલો (૨)
જો કાલે ને રાજુલ તારી (૨) જય જય જય ગિરનારી રે... સુધ બિસરા..

## ઓ મારા નેમજી તોરણથી

ઓ મારા નેમજી તોરણથી રથ ક્યું મોડે,
ઓ મારા નેમજી હથલેવો અબ જોડે... મારા નેમજી...
ઓ મારા નેમજી મહેન્દી લગાઇ મારા હાથો મેં,
ઓ મારા નેમજી મહેન્દી રો રંગ રાતો... મારા નેમજી...
ઓ મારા નેમજી આઠ ભવોં રી પ્રીતલડી,
ઓ મારા નેમજી નવમેં ભવ ક્યું તોડે... મારા નેમજી...
ઓ મારા નેમજી સોલહ શૃંગાર મેં કીના,
ઓ મારા નેમજી મનડા રી વાતો જાણો... મારા નેમજી...
ઓ મારા નેમજી બેનડ જૂઠી કાયા ને માયા,
ઓ મારી બેનડ જૂઠે હૈ ઝંઝાલ મોરી બેનણ... તોરણથી...
ઓ મારી બેનડ પશુઓં રોવે ઇણ વાડા મેં,
ઓ મારી બેનડ પાપ સે વાડો છોડો મારી બેનડ... તોરણથી...

ઓ મારી બેનડ પશુઓં રી પુકાર સુની,
ઓ મારી બેનડ નેનો નેનો કાલજો કંપી જે... મારી બેનડ તોરણ...
ઓ મારી બેનડ કર્મ ખપાવા મેં જાવુ,
ઓ મારી બેનડ ગઢ ગિરનાર જાવુ મારી બેનડ તોરણથી...
ઓ મારા નેમજી થોરે સાથે મેં ચાલું,
ઓ મારા નેમજી સંયમ લઇને ચાલો મારા નેમજી... તોરણ...
ઓ મારા નેમજી ભક્તો તોરા ગાવે હૈં,
ઓ મારા નેમજી ભવ ભવ પાર ઉતારો મારા નેમજી... તોરણ...

## મેરે સર પર રખ દો

**મેરે સર પર રખ દો દાદા અપને યે દોનો હાથ,**
**નેમ પ્રભુજી દીજીએ, જનમ જનમ કા સાથ**
તેરા અહેસાન હોંગા, તેરા ઉપકાર હોગા.
સુના હૈ હમને તુમ ભક્તો કી ચાહત પૂરી કરતે હો
ઐસા હમને ક્યાં માંગા જો દેને સે ડર જાતે હો,
મેરા રસ્તા રોશન કરદો, આયી અંધયારી રાત.....
જનમ જનમ સે ભટક ભટક કર તેરે દ્વાર પે આયા હું,
ભક્તિગીતો કે થાલ કો લેકર તુમ ચરણોંમે આયા હું,
ચાહે સુખ મેં હો યા દુઃખ મે બસ થામે રહેના હાથ....

## આવો આવોને નેમકુમાર

(રાગ : તને સાચવે પાર્વતી અખંડ સૌભાગ્યવતી...)

આવો આવોને નેમકુમાર,
આવોને અમ આંગણીએ.
વિનવે રડતી રાજુલનાર,
આવોને અમ આંગણીએ.
બાંધ્યા બાંધ્યા તોરણ બારણે,
વાગે વાગે શરણાઇ ઢોલ આંગણીએ,
સજ્યા રાજુલ સોળે શણગાર...
આપણી આઠ આઠ ભવની પ્રીતલડી,
નવમે ભવ કેમ વિસારી દીધી,
ઓછું આવ્યું શું રાજકુમાર...
સુણી પોકાર પશુડા પાડતા,
પ્રભુ રથને પાછે વાળતા,
વસીયા જઇ ગઢ ગિરનાર...
લીધું સંયમ કેવલ મોક્ષે ગયા,
દીક્ષા લીધી રાજુલ સંગે ગયા,
માણેક વંદન વારંવાર...

## ભાવના જાગી છે

(રાગ : લગની લાગી છે અગની જાગી છે)

ભાવના જાગી છે યાત્રા કરવી છે
નેમિનાથ દરશન કાજ...
શાશ્વત ગિરનાર સ્પર્શી ક્યારે હું પાવન થાઉં,
નેમિનિરંજન ભેટી પાપોને મારા પખાળું,
અંતરની આશાને... આશાને પૂરજો પ્રભુ તમે...
મુક્તિ થકી પણ ભક્તિ લાગે છે મુજને વ્હાલી,
નેમીશ્વરના ચરણે પામું હું પ્રેમની પ્યાલી,
સુમીરનના શ્વાસથી... શ્વાસથી સમર્યા કરૂ તને...
છૂટે ભલે આ જીવન પણ તારી ભક્તિ ના મૂકું,
તારા પાવન ખોળે હું પુષ્પ બનીને મહેકું,
આતમની હર આશ છે... આશ છે અર્પણ પ્રભુ તને...

# દર્શન કરવાને અમે

(રાગ : મહેંદી રંગ લાગ્યો...)

દર્શન કરવાને અમે આવીયાને,
કાંઇ આંગીનો રૂડો બન્યો ઠાઠ રે... આવ્યા દર્શન કરવા...
સમુદ્રવિજયના નંદજી રે,
કાંઇ નેમકુમાર રૂડા નામ રે... આવ્યા દર્શન કરવા...
શિવાદેવી કૂખે અવતર્યા ને,
કાંઇ શોભે રતન સમાન રે... આવ્યા દર્શન કરવા...
ઉત્તમકુલમાં અવતર્યાને,
વાલે નવખંડ રાખ્યા નામ રે... આવ્યા દર્શન કરવા...
માથે મુગટ મોતી જડ્યોને,
કાંઇ કાને કુંડલ સાર રે... આવ્યા દર્શન કરવા...
બાંહે બાજુબંધ બેરખાને,
કાંઇ કંઠે નવશેરો હાર રે... આવ્યા દર્શન કરવા...
હાથની તે કલ્લી હીરે જડીને,
કાંઇ સફલ બીજોરૂ હાથ રે... આવ્યા દર્શન કરવા...
કેડે કંદોરો હેમનો રે,
કાંઇ ઘુઘરીએ ઘમકાર... આવ્યા દર્શન કરવા...
દાંત સોહે દાડમકળી રે,
કાંઇ અધર પ્રવાળાનો રંગ રે... આવ્યા દર્શન કરવા...
પાયે તે મોજડી મોતી જડી રે,
કાંઇ રેશમીઓ સુરવાલ રે... આવ્યા દર્શન કરવા...
લીલી ઘોડીને પીળો ચાબખો રે,
કાંઇ પાતળીયો અસવાર રે... આવ્યા દર્શન કરવા...
મેં અણસારે ઓળખ્યા રે,
કાંઇ રાજીમતીનો ભરથાર રે... આવ્યા દર્શન કરવા...
શરદ પૂનમની શોભા ઘણી રે,
કાંઇ ચાંદની ખીલી ભલી ભાત રે... આવ્યા દર્શન કરવા...

સોના સમુ દેરાસર ભલુ ને,
કાંઇ રૂપાસમી તેની કોર રે... આવ્યા દર્શન કરવા...
મિથ્યા તામસ દૂર થયું રે,
દરશને સમકિત પ્રકાશ રે... આવ્યા દર્શન કરવા...
ભવ ભ્રમણના ફેરા ટળ્યા રે,
દીઠા આજ નેમિનાથ રે... આવ્યા દર્શન કરવા...

## વરસે ભલે વાદળી...

વરસે ભલે વાદળી ને વાયુ ભલે વાય,
દાદા તારો દીવડો કદિ ન બુઝાય. .. વરસે ભલે.
આવે ભલે ને આંધી તોફાનો, ભલે ને ઝંઝાવાત ઝીંકાય .. દાદા
દરિયામાં ઊછળે મોજાં તોફાની, પર્વત શિલાઓ ગબડી જાય.
એને બુઝવવા આવે અસુરો, એ પણ હારીને ચાલ્યા જાય. .. દાદા
આવે ભલેને રાહુ ને કેતુ, એનો પ્રભાવ પણ પાણી પાણી થાય
અલબેલા નેમિનાથ ડુંગરે બિરાજે, યાત્રા કરવાને સહુ દોડી દોડીજાય .. દાદા

## થાળ ભરી ચોખાને...

થાળ ભરી ચોખાને... ઘીનો છે દીવડો,
શ્રીફળની જોડ લઇને,
હાલો... હાલો ગિરનાર જઇએ રે.
ગિરનાર તીર્થમાં નેમિનાથ શોભતા,
મુખડું પૂનમ કેરો ચંદ રે... હાલો હાલોને.
ગિરનાર તીર્થના ઊંચા રે શિખરો,
જોઇને મન હરખાય રે... હાલો હાલોને.
દાદાના ચોકમાં નાચે પારેવડાં,
મોરલા કરે ટહુકાર રે... હાલો હાલોને.
દાદાની યાત્રા કરી હૈયું હરખાય છે
સેવકનો કરો ઉદ્ધાર રે... હાલો હાલોને.

## ઘોર અંધારી રે...

ઘોર અંધારી રે... રાતલડીમાં, સપનાં દીઠાં ચાર,
પહેલે સપને રે દીઠ મેં તો, ગિરનારજીના ધામ,
જાત્રા કરશું રે સાથે મળી સહુ, ગિરનારજીના ધામ,
ભેટવા આવજો રે... ગિરનારજીમાં, નેમિનાથ ભગવાન ... ઘોર અંધારી રે..
બીજે સપને રે... દીઠ મેં તો... સિદ્ધાચળજી ધામ,
આવજો આવજો રે સાથે મળી સહુ... સિદ્ધાચળજી ધામ,
નવ્વાણું કરશું રે... સાથે મળી સહું... સિદ્ધાચલને ધામ,
ભેટવા આવજો રે સિદ્ધાચલમાં... આદેશ્વર ભગવાન ... ઘોર અંધારી રે..
ત્રીજે સપને રે દીઠ મેં તો, શંખેશ્વરજી ધામ,
આવજો આવજો રે સાથે મળી સહુ, શંખેશ્વરજી ધામ,
અઠ્ઠમ કરશું રે સાથે મળી સહુ. શંખેશ્વરજી ધામ,
ભેટવા આવજો રે શંખેશ્વરમાં, પાર્શ્વનાથ ભગવાન. ... ઘોર અંધારી રે..

## હેલો મારો સાંભળો...

(દુહો)

સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગિરનાર;
સહસાવન ફરસ્યો નહિં, એનો એળે ગયો અવતાર...

હેલો મારો સાંભળો ગિરનારના રાજા,
સમુદ્ર વિજયના બેટડા ને શિવાદેવીના નંદ,
મારો હેલો સાંભળો ... હો.
હુકમ કરો તો દાદા જાત્રાએ આવું,
ભવોભવના કર્મ ખપાવી મોક્ષે ચાલ્યા જાવું,
... મારો હેલો.
ઊંચા ઊંચા ડુંગરાને વસમી છે વાટ,
કેમ કરીને આવું દાદા પકડો મારો હાથ,
... મારો હેલો.

નર અને નારી તારી જાત્રાએ આવે,
ચરણકમળ તારા સેવીને,
ભવસાગર તરી જાવે... મારો.
નેમિનાથ દાદાની અદ્‌ભૂત લીલા ન્યારી,
આ સેવકનો હાથ પકડી,
લઇ લ્યોને ઉગારી... મારો
હે શ્રાવકો મળી સૌ યાત્રાએ આવે,
ધનવૈભવ લૂંટાવી તેતો પુણ્યકર્મ પાવે... મારો

## ઝનન ઝનન ઝનકારો રે...

ઝનન ઝનન ઝનકારો રે, બોલે આતમનો એકતારો રે,
હવે પ્રભુજી પાર ઉતારો.
તારલિયાના તોટા નહિ પણ સૂરજ ચંદ્ર એક છે
દેવ અનેરા દુનિયામાં પણ મારે મન તું એક છે
ઝનન ઝનન ઝનકારો રે, બોલે ઘૂઘરીનો ધમકારો રે... હવે...
અવની પર આકાશ રહે તેમ કરજો અમ પર છાયા,
નિશદિન અંતર રમતી રહેજો નેમિવર તારી માયા,
ચમક ચમક ચમકારો રે, તારો મુખડાનો મલકારો રે... હવે...
ઉષા સંધ્યાના રેશમ દોરે, સૂરજ ચંદ્ર ઝૂલે,
ચડતી ને પડતીના ઝૂલે માનવ સઘળા ઝૂલે,
સનન સનન સનકારો રે, તારી વાણીનો રણકારો રે... હવે...
તું છે માતા, તું છે પિતા, તું છે જગનો દીવો,
શિવાદેવીના નાનકડા નંદન, જગમાં જુગ જુગ જીવો,
ઝનન ઝનન ઝનકારો રે, મુજ પ્રાણ થકી તું પ્યારો રે... હવે...

## દીનાનાથજી...

એક બાર મુખડો બતાઓ દીનાનાથજી,
થારી મોહની મૂરત લાગે પ્યારી, નેમિનાથ અરજ સુણો... એકબાર
રૈવતાચલના રાજા થે, તો ગિરનારના રાજા,
શિવાદેવી રા લાડકા લાલ, નેમિનાથ અરજ સુણો... એકબાર
નિર્દોષ પશુઅનકી થે તો, કરૂણા કીધી અપાર રે,
મારા વાલજી રાજીમતી રા કંત, નેમિનાથ અરજ સુણો... એકબાર
રહનેમિ તાર્યા દાદા, ગજસુકુમાલને તાર્યા હો,
મારી નાવ લગાદો ભવપાર, નેમિનાથ અરજ સુણો... એકબાર
દાદા થોને માલૂમ હોવે, થોરે શરણે આયા હો,
નહીં ભુલેગા થારો ઉપકાર, નેમિનાથ અરજ સુણો... એકબાર
કોયલ બોલે મીઠા મીઠા, મોરિયાજી બોલે હો,
થોરા બાલ કરે રે પુકાર, નેમિનાથ અરજ સુણો... એકબાર

## નેમ રાજુલ છે...

રાગ : દીલ લગા દિયા

નેમ રાજુલ છે અમોલા રતન,
જૈન ધર્મના બાગના છે સુવાસિત સુમન...
નેમ જાણે હો ત્યાગની મૂર્તિ,
નેમ વિના રાજુલ કેટલી ઝૂરતી,
લગ્ન મંડપ છોડી ચાલ્યા,
નેમ બંધન છોડી ચાલ્યા,
ધર્મના કરવા જતન...
નેમના સંયમને શ્રદ્ધાના બળથી,
ઝૂરતી રાજુલની વેદના ફળતી,
કાજે નેમ ત્યાગે,
તપના બળથી વિશ્વત્યાગે,
ધર્મના ખિલ્યા સુમન...

# સામાન્ય ભક્તિગીત વિભાગ

## ભગવાનની કૃપાનો

ભગવાનની કૃપાનો ભરપૂર છે ખજાનો,
ખુટે નહી કદાપિ, એની પ્રીતનો ખજાનો.....
લેનાર હોય એને, આપે હજાર હાથે,
ખાલી ન જાય કોઇ, દાતાર છે મજાનો.....
એની નજરમાં, કોઇ, ઉંચુ નથી કે નીચું
સહુએ છે એક સરીખા, નાનો ન કોઇ મોટો.....
દેખી શકાય તુજને, દ્રષ્ટિ નથી અમારી
ઘટ ઘટ માંહી બિરાજે, આવી ને છાનોમાનો.....
દુઃખિયાનો તું દિલાસો, ડૂબતાનો તું સહારો
શ્રદ્ધાભરી છે હૈયે, આખર તું તારવાનો.....

## આશરા ઇસ જહાં કા

આશરા ઇસ જહાં કા મિલે ના મિલે,
મુજકો તેરા સહારા સદા ચાહિયે....
યહાં ખુશીયાં હે કમ, ઔર જ્યાદા હૈ ગમ,
જહાઁ દેખો વહાં હૈ, ભરમ હી ભરમ
મેરી મહેફિલ મેં શમા જલે ના જલે,
મુજકો તેરા ઉજાલા સદા ચાહીયે...
મેરી ધીમી હૈ ચાલ, ઔર પથ હૈ વિશાલ,
હર કદમ પે મુસીબત હૈ, અબ તો સંભાલ,
પૈર મેરે થકે હૈ ચલે ના ચલે,
મુજકો તેરા ઇશારા સદા ચાહીયે.....
કભી વૈરાગ હૈ, કભી અનુરાગ  હૈ,
માલી બદલાતે હૈ, વહી બાગ હૈ,
મેરી ચાહત કી દુનિયા બસે ના બસે,
મેરે દિલ મે બસેરા તેરા ચાહિયે.....

## તુજ કરૂણાધાર માં

તુજ કરૂણાધારમાં હું, નિત્ય ભીંજાતો રહું,
પાર્શ્વ શંખેશ્વર પ્રભુજી, શરણ હું તારું લહું...
તું જ છે મારું જીવન તારા વિના ચિત્ત ના ઠરે,
નામ તારું હરપલ, મારા ઉરમાં ધબક્યા કરે;
વિયોગની વસમી અવસ્થા, કીમ હું જીવીત રહું.....
તું વસે છે કેટલે દૂર, હું અહીં સબડયા કરું,
તું મજેથી મ્હાલતો, હું અહીં તહીં ભટક્યા કરું;
પ્રાણ પ્યારા નહી મળે તો, આયખું પૂરું કરું.....
પ્રીતડી તારી ને મારી, કેટલી ઉમદા હશે,
હરઘડી તુજને ના ભુલું, કેવા ઋણબંધન હશે;
મન મનાવું ક્યાં સુધી, વિયોગમાં ઝુર્યા કરું.....
આંસુઓ એક દિવસ મારા, તુજને પીગળાવશે,
આશ છે એવી હૃદયમાં, એક દિ મળવા આવશે;
તુજ ભરોસે છે બાળક, એથી વધારે શું કરું.....

## તારે દ્વારે આવીને

તારે દ્વારે આવીને કોઇ, ખાલી હાથે જાય ના,
કરુણા નિધાન, કરુણા નિધાન.....
આ દુનિયામાં, કોઇ નથી રે, તુજ સરીખો દાતાર,
અપરંપાર દયા છે તાહરી, તારા હાથ હજાર,
તારી જ્યોતિ પામીને કોઇ, અંધારે અટવાય ના.....
શરણે આવેલાનો સાચો, તું છે રક્ષણહાર,
ડગમગતી જીવન નૈયાનો, તું છે તારણહાર,
તારે પંથે જનારો કદીયે, ભવરણમાં ભટકાય ના.....
ખૂટે નહી કદાપિ એવો, તારો પ્રેમ ખજાનો,
મુક્તિનો મારગ બતલાવે, એવો પંથ મજાનો,
તારે શરણે જે કોઇ આવે, રંક પણ રહી જાય ના.....

## કરુણાના સિંધુ પ્રભુજી

(રાગ : તું જહાં જહાં રહેગા મેરા શાયા સાથ....)

કરુણાના સિંધુ પ્રભુજી, દુઃખ દૂર કર અમારા,
વિનવીએ તને વિભુજી, પાપો કર દૂર અમારા.....
તને યાદ કરી પ્રભુજી, જે વહે છે મારા આંસુ,
વસમા વિરહની વાતો તને કહે છે મારા આંસુ,
શ્રદ્ધા છે ક્યારેક તું મળશે લૂછ્વાને મારા આંસુ,
વીતી ગયા છે પ્રભુજી, એ આશાના જન્મ મારા.....
દર્શનથી તારા અમને, જીવવાનું જોમ મળતું,
હૈયામાં શાંતિ થાતી, જે રહે છે સદાય બળતું,
તું સાથે છે અમારી, તેથી ભક્તિમાં મનડું ભળતું,
કહેવી છે બધી હકીકત, સુખ દુખના સાથી મારા.....
દુખિયાના ઓ દિલાસા, એક જ છે આશ તારી,
રીઝવવા પ્રભુજી તમને, વર્ણવીએ કથા અમારી,
હવે જીવન નાવડીને, કરો પાર પ્રભુજી પ્યારા.....

## સૂરજ કી ગરમી સે

સૂરજ કી ગરંમી સે જલતે હુએ તન કો,
મિલ જાયે તરૂવર કી છાયા
ઐસા હી સુખ મેરે મનકો મિલા હૈ મૈ,
જબ સે શરણ તેરી આયા.... મેરે નાથ...
ભટકા હુઆ મેરા મનથા કોઇ મિલ ના રહા હો સહારા,
લહેરો સે લટી હુઇ નાવ કો જૈસે, મિલ ના રહા હો કિનારા,
ઉસ લડખડાતી હુઇ નાવ કો જો કીસી ને કિનારા દિખાયા....
શીતલ બની આગ ચંદન કે જૈસી, રાઘવ કૃપા હો જો તેરી,
ઉજ્યારી પૂનમ કી હો જાયે રાતે, જો થી અમાવસ અંધેરી,
યુગ યુગ સે પ્યાસી મરુભૂમીને જૈસે, સાવન કા સંદેશ પાયા.....
જિસ રાહો કી મંઝિલ તેરા મિલન હો, ઉસ પર કદમ મૈં બઢાઉ;
ફુલો મેં ખારો મેં પતઝડ બહારો મેં, મૈ ના કભી ડગમગાઉં
પાની કે પ્યાસે કો તકદીર ને જૈસે, જિ ભરકે અમૃત પિલાયા.....

## એક ઘડી પ્રભુ

એક ઘડી પ્રભુ ઉર એકાન્તે,આવીને સ્નેહે મળે ...સોનામાં સુગંધ ભળે.
ખોયું હોય જીવનમાં જે જે, પાછું આવી મળે
જ્યાં જ્યાં હાર થઈ જીવનમાં,ત્યાં ત્યાં જીત મળે ...સોનામાં સુગંધ ભળે.
ના કાંઈ લેવું... ના કાંઈ દેવું, ચિન્તા એની ટળે
ના હોય મૃત્યુ... ના હોય જીવન, ફેરા જાતના ટળે ...સોનામાં સુગંધ ભળે.
કર્મ કીધાં હોય જે જીવનમાં, સઘળા સાથે બળે,
કરુણાસાગર વીર પ્રભુનો સાચો સંબંધ મળે ...સોનામાં સુગંધ ભળે.

## આંખડી મારી પ્રભુ

આંખડી મારી પ્રભુ હરખાય છે
જ્યાં તમારા મુખના દર્શન થાય છે ...આંખડી મારી પ્રભુ.
પગ અધીરા દોડતાં દેરાસરે
દ્વારે પહોંચું ત્યાં અજંપો થાય છે ...આંખડી મારી પ્રભુ.
દેવનું વિમાન જાણે ઊતર્યું
એવું મંદિર આપનું સોહાય છે ...આંખડી મારી પ્રભુ.
ચાંદની જેવી પ્રતિમા આપની
તેજ એનું ચોતરફ ફેલાય છે ...આંખડી મારી પ્રભુ.
મુખડું જાણે પૂનમનો ચન્દ્રમા
ચિત્તમાં ઠંડક અનેરી થાય છે ...આંખડી મારી પ્રભુ.
બસ ! તમારા રૂપને નિરખ્યા કરું
લાગણી એવી હૃદયમાં થાય છે ...આંખડી મારી પ્રભુ.

## અમી ભરેલી નજરું

અમી ભરેલી નજરું રાખો... મહાવીર શ્રી ભગવાન રે
દર્શન આપો દુ:ખડાં કાપો... મહાવીર શ્રી ભગવાન રે
ચરણ કમળમાં શીશ નમાવું... વંદન કરું મહાવીર રે
દયા કરીને ભકિત દેજો ... મહાવીર શ્રી ભગવાન રે
હું દુ:ખિયારો તારે દ્વારે... આવી ઊભો મહાવીર રે
આશિષ દેજો ઉરમાં લેજો... મહાવીર શ્રી ભગવાન રે
તારા ભરોસે જીવન નૈયા... હાંકી રહ્યો મહાવીર રે
બની સુકાની પાર ઉતારો... મહાવીર શ્રી ભગવાન રે
ભકતો તમારા કરે વિનંતી... સાંભળજો મહાવીર રે
મુજ આંગણમાં વાસ તમારો... મહાવીર શ્રી ભગવાન રે

## ગમે તે સ્વરૂપ

ગમે તે સ્વરૂપે ગમે ત્યાં બિરાજો
પ્રભુ મારા વંદન... પ્રભુ મારા વંદન
ભલે ના નિહાળું... નજરથી તમોને
મળ્યા ગુણ તમારા... સફળ મારું જીવન ...ગમે તે સ્વરૂપે
જન્મ અસંખ્ય મળ્યા તે ગુમાવ્યા
ન કર્યો ધર્મ કે... ન તમોને સંભાર્યા
હવે આ જીવનમાં... કરું હું વિનંતી
સ્વીકારો તમે તો... તૂટે મારાં બંધન ...ગમે તે સ્વરૂપે
મને હોંશ એવી... ઊજાળું જગતને
મળે જો કિરણ મારા... મનના દિપકને
તમે તેજ આપો... જલાવું હું જયોતિ
અમરપંથે સહુને... કરાવે તું દર્શન ...ગમે તે સ્વરૂપે

## ઝગમગતા તારલાનું...

ઝગમગતા તારલાનું દેરાસર હોજો
એમાં મારા પ્રભુજીની પ્રતિમા હોજો
સુંદર સોહામણી આંગી હોજો
...ઝગમગતા

અમે અમારા પ્રભુજીને... ફૂલોથી વધાવીશું
ફૂલોનહીં મળે તો અમે... કળીઓથી વધાવીશું
કળીઓથી સુંદર ડમરો હોશે... એમાં મારા.
અમે અમારા પ્રભુજીને... સોનાથી સજાવીશું
સોનું ના મળે તો અમે... રૂપાથી સજાવીશું
રૂપાથી સુંદર હિરલા હોશે... એમાં મારા૦
અમે અમારા પ્રભુજીને... મંદિરમાં પધરાવીશું
મંદિરમાં પધરાવી અમે... હૃદયમાં પધરાવીશું
હૃદયસિંહાસને બેસણાં હોજો... એમાં મારા.

## તમે મન મૂકીને...

તમે મન મૂકીને વરસ્યા... અમે જનમજનમના તરસ્યા
તમે મુશળધારે વરસ્યા... અમે જનમજનમના તરસ્યા
હજાર હાથે તમે દીધું પણ ઝોળી અમારી ખાલી
જ્ઞાન ખજાનો તમે લૂંટાવ્યો તોયે અમે અજ્ઞાની
તમે અમૃત રૂપે વરસ્યા... અમે.

સ્નેહની ગંગા તમે વહાવી જીવન નિર્મળ કરવા
પ્રેમની જ્યોતિ તમે જલાવી આતમ ઉજ્જ્વળ કરવા
તમે સૂરજ થઈને ચમક્યા... અમે.

શબ્દે શબ્દે શાતા આપે એવી તમારી વાણી
એ વાણીની પાવનતાને અમે કદિ ન જાણી
તમે મહેરામણ થઈ ઉમટ્યા અમે કાંઠે આવી તરસ્યા...

## નામ હૈ તેરા તારણહારા...

નામ હૈ તેરા તારણહારા... કબ તેરા દર્શન હોગા ?
જિસકી પ્રતિમા ઈતની સુંદર,
વો કીતના સુંદર હોગા... નામ હૈ...
તુમને તારે લાખો પ્રાણી... યે સંતોકી વાણી હૈ,
તેરી છબ્બી પર મેરે ભગવંત... યે દુનિયા દીવાની હૈ,
ભાવસે તેરી પૂજા રચાઉં... જીવન મેં મંગલ હોગા
...જિસકી પ્રતિમા...
સુરવર મુનિવર જિસકે ચરણે નિશદિન શીશ ઝુકાતે હૈ,
જો ગાતે હૈ પ્રભુ કી મહિમા... વો સબકુછ પા જાતે હૈ,
અપને કષ્ટ મિટાને કો તેરે ચરણો મેં વંદન હોગા
...જિસકી...
મનકી મુરાદેં લેકર સ્વામી તેરે ચરણ મેં આયે હૈ,
હમ હૈ બાલક તેરે ચરણ મેં તેરે હી ગુણ ગાતે હૈ,
ભવસે પાર ઊતરને કો તેરે ગીતોં કા સરગમ હોગા
...જિસકી...

## બંધન બંધન ઝંખે મારું મન

બંધન બંધન ઝંખે મારું મન, પણ આતમ ઝંખે છુટકારો,
મને દહેશત છે આ ઝઘડામાં, થઈ જાય પૂરો ના જન્મારો
...બંધન બંધન.
મધુરાં મીઠાં ને મનગમતાં, પણ બંધન અંતે બંધન છે,
લઈ જાય જનમના ચકરાવે, એવું દુઃખદાયી આલંબન છે,
હું લાખ મનાવું મનડાને, પણ એક જ એનો 'ઉંહકારો'
...બંધન બંધન.
અકળાયેલો આતમ કે' છે, મને મુક્ત ભૂમિમાં ભમવા દો,
ના રાગ રહે, ના દ્વેષ રહે, એવી કક્ષામાં મને રમવા દો,
મિત્રાચારી આ તનડાની, બે ચાર ઘડીનો ચમકારો,
...બંધન બંધન.
વરસો વીત્યાં, વીતે દિવસો, આ બે શકિતના ઘર્ષણમાં,
મને શું મળશે, વિષ કે અમૃત, આ ભવસાગરના મંથનમાં ?
કયારે પંખી આ પિંજરાનું, કરશે મુકિતનો ટહુકારો ?
...બંધન બંધન.

## મુક્તિ મળે કે ના મળે...

મુક્તિ મળે કે ના મળે... મારે ભક્તિ તમારી કરવી છે;
મેવા મળે કે ના મળે... મારે સેવા તમારી કરવી છે.
મુક્તિ મળે કે...

મારો કંઠ મધુરો ના હોય ભલે, મારો સૂર બેસૂરો હોય ભલે;
શબ્દો મળે કે ના મળે, મારે સ્તવના તમારી કરવી છે.
મુક્તિ મળે કે...

આવે જીવનમાં તડકા ને છાયા, સુખ દુઃખના પડે ત્યાં પડછાયા;
કાયા રહે કે ના રહે, મારે માયા તમારી કરવી છે.
મુક્તિ મળે કે...

હું પંથ તમારો છોડું નહિં, ને દૂર દૂર ક્યાંયે દોડું નહિં;
પુણ્ય મળે કે ના મળે, મારે પૂજા તમારી કરવી છે.
મુક્તિ મળે કે...

## ઓ વીર તારા ચરણકમળમાં

(રાગ : અમી ભરેલી...)

ઓ વીર તારા ચરણકમળમાં આ જીવન કુરબાન છે,
મારા જીવનની નૌકાનું તુજ હાથ સુકાન છે.
સુખ આવે કે દુઃખ આવે મને તેનું કંઈ નહીં ભાન રે,
તારી ભક્તિમાં મસ્ત બનીને આ કાયા કુરબાન છે ...ઓ વીર !
ભવસાગરમાં આવી છે આંધી એમાંથી મને તારજે,
મને તો તારી એક જ આશા તું મારો આધાર છે ...ઓ વીર !
તારી સેવામાં મસ્ત બનું ને બીજું મારે નહીં કામ રે,
તારી પૂજામાં મસ્ત બનીને તારા ગુણલા ગાવા છે ...ઓ વીર !
તારી ભક્તિમાં આંચ ન આવે એટલું મારું ધ્યાન છે,
આ દુનિયાની મોહમાયામાં તું એક તારણહાર છે ...ઓ વીર !
ભવના મુસાફર પ્રેમે વિનવે, ભક્તોને તમે તારજો,
ભક્ત અંતરથી આગ્રહ કરતો પ્રેમે વહેલા આવજો ...ઓ વીર !

## મારો ધન્ય બન્યો...

મારો ધન્ય બન્યો આજે અવતાર,
કે મળ્યા મને પરમાત્મા,
કરું મોંઘો ને મીઠો સત્કાર,
કે મળ્યા મને પરમાત્મા...
શ્રદ્ધાના લીલુડાં તોરણ બંધાવું,
ભક્તિના રંગોથી આંગણ સજાવું,
હો... સજે હૈયું સોનેરી શણગાર...
કે મળ્યા મને પરમાત્મા...
પ્રીતિનાં મઘમઘતાં ફૂલડે વધાવું,
સંસ્કારે ઝળહળતા દીવડા પ્રગટાવું,
હો... કરે મનનો મોરલિયો ટહુકાર...
કે મળ્યા મને પરમાત્મા...
ઉરના આસનીએ હું તો પ્રભુને પધરાવું,
જીવન આખું તારા ચરણે બિછાવું,
હો... હવે થાશે આતમનો ઉદ્ધાર...
કે મળ્યા મને પરમાત્મા...

## મારા વ્હાલા પ્રભુ

મારા વ્હાલા પ્રભુ ક્યારે મળશો મને,
મારી આશા પૂરી ક્યારે કરશો તમે.
કરુણા સાગર છે બિરુદ તમારું પ્રભુ,
કરુણા કરશો એ આશા ધરું હું પ્રભુ,
રાત દિવસ પ્રભુ તુજને યાદ કરું... મારી આશા.
મારી કબૂલાત છે કે પતિત હતો હું,
પણ પતિતોને તારનારો એક જ છે તું,
તારી માયાને છાયામાં રહેવું ગમે... મારી આશા.
તુજને ઓળખી 'શકું એવી દૃષ્ટિ તું દે,
તુજને નીરખી શકું એવી શક્તિ તું દે,
રાત દિવસ પ્રભુ સમરું તુજને... મારી આશા.

## યહ હૈ પાવન ભૂમિ...

યહ હૈ પાવન ભૂમિ, યહાં બાર બાર આના...
પ્રભુ વીર કે ચરણો મેં, આકર કે ઝૂક જાના... યહ હૈ.
તેરે મસ્તક પે મુગટ હૈ, તેરે કાનો મેં કુંડલ હૈ,
તું તો કરુણા સાગર હૈ મુજ પર કરુણા કરના... યહ હૈ.
તું જીવન સ્વામી હૈ, તું અંતર્યામી હૈ,
મેરી બિનતી સુન લેના, ભવ પાર કરા દેના... યહ હૈ.
તેરી સાવલી સૂરત હૈ, મેરે મનકો લુભાતી હૈ,
મેરે પ્યારે પ્યારે જિનરાજ, યુગ-યુગ મેં અમર રહના... યહ હૈ.
તેરા શાસન સુંદર હૈ, સભી જીવોં કા તારક હૈ,
મેરી ડૂબ રહી નૈયા, નૈયા પાર લગા દેના... યહ હૈ.

## હું કરું છું પ્રાર્થના...

હું કરું છું પ્રાર્થના... મને પ્રેમ તારો આપજે,
કાંઈ ખોટું કામ કરતો હોઉં... ત્યારે તું મને વારજે...
જીવન છે સંગ્રામ... કોઈની હાર કોઈની જીત છે,
જાણું છું સંસાર આ તો... સુખદુઃખનો સાર છે,
હારથી હારી ન જાઉં... એવી હિંમત આપજે ...કાંઈ ખોટું.
ધન મળે કે ન મળે પણ... ધર્મ ને હું જાળવું,
તારો પંથ ચૂકી ન જાઉં... એટલું સંભાળવું,
તે છતાં ભૂલો પડું તો... સાચે રસ્તે વાળજે ...કાંઈ ખોટું.
મોક્ષની ચિંતા નથી... હું રાત-દિન ભક્તિ કરું,
તારું નામ ભુલાય નહિ... ભાવના એવી ભાવું,
ડગુમગુ નહિ હું કદાપિ... શ્રદ્ધા એવી આપજે ...કાંઈ ખોટું.

## ચાર દિવસનાં ચાંદરડાં પછી...

ચાર દિવસનાં ચાંદરડાં પછી જુઠી માયા શા માટે?
જે ના આવે સંગાથે... તેની મમતા શા માટે?
આ વૈભવ સાથે ન આવે... પ્યારા સ્નેહીઓ સાથે ના'વે,
તું ખૂબ મથે જેને જાળવવા તે યૌવન સાથે ન આવે,
અહીંનું અહીંયાં રહેવાનું ને... એની ચિંતા શા માટે?
મેં બાંધેલી મહેલાતોને... ધનદોલતનું કાલે શું થાશે,
જો જાવું પડશે અણધાર્યું... તારા પરિવારનું ત્યારે શું થાશે,
સૌનું ભાવી સૌની સાથે... તેની ચિંતા શા માટે ?
સુંવાળી દોરીનાં બંધન... સહુ આજે પ્રેમ થકી બાંધે,
પણ તૂટે તંતુ આયુષ્ય... ત્યારે કોઈ ન સાંધે,
ભીડ પડે ત્યારે તડ-તડ તૂટે... એવા બંધન શાં માટે ?

## મારું આયખું ખૂટે...

મારું આયખું ખૂટે જે ઘડીએ, ત્યારે મારા હૃદયમાં પધારજો
છે અરજી તમોને બસ એટલી, મારા મૃત્યુને સ્વામી સુધારજો.
જીવનનો ના કોઇ ભરોસો... દોડાદોડીના આ યુગમાં,
અંતરિયાળે જઇને પડું જો... ઓચિંતા મૃત્યુના મુખમાં,
ત્યારે મારા સ્વજન બનીને આવજો,
થોડા શબ્દો ધરમના સુણાવજો ... છે અરજી ...
દર્દ વધ્યા છે આ દુનિયામાં... મારે રિબાવી રિબાવીને,
એવી બિમારી જો મુજને સતાવે... છેલ્લી પળોમાં રડાવીને,
ત્યારે મારી મદદમાં પધારજો, પીડા સહેવાની શક્તિ વધારજો. ... છે અરજી ...
જીવવું થોડું ને ઝંઝાળ ઝાઝી, એવી સ્થિતિ છે આ સંસારની,
છૂટવા દે ના મરતી વેળાએ... ચિંતા મને જો પરિવારની,
જ્ઞાન દિપક તમે પ્રગટાવજો... મારા મોહ તિમિરને હટાવજો. ... છે અરજી ...

# ભક્તિ કરતાં છૂટે મારા...

ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ, પ્રભુ એવું માગું છું;
રહે હૃદય કમળમાં તારૂં ધ્યાન, પ્રભુ એવું માગું છું...

તારૂં મુખડું પ્રભુજી હું જોયા કરૂં,
રાત દિવસ ગુણો તારા ગાયા કરૂં,
અંત સમયે રહે તારૂં ધ્યાન... ...પ્રભુ...

મારી આશા નિરાશ કરશો નહિ,
મારા અવગુણ હૈયે ધરશો નહિ,
શ્વાસેશ્વાસે રહે તારૂં ધ્યાન ...પ્રભુ...

મારા પાપ ને તાપ સમાવી દેજો,
આ સેવકને ચરણોમાં રાખી લેજો,
આવી દેજો દર્શન દાન ...પ્રભુ...

તારી આશાએ પ્રભુ હું તો જીવી રહ્યો,
તમને મળવાને પ્રભુ હું તો તલસી રહ્યો,
મારી કોમળ કાયા કરમાય ...પ્રભુ...

મારા ભવોભવના પાપો દૂર કરો,
મારી અરજી પ્રભુજી હૈયે ધરો,
મને રાખજો તુમ્હારી પાસ ...પ્રભુ...
તમે રહેજો ભવોભવ સાથ ...પ્રભુ...

## પ્રભુ એ વિનંતી...

પ્રભુ ! એ વિનંતી, હવે તો સ્વીકારો; નથી ગમતું ભવમાં, હવે તો ઉગારો...પ્રભુ
કદિ ક્રોધના તો, વાદળ ચડે છે; સમજના સૂરજને તે આવરે છે
સમીર થઇ ક્ષમાના હવે તો પધારો...
કદિ માન હાથી, આવી ચડે છે; વિનયના શિખરેથી ગબડાવી દે છે
સમર્પણની સરગમ, બનીને પધારો...
કદિ મોહના તો, સર્પો ડંશે છે; સંયમની સાધનાને, સળગાવી દે છે
મયૂર બનીને, હવે તો પધારો...
કદિ તો કપટના, કાંટા ઉગે છે; નિખાલસ વિચારોના, ફૂલોને વિંધે છે
માળી બનીને, હવે તો પધારો...
લાલસાનો સાગર, તોફાને ચડે છે; તપ અને ત્યાગના, વહાણો ડૂબે છે
સુકાની બનીને, હવે તો પધારો...
હૃદય કમલમાં, જો તું પધારે; જીવનની નૈયા તો, પહોંચે કિનારે,
રાહબર બનીને, હવે તો પધારો...
છેલ્લી આ વિનંતી કરૂં છું તમોને; વિસારી ના દેશો, પ્રભુજી અમોને,
શ્વાસોની ધડકન, બનીને પધારો...

## આટલું તો આપજે...

આટલું તો આપજે ભગવાન ! મને છેલ્લી ઘડી,
ના રહે માયાતણાં બંધન મને છેલ્લી ઘડી.
આ જીંદગી મોંઘી મલી... પણ જીવનમાં જાગ્યો નહિં,
અંત સમયે મુજને રહે... સાચી સમજ છેલ્લી ઘડી...
જયારે મરણ શય્યા પરે... મીંચાય છેલ્લી આંખડી
તું આપજે ત્યારે પ્રભુમય... મન મને છેલ્લી ઘડી...
હાથ-પગ નિર્બળ બને ને... શ્વાસ છેલ્લો સંચરે,
ઓ દયાળુ ! આપજે... દર્શન મને છેલ્લી ઘડી...
હું જીવનભર સળગી રહ્યો... સંસારના સંતાપમાં,
તું આપજે શાંતિભરી નિદ્રા મને છેલ્લી ઘડી...
અંત સમયે આવી મુજને, ના દમે ઘટ દુશ્મનો,
જાગ્રત પણે મનમાં રહે... તારું સ્મરણ છેલ્લી ઘડી...

## મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે;
ગુણથી ભરેલાં ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોના ચરણકમલમાં , મુજ જીવનનું અર્ઘ્ય રહે.... મૈત્રી
દીન , ક્રુર ને ધર્મ વિહોણાં, દેખી દિલમાં દર્દ રહે,
કરૂણા ભીની આંખોમાંથી, અશ્રુનો શુભસ્રોત વહે.... મૈત્રી
માર્ગ ભૂલેલા જીવન પથિક ને માર્ગ ચીંધવા ઉભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત્ત ધરૂં.... મૈત્રી
ચંદ્ર-પ્રભુની ધર્મ ભાવના, હૈયે સૌ માનવ લાવે,
વેરઝેરના પાપ તજીને, મંગલ ગીતો એ ગાવે.... મૈત્રી

## સમતાથી દર્દ સહુ

(રાગ: ઓઘો છે અણમૂલો...)

સમતાથી દર્દ સહું પ્રભુ એવું બળ દેજો,
મારી વિનંતી માનીને મને આટલું બળ દેજો...

કોઇ ભવમાં બાંધેલા મારાં કર્મો જાગ્યા છે,
કાયાના દર્દરૂપે મને પીડવા લાગ્યા છે,
આ જ્ઞાન રહે તાજું, એવું સિંચન જળ દેજો ...સમતાથી...

દર્દોની આ પીડા રડવાથી મટશે નહિં,
હું કલ્પાંત કરું તો પણ આ દુઃખ તો ઘટશે નહિં,
દુર્ધ્યાન નથી કરવું એવું નિશ્ચય બળ દેજો ...સમતાથી...

આ કાયા અટકી છે નથી થાતાં તુજ દર્શન,
ના જઇ શકું સુણવાને ગુરુની વાણી પાવન,
જિનમંદિર જાવાનું ફરીને અંજળ દેજો ...સમતાથી...

નથી થાતી ધર્મક્રિયા એનો રંજ ઘણો મનમાં,
દિલડું તો દોડે છે પણ શક્તિ નથી તનમાં,
મારી હોંશ પૂરી થાએ એવો શુભ અવસર દેજો ...સમતાથી...

છોને આ દર્દ વધે, હું મોત નહીં માગું,
વળી, છેલ્લા શ્વાસ સુધી હું ધર્મ નહીં ત્યાગું,
રહે ભાવ સમાધિનો એવી અંતિમ પળ દેજો ...સમતાથી...

## વ્હાલા મારા હૈયામાં...

(રાગ : આંધળી મા નો કાગળ)

વ્હાલા મારા હૈયામાં રહેજે... ભૂલું હું ત્યાં તું ટોક્તો રહેજે
... વ્હાલા મારા.

માયાનો છે કાદવ એવો, પગ તો ખૂંચી જાય
હિંમત મારી કામ ના આવે, તું જ પકડજે બાંય
... વ્હાલા મારા.

મરકટ જેવું મન આ મારું, જ્યાં ત્યાં કૂદકા ખાય
મોહ મદિરા ઉપર પીધો ને... પાપે પ્રવૃત્તિ થાય
... વ્હાલા મારા.

દેવું પતાવવા આવ્યો જગમાં, દેવું વધતું જાય,
છૂટવાનો એક આરો હવે તો, તું છોડે તો છુટાય
... વ્હાલા મારા.

ભક્ત હૃદયનું દર્દ હવે તો... મુખે કહ્યું ના જાય
સોંપ્યું મેં તો તારા ચરણમાં... થવાનું હોય તે થાય
... વ્હાલા મારા.

## અબ સોંપ દીયા...

અબ સોંપ દીયા ઈસ જીવન કો ભગવાન તુમ્હારે ચરણો મેં,
મેં હું શરણાગત પ્રભુ તેરા રહો ધ્યાન તુમ્હારે ચરણોમેં...
મેરા નિશ્ચય બસ એક વહી મૈં તુમ ચરણોં કા પૂજારી બનું;
અર્પણ કર દૂં દુનિયાભર કા સબ પ્યાર તુમ્હારે ચરણોં મેં... અબ.
મૈં જગ મેં રહું તો ઐસે રહું... જ્યું જલ મેં કમલ કા ફૂલ રહે;
હૈ મન વચ કાય હૃદય અર્પણ ભગવાન તુમ્હારે ચરણોં મેં... અબ.
જહાં તક સંસાર મેં ભ્રમણ કરું તુજ ચરણોં મેં જીવન કો ધરું;
તુમ સ્વામી મૈં સેવક તેરા ધરું ધ્યાન તુમ્હારે ચરણોં મેં... અબ
મૈં નિર્ભય હૂં તુજ ચરણોં મેં આનંદ મંગલ હૈ જીવન મેં;
રિદ્ધિ સિદ્ધિ ઔર સંપત્તિ મિલ ગઈ હૈ પ્રભુ તુજ ચરણોં મેં... અબ
મેરી ઈચ્છા બસ એક પ્રભુ એક બાર તુજે મિલ જાઉં મૈં;
ઈસ સેવક કી હર રગરગ કા હો તાર તુમ્હારે હાથોં મેં... અબ

## બધી મિલક્ત તને ધરું તો પણ

બધી મિલક્ત તને ધરું તો પણ, તારી કરુણાની તોલે ના આવે...
તેં મને પ્યાર જે ર્ક્યો ભગવંત, મારાથી એનું મૂલ ના થાયે....
જિંદગી ભર તને ભજું તો પણ, તારી મમતાની તોલે ન આવે...
તેં મને પ્રેમ જે દીધો ભગવંત, મારાથી એનું મૂલ ન થાયે....
અનાદિ કાળથી ભટક્વામાં, કોઇ સ્થાને મિલન થયું તારું,
યા તો ઉપદેશ મેં સુણ્યો તારો, જેણે બદલી દીધું જીવન મારું,
ભોમિયા તો ઘણા મળ્યા મુજને, કોઇ પ્રભુ તારી તોલે ના આવે...
તેં મને રાહ જે બતાવ્યો છે, મારાથી એનું મૂલ્ય ના થાયે....
મને સાચી સલાહ તેં દીધી, એથી આચરણ મેં ર્ક્યું એનું,
સાચી કરણી કરી કોઇ ભવમાં, આ ભવે ફળ મળ્યું મને એનું,
મારા ઉપકારી છે ઘણાં જગમાં, કોઇ પ્રભુ તારી તોલે ના આવે...
તેં મને ધર્મ જે પમાડ્યો છે, મારાથી એનું મૂલ ન થાયે....
મળ્યાં છે જે સુખો મને આજે, એ બધા ધર્મના પ્રભાવે છે,
તારા ચરણે બધું ધરી દેતાં, મને આનંદ અતિ આવે છે,
તારું આ ઋણ ક્યારે ચૂક્વાશે, મને અંદાજ એનો ના આવે...
ભવોભવ સેવા કરું તારી, તોયે સંતોષ મુજને ના થાયે...

## દાદા તારૂં મંદિર

દાદા તારૂં મંદિર તો આ જગનો સહારો છે,
સુખિયા કે દુ:ખિયાનો મારો વહાલો સહારો છે,
મોહને માયાના જુઓ વાદળ છવાયા છે (૨)
તેમાં પ્રભુની પ્રતિમા, સૌને શાતા પમાડે છે....
મારાને તારામાં, સૌ જીવન વિતાવે છે (૨)
મારું કહે તે મરે, દાદા તારું કહે તે તરે....
દો રંગી દુનિયા, પ્રભુ આમ તેમ બોલે છે (૨)
પ્રભુ સાચો સહારો છે, જે અંતર ખોલે છે.

## ચલો બુલાવા આયા હૈ

ચલો બુલાવા આયા હૈ...મેરે દાદાને બુલાયા હૈ
ઊંચે ઊંચે ડુંગર ઉપર...દાદા કા ઠીકાના હૈ (૨)...ચલો
તેરે દ્વાર પે જો ભી આયે...ખાલી હાથ કભી ન જાએ (૨)...ચલો
રોતે રોતે આતે હૈ...હસતે હસતે જાતે હૈ (૨)...ચલો

## દર્શન દેજો નાથ

દરશન દેજો નાથ...દરશન દેજો નાથ...
ભક્તો તારા તને પોકારે...દરશન દેજો નાથ...
અંતરની તમે આશા પૂરજો...દુઃખડા સૌના હરજો,
દીનદયાળ દાદા મારા...રક્ષા સૌની કરજો,
ભૂલું ના તન નાથ...છૂટે ના તારો સાથ...ભક્તો...
પ્રભુ તારા ચરણોમાં હું...માંગુ તારી સેવા,
શંખેશ્વરના પાર્શ્વપ્રભુજી...હો દેવાધિદેવા,
લઇએ તારું નામ...ધરીએ તારું ધ્યાન...ભક્તો...
અમી ભરેલી આંખડી તારી વરસે અમૃતધારા,
કૃપાનિધિ કરુણાસાગર...જગના પાલનહારા,
દેજો મોક્ષનું ધામ...હૈયે પૂરજો હામ...ભક્તો...

## જબ કોઇ નહિ આતા

જબ કોઇ નહિ આતા...મેરે દાદા આતે હૈ...
મેરે દુઃખકે દિનોમેં વો બડે યાદ આતે હૈ...
મેરી નૈયા ચલતી હૈ...પતવાર નહીં ચલતી,
કીસી ઓરકી અબ મુજકો...દરકાર નહિ હોતી,
મેં ડરતા નહિ જગસે...પ્રભુ સાથ હોતે હૈ ...મેરે દુઃખ.
કોઇ યાદ કરે ઉનકો...દુઃખ હલકા હો જાયે,
જો ભકિત કરે ઉનકી...વે ઉનકે હો જાયે,
વો બીન' બોલે કુછ ભી...સબ જાન જાતે હૈ ...મેરે દુઃખ.
વે ઇતને બડે હોકર...ભક્તો સે પ્યાર કરેં,
ભક્તો કે સબ દુઃખ કો...પલમેં યે દૂર કરે,
ભક્તો કી વિનતી કો...યે માન જાતે હૈ ...મેરે દુઃખ.

મેરે મનમંદિરમેં વો...દાદા કા વાસ રહે,
કોઇ પાસ રહે ના રહે...દાદા મેરે સાથ રહે;
સબ ભક્તો કા કહના...દાદા જાન જાતે હૈં...મેરે દુઃખ.

## અમને અમારા પ્રભુજી

અમને અમારા પ્રભુજી વ્હાલા છે...
કરૂણાના સાગર છે...તારણહારા છે...
જીવોના પ્યારા છે...અમને અમારા...
દ્વારે તમારે હું તો દોડીને આવ્યો છું
મોહ માયાને હું તો છોડીને આવ્યો છું
ગુણો તમારા સૌ ગાઇને હરખે છે
આનંદે હૈયું આ નાચે છે...અમને અમારા...
તુજ ચરણમાં હું તો શીશ નમાવું છું
ભાવ ભરેલા હૈયે શરણું સ્વીકારું છું
મુજને તું તારી લે મુજને ઉગારી લે,
અરજ અમારી ઓ...ઓ...ઓ...અમને અમારા...

## આ ભવ મળીયા

આ ભવ મળીયા ને પરભવ મળજો સેવા તમારી ભવોભવ મળજો...૧
ડગમગ ડોલે આ નૈયા હમારી સુકાની થઇને તારજો સ્વામી...૨
આશા નથી કરી અન્ય કને મેં શ્રધ્ધા ન રાખી અન્ય કને મેં...૩
કુમકુમ પગલે આપ પધારો હૃદય મંદિરમાં નાથ બિરાજો... ૪
હું છું અનાથ ને તમે મારા નાથ હાથ ઝાલો ને હવે દિનાનાથ...૫
હું છું રાગી ને તમે વીતરાગી સેવકના લ્યોને કાર્ય સંભાળી... ૬
સફળ થયો નરજન્મ અમારો અંતરથી ગુણ ગાયા તમારા... ૭
શરણું તમારું ભવભવ મળજો દર્શન તમારા અહોનિશ ફળજો...૮
આ ભવ મળીયા ને પરભવ મળજો સેવા તમારી ભવોભવ મળજો.

## દાદા તારાં પગલાં

દાદા તારાં પગલાં પડ્યાને આનંદ છાયો,
ઉત્સવ અનેરો આજ આંગણે આવ્યો,
પગલાં પડ્યાંને આનંદ છાયો... દાદા
અણધાર્યા આવીને અમોને મળ્યા છે
પૂર્વ જન્મનાં પુન્યો ફળ્યા છે
ભક્તિના રંગે આખો સંઘ રંગાયો... પગલાં...
મનના મંદિરિયે આસન બિછાવ્યાં,
મારગ મારગડે મોતીડા વેરાવ્યા,
રોમે રોમે રાજીપો કેવો રે છવાયો... પગલાં...

## મારા મનમાં એક જ તું

(રાગ : તારામાં પ્રભુ એવું શું ?)

મારા મનમાં એક જ તું, તારા મનમાં છે શું શું ?
હૈયું ખોલી કહી દે તું આજ, તારી ભીતર ભર્યા જે રાજ....
ક્યાં સુધી મારે કહેવાનું, ક્યાં સુધી મારે સહેવાનું,
મારે બોલી બોલીને, તારે મુંગા રહેવાનું,
શોભે ના પણ કહેવું શું... તારા મનમાં
આંખો બરસે તરસે પ્યાસ, હૈયું રાખે એક જ આશ,
તમે ઉલેચો અંતરને તો, બેસે મારા મનનો શ્વાસ,
હવે ઝાઝું કહેવું શું.... તારા મનમાં...

## તુજને જોયા કરું

તુજને જોયા કરું, તારી સન્મુખ રહું...
તારા હોઠ ફડફડે, એની રાહ જોઉં છું...
તને મનથી હું અહર્નિશ સમરતો રહું,
તારી આશામાં જુગજુગથી વાટ જોઉં છું,
તારી અમિદષ્ટિ માટે હું તો તરસ્યા કરું...
જ્યારે ભાવ ભરીને તારી ભક્તિ કરું,
ત્યારે ઉન્માદે હૈયું ન સાચવી શકું,
તારી આંખો પટપટે એની રાહ જોઉં છું...

કોઇ પરભવની પ્રીત મારી જાગી ગઇ,
તારી ભક્તિથી ભીતી બધી ભાંગી ગઇ,
એવી દિવ્યદષ્ટિ દે કે મોક્ષમાર્ગ શોધી લઉં...
મારા આતમને માર્ગ ચીંધ, એ જ માંગુ છું,
તારું હૈયુ મને ઓળખી લે, એજ જ માંગુ છું,
તું બાંહો પસારે તો હું સમાઇ જાઉં...
તારા વિરહે અશ્રુ મારા નયણે વહે,
ક્યારે આવી દ્વાદ્ય મારા આંસુ લૂછે
તું કેમ ના સુણે હું તને રોજ કહું...

## તારી પ્રીતિની કેવી અસર ?

તારી પ્રીતિની કેવી અસર ? મળતી મુજને સાચી ડગર,
કરુણાસાગર કરુણા તું કર ! થાક્યો કરીને ભવની સફર...
કહો પ્રભુજી હું શું કરું, સહેવાતી ના વેદના,
કૃપા નજર તારી મળે, દૂર થાયે આ યાતના,
મુજ પર કરજે તું અમી નજર, ભૂલી શકું ના જીવનભર...
પ્રભુ તારી છબી તારું સ્મરણ, ચિત્તમાં સદ્ય રમતું રહે,
પ્રભુ તારી યાદને તારૂં જ નામ, એ સઘળું સદ્ય ગમતું રહે,
ભવ અટવીના વિઘ્નો તું હર, થાવું છે તુજ સમ ઓ અજરામર,...
પ્રભુજી તુજને વંદતા, આત્માને શાંતિ થતી,
પ્રભુજી તારા દર્શને, મનડાની ભ્રાંતિ જતી,
ભક્ત હૃદય પર પગલાં તું કર, તું છે અમારૂં જીવન ધન...

## સમજુને શું કહેવાય

સમજુને શું કહેવાય ?
ઓ નાથ ! તારા મિલન વિના મારું જીવન કેમ જીવાય ?
ઓ નાથ ! મારા નાથ... પ્યારા નાથ... વ્હાલા નાથ...
તું સોળે કલાએ પૂરો, તારી સામે સાવ અધૂરો,
મારાથી ક્યાં પહોંચાય ?... ઓ નાથ !
રંગરાગ જાતના જોયા, નયનોના નૂર ખોયા,
બળતામાં ઘી હોમાય... ઓ નાથ !
મારા નાથ સદ્યયે હસતા, મારા હૃદયકમલમાં વસતા,
છોડીને ક્યાં જવાય ?.... ઓ નાથ

## આ ભવના સાગરમાં

આ ભવના સાગરમાં, સહારો એક જ મારો તું;
મઝધાર માં છે નૈયા, હવે તો એક કિનારો તું...
મૃગજળને મેં સરોવર માન્યું, બુઝી ન મનની પ્યાસ, (૨)
અન્યતણી ઉપાસના કીધી, ના પૂજ્યા ભગવાન (૨)
આવ્યો તુજ ચરણોમાં, હવે તો તારણહારો તું...
મુક્તિમારગનો હું અભિલાષી, ના કોઇનો સંગાથ, (૨)
આકુળવ્યાકુળ મનડું મારૂં, વાંછે તારો સાથ (૨)
અંધકાર ભર્યા પંથે, પ્રવાસીનો સથવારો તું...
તું નિર્મોહી સદ્‌ગુણસાગર, હું અવગુણ ભંડાર (૨)
કર્મના બંધન ચૂર કર્યા તેં, મેં રચ્યો સંસાર (૨)
અંધારા મુજ દિલમાં, ચમકતો તેજ સિતારો.....

## ફરૂં છું પહાડને જંગલ

**(રાગ : યુગોથી હું પુકારૂં છું...... (સુહાની ચાંદની રાતે....))**

ફરૂં છું પહાડને જંગલ, કહોને ક્યાં છુપાયા છે,
મનોહર મીઠડા મોહન, કહોને ક્યાં છુપાયા છે,
તૃષાતુર આંખડી મારી, તલસતી રાતદિન વ્હાણે,
નયનની દિલગિરિ ખાતર કહોને ક્યાં છુપાયા છે...
ફરૂં હું ક્યાં સુધી વન વન, પ્રતિક્ષા આપની પલપલ,
અવ્હાલા કીધા મેં તન મન, કહોને ક્યાં છુપાયા છે...
નિહાળ્યા પાણી ઝાકળનાં, તમારા જાણી ને મોતી,
પકડતામાં વહ્યું પાણી, કહોને ક્યાં છુપાયા છે...
લાગી મુજને લગન તુજથી, પ્રબળ બંધન વિભેદીને,
ચાહું છું હું ઝલક તારી, કહોને ક્યાં છુપાયા છે...
કહો ઘરમાં અગર બાહિર, સમવસરણે કે મુક્તિમાં,
રમો છે શું આ બ્રહ્માંડે, કહોને ક્યાં છુપાયા છે....
મનોહર મૂર્તિ ઓ જિનવર, હટાવી ધો હવે અંતર,
કરી કરૂણા હવે મુજ પર, કહોને ક્યાં છુપાયા છે....

## સદા હું તું સદા તું હું...

(રાગ : યુગોથી હું પુકારૂં...)

પરસ્પર પ્રેમના રંગે, ખરેખર ચિત્ત રંગાયા,
ઉછળતાં ચિત્ત દેખ્યાથી, સદા હું તું સદા તું હું....
મળ્યું છે ચિત્તથી ચિત્તજ નથી જ્યાં મૃત્યુની પરવા,
વિશુદ્ધ પ્રેમસાગરમાં , સદા હું તું સદા તું હું...
પરસ્પર ચિત્ત રેડાયાં, થતા સંયમ પરસ્પરમાં,
ઉઠે છે તારામાં તારો, સદા હું તું સદા તું હું....
સમાતું તુજ સૌ મુજમાં, સમાતું તુજમાં મુજ સૌ,
સદા એવું બન્યું રહેતું, સદા હું તું સદા તું હું....
સદા સંબંધ એવો જ્યાં, વિશુધ્ધ જ્ઞાનપ્રીતિ ત્યાં,
બુધ્યબ્ધિ દિવ્ય સંબંધ, સદા હું તું સદા તું હું...

## મોહે લાગી લગન

મોહે લાગી લગન, પ્રભુ ચરન કી...
ચરન બીના મોંહે કછુ નહીં ભાવે (૨)
જગમાયા હૈ, સપનન કી,
ભવસાગર અબ સુક ગયો હૈ (૨)
ફીકર નહીં મોંહે તરનન કી... મોહે લાગી...
ચરણ મેં જાને સે આનંદ પરગટ (૨)
ચિંતા ગઇ અબ મરનન કી,
આનંદ રસ મેં ઝીલત ઝીલત, (૨)
પ્યાસ લગી પ્રભુ રટનન કી.... મોહે લાગી...
અંગ અંગ મેં જ્વાલા ઉપજી (૨)
પ્રભુ વિરહ કે અગનન કી,
તીનહી કારન ભાન નહીં તનુ (૨)
ગ્રીષ્મ ઋતુ કે તપનન કી... મોહે લાગી...
અમર ભયે હમ ચરન કી છાંવ મે (૨)
ભાંગી ચિંતા જનનનકી;

રસના મોરી રત બનજો (૨)
આશ કરે તોરે ભજનન કી... મોહે લાગી....

કાન મેં ગુંજ રહી હૈ અહોનિશ (૨)
વાણી પ્રભુ મુખ ઝરનન કી,
લગન લાગી પ્રભુ તોરે ચરન કી (૨)
ઓર ઉનકે શરનન કી... મોંહે લાગી...

## સમયને સાચવી લેશો

(રાગ : યુગોથી હું પુકારું છું....)

સમયને સાચવી લેશો, સમયનું કામ છે સરવાનું,
સમયને દ્વેષ ના દેશો, સમયનું કામ છે સરવાનું...

બહુ કષ્ટો સહ્યા ત્યારે, મળ્યું આ માનવી નું તન,
બહુ પુન્યો ફળ્યા ત્યારે, મળ્યું આ ભાવ ભીનું મન,
આ મનના ફુલ ખીલવશો, સુગંધી સૃષ્ટિ કરવાને... સમયને...

દીપક જ્યોતિ કરે જગમાં, ને વરસે વાદળ નભમાં,
આ ચંદન જાતને ઘસતાં, શીતળતા અર્પતા જગમાં,
કંઇક આવું જીવન માંહી, કર્યું કે નહીં નિરખવાનું... સમયને...

## મંદિર પધારો સ્વામી

મંદિર પધારો સ્વામી સલુણા (૨)
તમારા વિના નાથ ક્યાંયે ગમે ના... મંદિર...

અંતરની વાતો આંસુ કહે છે
તુંહી તુંહી તુંહી આ મનડું રટે છે
હવે નાથ ઝાઝુ તલસાવશો ના... મંદિર

સ્મરણ જન્મ જુના, સ્મૃતિ માંહે આવે,
નયન શોધતાં તમને, પ્રભુ આર્ત ભાવે,

કે મુખ પરથી દૃષ્ટિ હટાવી હટે ના... મંદિર

હરખાતા પળપળ, પ્રભુ તમને જોઇ,
હવે દિન વિરહના, વીતે રોઇ રોઇ,

વિયોગનું દુ:ખ આવું હશે ના... મંદિર...

તમે જઇ વસ્યા સ્વામી, સ્વરૂપ મહેલમાં,

રઝળતો રહ્યો હું, સંસાર વનમાં,

હવે નાથ અંતરથી અળગા થશો ના... મંદિર

પ્રભુ અમને તારો, ઉગારો બચાવો,

મૂકી મસ્તકે હાથ, પાર ઉતારો,

કૃપાવંત ને ઝાઝુ ક્હેવું ઘટેના... મંદિર...

અંતરની જ્યોતિ પ્રગટાવી જાઓ,

અમી આતમના છલકાવી જાઓ,

ક્ષમાવંત ને ઝાઝું ક્હેવું ઘટે ના... મંદિર....

## મુઝે મેરી મસ્તી

(રાગ : બહોત ચાહને વાલે....)

મુઝે મેરી મસ્તી ક્હાં લેકે આયી,

જહાં મેરે અપને સિવા કુછ નાહી... મુઝે

પતા જબ ચલા મેરી, હસ્તી કા મુઝકો,

સિવા મેરે અપને, ક્હી કુંછ નાહી... મુઝે

ન દુ:ખ હૈ ન સુખ હૈ, ના હૈ શોક કુછ ભી,

અજબ હૈ યે મસ્તી, ઓર કુછ નાહી.... મુઝે

મૈ હું આનંદ, ઔર આનંદ હૈ મેરા,

સિર્ફ મસ્તી હૈ મસ્તી, ઔર કુછ નાહી... મુઝે

## તમારે ઇશારે તમારી કૃપાથી

(રાગ : તું પ્રભુ મારો હું પ્રભુ તારો...)

તમારે ઇશારે તમારી કૃપાથી, જગતમાં બધુયે બને છે બને છે

તમારી ઝલક તો ખલક્ના અણુએ, અણુમાં ગજબની ઝગે છે ઝગે છે..

પેલા ચાંદ સુરજસિતારા ગગનમાં, તમારા જ તેજે ચમક્તાં ગગનમાં,

તડક્તી તડિતને ભભક્તા અગનમાં, બધે જ્યોતિ તારી જલે છે જલે છે.

વસમી હવામાં ખીલેલાં ચમનમાં, પહાડે ખીણોને વૃક્ષ કુંજ વનમાં,

સરોવર કુવાઓ ને નદી ઝરણામાં, બધે વ્હાલ તારું ઝરે છે ઝરે છે..

પ્રભુ તારી પાછળ બન્યો હું દીવાનો, તને છોડીને હું ક્યાંય ના જવાનો,

મને મૂકીને તું ક્યાં રે જવાનો, નજર તારી પાછળ ફરે છે ફરે છે

જગતના અણુએ અણુઓના રાજા, પુકારું તને મારી ભીતર આજા,
મને છેડીને નાથ તું ક્યાંય ના જા, મિલનમાં વિઘન શું નડે છે નડે છે..
બની માત તું ગોદ માંહી રમાડે, બની તાત તું શિખરો એ ચઢાવે,
બની નાથ તું પ્રીત પથ પર ચલાવે, તમારું ચલાવ્યું ચલે છે ચલે છે..

## ફુલ નહિ તો પાંખડી

(રાગ : ફુલ તુમ્હે ભેજા હૈ...)

ફુલ નહિ તો પાંખડી પ્રભુ, તારા ચરણે ધરવી,
જનમો જનમની તન મન ધનની, મોહ વાસના હરવી છે..
તારી કૃપાથી જે મળ્યું છે, તે છે સઘળું તારું,
સ્વાર્થને અભિમાનથી હું કરતો મારું મારું,
આ જગની સૌ માયા મમતા, તારા ચરણે ધરવી...
નરક નિગોદના મહા દુ:ખોથી, તે પ્રભુ અમને તાર્યા,
ક્ષણ ક્ષણ સમરે તું પ્રભુ અમને, ભલે અમે તો વિસાર્યા,
ઋણ અનંતુ છે પ્રભુ તારુ, શાની યાચના કરવી...
આરે સંસારે સુખ મેળવવા પાપનું પાણી વલોવ્યું,
સ્વામી તારા દર્શન જેવું, સુખ ક્યાંયે ના જોયું,
આર્દ્ર હૃદયે હું કરું સમર્પણ, તારે કરૂણા કરવી...

## ઐસા મિલતા રહે

(રાગ : જીંદગી કી ન તૂટે....)

ઐસા મિલતા રહે હર જનમ, કભી આપસે બિછડે ન હમ,
મિલે હરદમ તુમ્હારી શરણ, કભી આપસે બિછડે ન હમ....
તુજ સે પાઇ હૈ જબ જબ જુદાઇ, મૈને દર દર પે ઠોકરે ખાઇ,
થોડી દે દે જગાહ તેરે દરપે, તેરે પાસ ખલક્કી ખુદાઇ,
મેરે રુઝા દે દિલકે જખમ... કભી...
મેરે મન કી મુરાદે ઓ સાંઇ, આજ ખુલકે હૈ તુજકો બતાઇ,
હજારો કી કશ્તી બચાઇ, મેરી બારી અભી ક્યોં ન આઇ,
ભીતર મેં ભરા ઇનકા ગમ... કભી...
જીંદગી કી હૈ યે બેબસી, કીતની ઝંઝાલો મેં વો ફસી,
મેરે હોઠો કી ગઇ હૈ હસી, તું કરદે ઉનકી વાપસી,

કુછ અજમા દે અપના ઇલમ... કભી...
ઝોલી ખાલી હૈ માલિક હમારી, ક્યા ખીજમત કરે હમ તુમ્હારી,
બસ દિલકી હૈ ઐસી તૈયારી, તુમ પે લગ જાએ જીંદગી હમારી,
અબ કરદે તું ઇતની રહમ.... કભી...
મેરે આતમકમલ કો સંભાલો, મુરઝાતે યે ફુલ કો બચાલો,
બરસા કે કરૂણા કી બારીસ, મેરે હ્રદય કી બગીયાં ખીલાદો,
ફિર આઇ બસો તુમ હી તુમ.... કભી...

## આંસુ ભરેલી આંખે

(રાગ : અમી ભરેલી નજરું રાખો)

આંસુ ભરેલી આંખે પ્રભુજી, નિશદિન તારું કરું સ્મરણ,
તો ય ન જાણે કેમ પ્રભુજી, પામી શકું ના તુજ દર્શન...
ઝેર ભર્યા આ જીવતર માંહી, શાંતિ ક્યાંથી પામું હું ?
નિત નિત નવા ગીત રચીને, તારે દ્વારે આવું છું...
સમસૂરોની સૂરાવલીમાં, છેડું હું જીવન સરગમ...
દર્દ ભરેલું ગીત છેડીને, જીવન વ્યથા સુણાવું છું
કોઇ ન સુણે આક્રંદ મારું, જીવન બીન બજાવું છું.
અંતે કર્યો નિશ્ચય એવો, જીવન અર્પણ તારે શરણ...

## પ્રેમ ભરેલું હૈયું

રાગ : અમી ભરેલી નજરું રાખો....

પ્રેમ ભરેલું હૈયું લઇને, તારે દ્વારે આવ્યો છું.
તું જો મુજને તરછોડે તો, દુનિયામાં ક્યાં જાઉં હું ?...
જાણું ના હું પૂજા તારી, જાણું ના ભક્તિની રીત રે,
કાલી ઘેલી વાણીમાં હું, ગાઉં તારા નિશદિન ગીત રે.
બાલ બનીને ખોળે તારા,રમવાને હું આવ્યો છું...
સંસારના સુખડાં કેરી, વાત વિસારે મેલી છે
દિન દયાળા ! હે જગત્રાતા ! એક હવે તું,
કંઇક જનમ નાં પાપો મારાં ધોવાને હું આવ્યો છું....
નાથ તમારા દર્શન કાજે, મનડું મારું તલસે છે
ભક્તજનોની આંખલડીમાં, આંસુ ધારા વરસે છે
ચાકર થઇને ચરણે તારા, રહેવાને હું આવ્યો છું.....

## ક્યારે બનીશ...

ક્યારે બનીશ હું સાચો રે સંત ! ક્યારે થશે મારા ભવનો રે અંત !
લાખ ચોરાશીના ચૌટે ચૌટે, ભટકી રહયો હું મારગ ખોટે,
ક્યારે મળશે મુજને મુક્તિના પંથ.... ક્યારે થશે.....
કાળ અનાદિની ભૂલો છૂટેના, ઘણુંયે મથું પણ પાપો ખૂટે ના,
ક્યારે તોડીશ એ પાપોનો તંત... ક્યારે થશે....
છ કાય જીવની હું હિંસા રે કરતો, પાપો અઢારે હું જરીના વિસરતો
મોહ માયાનો હું રટતો રે મંત.... ક્યારે થશે..
પતિત પાવન પ્રભુજી ! ઉગારો, રત્નત્રયીનો હું યાચક તારો,
ભક્ત બની મારે થાવું મહંત... ક્યારે થશે...

## સ્વામિ તારા સ્નેહથી

સ્વામિ તારા સ્નેહ થી મને ધરવ નથી, પ્યાસ છીપતી નથી,
થાય છેકે બસ ઘૂંટ પીધા કરું.. સ્વામિ...
સ્નેહ તો મળ્યો મને ઘણાનો, પણ બધા સ્વાર્થના સગાનો,
આતમનો એક તું સ્વજન છે, તારો મારો સાથ છે સદાનો,
ભાવ જેમાં સ્વાર્થનો લગીર પણ નથી, એવા આ સંબંધની,
થાય છેકે બસ ગાંઠ બાંધ્યા કરું... સ્વામિ...
સૂર્યના કિરણ વધે ઘટે છે, મેઘરાજા કદિ રૂઠે છે
ધાન્ય આપનારી ધરતી માતા, કોક દિન ધાન્ય ચોરી લે છે
રાત દિન વહે છે તારા પ્રેમની નદી, કદિ ઓટતી નથી,
થાય છેકે બસ ડૂબકી માર્યા કરું.... સ્વામિ...
તારો પ્રેમ પાપથી બચાવે,પુન્ય ની પ્રવૃતિઓ કરાવે,
દ્વાર દુર્ગતિ તણા ભીડીને, સદ્‌ગતિ તણી સફર કરાવે,
દીપજે જલે છે મુજને માર્ગ ચીંધવા, મંઝિલે લઇ જવાં,
થાય છેકે બસ તેજ ઝીલ્યાં કરું.... સ્વામિ...

## મને જયાં જવાનું મન

(રાગ : એક પ્યાર કા નગમા...)

મને જ્યાં જવાનું મન, ત્યાં મુજને જવા દે નહીં,
મારા કર્મો કેવા ભારે, મારી મુક્તિ થવા દે નહીં...
મને થાય ઘણું મનમાં, કે આ મોકો સંભાળી લઉં,
મંઝિલ છે નજર સામે, એને દોડીને ઝાલી લઉં,
પણ કાયા બની દુશ્મન, એક ડગલું ઉપાડે નહીં...
આ કુમળા હૃદય માથે, બહુ બોજ લીધા છે મેં,
કડવા ઘુટડા જગનાં, ના છૂટકે પીધા છે મેં,
હવે લાગી તરસ જેની, તે અમૃત પીવા દે નહીં...
હું આગળ જવા માંગુ, મને પાછળ હટાવે છે
હું પાવન થવા માગું, મને પાપી બનાવે છે
હવે શું કરવું મારે, કોઇ મારગ સુઝાડે નહીં....

## તું મને ભગવાન

તું મને ભગવાન, એક વરદાન આપી દે,
જ્યાં વસે છે તું, મને ત્યાં સ્થાન આપી દે,
હું જીવું છું એ જગતમાં, જ્યાં નથી જીવન,
જીંદગીનું નામ છે બસ, બોજ ને બંધન,
આખરી અવતારનું મંડાણ બાંધી દે... જ્યાં...
આ ભૂમિમાં ખૂબ ગાજે, પાપનાં પડઘમ,
બેસૂરી થઇ જાય મારી, પુણ્યની સરગમ,
દિલરૂબાના તારનું, ભંગાણ સાંધી દે... જ્યાં...
જોમ તનમાં જ્યાં લગી છે સહુ કરે શોષણ,
જોમ જાતા કોઇ અહીંયા, ના કરે પોષણ,
મતલબી સંસારનું જોડાણ કાપી દે... જ્યાં...

## સંસાર કે સાગર મેં

રાગ : એક પ્યાર કા નગમા હૈ...

સંસાર કે સાગર મેં, જીવન કી નૈયા હૈ,
સુખ દુઃખ ઔર કુછ ભી નહી, કર્મો કી કહાની હૈ...
કોઇ દુઃખ નહીં દેતા હૈ, સુખ લે નહી શકતા હૈ,
પુણ્યો કા મતલબ તો પાપોં કો ખપાના હૈ,
મઝધાર મેં નૈયા હૈ અબ તુ હી ખેવૈયા હૈ... સુખ દુઃખ ઔર કુછ...
કોઇ ચૈન સે સોતા હૈ, કોઇ ભૂખા પ્યાસા હૈ,
યે દ્વેષ નહિં કિસકા, કર્મો કા યે પાસા હૈ,
પુણ્યોં કા યે ભાતા હૈ, ભવો ભવ કી કમાઇ હૈ... સુખ દુઃખ...
કોઇ દયા ધર્મ કરતા, કોઇ રાગદ્વેષ કરતા,
કરની જૈસી કરતા ફલ વૈસા હી મિલતા હૈ,
બબુલ જો બોયા હૈ, અમરુદ ના મિલતા હૈ... સુખ દુઃખ...

## જીંદગી બેકાર ચાલી

રાગ : આંખડી મારી...

જીંદગી બેકાર ચાલી જાય છે, દર્દ એનું દિલમાં ઉંડુ થાય છે..
મૂલ્ય સમજાતું નથી આ જન્મનું, જાનવર જેવું જીવન જીવાય છે..
જે બીજા અવતારમાં મળતા નથી, તે રતન અહીં ધૂળમાં રોળાય છે..
રાખ જેવા મામૂલી વ્યાપારમાં, આ મહામૂલીમૂડી ખરચાય છે..
કર્મનો કેવો પ્રભુ મારે ઉદય, ધર્મની મોસમ નકામી જાય છે
આ ફરીથી ભવ મળે કે ના મળે, જીવનું ભાવિ બુરૂ દેખાય છે.

## મેરે દોનોં હાથોં મેં

મેરે દોનોં હાથોં મેં, ઐસી લકીર હૈ
દાદા સે મિલન હોગા, મેરી તકદીર હૈ
લિખા હૈ ઐસા લેખ, દાદા (૨)
લિખતા હૈ લિખને વાલા, સોચ સમજકર,
મિલના બિછડના દાદા હોતા સમય પર,
ઇસમેં મીન ના મેખ દાદા... (૨)
કિસ્મત કા લેખ, કોઇ મિટા નહીં પાયેગા,
કૈસે મિલન હોગા, સમય હી બતાયેગા,
મિટતી નહીં હૈ રેખ દાદા... (૨)
ના વો દિન રહે, ના યહ દિન રહેંગે,
દાદા તુમ દેખ લેના જલ્દી મિલેંગે,
ઇન હાથોં કો દેખ દાદા...
ગિરનારી દાદા તેરી શરણ મેં આયા,
આકર કે ચરણોં મેં, શીશ નમાયા,
ઇન ભક્તોં કો દેખ દાદા...
લિખા હૈ ઐસા લેખ દાદા...

## એવી લાગી લગન

એવી લાગી લગન... બન્યો ધ્યાનમાં મગન...
હું તો ઘડી ઘડી... વીર વીર ગાયા કરું ... એવી લાગી.

હૈયે તારું સ્મરણ... હોઠે તારું રટણ...
હું તો પળે પળે... પ્રભુ તને યાદ કરું ... એવી લાગી.

આંખ મીચું સ્વપ્નમાં તું આવ્યા કરે,
મારું રોમ રોમ સદા તને ગાયા કરે,
હું તો વીર, વીર, વીર વીર ગાયા કરું ... એવી લાગી.

મારા જીવનનો પ્રાણ... મારા મનનો તું મિત,
તને પામીને કર્મોથી કરવી છે જીત,
હું તો ફરી ફરી તારી પાસે આવ્યા કરું ! ... એવી લાગી.

## એક પંખી...

એક પંખી આવીને ઉડી ગયું... એક વાત સરસ સમજાવી ગયું,
આ દુનિયા એક પંખીનો મેળો... કાયમ કયાં રહેવાનું છે,
ખાલી હાથે આવ્યા એવા... ખાલી હાથે જવાનું છે.
જેને તેં તારું માન્યું તે તો... અહીંનું અહીં સહુ રહી ગયું ...એક

જીવન પ્રભાતે જનમ થયોને... સાજ પડે ઊડી ગયું,
સગા સંબંધી માયા મૂકી... સહુ છોડી અલગ થાતું,
એકલવાયુ આતમ પંખી... સાથે કાંઈ ન લઈ ગયુ ...એક

પાંખોવાળું પંખી ઊંચે... ઊડી ગયું આ આકાશ,
ભાનભૂલી ભટકે ભવરણમાં... માયા મૃગજળથી નાશે,
જગતની આંખો જોતી રહીને... પાંખ વિના એ ઊડી ગયું ...એક

ધર્મ પુણ્યની લક્ષ્મીની ગાંઠે... સત્કર્મોનો સથવારો,
ભવસાગર તરવાને માટે... અન્ય નથી કોઈ આરો,
જતાં જતાં પંખી જીવનનો... સાચો મર્મ સમજાવી ગયું ...એક

## તારી જો હાંક સુણી કોઇ ના આવે

તારી જો હાંક સુણી કોઇ ના આવે, તો એકલો જાને રે,'
એકલો જાને, એકલો જાને,એકલો જાને રે....
જો સૌનાં મોં સિવાય, ઓરે ઓરે ઓ અભાગી ! સૌનાં મો સિવાય,
જ્યારે સૌએ બેસે મોં ફેરવી, સૌએ ફરી જાય,
ત્યારે હૈયું ખોલી, અરે તું મોં મૂકી,તારા મનનું ગાણું એકલો ગાને રે.... (૧)
જો સૌએ પાછા જાય, ઓરે ઓરે ઓ અભાગી ! સૌએ પાછા જાય.
જ્યારે રણવગડે નીસરવા ટાણે સૌ ખૂણે સંતાય,
ત્યારે કાંટારાને તારે લોહીની ગળતે ચરણે ભાઇ ! એકલો ધાને રે... (૨)
જ્યારે દીવા ના ધરે કોઇ ઓરે ઓરે ઓ અભાગી ! દીવો ના ધરે કોઇ.
જ્યારે ઘનઘોર તૂફાનીરાત, બારવાસે તને જોઇ,
ત્યારે આભની વીજે સળગી જઇ સૌનો દીવો થાને રે એકલો જાને રે...(૩)

## પંખીડાને આ પિંજરું

પંખીડાને આ પિંજરું, જૂનું જૂનું લાગે,
બહુએ સમજાવ્યું તોયે પંખી નવું પિંજરું માગે.
ઊમટયો અજંપો એને પંડના રે પ્રાણનો,
અણધાર્યો કર્યો મનોરથ દૂરના પ્રયાણનો.
અણદીઠે દેશ જાવા લગન એને લાગી.... પંખીડાને૦
સોને મઢેલ બાજઠિયો ને સોને મઢેલ ઝૂલો,
હીરે જડેલ વીંઝણો મોતીનો મોંઘો અણમૂલો.
પાગલ ના થઇએ ભેરુ કોઇના રંગ લાગે... પંખીડાને૦

## એક જ અરમાન છે મને...

એક જ અરમાન છે મને, મારું જીવન સુગંધી બને (૨)
ફૂલડાં બનું કે ચાહે ધૂપસળી થાઉં.,
આશા છે સામગ્રી પૂજાની થાઉં,
ભલે કાયા આ રાખ થઇ શમે.... મારું જીવન
તડકા છાયા કે વા'યા વર્ષાના વાયરા,
તો યે આ પુષ્પો કદી ન કરમાયા,
પ્રભુ ચરણોમાં રહેવું ગમે...... મારું જીવન.
ઘા ખીલતા ખીલતા એ ખમે..... મારું જીવન.

વાતાવરણમાં સુગંધ ન સમાતી,
જેમ જેમ ચંદન ઓરસીયે ઘસાતી,
પ્રભુ કાજે ઘસાવું...... મારું જીવન.

જાની ખારાશ બધી ઉરમાં શમાવે,
તોયે સાગર મીઠી વર્ષા વરસાવે,
સદા ભરતી ને ઓટમાં રમે.... મારુ જીવન.

## પ્રભુ ! તેં મને જે...

પ્રભુ ! તે મનેં જે આપ્યું છે
એનો બદલો હું શેં વાળુ !
બસ તારી ભક્તિ કરી કરીને,
મારા મનડાને વાળું... પ્રભુ તેં.
પ્રભુ ! નરક નિગોદથી તેં તાર્યો,
મને અનંત દુઃખોથી ઉગાર્યો,
તારા ઉપકાર અનંતા છે... એનો બદલો.
અહીં લગી પહોંચ્યા પ્રભુ તારી કૃપા,
તુજ શાસન પામ્યો પ્રભુ તારી કૃપા,
જૈનધર્મતણી બલિહારી છે... એનો બદલો.
પ્રભુ ! મોક્ષ નગરનો સથવારો,
હું મોહ નગરમાં વસનારો,
તું ભવોભવનો ઉપકારી છે... એનો બદલો.

## પ્રભુ ! મારા કંઠમાં દેજો...

પ્રભુ મારા કંઠમાં દેજો એવો રાગ,
જેથી હું ગાઇ શકું વીતરાગ,
પ્રભુ મારા સૂરમાં તું પૂરજે એવો રાગ.
... જેથી હું ગાઇ શકું...
જગને રિઝાવી રિઝાવી હું થાકું,
ના સમજાયે સંગીત સાચું,
ભરજે તું અંતરમાં એવી કંઇ આગ,
.... જેથી હું ગાઇ શકું...
વેર ને ઝેરની વાંસળી વગાડી,
ગીતો ઘમંડના ગાયા,
બેસૂરો બોલે આ તનનો તંબુરો,
સૂરો બધા વિખરાયા,
પ્રગટાવજે તું પ્રીતની પરાગ,
.... જેથી હું ગાઇ શકું...
દુનિયાની માયા છે દુઃખડાની છાયા,
તોયે કદી ના મુકાતી,
જ્ઞાની ઘણાયે દેખાડી ગયા પણ,
દિશા હજી ના દેખાતી,
ચમકાવજે તું એવો વિરાગ,
... જેથી હું ગાઇ શકું...

## રંગાઇ જાને રંગમાં...

રંગાઇ જાને રંગમાં... તું રંગાઇ જાને રંગમાં...
પ્રભુવીર તણા રંગમાં..... ગુરુજીતણા સત્સંગમાં...
... તું રંગાઇ જાને રંગમાં...
આજે ભજશું, કાલે ભજશું, ભજશું મહાવીર નામ (૨)
જમનું જ્યારે તેડું આવશે... લઇ જશે એના સંગમાં,
... રંગાઇ જાને રંગમાં
આજે ભજશું, કાલે ભજશું, ભજશું આદિનાથ (૨)

શ્વાસ ખૂટશે, નાડી તૂટશે,
પ્રાણ નહિ રહે તારા તનમાં... તું
જીવ જાણતો, ઝાઝું જીવશું, મારું છે આ તમામ,
પહેલા અમર કરી લઉં નામ,
તેડુ આવશે જમનું જાણજે... જાવુ પડશે સંગમાં... તું.
ઘડપણ આવશે, ત્યારે ભજીશું,
પહેલા ઘરના કામ, પછી જાશું તીરથધામ,
આતમ એક દિન ઊડી જાશે...
તારુ શરીર રહેશે પલંગમાં... તૂં...

## શબ્દમાં સમાય નહીં...

શબ્દમાં સમાય નહિં એવો તું મહાન,
કેમ કરી ગાવા મારે તારાં ગુણગાન;
ગજું નથી મારું એવું કહે આ જબાન,
કેમ કરી ગાવા પ્રભુ તારાં ગુણગાન;

હો ફૂલડાના બગીચામાં ખીલે ઘણાં ફૂલો,
સૂંઘવા આવેલ પેલો ભ્રમર પડે ભૂલો.
એમ તારી સુરભિ ભુલાવે મને ભાન ... કેમ કરી...

હો અંબરમાં ચમકે અસંખ્ય સિતારા,
પાર કદી પામે નહિ એને ગણનારા,
ગુણ તારા ઝાઝા ને થોડું મારું જ્ઞાન ... કેમ કરી.

હો વણથંભ્યા મોજાં આવે સરોવરને તીરે,
જોતાં ધરાયે નહીં મનડું લગીરે,
એક થકી એક ઊંચા તારાં પરિણામ ... કેમ કરી.

હો પૂરું તો પુરાય નહિ કલ્પનાના રંગો,
હારી જાય બધા મારા મનના તરંગો,
અટકીને ઊભું રહે મારું અનુમાન ... કેમ કરી.

## મારો ધન્ય બન્યો આજે...

(રાગ - મૈં તો ભૂલ ચલી)

હો મારો ધન્ય બન્યો આજે અવતાર, કે મલ્યા મને પરમાત્મા;
હે કરું મોંઘો ને મીઠો સત્કાર, કે મલ્યા મને પરમાત્મા... કે મલ્યા...
શ્રદ્ધાના લિલુડાં તોરણ બંધાવું, ભક્તિના રંગોથી આંગણ સજાવું,
હો... હો સજે હૈયું... સજે હૈયું સોનેરી શણગાર... કે મલ્યા...
પ્રીતિનાં મઘમઘતાં ફુલડે વધાવું, સંસ્કારે ઝળહળતાં દીવડાં પ્રગટાવું,
હો... હો કરે મનનો... કરે મનનો... મોરલિયો ટહુકાર... કે મલ્યા...
ઉરનાં આસનિયે હું, પ્રભુને પધરાવું, જીવન આખું એના ચરણે બિછાવું,
હો... હો હવે થાશે... હવે થાશે... આતમનો ઉદ્ધાર... કે મલ્યા...

## ઓ તારણહારે...

(રાગ - ઓ પાલનહારે....)

ઓ તારણહારે, અવગુણ હરના રે,
તારા વિના જગમાં કોઇ નથી.
એવી ઉલઝન જીવનમાં ભગવન્,
તારા વિના જગમાં કોઇ નથી.
અમને હવે દર્શન દો, જીવન રખવાલે,
તારા વિના જગમાં કોઇ નથી.
ભક્તિમાં હરખે પ્રભુજી આંખડી,
દરસ તારા દે દો ઓ જિનજી,
આ નયન છે મગન, નૈયા મારી દો તમે તારી...
ભગવન્ આ જીવન તમે, ના સંવારો તો કૌન સંવારે... ઓ તારણહારે...
જો સુનો તો કહે પ્રભુજી મારી છે વિનંતી,
દુખીજન ને ધીરજ દો, હારે નહીં આ જગથી,
તમે નિર્બલ ને રક્ષા દો, રહે નિર્બલ જગમાં સુખથી...
ભક્તિ ને શક્તિ દો (૨) જગના તમે સ્વામી છો, મારી આ અરજ સુનો...
ઓ તારણહારે...

## પ્રભુ અમે ડુબી રહ્યા...

(તર્જ : ફિઝાભી હૈ જવાં જવાં - નિકાહ)

પ્રભુ ! અમે ડૂબી રહ્યાં, ગળા લગી વિલાસમાં,
વિકાસથી વળી રહ્યાં, ધીમે ધીમે વિનાશમાં,

પ્રભુ ! અમે ડૂબી રહ્યાં...

વિલાસથી મઝા મળે, વિલાસમાં જીવન જડે,
વિલાસના અભાવમાં, ઘડીયે ચેન ના પડે,
ઘૂંટી રહ્યાં વિલાસને, હરેક શ્વાસશ્વાસમાં,

વિકાસથી વળી રહ્યાં...

મૂકી છે દોટ આંધળી, શરીરને રીઝાવવા,
નવા નવા ઉપાયથી, સુખોની મોજ માણવા,
સફર કરી રહ્યાં અમે, પતન છે જે પ્રવાસમાં,

વિકાસથી વળી રહ્યાં...

લગીર દુઃખ દેહનું, સહન હવે થતું નથી,
વિલાસના વ્યસનતણું, શમન હવે થતું નથી,
ઢળી રહ્યાં ધીરેધીરે, ગુલામના લિબાશમાં,

વિકાસથી વળી રહ્યાં...
પ્રભુ ! અમે ડૂબી રહ્યાં...

## પાપ કરતાં માપ રાખ્યું...

(રાગ : આંખડી મારી પ્રભુ હરખાય...)

પાપ કરતાં માપ રાખ્યું હોત જો,
આજ મારી હાલત આ ના હોત તો,

પાપ કરતાં માપ...

કર્મરાજા કોઇને મુક્તા નથી,
સત્ય એ મેં યાદ રાખ્યું હોત જો,

આજ મારી હાલત...

સુખમાં રહેવું ગમે છે સર્વને,
અન્યને મેં દુઃખ દીધું ના હોત જો,

આજ મારી હાલત...

જંતુને પણ જીવ વહાલો હોય છે
કોઇનો મેં જીવ લીધો ના હોત જો,

આજ મારી હાલત...

અન્ન ખાતાં, બોલતાં કે ચાલતાં,
કાળજી થોડીક રાખી હોત જો,

આજ મારી હાલત...

સો ગણો બદલો મળે છે પાપનો,
એ વચનને માન આપ્યું હોત જો,

આજ મારી હાલત...

## તારી પાસે એવું શું...

(રાગ : તેરે સૂર ઓર મેરે ગીત - ગૂંજ ઉઠી શહનાઇ)

તારી પાસે એવું શુ ? દોડી દોડી આવું હું,

તારી પાસે એવું શું ?

મુજને એ ના સમજાતું, હૈયું શાને હરખાતું ?
તારા દર્શન જ્યાં પામું, શાને મનડું મલકાતું ?
તારા રૂપમાં એવું શું ? દોડી દોડી આવું હું.

તારી પાસે એવું શું ?

નીંદર મુજને આવે ના, ભોજન મુજને ભાવે ના,
તુજને જો હું ના ભેટું, શાંતિ મુજને થાવે ના,
તારા દિલમાં એવું શું ? દોડી દોડી આવું હું,

તારી પાસે એવું શું ?

મારી સઘળી ચિંતાઓ, ઘેરા દુઃખની ઘટનાઓ,
તારા વેણે વિસરાતી, વળગેલી સૌ વિપદાઓ,
તારા સ્વરમાં એવું શું ? દોડી દોડી આવું હું.

તારી પાસે એવું શું ?

## દૂર તમે ના રહેશો, પ્રભુજી !....

(રાગ - ફુલ તુમ્હેં ભેજા હૈ ખતમેં - સરસ્વતીચંદ્ર)

દૂર તમે ના રહેશો, પ્રભુજી ! રહેજો મારા હૈયામાં,
કોણે જાણ્યું ક્યારે જાગે, આંધી દિલના દરિયામાં ?
આજ ભલે હો જળ જંપેલા, છેતરનારી છે શાંતિ,
બીક મને છે, આવી ચડશે વાવાઝોડું ઉત્પાતિ.

દૂર તમે ના રહેશો...

વાયુ વાશે અવળી ગમનો, સુસવાટા દેતો જ્યારે,
મેઘ ગરજશે, વીજ ચમકશે, ત્રાટકશે વર્ષા ભારે,
પર્વત જેવાં મોટાં મોજાં, ઊંચા થઇને પછડાશે,
કાળું કાળું ઘોર અંધારું ચારે બાજુ પથરાશે.

દૂર તમે ના રહેશો...

હાલકડોલક થાશે મારી આતમનૈયા આંધીમાં,
થઇ જાશે બેકાર હલેસા ઘુમરી લેતા પાણીમાં,
ગાંડો વાયુ જોર કરીને ઊંધી દિશામાં લઇ જાશે,
કોને માલૂમ, રાહ ભૂલેલી આ હોડીનું શું થાશે ?

દૂર તમે ના રહેશો...

તે સમયે જો સાથ તમે હો, બીક રહે ના બૂડવાની,
તોફાનોમાં માર્ગ કરીને નૈયા આગળ વધવાની,
આપ સુકાની બનતાં મારા વિઘ્નો સઘળાં ટળી જાશે,
મારી નૈયા આપ સહારે ભવસાગરને તરી જાશે.

દૂર તમે ના રહેશો...

## સાચો સંગમ પ્રભુ સાથે...

(રાગ - મેરા જીવન કોરા કાગજ - કોરા કાગજ)

સાચો સંગમ પ્રભુ સાથે હજુયે ના થયો,
એ દિશામાં, રેલો મારો હજુએ ના ગયો.

સાચો સંગમ...

એક લગની સાથે વહેતું, આતમનું ઝરણું,
પાવનસરિતા પાસે પહોંચી, લઇ લઉં શરણું,
આતમ કેરો, આ મનોરથ હજૂયે ના ફળ્યો,

સાચો સંગમ...

મારગ રોકે ડુંગરધારા, ગયા ભવનાં પાપ,
પાછળ વહેતી પુનિત ગંગા, થાયે ના મેળાપ,
વિરહઅગની, આતમાને બાળતો રહ્યો.

સાચો સંગમ...

રોજેરોજે નાનું ઝરણું, ડુંગર ખોદે જાય,
કોણ જાણે ક્યારે તૂટશે, કરમનો અંતરાય ?
આજ લગી તો ઉદ્યમ એનો સફળ ના થયો.

સાચો સંગમ...

## ખૂણે ખૂણામાં હૃદય...

(રાગ - હજાર બાતેં કહે જમાના - ઘટના)

ખૂણે ખૂણામાં હૃદય તપાસ્યું, પ્રકાશ ક્યાંયે નથી જણાતો,
નજર ચડે છે બધે અંધારું, ઉજાસ ક્યાંયે નથી જણાતો.

ખૂણેખૂણામાં હૃદય તપાસ્યું.

પરોઢ ઊગ્યું અનેક વેળા, અનેક વેળા પૂનમ પ્રકાશી,
હૃદયગુફામાં બધું યથાવત્, વિકાસ ક્યાંયે નથી જણાતો.

ખૂણેખૂણામાં હૃદય તપાસ્યું.

ધૂળે ભરી છે ફરસ બિચારી, દિવાલ પર છે કરોળિયાઓ,
અવાવરું આ જગા પડી છે નિવાસ ક્યાંયે નથી જણાતો.

ખૂણેખૂણામાં હૃદય તપાસ્યું.

દીવેલ પણ છે દીવેટ પણ છે દીવાસળી પણ પડી સમીપે,
દીવાની જ્યોતિ ઝગાવવાનો, પ્રયાસ ક્યાંયે નથી જણાતો

ખૂણેખૂણામાં હૃદય તપાસ્યું.

અધીર આતુર યુગોયુગોથી, કિરણ ખડું છે પ્રવેશદ્વારે,
સ્વીકાર કરવા હજુ, અરેરે ! ઉલ્લાસ ક્યાંયે નથી જણાતો,

ખૂણેખૂણામાં હૃદય તપાસ્યું.

## દાન ધર્મની જ્વલંત જ્યોતિ....

(રાગ - મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું)

દાનધર્મની જ્વલંત જ્યોતિ, જગમાં નિશદિન જલ્યા કરે,
ટમટમ થતા દીવડાઓને, નવી જિંદગી મળ્યા કરે.

તરફડતા ને તરસ્યા જીવ પર, વત્સલતાની વૃષ્ટિ હો,
દુઃખડાં એનાં દૂર કરવાની, દાતાઓની દષ્ટિ હો.

અદકું પામે અન્ય થકી તે, અંતરમાં હો ઉદારતા,
વધુ મળ્યું તે વહેંચી દેવું, વર્તનમાં હો વિશાળતા.

શુભ કાર્યોમાં ખરચે એની, શક્તિ દિનદિન વધ્યા કરે,
પ્રીતછલકતા પરમારથના, પૂર હૃદયમાં ચઢ્યા કરે.

દિલના રંગે દાન કરે જે, તે માનવને ધન્ય હજો,
આતમને અજવાળે એવું, પાવન એનું પુણ્ય હજો.

## તું તારે કે ના તારે...

(રાગ - પરાયી હું પરાયી - કન્યાદાન)

તું તારે કે ના તારે, તારો સાથ ના છોડું,
જે જોડ્યા તુજને હાથ બીજે હાથ ના જોડું,
તું તારે કે ના તારે...

ચમત્કારો દેખાડી કોઇ મુજને ભરમાવે,
વિચારો ક્રાંતિના ફેલાવી કોઇ બહેકાવે,
અનાથ સમજીને લાલચમાં કોઇ લપટાવે,
એ માયાવી મૃગજળની પાછળ, નાથ ! ના દોડું,
તું તારે કે ના તારે...

ભલે ને દિવસો આવે ભૂખ્યાતરસ્યા રહેવાના,
સમૂળા ઉપસર્ગોને એકી સાથે સહેવાના,

કદાચ જગના લોકો મૂરખ મુજને કહેવાના,
પણ સમજીને જે લીધો તે સંગાથ ના છેડું,

, તું તારે કે ના તારે...

ભરોસો છે કે મારો બેડો પાર થઇ જાશે,
મને તું વહેલોમોડો સામે પાર લઇ જાશે,
તમામ ઝંઝાવાતો ઠંડા થઇને રહી જાશે,
જે મૂક્યો છે તારામાં તે વિશ્વાસ ન તોડું

તું તારે કે ના તારે...

## અવતાર માનવીનો...

(રાગ - મિલતી હૈ જિન્દગી મેં મુહબ્બત - આંખે)

અવતાર માનવીનો ફરીને નહીં મળે,
અવસર તરી જવાનો ફરીને નહીં મળે,

સુરલોકમાં યે ના મળે ભગવાન કોઇને,
અહીંયા મળ્યા પ્રભુ તે ફરીને નહીં મળે,

અવતાર...

લઇ જાય પ્રેમથી તને કલ્યાણ મારગે,
સંગાથ આ ગુરુનો ફરીને નહીં મળે.

અવતાર...

જે ધર્મ આચરીને કરોડો તરી ગયા,
આવો ધરમ અમૂલો ફરીને નહીં મળે.

અવતાર...

કરશું ધરમ નિરાંતે કહે તું ગુમાનમાં,
જે જાય છે ઘડી તે ફરીને નહી મળે.

અવતાર...

## મોડું શાને કરે છે વધુ ?....

(રાગ - જિંદગી કી ન તૂટે લડી - ક્રાંતિ)

મોડું શાને કરે છે વધુ ? આજ કહી દે પ્રભુને બધું,
કાળા કર્મોની કાળી કથાનો, ભાર વેઠે છે શાને હજુ ?

આજ કહી દે પ્રભુને બધું.

જો તું માને હું પાપી નથી, તો એ તારું અભિમાન છે
તારા ચહેરાના ચિન્હો કહે, તારો જીવડો પરેશાન છે
હો પરેશાન છે
નથી સંતાડવાનું ગજું, આજ કહી દે પ્રભુને બધું,

મોડું શાને કરે છે વધુ ?

તારો આત્મા કબૂલે છે પણ, બોલી દેતાં તું અચકાય છે
છૂપા રાખેલા મનના ભરમ, ખોલી દેતાં તું ખચકાય છે
શાને ખચકાય છે ?
નથી સાંભળતું કોઇ બીજું, આજ કહી દે પ્રભુને બધું,

મોડું શાને કરે છે વધુ ?

પ્રભુ પાસે પસ્તાવો કરે, એના પાપો ઘટી જાય છે
જાણે મોટી શિલાનું વજન, માથા પરથી હટી જાય છે
હો હટી જાય છે
હૈયું થઇ જાશે હળવું ઘણું, આજ કહી દે પ્રભુને બધું,

મોડું શાને કરે છે વધુ ?

જીવડા... પ્રભુજીને... સઘળું.... કહી દે (૨)

## હૃદયને અશાંતિમાં...

(રાગ - હમે ઔર જીને કી - અગર તુમ ન હોતે)

હૃદયને અશાંતિમાં રાહત રહે છે, પ્રભુ નામ લેતાં (૨)

હૃદયને અશાંતિમાં...

દિવસ જ્યાં ઊગે છે, સમસ્યા ઊગે છે
સંધ્યા-સૂરજ પણ, ફિકરમાં ડૂબે છે
પરંતુ બધી આ, આફત ટળે છે, પ્રભુ નામ લેતાં (૨)

હૃદયને અશાંતિમાં...

પ્રતિપળ કષાયો કરે છે ચડાઇ,
ધીરજ ના રહે એવી ચાલે લડાઇ,
આવા સમયમાં હિંમત મળે છે, પ્રભુ નામ લેતાં (૨)

હૃદયને અશાંતિમાં...

ઘડી એક દેવી, ઘડી દેવ બીજા,
નજીવા સુખો કાજે અપાત્રોની પૂજા,
જ્યાં ત્યાં રઝળવાની આદત ટળે છે પ્રભુ નામ લેતાં (૨)

હૃદયને અશાંતિમાં...

## યુગોથી હું પુકારું છું...

(રાગ - સુહાની ચાંદની રાતે - મુક્તિ)

યુગોથી હું પુકારું છું, પ્રભુ ! ક્યારે કૃપા કરશો ?
વિનંતી હું ગુજારું છું પ્રભુ ! ક્યારે કૃપા કરશો ?

યુગોથી હું પુકારું છું...

પ્રવાસી કોઇ જંગલમાં, સલામત આશરો શોધે,
ગરમ રણમાં તરૂવરનો, મુસાફર છાંયડો ગોતે
તમોને એમ ચાહું છું, પ્રભુ ! ક્યારે કૃપા કરશો ?

વિનંતી હું ગુજારું છું...

સમાવી લે સરિતાને, સમંદર જે ઉમળકાથી,
તમે દિલમાં સ્વીકારી લો, મને એવી જ મમતાથી,
વિયોગે હું સુકાઉં છું પ્રભુ ! ક્યારે કૃપા કરશો ?

વિનંતી હું ગુજારું છું...

જનેતા જેમ ડગમગતા શિશુની આંગળી ઝાલે,
તમે આપો સહારો તો સરળ મારી સફર ચાલે,
તમારો સાથ માગું છું પ્રભુ ! ક્યારે કૃપા કરશો ?

વિનંતી હું ગુજારું છું...
યુગોથી હું પુકારું છું...

## જિનવર મંદિર જે બંધાવે...

(જિનમંદિર નિર્માણ ફળ)
(રાગ - ગિરિવર દરિશન વીરલા પાવે)

જિનવર મંદિર જે બંધાવે, લાભ અનેરો તે જીવ પાવે. જિનવર...
મહિમા એનો મંગલકારી, શાસ્ત્રવચન એવું ફરમાવે, જિનવર...
કર્મ કઠણ જે જીવને વળગ્યાં, તે કર્મોને નરમ બનાવે, જિનવર...
મુક્ત થવાનું પહેલું સાધન, તે સમકિતની પ્રાપ્તિ થાવે, જિનવર...
ભવ કરવાના બાકી રહ્યા જે, સંખ્યા એની અલ્પ કરાવે, જિનવર...
તીર્થંકર પદ પુણ્ય ઉપાર્જન, સિદ્ધ શિલામાં વાસ કરાવે, જિનવર...
સંપ્રતિ રાજા ઉરના ઉમંગે, પ્રતિદિન નવલા ચૈત્ય ચણાવે, જિનવર...
સવાલાખ જિનાલય બાંધ્યા, સવા ક્રોડ પ્રતિમા સ્થપાવે, જિનવર...
ચક્રી ભરત અષ્ટાપદ ઉપર, ચોવીશ જિનના બિંબ ભરાવે, જિનવર...
પૂરવજનમના પુણ્ય ઉદયથી, અવસર આવો નિજ ઘર આવે, જિનવર...
જિનશાસનની પુનિત પતાકા, ઉચ્ચ ગગનમાં તે લહેરાવે, જિનવર...
દર્શન-પૂજન-ભક્તિ કરીને, કૈંક જીવો ત્યાં પાવન થાવે, જિનવર...
નિમિત્ત બની આ શુભ કાર્યોનું, પોતે પણ ઉત્તમ ફળ પાવે, જિનવર...

## કર્મો કરેલા મુજને...

કર્મો કરેલા મુજને નડે છે હૈયું હીબકા ભરીને રડે છે
જીવવા ચાહું તો જીવાતું નથી, મરવા ચાહું તો મરાતું નથી...
કોઇ જન્મે કરમ, મેં હસીને કર્યા,
આંસુડા આજ મારા, નયને ભર્યા,
મેં પ્રયાસો કર્યા, માણવા જીંદગી,
કર્મ મુજને સફળ, ન થવા દે કદિ... કર્મો...
જીંદગીના મલે, મોત આવે અગર,
મોત પણ ના મળે, કર્મ તૂટ્યા વગર,
જાણ નહોતી મને, આ પરિણામની,
તો કરત નહીં સંગત, બૂરા કામની... કર્મો...

## આજ વગડાવો...

આજ વગડાવો વગડાવો રૂડાં શરણાયુંને ઢોલ,
હે... શરણાયુંને ઢોલ રૂડાં નગારાનાં ઢોલ... આજ.
આજ નાચે રે ઉમંગ અંગ અંગમાં રે લોલ,
હું તો એવો રે રંગાણો પ્રભુ રંગમાં રે લોલ,
હે... હું તો ગાવું ને ગવડાવું રૂડાં ગીતડાં ના બોલ... આજ.
આતો આવ્યો અવસર આજ આંગણે રે લોલ,
બાંધો આસોપાલવનાં તોરણિયાં રે લોલ,
હે... આજ હૈયે આનંદ છે તન મનમાં રે લોલ... આજ.
આવો આવો સ્નેહીઓ અમ આંગણે રે લોલ,
અમે વાટલડી જોતાં બેઠાં બારણે રે લોલ,
પ્રેમે પધારી બોલો પ્રભુજીનાં બોલ... આજ.

## કેસરિયાં રે... કેસરિયાં...

કેસરિયાં રે... કેસરિયાં...
તારાં ગીતો હું ગાઉં... મનમંદિરે પધરાવું...
તારી મુદ્રા પર વારી વારી જાઉં... જાઉં જાઉં... કેસરિયાં
જળ કળશ ભરાવું... સ્નાન વિધિએ કરાવું...
મારા અંતરના મેલ ધોવરાવું... ધોવરાવું... કેસરિયાં...
સોના વાટકડી લાવું... ચંદન પૂજા રચાવું...
કરી કેસરિયાં મુક્તિપદ પાવું... પાવું... પાવું... કેસરિયાં...
પંચવરણ પુષ્પ લાવું... મોંઘી માળા ગૂંથાવું...
પ્રભુ કંઠે સોહાવી રંગ રાચું... રંગ રાચું... કેસરિયાં...
ધૂપ પૂજા રચાવું અગર તગર મિલાવું...
મારે ઊર્ધ્વ ગતિએ આજ જાવું... જાવું... જાવું... કેસરિયાં...
દીપક પૂજા રચાવું... માંહે જ્યોતિ પ્રગટાવું...
તારી જ્યોતિની જ્યોતિ બની જાવું... જાવું... જાવું... કેસરિયાં....
અક્ષતપૂજા રચાવું... માંહે સ્વસ્તિક કરાવું...
હું તો અક્ષયપદ આજે પાવું... પાવું... પાવું... કેસરિયાં...
નૈવેદ્ય પૂજા રચાવું... વિધવિધ પક્વાન્ન ધરાવું...

મારે અણહારી આજ બની જાવું... જાવું... જાવું... કેસરિયાં...
કલ્પતરુ ફળ લાવું... પ્રભુ ચરણે ધરાવું...
મારે સિદ્ધશિલાએ... આજ જાવું... જાવું... જાવું... કેસરિયાં...

## ઢોલીડા ઢોલ ધીમો...

ઢોલીડા ઢોલ ધીમો ધીમો વગાડ ના...
પ્રભુ ભક્તિનો જોજે...
મહિમા વહી જાય ના... ઢોલીડા...
હો... વીર પ્રભુની વાણી મેં અંતરથી જાણી,
પ્રભુજીના ગુણલા ગાતાં, હૈયું આ ધરાય ના... પ્રભુ ભક્તિનો જોજે.
હે પલ પલ સમરું હૈયે, આવું હું ઉમંગે,
દર્શન કરતાં મારી, આંખડી ધરાય ના... પ્રભુ.
હો... કરવી તો છે મારે, આ સયંમની સાધના,
હો... મુક્તિના પંથે છે મારી એક જ ભાવના,
આતમ દર્શન કેરો રંગ ઊડી જાય ના... પ્રભુ ભક્તિનો.

## મારા દાદાને દરબારે....

મારા દાદાને દરબારે ઢોલ વાગે છે
વાગે છે ઢોલ વાગે છે
ગામ-ગામનાં સોનીડા આવે છે
આવે છે શું-શું લાવે છે ?
મારા દાદાનો મુગટ ભરાવે છે.. મારા દાદાના ...
ગામ-ગામનાં માળીડા આવે છે
આવે છે શું-શું લાવે છે ?
મારા દાદાના ફૂલડાં લાવે છે.. મારા દાદાના ...
ગામ-ગામનાં શ્રાવકો આવે છે
આવે છે શું-શું લાવે છે ?
સાચા અંતરની ભાવના લાવે છે.. મારા દાદાના ...

## મારે ભક્તિ તમારી...

મારે ભક્તિ તમારી કરવી છે મારે મુક્તિ નગરમાં જાવું છે
મને પાર ઉતારો જિનવરીયા, મને મુક્તિ આપો જિનવરીયા...
ભવસાગરમાં ભગવાન મળ્યો, મને તારા જેવો નાથ મળ્યો,
... મને પાર ઉતારો.
પ્રભુવીર જીવનમાં તું જ મળ્યો, જ્યાં જાઉં ત્યાં નીરકુંજ ભર્યો,
... મને પાર ઉતારો.
જેમ સરિતાને સાગર મળ્યો, એમ અમને તું વીતરાગ મળ્યો,
... મને પાર ઉતારો.
મારા મનમાં વસ્યા છે આપ, પ્રભુ મારા દિલમાં ચાલે જાપ પ્રભુ,
... મને પાર ઉતારો.

## મારી આજની ઘડી છે..

મારી આજની ઘડી છે રળિયામણી...
હાં રે... મને વ્હાલો મળ્યાની વધામણીજી રે... મારી.
હાં રે હું તો ધ્યાન ધરું છું પ્રભુ તારું,
હાં રે મારા અંતરમાં થયું અજવાળુંજી રે... મારી
હાં રે મેં તો મોતીના સાથિયા પુરાવિયા,
હાં રે મેં તો પ્રેમે પ્રભુને વધાવિયાજી રે... મારી
હાં રે તારી ભક્તિ કરવાને કાજ આવીયો,
હાં રે તારા દર્શન કરવાને આજ આવીયો... મારી.

## રંગે રમે આનંદે..

રંગે રમે આનંદે રમે,
આજ દેવ દેવીઓ રંગે રમે;
પ્રભુજીને દેખી મોટા ભૂપ નમે... આજ...
પ્રભુજીની પાસે સોનીડો આવે,

હે... મુગટ ચડાવી પ્રભુને પાયે નમે... આજ.
પ્રભુજીની પાસે માલીડો આવે,
હે... હાર ચડાવી પ્રભુને પાયે નમે... આજ.
પ્રભુજીની પાસે પૂજારી આવે,
હે... પૂજા કરીને પ્રભુને પાયે નમે... આજ.
પ્રભુજીની પાસે ભક્તો રે આવે,
હે... ભક્તિ કરીને મોક્ષે જાવે... આજ.

## અજવાળાં દેખાડો...

અજવાળાં દેખાડો... અંતર દ્વાર ઉઘાડો...
પ્રભુજી... અજવાળાં દેખાડો... પ્રભુજી... અંતરદ્વાર ઉઘાડો.
કામ ક્રોધ મને ભાન ભુલાવે, માયા મમતા નાચ નચાવે,
સત્ય માર્ગ ભૂલી ભટકું છું, રાત સૂઝે ના દહાડો... પ્રભુજી.
વિપદાના વાદળ ઘેરાતા, મને અશુભ ભણકારા થતા,
ચારેકોર સંભળાતી મુજને, આજ ભયંકર રાડો... પ્રભુજી
નરક નિગોદથી તેં પ્રભુ તાર્યો, અનંત દુઃખોથી મુજને ઉગાર્યો,
એક ઉપકાર કરો હજી મુજ પર, જનમ મરણ ભય ટાળો... પ્રભુજી
જન્મ જીવનના તમે છો ત્રાતા, તમે પ્રભુ મારા ભાગ્ય વિધાતા,
એક ઉપકાર કરો હજી મુજ પર, નહિ ભૂલું ઉપકારો... પ્રભુજી.

## અરિહંતના ધ્યાને...

અરિહંતના ધ્યાને અરિહંત બની જશો,
જિનની ભક્તિ કરતાં કરતાં જિન બની જશો.
વીર પ્રભુના ધ્યાને મહાવીર બની જશો,
જિનની વાણી સૂણતાં સાચા જૈન બની જશો. ... અરિહંતના.
આ સંસારે ભમતાં ભમતાં, ચાહે પ્રાણી સુખને,
સુખની પાછળ દોટ મૂકે પણ, પામે ભારે દુઃખને,
પ્રભુનાં ચરણે રહેતાં રહેતાં, સુખી બની જશો... જિનની.

સ્વારથની આ દુનિયા કેવી સુખમાં ભાગ પડાવે,
કોઇક દુ:ખમાં દૂર થાય તો કોઇક વધુ રિબાવે,
પ્રભુના પંથે વહેતાં વહેતાં સંત બની જશો... જિનની.
પરમકૃપાળુ તુજને પામી બીજે શાને જાવું,
ભ્રમર બની ઇયળની પેરે એક જ તુજને ધ્યાવું,
વીર પ્રભુને ગાતાં ગાતાં મહાન બની જશો... જિનની.

## દુ:ખડાં નિવારો મારા...

કેવાં કેવાં દુ:ખડા સ્વામી, મેં સહ્યા નારકીમાં,
એક રે જાણે છે મારો આતમા પરમાતમા...
લબકારા લેતી કાળી વેદનાઓ સહેતા સહેતા,
વરસોનાં વરસો સ્વામી મેં વિતાવ્યા ત્રાસમાં,
ઇરે મલક્નું જ્યાં પૂરું થયું આયખું ત્યાં,
જનમ થયો રે મારો જાનવરના લોકમાં
દુ:ખડા નિવારો મારા જનમ મરણના પરમાતમા, ૧.
કેવા કેવા જુલ્મો વેઠ્યાં, જાનવર બનીને સ્વામી,
એક રે જાણે છે મારો આતમા પરમાતમા.
બોજો અળખામણો ને લાકડીના માર ખાતા,
વહેતીતી આંસુડાની ધાર મારી આંખમાં,
ઇરે મલક્નું જ્યાં પૂરું થયું આયખું ત્યાં,
જનમ થયો રે મારો દેવતાના લોકમાં.
દુ:ખડા નિવારો મારા જનમ મરણનાં પરમાતમા. ૨.
કેવાં કેવાં મંથન સ્વામી મેં કર્યા દેવલોકમાં,
એક રે જાણે છે મારો આતમા પરમાતમા.
રિદ્ધિને સિદ્ધિ તોયે તમારા વિયોગે સ્વામી,
જન્મારો ગાળ્યો જાણે ઘોર કારાવાસમાં,
ઇરે મલક્નું જ્યાં પૂરું થયું આયખું ત્યાં,
જનમ થયો રે મારો માનવીના લોકમાં,
દુ:ખડા નિવારો મારા જનમ મરણનાં પરમાતમા. ૩.
કેવા કેવા નાટક સ્વામી, હું કરું આ જનમમાં,

એક રે જાણે છે મારો આતમા પરમાતમા.
મનડાની માયા કાજે ધરવા પડે છે મારે,
ડગલે ને પગલે નવલાં રૂપ આ સંસારમાં,
આરે મલકનું જ્યાં પૂરું થાય આયખું ત્યાં,
તેડાવો મુજને સ્વામી ત્યાં તમારા લોકમાં
દુઃખડાં નિવારો મારા જનમ-મરણનાં પરમાતમા ૪.
હે... કેવાં કેવાં વર્ણન સ્વામી મેં સુણ્યા એ મલકનાં,
અધીરો બન્યો છે મારો આતમા પરમાતમા,
જનમ, જરા, મૃત્યુ કેરાં દુઃખડાંને બદલે સ્વામી,
રહેવાનું ત્યાં તો સુખનાં શાશ્વતા સહેવાસમાં.
ચાર ચાર ગતિના ફેરા હવે નથી ફરવા મારે,
કરવો છે કાયમનો વસવાટ, પંચમ લોકમાં,
દુઃખડાં નિવારો મારા જનમ મરણનાં પરમાતમા. ૫.

## પ્રભુથી પાગલ થઇ...

પ્રભુથી પાગલ થઇ કર પ્રીત,
પછી તારી જ્યાં જાય ત્યાં જીત,
પ્રભુથી ભાવધરી કર પ્રીત,
પછી તારી જ્યાં જાય ત્યાં જીત...
કર પ્રયત્ન સંતાપ મૂકી દે, યશ અપયશ નહીં હાથ,
કોઇ પૂરે ના આશ જો તારી, પૂરશે શ્રી જગનાથ,
એ તો યુગપુરાણી રીત... પછી તારી...
નિશ્ચય કરી લે ક્યારે જાવું, શું કરવો વ્યાપાર,
લાભ હાનિ ક્યાં સમજી લે, તો થાશે બેડો પાર,
કરજે સદ્‌ગુણના રે ગીત... પછી તારી...
પૂર્ણવિરામ મેળવવું છે તો, મૂક અલ્પ અર્ધવિરામ,
પ્રભુના ચરણે શિશ નમાવી, ઓળખ આતમરામ,
ફરતું બાંધી લે તું ચિત્ત... પછી તારી...
દેવ જિનેશ્વર વીર વીતરાગી, હૈયે ધરે જગહિત,
પ્રાણી માત્રનો હિતચિંતક, એ સહુથી કરતો પ્રીત,
હૈયે વસે એ વચનાતીત... પછી તારી...

# ખુલ્લા મુક્યા છે મેં તો...

ખુલ્લા મુક્યા છે મેં તો દિલડાના દ્વાર,
પ્રભુજી આવોને એક્વાર,
મારા જીવનની સુની પગથાર,
પગલાં પાડોને એક્વાર...
વરસોથી મીટ માંડી વાટડી નિહાળું,
શમણાંની સોડમાં હું તુજને પુકારૂં,
તુજને વિસારી ના શકું પલવાર...પ્રભુજી ...
તારા વિના ઉરના આસનીયા ખાલી,
છલકાવી ધોને નાથ કરૂણાની પ્યાલી,
તુજને સ્મર્યા કરૂં વારંવાર...પ્રભુજી ...
અંતરની આરસીમાં રહેજે છબીલા,
મારા રે અંતરમાં તારા જ પગલાં,
તારો મહિમા છે અપરંપાર...પ્રભુજી ...
ભક્તો તમારા એવા રે ભોળા,
શાને લીધા છે પ્રભુ અબોલા,
અમને ઉતારોને ભવપાર...પ્રભુજી ...
કાળજાને કોડીયે દીવડો પ્રગટાવું,
પ્રેમઘૃત ભરી ભાવ જ્યોતિ જલાવું,
ઝળકાવું જીવન ઝાકઝમાળ...પ્રભુજી ...
સાથિયા પુરૂં છું અંતરને આંગણે,
બેસું છું મીટ તારી માંડીને બારણે,
જીવનભર ઝંખું છું તારો પ્યાર...પ્રભુજી ...
તનના આ તંબૂરાને આશાના તારે,
છેડું વીતરાગ તારા સ્નેહની સિતારે,
પ્રીતભર્યા ગુંજે રણકાર...પ્રભુજી ...
મનના મંદિરે આવોને એક્વાર,
લળી લળી વિનવું હું વારંવાર,
પાવન થાયે આ અંતરદ્વાર...પ્રભુજી ...

## કૈસે રીઝાવું મેં તુમ્હે...

રાગ : બહોત ચાહને વાલે...

કૈસે રીઝાવું મેં તુમ્હે ભગવન્,
તેરે ચરણમેં લાખો નમન...
ગીત ન આયે ગાવું મેં કૈસે,
સાજ નહીં હૈ બજાવું મેં કૈસે,
ચરણોમેં ચઢાવું (૨) મેરા યે જીવન...
ફુલ નહીં કૈસે ચઢાવું મેં માલા,
દીપ નહીં કૈસે કરૂં મેં ઉજાલા,
પાની નહીં હૈ (૨) ભીગે યે નયન...

## ઇતની શક્તિ હમે...

ઇતની શક્તિ હમે દેના દાતા,
મનકા વિશ્વાસ કમજોર હો ના...
હમ ચલે નેક રસ્તે પે હમસે,
ભૂલકર ભી કોઇ ભૂલ હો ના... હમ ચલે...
દૂર અજ્ઞાન કે હો અંધેરે,
તૂં હમે જ્ઞાનકી રોશની દે,
હર બુરાઇ સે બચતે રહે હમ,
જીતની ભી દે ભલી જીંદગી દે,
બેર હો ના કીસીકો કીસીસે,
ભાવના મનમેં બદલે કી હોના... હમ ચલે...
હમ ન સોચે હમે ક્યા મીલા હૈ,
હમ યે સોચે કીયા ક્યા હૈ અર્પણ,
ફુલ ખુશીઓં કે બાટે સભીકો,
સબકા જીવન હી બન જાય મધુવન,
અપની કરૂણા કા જલ તું બહાકર,
કરદે પાવન હર એક મનકા કોના... હમ ચલે...

## હમકો મનકી શક્તિ...

હમકો મનકી શક્તિ દેના, મન વિજય કરે,
દૂસરોં કી જય સે પહેલે,ખુદ વિજય કરે... હમકો...
ભેદભાવ અપને દિલસે, સાફ કર શકે,
દોસ્તોં સે ભુલ હો તો માફ કર શકે,
જૂઠ સે બચે રહે, સચ કા દમ ભરે,
દૂસરોં કી જય સે પહેલે ખુદ વિજય કરે... હમકો...
મુશ્કિલેં પડે તો હમ પે, ઇતના કર્મ કર,
સાથ દે તું ધર્મ કા, ચલેંગે ધર્મ પર,
ખુદ પે હોંસલા રહે, બદી સે ન ડરે,
દૂસરોં કી જય સે પહેલે ખુદ વિજય કરે... હમકો...

## તુમ્હી હો માતા પિતા...

તુમ્હી હો માતા પિતા તુમ્હી હો,
તુમ્હી હો બંધુ સખા તુમ્હીં હો,
તુમ્હી હો સાથી, તુમ્હી સહારા,
કોઇ ના અપના સિવા તુમ્હારા
તુમ્હી હો નૈયા તુમ્હી ખેવૈયા,
તુમ્હી હો બંધુ સખા તુમ્હીં હો...
જો ખીલ શકે ના વો ફુલ હમ હૈ,
તુમ્હારે ચરણોં કી ધૂલ હમ હૈ
દયા કી દૃષ્ટિ સદા હી રખના,
તુમ્હી હો બંધુ સખા તુમ્હીં હો... તુમ્હીં હો માતા...

# ગિરનાર ભક્તિધારા

ગિરનાર કે નિવાસી, નમું બારબાર હું...
આયો શરણ તીહારે, પ્રભુ તાર તાર તું...

કરુણા કા હે સમંદર તેરી નિગાહ મેં,
આતે હી શાંતિ પાતે તેરી પનાહ મેં,
બ્રહ્મધાર સદ્દચાર નિર્વિકાર તું, આયો શરણ...

પશુઓકા પોકાર સુના સિર્ફ એકબાર,
છૂડા કે ઉનકે બંધ તુને છેડ દીયા સંસાર,
એકબાર નેમકુમાર સુન પુકાર તું (૨) આયો શરણ...

રાજુલ કીયા તુમસે નવ નવ ભવો સે પ્યાર,
અખંડ સૌભાગ્ય કા તુને દે દીયા ઉપહાર,
દેના સાથ નેમિનાથ પકડ હાથ તું (૨) આયો શરણ...

બૈઠે થે જેસે રાજુલ કે આત્મકમલ મેં,
વૈસે હી બેઠ જાના તુ હમારે જીવનમેં,
હમ નાવકે મુસાફીર ઓ જલદી ઉગાર તું (૨) આયો શરણ...

# દીક્ષા ગીત

## મને વેશ શ્રમણનો મળજો

મને વેશ શ્રમણનો મળજો રે (૨)

પંચમહાવ્રત પાળું, પાવન નિર્દોષને નિષ્કલંક;
સમતામાં લયલીન રહેવું, સરખા રાયને રંક,
મારી સ્તવના પ્રભુ સાંભળજો રે... મને વેશ...

આઠ પ્રહરની સાધના માટે, વહેલી પરોઢે હું જાગું;
શ્વાસો લેવા માટે પણ હું, ગુરૂની આજ્ઞા માંગુ,
આંખ ઈર્યાસમિતિએ ઢળજો રે.... મને વેશ...

આહારમાં રસ હોય ન કોઈ, ઘરઘર ગોચરી ભમવું;
ગામોગામ વિહરતા રહેવું, કષ્ટ અવિરત ખમવું,
મારા કર્મો નિર્જરી જાજોરે...મને વેશ...

આજીવન અણિશુદ્ધ રહીને, પામુ અંતિમ મંગળ;
સાધી સમાધિ પરલોક પંથે, આતમ રહે અવિચલ,
મારી સદ્ભાવનાઓ ફળજો રે.... મને વેશ...

# ઓઘો છે અણમૂલો...

(રાગ - હોઠો સે છૂ લો તુમ - પ્રેમ ગીત)

ઓઘો છે અણમૂલો, એનું ખૂબ જતન કરજો,
મોંઘી છે મુહપત્તિ એવું રોજ રટણ કરજો.
ઓઘો છે અણમૂલો...

આ ઉપકરણો આપ્યાં, તમને એવી શ્રધ્ધાથી,
ઉપયોગ સદા કરશો, તમે પૂરી નિષ્ઠાથી,
આધાર લઇ એનો ધર્મારાધન કરજો,
ઓઘો છે અણમૂલો...

આ વેશ વિરાગી નો, એનું માન ઘણું જગમાં,
માબાપ નમે તમને, પડે રાજા પણ પગમાં,
આ માન નથી મુજને એવું અર્થઘટન કરજો,
ઓઘો છે અણમૂલો...

આ ટુકડા કાપડના, કદી ઢાલ બની રહેશે.
દાવાનળ લાગે તો, દિવાલ બની રહેશે,
એના તાણાવાણામાં તપનું સિંચન કરજો,
ઓઘો છે અણમૂલો...

આ પાવન વસ્ત્રો તો, છે કાયાનું ઢાંકણ,
બની જાયે ના જોજો ! એ માયાનું ઢાંકણ,
ચોખ્ખું ને ઝગમગતું દિલનું દર્પણ કરજો.
ઓઘો છે અણમૂલો...

મેલા કે ધોયેલા, લીસા કે ખરબચડા,
ફાટેલા કે આખા, સૌ સરખા છે કપડા,
જ્યારે મોહદશા જાગે ત્યારે આ ચિંતન કરજો
ઓઘો છે અણમૂલો...

આ વેશ ઉગારે છે એને જે અજવાળે છે
ગાફેલ રહે એને, આ વેશ ડૂબાડે છે
ડૂબવું કે તરવું છે મનમાં મંથન કરજો,
ઓઘો છે અણમૂલો...

દેવો ઝંખે તોપણ જે વેશ નથી મળતો,
તમે પુણ્ય થકી પામ્યા, એની કિંમત પારખજો,
દેવોથી પણ ઊંચે તમે સ્થાન ગ્રહણ કરજો
ઓઘો છે અણમૂલો...

## જા, સંયમ પથે, દીક્ષાર્થી...

(રાગ - બાબુલ કી દુઆયેં લેતી જા - નિલકમલ)

જા, સંયમ પથે, દીક્ષાર્થી ! તારો પંથ સદા ઉજમાળ બને,
જંજીર હતી જે કર્મોની, તે મુક્તિની વરમાળ બને.
જા, સંયમ પંથે...

હોંશે હોંશે તું વેશ ધરે, તે વેશ બને પાવનકારી,
ઉજ્જ્વળતા એની ખૂબ વધે, જેને ભાવથી વંદે સંસારી,
દેવો પણ ઝંખે દર્શનને, તારો એવો દિવ્ય દિદાર બને.
જા, સંયમ પંથે...

જે જ્ઞાન તને ગુરુએ આપ્યું, તે ઊતરે તારા અંતરમાં,
રગરગમાં એનો સ્ત્રોત વહે, ને પ્રગટે તારા વર્તનમાં,
તારા જ્ઞાનદિપકના તેજ થકી, આ દુનિયા ઝાકઝમાળ બને.
જા, સંયમ પંથે...

વીતરાગતણાં વચનો વદતી, તારી વાણી હો અમૃતધારા,
કોઇ મારગ ઢૂંઢે અંધારે, તારાં વેણ કરે ત્યાં અજવાળાં,
વૈરાગ્યભરી મધુરી ભાષા, તારા સંયમનો શણગાર બને.
જા, સંયમ પંથે...

જે પરિવારે તું આજ ભળે, તે ઉન્નત હો તુજ નામ થકી,
જીતે સૌનો તું પ્રેમ સદા, તારા સ્વાર્થવિહોણા કામ થકી,
શાસનની જગમાં શાન વધે, તારા એવા શુભ સંસ્કાર બને
જા, સંયમ પંથે...

અણગાર તણા જે આચારો એનું પાલન તું દિનરાત કરે,
લલચાવે લાખ પ્રલોભન પણ, તું ધર્મ તણો સંગાથ કરે,
સંયમનું સાચું આરાધન, તારા તરવાનો આધાર બને.
જા, સંયમ પંથે...

## જેના રોમરોમથી ત્યાગ...

(રાગ - જહાં ડાલ ડાલ પર - સિકંદર આઝમ)
અજ્ઞાન તિમિરાન્ધાનાં, જ્ઞાનાંજન શલાક્યા;
નેત્રં ઉન્મિલિતં યેન, તસ્મૈ શ્રી ગુરવે નમઃ...

જેના રોમરોમથી ત્યાગ અને સંયમની વિલસે ધારા,
આ છે અણગાર અમારા...

દુનિયામાં જેની જોડ જડે ના, એવું જીવન જીવનારા,
આ છે અણગાર અમારા...

સામગ્રી સુખની લાખ હતી, સ્વેચ્છાએ એણે ત્યાગી,
સંગાથ સ્વજનનો છોડીને, સંયમની ભિક્ષા માગી, (૨)
દીક્ષાની સાથે પાંચ મહાવ્રત અંતરમાં ધરનારા.
આ છે અણગાર અમારા...

ના પંખો વિંઝે ગરમીમાં, ના ઠંડીમાં કદી તાપે,
ના કાચા જળનો સ્પર્શ કરે, ના લીલોતરીને ચાંપે, (૨)
નાનામાં નાના જીવતણું પણ સંરક્ષણ કરનારા.
આ છે અણગાર અમારા...

જૂઠું બોલીને પ્રિય થવાનો, વિચાર પણ ના લાવે,
યા મૌન રહે, યા સત્ય કહે, પરિણામ ગમે તે આવે, (૨)
જાતે ના લે કોઇ ચીજ કદી, જો આપો તો લેનારા.
આ છે અણગાર અમારા...

## રૂડા રાજમહેલને ત્યાગી...

રૂડા રાજમહેલને ત્યાગી પેલો ચાલ્યો રે વૈરાગી... (૨)
એનો આતમ ઉઠ્યો છે આજ જાગી, પેલો ચાલ્યો રે વૈરાગી... (૨)
નથી કોઇ એની રે સંગાથે, નીચે ધરતીને, આભ છે માથે
એ તો નીકળ્યો છે ખાલી હાથે ... (૨)
એણે મુકી જગતની માયા, એની યુવાન છે હજુ કાયા
એણે મુક્તિમાં દીઠે સાર... (૨)
એને સયંમની તલપ જ લાગી, એનો આતમ આજ બન્યો મોક્ષગામી
એની ભવોભવની ભ્રમણા ભાંગી... (૨)

## યૌવનવયમાં સુખ છોડનારા...

(રાગ - સોલહ બરસકી બાલી ઉંમર - એક દૂજેકે લીયે)

યૌવનવયમાં સુખ છોડનારા મહાન,
આ કાળમાં સાધુ થનારા મહાન... આ કાળમાં...
યૌવનનું પતન કરાવે એવો આ સમય,
વિષયોનું વ્યસન કરાવે એવો આ સમય,
આવા સમયમાં સઘળી વાસનાઓ જીતીને,
મનને વિરાગમાં વાળનારા મહાન... આ કાળમાં...
જેણે ગુરુ કનેથી તત્ત્વો ગ્રહણ કર્યા.
શાસ્ત્રોમહીં રહેલા સત્યો શ્રવણ કર્યા,
ભવમાં ભમાડનારા કર્મોથી છુટવા,
સંયમ ભણી કદમ માંડનારા મહાન... આ કાળમાં....
હૈયામાં ભાવ જાગ્યા દીક્ષાના જ્યારથી,
સાદાઇ તે ઘડીથી રાખનારા મહાન....
આભૂષણો સોનાના ને કપડાં કિંમતી,
સાધન શૃંગાર કેશ ત્યાગનારા મહાન... આ કાળમાં...
ખાવાનું જે ખપે ના દીક્ષા લીધા પછી,
ખાઇ લેવાની વૃત્તિ રોકનારા મહાન...
પીક્ચર જોવા જવું ને ફોટા પડાવવા,
એવા અનિષ્ટને દાબનારા મહાન...
સ્નેહીજનો ભલે ને આગ્રહ ઘણો કરે,
ખોટી પ્રણાલિકાને તોડનારા મહાન.... આ કાળમાં...

## સાધુ બને કોઇ...

(રાગ-જબ હમ જવાં હોંગે - બેતાબ)

સાધુ બને કોઇ, સંસાર ને છોડી,
એવા વિરાગીનું બધા બહુમાન કરે છે સન્માન કરે છે
સાધુ બને કોઇ....

જેને સાચું જ્ઞાન મળ્યું છે જીવનનું,
વળગેલું અજ્ઞાન ગયું છે ભવભવનું,
એ ભાગ્યશાળીનો સહુ સત્કાર કરે છે સન્માન કરે છે
સાધુ બને કોઇ....
ઉજ્વળ જેણે કુળ બનાવ્યું પોતાનું,
જન્મભૂમિને સ્થાન બનાવ્યું શોભાનું.
એ ધન્ય આત્માને બધા ગુણગાન કરે છે સન્માન કરે છે,
સાધુ બને કોઇ....
જેના તેજે દીપ ધરમનો ઝળકે છે
કિરણો જેના કુંદન જેવા ચમકે છે
એ જ્યોતનો જગમાં સહુ જયકાર કરે છે સન્માન કરે છે
સાધુ બને કોઇ....
આશા એના અંતરની ફળવાની છે
માળા એને મુક્તિની મળવાની છે
એ મુક્તિગામીને સહુ ફુલહાર કરે છે સન્માન કરે છે
સાધુ બને કોઇ....

## સાધનાના પંથે આજે...

(રાગ - સાથિયાં પુરાવો દ્વારે - મેના ગુર્જરી)
સાધનાના પંથે આજે એક ઊંચો આત્મા જાય,
આજ એને આપીએ અંતરના રૂડા આશીર્વાદો,
વહેલી વહેલી મળજો એને મુક્તિ મંઝીલ (૨) સાધનાના પંથે...
જ્યાં જુઓ ત્યાં લોકો આજે સુખના સાધન માગે છે
ને દુઃખથી છેટા ભાગે છે
વિરલા કોઇ નીકળે છે જે સુખસામગ્રી ત્યાગે છે
ને કષ્ટ કસોટી માગે છે
વડલાનો છાંયો છોડીને (૨) રણના રસ્તે તપવા જાય,
આજ એને આપીએ...
ધર્મતણા મારગમાં જાતાં લોકો હાંફી જાય છે
ને વચમાં બેસી જાય છે

અભિનંદન એ આત્માને જે લાંબી સફરે જાય છે
ને હોંશે હોશે જાય છે
નાનું એવું બાળક જાણે (૨) મોટો ડુંગર ચઢવા જાય,
આજ એને આપીએ...
રાગદ્વેષના આ દરિયામાં કૈંક જીવો ખેંચાય છે
ને અધવચ ડૂબકાં ખાય છે
એ આત્માને વંદન હો જે સમયે જાગી જાય છે
ને ડૂબતાં ઉગરી જાય છે
સંયમનો સથવારો લઇને (૨) ભવનો સાગર તરવા જાય,
આજ એને આપીએ...

## સંયમ જીવનનો...

સંયમ જીવનનો લીધો મારગડો, પ્રભુ તારા જેવા થાવાને (૨)
કોઇ કહે ગાંડો, કોઇ કહે ડાહ્યો, પ્રભુ તારા ચરણોમાં રહેવાને, સંયમ...

દુઃખના ડુંગર તૂટી પડે પણ, કર્મોનાં બંધન તૂટે છે જ્યારે (૨)
લીલા લહેર છે પ્રભુના પંથે, મોક્ષના માર્ગે જાવાને (૨) કોઇ કહે ...

પૂર્વ જનમના આવ્યા ઉદયમાં, વીરનું શાસન પામ્યા રે ત્યારે (૨)
જિનશાસનની છે બલિહારી, મુક્તિના પંથે જાવાને (૨) કોઇ કહે ...

દુઃખિયાને દુઃખ હરનારા, સુખિયા ને તો સુખી કરનારા (૨)
ગીતો રે ગાય છે દાસ તમારા, પ્રભુજી તમને રીઝવવાને... કોઇ કહે...

## બેના રે...

(રાગ - બેના રે.... - પારકી થાપણ)

બેના રે...
આજ અમારા અંતરમાંથી આવે છે ઉદ્‌ગાર,
સંયમની નાવમાં તરજે સંસાર,
બોલે છે આજ, સખીઓનો પ્યાર,

સંયમની નાવમાં...

આ જીવનના દરિયે વહેતી, તૃષ્ણા કેરી ધારા,
ઉપરાઉપરી મોજાં આવે, કેમ તરે તરનારા ?
બેના રે...
એની સામે એક જ સાચો સંયમનો આધાર,

સંયમની નાવમાં...

એક હસે છે આંખ અમારી, બીજી આંખ રડે છે,
સન્માર્ગે તું જાય પરંતુ, અમને વિયોગ પડે છે,
બેના રે....
રડતા હૈયે હસતા મુખે, દઇએ છીએ વિદાય,

સંયમની નાવમાં...

આજ અમારા પુણ્ય અધૂરા, આવી શક્યા ના જોડે,
બોધ હવે તું દેજે એવો જે બંધ અમારા તોડે,
બેના રે...
તારે પગલે પગલે ચાલી કરશું સાગર પાર,

સંયમની નાવમાં...

## હું જાઉં છું...

(રાગ - ખુશ રહો હર ખુશી હૈ - સુહાગ રાત)

હું જઉં છું ગુણિયલ ગુરુના ઘરે,
આંસુડાં આંખમાંથી શાને ઝરે ? હું - જઉં છું...
હૈયાં શાને તમારાં બને છે દુઃખી ?
શાને ચહેરા ઉપર આ ઉદાસી ઉઠી ?

જે પ્રભુએ લીધો પંથ એ હું લઉં,
નામ રોશન કરે એ દિશામાં જઉં હું - જઉં છું...

## ક્યારે બનીશુ હું સાચો રે સંત

ક્યારે બનીશ હું સાચો રે સંત, ક્યારે થશે મારા ભવનો રે અંત;
લાખ ચોરાશીના ચોરે ચૌટે, ભટકી રહ્યો છું મારગ ખોટે;
ક્યારે મળશે મુજને મુક્તિનો પંથ ... ક્યારે થશે.
કાળ અનાદિની ભૂલો છૂટે ના, ઘણુંયે મથું તોયે પાપો ખૂટે ના;
ક્યારે તોડીશ એ પાપોનો તંત ... ક્યારે થશે.
છ કાય જીવની હું હિંસા રે કરતો, પાપો અઢારે જરી ના વિસરતો;
મોહ માયાનો હું રટતો રે મંત્ર ... ક્યારે થશે.
પતિત પાવન ઓ પ્રભુજી ઉગારો, રત્નત્રયીનો હું યાચક તારો;
ભક્ત બની મારે થાવું મહંત ... ક્યારે થશે.

## તમે મારગડો લઇ...

(રાગ - હું તો કાગળિયાં લખી લખી થાકી - લોકગીત)
તમે મારગડો લઇ લીધો સાચો, જે લઇ જશો અમરાપુરે,
ભલે કાંટાળો અને હોય કાચો, પણ લઇ જશો અમરાપુરે... તમે.
તમે ઢીલાપોચા વિચારોને અળગા ક્યા.
ક્યો દીક્ષાનો મનોરથ પાકો, જે લઇ જશો અમરાપુરે .... તમે.
તમે રાતાલીલા વસ્ત્રોને અળગા ક્યાં,
માન્યો વૈરાગી રંગ તમે સાચો જે લઇ જશો અમરાપુરે ... તમે.
તમે સોનાકેરા આભૂષણો અળગા ક્યાં,
માન્યો સંયમનો શણગાર સાચો જે લઇ જશો અમરાપુરે... તમે.
તમે ખાટામીઠા ખાણાપીણા અળગા ક્યાં,
માન્યો તપનો સંગાથ તમે સાચો જે લઇ જશો અમરાપુરે ... તમે.
તમે સિનેમાના શોખ બધા અળગા ક્યાં,

માન્યો મંદિરનો સંગ તમે સાચો જે લઇ જશો અમરાપુરે ... તમે.
તમે રાગીદ્વેષી સગાઓને અળગા કર્યા,
માન્યો સદ્ગુરુનો સાથ તમે સાચો જે લઇ જશો અમરાપુરે ... તમે.
તમે પોચા પોચા બિછાનાને અળગા કર્યા,
માન્યો ભૂમિસંથારો તમે સાચો જે લઇ જશો અમરાપુરે ... તમે.
તમે વાહન કેરા આધારોને અળગા કર્યા,
માન્યો પગનો પ્રવાસ તમે સાચો જે લઇ જશો અમરાપુરે ... તમે.
તમે અંધારાના આવરણો અળગા કર્યા,
જલ્યો આતમનો દીવો હવે સાચો જે લઇ જશો અમરાપુરે ... તમે.

## કદી જો પરિષહ રડાવે...

(રાગ - કોઇ જબ તુમ્હારા - પૂરબ ઔર પશ્ચિમ)

કદી જો પરિષહ રડાવે મને,
અગર જો અનુકૂળતા હસાવે મને,
મારા હૃદયમાં ઊતરજો, પ્રભુ !
કે ઘટમાળની આ ગુલામી ભૂલીને તમોને ભજું...

કદી જો પરિષહ...

નજીવા દુઃખોની અસર જ્યાં પડે,
કે આકુળવ્યાકુળ હું થઇ જઉં,
ઉપાલંભ આપું તમોને કદી,
કદી દ્વેષ સુખીયા જનોને દઉં,
દુઃખો જો અતિશય સતાવે મને,
કે વાંછા મરણની કરાવે મને,
મારા હૃદયમાં ઉતરજો, પ્રભુ !
કે મક્કમ બનીને ઉપાધિ ભૂલીને તમોને ભજું...

કદી જો પરિષહ...

લહર એક સુખની અડે જ્યાં પ્રભુ !
ભૂલી જાઉં છું હું દુઃખોની અસર,
ગુમાની બનીને ફરૂં રાતદિન,

લઉંના અભાગી જ્નોની ખબર,
મદિરા જો સુખની નચાવે મને,
કે નિષ્ઠુર દ્યનવ બનાવે મને,
મારા હૃદયમાં ઉતરજો, પ્રભુ !
કે તોરી મગજ્ની તુમાખી, ભૂલીને તમોને ભજું

કદી જો પરિષહ ...

## જાગ્યો રે આતમા આશ જાગી

રાગ : આધા હૈ ચન્દ્રમા રાત આધી...

જાગ્યો રે આત્મા આશ જાગી, મુક્તિના અમૃતની પ્યાસ જાગી,
અભિલાષ જાગી... જાગ્યો રે.

જ્યારે આતમનો દીવડો જાગે, ત્યારે વૈભવ અળખામણા લાગે,
લાગે ખારો સંસાર, લાગે પ્યારો અણગાર,
એને સંયમના પંથની લગની લાગી...જાગ્યો રે.

જ્યારે આતમનો દીવડો જાગે, ત્યારે બંધન સંસારના ભાગે,
ત્યાગે સખીઓનો પ્યાર, ત્યાગે સઘળો પરિવાર,
એણે વસ્ત્રાલંકારોની પ્રીત ત્યાગી...જાગ્યો રે.

જ્યારે આતમનો દીવડો જાગે, ત્યારે અંધારા દૂર દૂર ભાગે,
ભાંગે પાતકનો ભાર, ભાંગે અવગુણની જાળ,
એના મારગના કંટકો જાય ભાંગી...જાગ્યો રે.

જ્યારે આતમનો દીવડો જાગે, ત્યારે સદ્‌ગુરુનો આશરો માંગે,
માંગે કર્મોનો નાશ, માંગે શિવપુરનો વાસ,
એણે ભવભવનાં દુઃખમાંથી મુક્તિ માંગી...જાગ્યો રે.

## મુક્તિ તણા સપના

રાગ : જબ હમ જવાં હોંગે

મુક્તિ તણા સપના, જોયા ઘણા ભવમાં,
હવે આ ભવે સપના બધા સાકાર કરી લે... ભવ પાર કરી લે

અણગમતો અંધકાર ગયો છે જાગી જા !
ઝળહળતો અણસાર થયો છે જાગી જા !
અવસર ઉગ્યો એનો હવે સત્કાર કરી લે... ભવપાર કરી લે

માનવનો અવતાર મળે છે સદ્‌ભાગ્યે
ધર્મતણો આધાર મળે છે સદ્‌ભાગ્યે
સાચા ગુરુ કેરો હવે સ્વીકાર કરી લે... ભવપાર કરી લે

ભોગ અને ભોજન મળ્યાતા સૌ ભવમાં
ત્યાગ અને સંયમ મળ્યા છે આ ભવમાં
મનને મનાવીને હવે તૈયાર કરી લે... ભવપાર કરી લે

તારી પાસે સાવ કિનારો આવ્યો છે
હંકારી દે નાવ, ઇશારો લાવ્યો છે
કાંઠે પહોચીને તું, વિજય ટંકાર કરી લે... ભવપાર કરી લે

## આ કેશાનું લુંચન છે

રાગ : સંસાર હૈ એક નદીયાં...

આ કેશાનું લુંચન છે આ કર્મોનું લુંચન છે,
કષાયો છે કાળા, તેનું આ લુંચન છે... આ કેશાનું

નરકમાં દુઃખ વેઠ્યા, તિર્યંચમાં દુખ વેઠ્યા;
આ તો જિન આણા છે ભવદુઃખનું ભંજન છે.. આ કેશ

મહાસત્ત્વના ધારક જે, મહાપુણ્યના ધારક જે,
તે લોચ કરે હોંશે, અવિચલ જેનું મન છે.. આ કેશનું

હસતા બાંધ્યા કર્મો, તે રોતા ના છૂટે;
લુંચન કરતા કરતા, પલમાં તૂટે બંધન... આ કેશનું

## આગળ પોથી ને પાછળ

રાગ : ઝગમગતા તારલાનું

આગળ પોથી ને પાછળ પાતરા લેશો
હાથ માં દાંડો લઇને વિહાર કરશો
સંઘ સકળની આશિષ લઇને પગલાં ભરશો.

પોથી જેને પરિણત થાયે, સંયમ રસને ચાખે રે (૨)
જ્ઞાનભક્તિની અનુપમ શક્તિ, અરિહંતો તો ભાખે રે (૨)
સ્વાધ્યાયમાં લીન થઇને, સમતા ધરશો... સંઘ સકળની

આગમ આપે પાતરામાં ખાવાનો, અધિકાર રે (૨)
જેણે કિધા જિન વચનોને હૃદયમાં સ્વીકાર રે (૨)
બેતાલીશ દોષોથી સાવધ રહેશો.... સંઘ સકળની

## મારે સાધવી છે

મારે સાધવી છે સંયમની સાધના (૨)
મારે અંતરથી કરવી આરાધના...

વાણી વિચારે સંયમના રંગ હો
જીવન સાગરના સંયમી તરંગ હો,
રે... નથી કરવી એ મારે વિરાધના... મારે

મોક્ષના પ્રદેશનો શોધક છે સંયમી,
પાપ પૂંજનો અવરોધક છે સંયમી,
રે... એને પગલે પગલે ઉપશામના... મારે

સંયમી વર્તનના નર્તન જીવન હો,
મૃત્યુ પામેલા પણ મારા સજીવન હો,
રે... મારા શ્વાસે શ્વાસે એક ભાવના... મારે

સંયમ ચરણે રમે લક્ષ્મી સંસારની,
ભાવના જાગી રહે નિત્ય ભવપારની
રે... મારા જીવનની એક જ એ કામના... મારે

## તમે ઓઘો લઇને તરીયા

**રાગ : તમે મન મૂકીને...**

તમે ઓઘો લઇને તરીયા, અમે સંસારે રળવળીયા,
તમે મહાવ્રતધારી બનીયા, અમે રાગ-દ્વેષમાં બળીયા... તમે

અનંત તીર્થંકર ભગવંતે, જે સંયમને આદરીયું
મહામૂલ તે સંયમ પામી, જીવન સાર્થક કરીયું
તમે દેવ-ગુરુને વરીયા, અમે પાપ પનારે પડીયા... તમે

પગલે પગલે છ કાય જીવની રક્ષાના પરીણામ,
અષ્ટ પ્રવચન માતાનું પાલન, નિત ચઢતે પરિણામ
તમે નિર્મળ બ્રહ્મે રસીયા, અમે મોહપાશમાં ફસીયા... તમે

વ્રત લીધા ગુરુ સાખે તેને, જીવનભર જાળવજો,
પ્રાણ જાય પણ વ્રત નહિં જાએ, એ શ્રધ્ધા કેળવજો
તમે મુક્તિપુરી સંચરીયા, અમે ચઉગતિમાં ભમીયા... તમે

## હો સંયમ સાધક શૂરવીરો

રાગઃ પ્રભુ તે મને જે આપ્યું...

હો સંયમ સાધક શૂરવીરો, તુજ માર્ગ સદા મંગળ હોજો
કુકર્મો સાથે યુધ્ધ કરી, જય જય મુક્તિમાળા વરજો... કુકર્મો

સંયમ પથ છે કંટક ભરીઓ, ઉપસર્ગ પરિષહનો દરીયો,
હૈયામાં હામ ભરી પૂરી, નિજ આત્મ સ્વરૂપે લીન રહેજો... કુકર્મો

જિન આણ તણુ પાલન કરજો, ગુરૂભક્તિના રસિયા સદા બને
સવી જીવ પ્રતિ સમભાવ ધરી, તપ ત્યાગ વિરાગે મન ધરજો...

જે શ્રધ્ધાથી સંયમ લેતા, એ શ્રધ્ધા જીવનભર ના મુક્તા
ઇર્ષ્યા નિંદાદિક દોષ ત્યજી, ગુણ રત્નોથી જીવન ભરજો... કુકર્મો

તજી માયા પ્રપંચ ભરી દુનિયા, સહુ સ્વજન સંબંધી સ્વારથીયા
ગુરુ-દેવ તણા ચરણો સેવી, નિર્મળ સંયમ સુખમાં રમજો... કુકર્મો

## લેજો સમજીને સંયમનો ભાર

**રાગ : કહેદો કોઇના કરે યહાં પ્યાર...**

લેજો સમજીને સંયમનો ભાર... (૨) સહેજે મનડું ચળે, સઘળું ધૂળમાં ભળે,
ડગલે પગલે જ્યાં ખાંડાની ધાર... લેજો...

ઉજળા ચીવર તો ભલે ને ધર્યા, મનડાના વસ્ત્રો જો મેલા રહ્યા,
તો કરમ ના છૂટે, ભવના ફેરા ના તૂટે, નવા દોષો વધે બેસુમાર...લેજો.

સગપણ સંસારના ભૂલવાં પડે, મુક્તિનો મારગ તો ત્યારે જડે,
ભાઇ કેવા હશે ? માં શું કરતી હશે ? જો જે યાદ ન આવે સંસાર...લેજો.

સુખ તો સંસારીથી અધિકાં મળે, હૈયા ને કહેજો લગીર ના ઢળે,
મોંઘા વસ્ત્રો મળે મીઠાં ભોજન મળે, જોજે લોભે ના મનડું લગાર...લેજો.

પ્રગતિ દેખી કોઇની ઇર્ષ્યા કરે, મોટાં થવાની જે સ્પર્ધા કરે,
આચારોને ચૂકે, મર્યાદાને મૂકે, તેનો થાયે કદી ના ઉધ્ધાર...લેજો.

પદવી સન્માનની વાંછા કરે, કિર્તીની પાછળ જે ઘેલાં ફરે
સાચો મારગ ભૂલે, તેની સાધના ડૂબે, ડૂબે મોંઘોને મૂલો અવતાર...લેજો.

## હોજો જયજયકાર

હોજો જયજયકાર દિવ્યાત્મા તારો હોજો જયજયકાર,
જિનશાસનમાં જનમ લઇ, સાર્થક કીધો અવતાર...

રિદ્ધિ સિદ્ધિ સુખ સામગ્રી ખોટ જીવનમાં ન્હોતી,
મિથ્યા મોહ ત્યજી જીવનની, નવલી કેડી ગોતી... લાગ્યો લાગ્યો જગત અસાર...

પૂર્વ જન્મના પુણ્ય પ્રભાવે, કરી સાધના ભારી,
પિતૃ માતૃના નામ દિપાવ્યા, માં ની કૂખ ઉજાળી, તરી ગયા સંસાર...

તનમાં મનમાં રોમરોમમાં, સ્મરણ પ્રભુનું વ્યાપ્યું,
સંયમચિત્તને પ્રભુમય દ્વારા, સ્થિર કરીને સ્થાપ્યું, કર્યો અડગ નિર્ધાર...

માયા મમતા મોહના બંધન, મૂળથી અળગા કીધા,
વાઘા આ દંભી દુનિયાના, પળભરમાં ફગાવી દીધા, થઇ દીક્ષા અંગીકાર...

## વીરા રે

રાગ : બેના રે...

વીરા રે... શુરવીરો તો સંયમના પંથે ચાલ્યા જાય
વસમી લાગે છે અમને તારી વિદાય...
આંખડી ભીંજાય દીલડું દુભાય... વસમી લાગે છે

માત પિતાની આંખનો તારો, લાડલો મારો ભાઇ (૨)
બેની તારી જોને રૂવે છે, ડૂસકે ડૂસકાં ખાઇ,
વીરા રે... આંસુડાની ધારને ઠેકર ના મરાય... વસમી લાગે છે

નાજુક કાયા નમણો ચહેરો, જાણે ગુલાબનો ગોટો (૨)
સૌથી રે નાનો સૌથી રે વ્હાલો, શેનો પડ્યો તને તોટો,
વીરા રે... ઓછું શું આવ્યું તુજને એ જ ના સમજાય ... વસમી

સુરજદાદા ! ધીમા રે તપજો, વાદળ દેજો રે છાયા (૨)
લાડલા વીરાને વિહાર કરતા, જો જો કાંઇ ના થાય
વીરા રે... વિહાર કરતા પગની પાની ના છેલાય ... વસમી

આજ અમારા પુણ્ય અધૂરાં, આવી શક્યા ના જોડે (૨)
બોધ હવે તું દેજે એવો, બંધન અમારા તોડે,
વીરા રે...તારા પગલે પગલે ચાલી કરશું સાગર પાર... વસમી

# હું તો અરિહંત અરિહંત

હું તો અરિહંત અરિહંત જપું મોરી માં, મારું મન લાગ્યુ સંયમમાં,
હું તો સાસરીયે નહીં જાઉ મોરી માં, મારું મન લાગ્યું સંયમમાં,
મેવા મીઠાઇ મને કામ નહીં આવે
તપસ્યા એ મન મોહ્યું મોરી માં... મારું ...
માતા-પિતા મને કામ નહી આવે
ગુરુમા એ મનડુ મોહ્યુ મોરી માં... મારું ...
બેનીને બેનપણી મને કામ નહી આવે
ગુરુબેને મનડુ મોહ્યુ મોરી માં... મારું ...
પેપ્સીને કેલા મને કામ નહી આવે
ઉકાળેલા પાણી મંગાવો મોરી માં... મારું ...
સ્ટીલના વાસણ મને કામ નહી આવે
પાતરા તરપણી મંગાવો મોરી માં... મારું ...
ડનલોપના સોફાસેટ કામ નહી આવે
સંથારો ઉતરપટ્ટો લાવો મોરી માં... મારું ...
ફલેટને બંગલા મારે કામ નહી આવે
ઉપાશ્રયે મનડું મોહ્યું મોરી માં... મારું ...
હીરા મોતીની માળા કામ નહી આવે
નવકારવાળી લાગે પ્યારી મોરી માં... મારું ...

# ગુરુભક્તિ ગીત

## સંત પરમ હીતકારી

(રાગ : વો દિન ક્યું ન સંભારે)

સંત પરમ હિતકારી, જગતમાંહી સંત પરમ હિતકારી
પ્રભુ પદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મીટાવત ભારી...
પરમ કૃપાલુ સકલ જીવ પર, હરી સમ સબ દુ:ખ હારી...
ત્રિગુણાતીત ફીરત તનુ ભાગી, રીત જગત એ ન્યારી...
બ્રહ્માનંદ કહે સંત કી સોબત, મિલત હૈ પરમ મુરારી...

## તારા ગુણોની પાટ

તારા ગુણોની પાટ મને આપ મારા સ્વામી,
મને તારા મારગ તણા ઓરતા,
તારું વિરતિ વરદાન મને આપ મારા સ્વામી
મને સંયમના રંગ તણા ઓરતા...

આ સંસારે માન મદારી, નાચ નચાવે ક્રોધ કરાવે,
કુરગડુ મુનિની ક્ષમા મુજને આપ મારા સ્વામી,
મને હળવા થવાના ઘણાં ઓરતા...
કપટી છે આ સંસારની માયા, કામણગારી એની કાયા,
સ્થુલભદ્રજીનું વ્રત મને, આપ મારા સ્વામી,
મને સત્ત્વ ફોરવવાના ઓરતા...
ઇચ્છાના દ્વાર જો ખોલે, શ્રધ્ધાની નાવલડી ડોલે,
સુલસા શ્રાવિકાની શ્રધ્ધા મને આપ મારા સ્વામી,
મને ધર્મલાભ સુણવાના ઓરતા...
અહંકારનો અગ્નિ ઝરતો, જેમાં આતમ પલ પલ બળતો ,
અર્હમ્ તણી આરાધના તું આપ મારા સ્વામી,
મને અરિહંત થવાના ઘણા ઓરતા....

# ગુરુમા તેરે...

**(રાગ : સંસાર હૈ એક નદીયા, યહ હૈ પાવન ભૂમિ)**

ગુરુમા તેરે આંસુકે, દો બુંદ જો મિલ જાએ,
યહ બુંદ કો પાકર કે, યે જીવન બદલ જાએ...
એક ભટકે રાહી કો, તુને રાહ બતાયા હૈ,
કીચડ મેં પડે ફુલકો, મસ્તક પે ચડાયા હૈ...
અજ્ઞાનકે બિસ્તરસે, મુઝે તુજને ઉઠાયા હૈ,
ઉપશમકે આસન પે, અબ તુજને બિઠાયા હૈ....
દુર્ગતિકે દુઃખોમેં, મુઝે ગિરતે બચાયા હૈ,
દુર્લભ માનવભવ કો, અબ સફલ બનાયા હૈ...
નજરોંકે અમૃત શે, પ્રક્ષાલન કર દેના,
યે દ્વેષ ભરે ચિત્તકો, તુમ નિર્મલ કર દેના...
તેરી અમૃત વાણીને, સંસાર છૂડાયા હૈ,
મહાવીર કે મારગ મેં, મુઝે સંત બનાયા હૈ...
તેરે વત્સલરસોસે, મેરે વિષય સફા કરના,
તેરે કૃપાભરે જલ સે, મેરે કષાય દફા કરના...
દિન દિનકી જુદાઇ યે, મુઝે સાલસી લગતી હે,
પલપલ તેરી યાદોંસે મેરી આંખ ઊભરતી હૈ...
અબ એક અભિલાષા, જબ આખિર દમ મેરા,
તેરે પાવન આંચલમેં, તબ મસ્તક હો મેરા...
આંખો કી અગ્નિસે, સબ કર્મ જલા દેના,
યે હેમ સે આતમ કો, અબ શુદ્ધ બના દેના...

## ઐસા ચિદ્‌રસ દીયો ગુરુ મૈયા

(રાગ : મૈલી ચાલર ઓઢકે...)

ઐસો ચિદ્‌રસ દીયો ગુરુ મૈયા, પ્રભુ સે અભેદ હોં જાઉં મૈ,
સબ અંધકાર મિટા દો ગુરુ મૈયા, સમ્યગ્ દર્શન પાઉં મૈ...

પ્રભુ સ્વરૂપ હૈ અગમ અગોચર, કહો કૈસે ઉસે પાઉં મૈ,
કરો કૃપા કરુણારસ સિંધુ, મૈં બાલક અજ્ઞાની હું...

શિવરસ ધારા વરસાવો ગુરુમૈયા, સ્વાર્થ વ્યાધિ મિટાવો રે,
સવિ જીવ કરુ શાસન રસિયા, ઐસી ભાવના ભાવુ મૈં...

સિધ્ધરસ ધારા વરસાવો, ગુરુ મૈયા, પરમાતમ કો પાઉં મૈં,
આનંદરસ વેધક કરકે ગુરુજી, પરમાનંદ પદ પાઉં મેં...

વિશ્વ કલ્યાણની પ્યારી ગુરુમૈયા, તેરી કૃપા મે ખો જાઉં મૈ,
દો ઐસા વરદાન ગુરુજી, તેરે ગુણકો ધ્યાવું મૈ....

## કોટિ કોટિ વંદન...

(રાગ : કોઇ જબ તુમ્હારા હૃદય તોડ દે)

કોટિ કોટિ વંદન, ગુરૂવર તમોને, તમે પંથ સાચો બતાવ્યો અમોને (૨)
કરી છે વિનંતિ અમે તો વિભુને, ઉંમર લાગી જાયે અમારી તમોને;
છે અર્પણ સમર્પણ જીવન આ તમોને... તમે પંથ સાચો.

તમારો એ વિશ્વાસ કદીના ભૂલીશું, તમે જે કહ્યો તે જ મારગ ગ્રહીશું;
હશે શ્વાસ ત્યાં સુધી તમને પૂજીશું, અહર્નિશ તુમ ગુણ સ્મરણ કરીશું...
છે અર્પણ સમર્પણ

તમારા જ્યાં અંતરમાં પગલાઓ થાતા, અંધારા જાતાને અજવાળા થાતાં;
જોઇને નયનથી અમી છલકાતા, જે પાસે આવે તે તમારા થઇ જાતા...
છે અર્પણ સમર્પણ

ઘડવા ઘાટ આતમનાં ઘડવૈયા, સંયમ દુંદુભિના છે તમે બજૈયા;
ભવસાગરમાં ડુબતી આ નૈયા, ઝાલી હાથ ઉગારો બનીને ખેવૈયા ....
છે અર્પણ સમર્પણ

## ગુરૂ પ્રેમ રોગ હૈ

**(રાગ : ન યે ચાંદ હોગા ન તારે રહેંગે મગર હમ...)**

ગુરૂ પ્રેમ રોગ હૈ, ગુરૂ પ્રેમ રોગ હૈ,
જીસે લગ ગયા સમજ પ્રભુ સંગ યોગ હૈ (૨)

ગુરુ જ્ઞાન મિલતા નહી મોંલસે,
ગુરૂ પ્રેમ મિલતા નહી તોલસે,
શ્રધ્ધા રહે ધીરજ રહે તો ખુદ હી લાગે યોગ હૈ...

ગુરૂ મિલ ગયે મુઝકો હરિ મિલ ગયે,
ચમનમેં લગા જૈસે ફુલ ખિલ ગયે,
હર શ્વાસમેં જબ હો બસે તો ખુદ હી લાગે રોગ હૈ...

મેરે સત્ગુરૂ મેરે ભગવન હી તું,
મુજીમેં સમાયા હૈ બનકર ગુરૂ,
તુ મુજમેં હૈ મૈં તુજમેં હું તો ખુદ હી લાગે યોગ હૈ...

ગુરૂ દિવ્ય દ્રષ્ટિ જો મુજ પર પડી,
સજાગ હુઇ જીંદગી હરપલ હર ઘડી,
ગુરૂ કે સંગ કીયા સત્સંગ તો છૂટે માયા રોગ હૈ...

## ગુરૂદેવ મેરે દાતા

ગુરુદેવ મેરે દાતા હમકો ઐસા વર દો,
સેવા સુમીરન સત્સંગ, જોલી મેં મેરે ભર દો (૨)

નફરત જો કરે હમસે, હમ ઉનસે પ્યાર કરે,
કરતે જો હમારા બુરા, ઉનકા સત્કાર કરે,
નફરત કો મીટા કરકે તુમ પ્યાર કા રંગ ભર દો...

મેરે મનકે મંદિર મેં, ગુરુદેવ તું બસ જાયે,
જીસકોભી દેખું મૈં, તેરા રૂપ નજર આયે,
દે જ્ઞાનકા અમૃત તું, જીવનકો સફલ કર દો...

## તુમ્હીં હો ભ્રાતા

**રાગ : તુમ્હીં હો માતા...**

તુમ્હી હો ભ્રાતા, તુમ્હીં હો ત્રાતા;
સદ્ગુરૂ તુમ્હીં હો જગત વિધાતા... ગુરૂમાં... ગુરૂમાં...
તુમ્હીં હો સુખ, તુમ્હીં હો શાંતિ;
તુમ્હીં સે મેરી, ભાગે ભયભ્રાંતિ... ગુરૂમાં... ગુરૂમાં...
તુમ્હીં હો જ્ઞાન, તુમ્હીં હો ધ્યાન;
તુમ્હીં હો દયા, સાગર મહાન... ગુરૂમાં... ગુરૂમાં...
તુમ્હીં હો દ્રષ્ટિ, તુમ્હીં હો સૃષ્ટિ;
તુમ્હીં હો મેરે, પુણ્યકી પુષ્ટિ... ગુરૂમાં... ગુરૂમાં...
તુમ્હીં હો યંત્ર, તુમ્હીં હો તંત્ર;
તુમ્હીં હો મેરે, પ્રાણપ્રિય મંત્ર... ગુરૂમાં... ગુરૂમાં...
તુમ્હીં હો રિદ્ધિ, તુમ્હીં હો સિદ્ધિ;
તુમ્હીં સે મેરે, જીવન કી શુદ્ધિ... ગુરૂમાં... ગુરૂમાં...
તુમ્હીં હો શક્તિ, તુમ્હીં હો ભક્તિ;
તુમ્હીં સે મેરે, આતમ કી મુક્તિ... ગુરૂમાં... ગુરૂમાં...

## ગુરૂવર તેરી પરમ

(રાગઃ કસમેવાદે પ્યાર)

ગુરૂવર તેરી પરમ ક્રિપા કા, ઇસ જગમે કોઇ પારના (૨)
તુમ બિન મેરી જીવન નૈયા, પાવે કભી કિનારા ના,
ગુરૂવર તેરી પરમ ક્રિપાકા, ઇસ જગમેં કોઇ પાર ના...

માનવભવ મુશ્કિલસે પાયા, ભટક્કે લખ ચૌરાશી મૈં,
ક્રોધ કપટ મદ માન વિષયવસ, રહા મે આશા દાસી મૈં,
ગુરૂ બિન મુજ જીવનનૈયાકા, કૈસેભી ઉધ્ધાર ના... ગુરૂવર તેરી.

ગુરૂકી મહિમા જગમે ભારી, ભવજલ તારનહારી હૈ,
ભેદ ભરમ સબ દૂર મિટાને, જગ જન મંગલકારી હૈ,
ગુરૂ ચરણોકી રજસે બઢકર, મેરા કોઇ શિંગાર ના... ગુરૂવર તેરી...

મનકી દુવિધા દૂર કરો ગુરૂ, ચિદ્દાનંદ ભરપૂર ભરો,
અપને રંગમે રંગલો ગુરૂજી, ઇતનાહી ઉપકાર કરો... ગુરૂવર તેરી...

## શ્વાસોની માળામાં

(રાગ : શ્વાસો કી માલા મેં...)

શ્વાસોની માળામાં સમરૂ હું, તારૂ નામ,
બની જાવુ તારો ગુરુમાં, કરૂણા નિધાન...
શ્વાસોની માળામાં સમરૂ હું, તારૂ નામ (૨)

સંતોની સેવા કરતો રહુ હું, ચરણોમાં મસ્તક ધરતો રહુ હું,
ભરી દે તું ઝોળી ગુરુમાં, ઓ ગુરુમાં... શ્વાસોની માળામાં (૨)

ઇચ્છા છે મારી તારા જેવો થાવું, સંયમ સ્વીકારીને મોક્ષે હું જાવું
તન મન મારું ગુરુમાં, તુજ પર કુરબાન... શ્વાસોની (૨)

કૃપા કરો એવી ખીલે સત્ત્વ મારુ, છેડીને ઝંઝાળો બની જાવુ તારો
જે દિન હું વિસરુ તુજને, છૂટે મારા પ્રાણ... શ્વાસોની (૨)

ઝાલો મારો હાથ હું ભટકી ન જાવું, સુખોમાં રહી તુજને વિસરી ન જાવુ
તારો સમજી મુજને આપી દે ચરણોમાં સ્થાન... શ્વાસોની (૨)

ભક્તોના દિલમાં છે જેનુ સ્થાન, ચન્દ્રશેખર વિજયજી એનું નામ
શાસનના કાજે કર્યું છે જીવનને કુરબાન (૨)... શ્વાસોની (૨)
બની જાવું તારો ગુરુમાં, કરૂણાનિધાન (૨)
શ્વાસોની માળામાં સમરૂ હું, તારૂ નામ (૨)

## જીવન લીલા સંકેલીને...

દુહો : જીવન લીલા સંકેલીને આદરી નવી સફર,
મૃત્યુ તો હોય માનવીના મહામાનવતો હોય અમર...
ક્યાં જઇને વસવાટ કર્યો ગુરુ, ક્યાં જઇ દરિશન પામું... ક્યાં ગોતું સરનામું...
ક્યાં જઇને ઠાલવશું ગુરુમાં, હૈયાની વાતલડી,
પુનિત તારા પગલા ગોતે, અશ્રુભીની આંખલડી,
તારા વિણ આ આયખુ જાણે, થઇ ગયું સાવ નકામુ... ક્યાં ગોતું સરનામું...
વત્સલ મૂરત, સ્નેહલ સૂરત, જોવા ફરી નહી મળશે,
તારા વિયોગે ઓ ગુરુમાતા, મારુ હૃદય ટળવળશે,
અમૃતઝરતી આંખલડીથી, કોણ નિરખશે સામુ... ક્યાં ગોતું સરનામું...
ગુરુમાં ગુરુમાં કહીને તુજને, તારો બાળ પુકારે,
જ્યાં હો ત્યાંથી આશિષ દેજે, જીવશું એજ સહારે,
જનમો જનમ રગરગમાં તારી, વદનાકૃતિ પામુ... ક્યાં ગોતું
જઇને કોઇ દિવ્યલોકમાં, એટલુ કહીને આવે,
પળપળ પ્યારા ગુરુવર અમને, તારી યાદ સતાવે,
આ અવની પર કરી અંધારુ, અસ્ત થયો કાં ભાનુ... ક્યાં ગોતું સરનામું...

# ચલતીના દુહા

હે... પરમઉપકારી પાવનકારી સમતાધારી સુખકારી,
કરુણાકારી વાણી તમારી, મંગલકારી જયકારી રે;
હે... શિખામણ તમારી બહુએં સારી, સુણતા સેહજે નરનારી...
અમારી વિનંતી લ્યો અવધારી, આંગણ આવો અવધારી...

હે... ગાન તમારા ગાતા ગાતા, અમે સમયનુ ભાન ભૂલ્યા,
ખાવું ભૂલ્યા, પીવું ભૂલ્યા, ઉંઘ અને આરામ ભૂલ્યા;
હે... રાગ ભૂલ્યા ને દ્વેષ ભૂલ્યા વળી પાપતણો વ્યાપાર ભૂલ્યા,
એવા એકાકાર થયા કે, સળગેલો સંસાર ભૂલ્યા...

હે... પરમ પુરુષ તું પરમેશ્વર છે નેમિનાથ ઓ કૃપા કરો,
દુનિયા માં હું રખડુ સ્વામી, દુઃખડા મારા દૂર કરો;
હે... જૈન કુલે અવતાર મલો ને, સાંભળવા જિન વાણી મલો,
જિન પૂજા ત્રણ કાલ મલો અને, અંત સમય નવકાર મલો...

હે... રુમઝુમ (૨) કરતી બાલીકા, નૃત્ય કરતી આવી રહી,
હે... પંચ દીપની આરતી કરતી, પ્રભુના ગીતો ગાઇ રહી;
હે... પાયે પડંતી નમન કરતી, સોલે શણગારે નાચી રહી,
હે... પ્રભુ ભક્તિમાં મસ્ત બનીને, દીપક જ્યોતી જલાવી રહી..

હે જીરે... રાય શ્રેયાંસનુ દાન મલો ને, શેઠ સુદર્શનનુ શીલ મલો,
હે જીરે... ઋષભદેવનું તપ મલો ને, ભરત રાજાનો ભાવ મલો,
હે જીરે... સુંદર શાસન સેવા મલો ને, પ્રભુ ભક્તિના મેવા મલો,
હે જીરે... દાન સુપાત્રે દેવા મલો ને, જિન ચરણોંમાં રહેવા મલો,
હે જીરે... અરિહંત જેવા નાથ મલો ને, ગુરૂજનોનો સાથ મલો,
હે જીરે... ગિરનાર જેવું તીર્થ મલોને, નેમિનાથનું સત્ત્વ મલો,

હે... ઘનન ઘનનન ઘન ઘંટા વાગે, ટનન ટનનન ટન કાર કરે,
અરે ઘમ ઘમ ઘમ ઘુઘરી વાગે, મારે હૈયે ભક્તિનો ભાવ ચઢે...
હે... ફરર ફરર ફરકે ધ્વજાઓ, મંદિર તારે સોહામણી,
અરે ટગર ટગર સૌ જુવે, ધજાઓ પેલી સુહાવણી...

હે... તારક તીરથ એ ભલું, ગિરનાર ગિરિરાજ.
હે... આશધરીને આવીયો, દર્શન કરવા કાજ.
હે... કલ્પતરુ સમ શોભતા, મહિમાનો નહીં પાર.
હે... કરુણાસાગર આવજો, અંતર કેરા દ્વાર.
હે... પંચ પરમેષ્ઠીનું શરણ મલો ને, દર્શન જ્ઞાનને ચરણ મલો.
હે... નવકાર મંત્રનું રટણ મલોને, સુખ સમાધિ મરણ મલો.
હે... જૈન કુલે અવતાર મલો ને, સાંભળવા જિનવાણી મલો.
હે... જિનપૂજા ત્રણકાલ મલોને, અંતસમય નવકાર મલો.

# ઉછામણીના દુહા

- ઓ મ્હારા સ્વામી ભાઇ નેની-નેની બોલિયાં કેઇ બોલો.
  ઓ મ્હારા સ્વામી ભાઇ મોટી-મોટી બોલિયા બોલો.
  મ્હારાં સ્વામી ભાઇ એડો-એડો અવસર નહીં આવે...

- આ વાવણી ની વેલા છે, વાવી લ્યો ભાઇ વાવી લ્યો;
  રંગ માં રંગ જમાવી લ્યો, રગ-રગ રંગ લગાવી લ્યો, આ...

- જો ખોલે ના તીજોરી કા તાલા,
  ઇસકા પર ભવ મેં નિકલે દીવાલા તુનતુના,
  ક્યા લેકર તૂ આયા થા, ક્યા લેકર તૂ જાયેગા ,
  ખાલી હાથ આયા થા, ખાલી હાથ જાયેગા,
  જો ખોલેગા તીજોરી કા તાલા, ઇસકા પરભવ મેં પ્રભુ રખવાલા...

- લે જાયેંગે લે જાયેંગે દિલવાલે ચઢાવા લે જાયેંગે,
  રહ જાયેંગે રહ જાયેંગે, પૈસે વાલે દેખતે રહ જાયેંગે,
  રહ જાયેંગે રહ જાયેંગે, નોટોં કે બંડલ યહાં રહ જાયેંગે...

- અવસર આવા નહી મળે, તમે લાભ સવાયા લેજો,
  તમે પડોસી ના કાનમાં કહેજો રે, અવસર આવા નહી મલે ...

- તમે ધાર્યું હોય તો કાઢજો રે કાલ કોણે દીઠી છે,
  અવસરિયો વહી જાય છે રે, કાલ કોણે દીઠી છે..

- ચુપચુપ બૈઠે હો, જરૂર કોઇ બાત હૈ,
  બોલિયાં બોલોગે તો હી દેગા પ્રભુ સાથ હૈ (૨)

- મનમાં બોલી બોલું બોલી બોલું થાય,
  મારા મનડાની વાત, મારા દિલડાની વાત,
  મારા થી બોલી બોલાય...

- ભલે પુન્ય લાવ્યા, ભલે પાપ લાવ્યા, ભલે રમ્ય જાલે સહું ફસાયા,
છતાં સાથે કાંઇ અમે નથી રે લઇ જવાના,
અમે મોક્ષ નગરમાં જવાના... જવાના...

- કામ ઐસાં કરિયો, ધન્ના શેઠ ને કિયા
રાણકપુર બનવાકે, જગમેં નામ કર દિયા...

- બેસવું હોય તો બેસી જાઓ, ગાડી ઉપડી જાય છે
ગાડી ઉપડી જાય છે ને વેલા વીતી જાય છે

- જિંદગીમાં કેટલું કમાણા રે, જરા સરવાળો માંડજો
સમજુ સજ્જનને શાણા રે, જરા સરવાળો માંડજો
લાવ્યાતા કેટલું ને લઇ જવાના કેટલું ?
આખિર તો લાકડાના છાણા રે, જરા સરવાળો માંડજો.
મોટર વસાવીને બંગલા બંધાવ્યા,
ખૂબ કીધા એકઠા નાણાં રે, જરા સરવાળો માંડજો.

- તારી એક એક પલ જાયે લાખની,
તું તો બોલીલે બોલી પ્રભુ નામની
તું તો છેડી દે ફિકર આખા ગામની,
તારી જિંદગી છે ચાર દિનની ચાંદની.

- ડંકો વાગ્યો, શાસનના પ્રેમી જાગજો રે...
પ્રેમી જાગજો રે, ધર્મી જાગજો રે, બોલી બોલીને લ્હાવો તમે લેજો, રે
લ્હાવો લેજો રે, શાસન શોભાવજો રે ...

- દેખો દાદાના દરબારે બોલી બોલજો રે લોલ,
ચંચલ લક્ષ્મી ત્યાગો કરવાને ધર્મ કમાઇ,
સંસારી વાતો ને, અબ છેડો મારા ભાઇ,
હે બોલી બોલનેંમેં થે રંગાઇ લો, ૠતુ આ સુંદર આઇ.

- આજનો લ્હાવો લીજીયે રે, કાલ કોણે દિઠી છે
  અવસરીયાં વહી જાય છે રે, કાલ કોણે દિઠી છે
  નાણુ મળશે ટાણું નહી મળે રે, કાલ કોણે દિઠી છે...

- જોજે રે થારી જિંદગી જવાની,
  જિંદગી જવાની એ તો કાયમ ન રહેવાની,
  દાવ રે મળ્યો છે તને આજ રે મજાનો,
  કરી લે વિચાર તું તો એકલો જવાનો,
  અંતે તો કાયા થારી રાખ રે થવાની .... જો જે રે.

- પત્થર જેવા પૈસા ને સોના જેવા સ્વામી,
  એમાં કોણ તમને પ્યારું, બોલો પૈસા કે પ્રભુ ?

- વાજા વાગે, તબલા વાગે, શરણાઇ વાગે સહી,
  આ બોલી બોલવા માટે તમે, ગડબડ કરશો નહી;
  દાન દેજો શીયલ પાળજો, તપ જપ કરજો સહી,
  પ્રભુજીની બોલી બોલવા, ભાવના ભાવજો સહી...

- ધીરે ધીરે બોલી અમે બોલવાના,
  તીજોરીના તાલા ખોલવાના,
  પ્રભુજીની આરતી ઉતારવાના, ભવસાગર તરી જવાના,
  બોલી બોલીને લાહો લેવાના,
  ધીરે ધીરે બોલી અમે બોલવાના

- લાભ લેજો (૨) રે, આવેલા ભાઇયો તમે લાભ લેજો રે,
  તનથી લેજો, મનથી લેજો, ધનથી લેજો રે,
  પ્રભુજીની પુજાનો તમે લાભ લેજો રે સિદ્ધચક્ર પૂજનનો તમે...

- આ જિંદગીમાં ચોપડાનો, સરવાળો માંડજો,
  આજ સુધી જીવ્યા છે કેટલું ને કેવું.

- કેટલી કમાણી કરી, કેટલુ છે દેવું,
  કાઢી સરવૈયું ને, લાભ લઇ લેજો રે.

- કરવાનું ભાઇ આજ કરી લે, વીર પ્રભુનું નામ રટી લે,
  કાલે શું થનાર એની, કાલની કોઇને ખબર નથી,
  ભક્તિનું ભાથું આજ ભરી લે, પુણ્યના કામો આજ કરી લે,
  કાલે શું થનાર...

- લે જાવે લે જાવે પુણ્યશાલી ચઢાવા લે જાવે,
  રહ જાવે રહ જાવે મોટા શેઠ દેખતા રહ જાવે...

- દિલ ખોલ કે બોલી બોલો, તાલે તિજોરી કે ખોલો,
  યે મૌકા અરે, વાપસ નહી આયેગા....!
  બોલી જો છૂટ જાયેગી, મનમેં હી રહ જાયેગી,
  અરે લાલ ! તૂ મનમેં પછતાયેગા ....!

- અંજનશલાકા હોતી હૈ એક બાર, પ્રતિષ્ઠા નહીં હોતી બારબાર
  અવસર આયા હૈ, બોલી બોલ દો,
  દિલ કે દરવાજે ભાઇ ખોલ દો .... અવસર

- બોલના હો તો બોલો
  યે બોલી અબ છૂટ જાયેગી, મન મેં હી રહ જાયેગી (જલદી બોલો)
  નોટો કે બંડલ ખોલો
  વર્ના સરકાર લુટ જાયેગી, મન મેં હી રહ જાયેગી (જલદી બોલો)

# શ્રી ગિરનાર મહાતીર્થની

## ૯૯ યાત્રાની વિધિ

શ્રી ગિરનાર મહાતીર્થ જ્યાં પૂર્વે અનંતા તીર્થંકરોના કલ્યાણક, વર્તમાન ચોવીશીના બાવીશમા બાલબ્રહ્મચારી નેમનાથ પરમાત્માના દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષ કલ્યાણક દ્વારા આ પુનિતભૂમિ પાવનકારી બનેલ છે. આવતી ચોવીશીના ૨૪ તીર્થંકરો મોક્ષે જવાના, આ મહાતીર્થની ૯૯ યાત્રાની વિધિ માટે શાસ્ત્રોમાં વિશેષ કોઇ ઉલ્લેખ આવતો નથી. પરંતુ પશ્ચિમ ભારતમાં તીર્થંકરોના માત્ર આ ત્રણ કલ્યાણકો જથવા પામ્યા હોવાથી તે મહાકલ્યાણકારી ભૂમિના દર્શન-પૂજન અને સ્પર્શ દ્વારા અનેક ભવ્યજનો આત્મકલ્યાણની આરાધનામાં વિશેષ વેગ લાવી શકે તે માટે પુષ્ટ આલંબન સ્વરૂપે ગિરનાર ગિરિવરની ૯૯ યાત્રાઓનું આયોજન કરાય છે.

★ વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને નીચે મુજબ યાત્રા કરી શકાય.

### ★ ગિરનારના પાંચ ચૈત્યવંદન તથા ૯૯ યાત્રાની સમજ:-

૧) જયતળેટીમાં.

૨) તળેટીમાં પાંચ પગથિયે નેમિનાથ પરમાત્માની ચરણપાદુકા સન્મુખ.

૩) પછી યાત્રા કરી દાદાની પ્રથમ ટુંકે, મૂળનાયક સન્મુખ.

૪) મૂળ દેરાસર પાછળ આદિનાથના દેરાસરે .

૫) અંમિઝરા પાર્શ્વનાથનું ચૈત્યવંદન કરવું અથવા નેમિનાથ પરમાત્માના પગલાનું ચૈત્યવંદન કરવું. ત્યાંથી સહસાવન (દીક્ષા-કેવળજ્ઞાન કલ્યાણક), અથવા જયતળેટી આવતાં પ્રથમયાત્રા પૂર્ણ થયેલ કહેવાય. પછી પાછા જયતળેટીથી અથવા સહસાવનથી ઉપર ચડતાં પૂર્વમુજબ બે ચૈત્યવંદન કરી યાત્રા કરીને દાદાની ટુંકે દર્શન ચૈત્યવંદન કરી નીચે ઉતરતા બીજી યાત્રા થઇ ગણાય ક્રમશઃ આ મુજબ ૧૦૮ વખત દાદાની ટૂંકની સ્પર્શના કરવી આવશ્યક છે.

### ★ નિત્ય આરાધના :-

(૧) ઉભયટંક પ્રતિક્રમણ.

(૨) જિનપૂજા તથા ઓછામાં ઓછું એક વખત દાદાનું દેવવંદન.

(૩) ઓછામાં ઓછું એકાસણાનું પચ્ચક્ખાણ.

(૪) ભૂમિ સંથારો.

(૫) દરેક યાત્રામાં મૂળનાયકની ૩ પ્રદક્ષિણા.

(૬) **"ઉજ્જિંત સેલસિહરે દિક્ખા નાણં નિસીહિઆજસ્સ, તં ધમ્મચક્કવટ્ટિં અરિટ્ઠનેમિં નમંસામિ"** અથવા **"ૐ હ્રીં શ્રી નેમિનાથાય નમઃ"** ની ૨૦ નવકારવાળી.

(૭) "શ્રી રૈવતગિરિ મહાતીર્થ આરાધનાર્થં....." ૯ લોગસ્સનો કાઉસ્સગ્ગ.

(૮) ગિરનાર મહાતીર્થના ૯ ખમાસમણાં.

★ ૯૯ યાત્રા દરમ્યાન ૧ વખત મૂળનાયક દાદાની ૧૦૮ પ્રદક્ષિણા/૧૦૮ લોગસ્સનો કાઉસ્સગ્ગ / આખા ગિરનાર ગિરિવરની પ્રદક્ષિણા (લગભગ ૨૮ કી.મી.)

★ ૯ વાર પહેલીટૂંકના દરેક દેરાસરના દર્શન .

★ ૧વાર ચોવિહાર છઠ્ઠ કરીને સાત યાત્રા.

★ યાત્રા દરમ્યાન એકવખત ગજપદકુંડના જલથી સ્નાન કરી પરમાત્માની પૂજા કરવી.

## ગિરનાર ગિરિવરની ૯૯ યાત્રા કેવી રીતે કરશો ?

ગિરનારની ૯૯ યાત્રાથી આપ ગભરાઇ ગયા ? તેમાં ગભરાવાની કોઇ જરૂર નથી - હકીકતમાં શત્રુંજયની ૯૯ યાત્રા કરતાં તો ગિરનારની ૯૯ યાત્રા સાવ સરળ છે.

હા ! હા !! તેમાં આશ્ચર્ય પામવાની જરૂર નથી.

★ શત્રુંજયની પ્રથમ યાત્રા લગભગ ૩૬૦૦ પગથિયા થાય, ગિરનારની પહેલી યાત્રા લગભગ ૩૮૪૦ પગથિયા થાય.

★ શત્રુંજયમાં બીજી યાત્રા માટે ઘેટીપાગના ૨૮૦૦ પગથિયા ઉતરવાના થાય જ્યારે ગિરનારમાં બીજી યાત્રા માટે ૧૦૦૦ પગથિયાના ડીસ્કાઉન્ટ સાથે સહસાવન સુધીના માત્ર ૧૮૦૦ પગથિયા ઉતરવાના થાય.

★ શત્રુંજયની ત્રણ યાત્રા માં જેટલા પગથિયા થાય તેનાથી ઓછા પગથિયામાં ગિરનારની તો ચાર યાત્રા થઇ જાય એટલે ! ગિરનારની ૯૯ યાત્રા ખૂબજ અઘરી છે તેવો જરાપણ ભય ન રાખશો.

કોઇપણ ડર રાખ્યા વગર ગિરનારની આ ૯૯ યાત્રાની અમૂલ્ય તક ચૂકશો નહીં.

# અનંતતીર્થંકર પરમાત્માના કલ્યાણકોથી પાવન થયેલ
# શ્રી ગિરનારજી મહાતીર્થના મહાકલ્યાણકારી
# ૧૦૮ નામ સહિતના ૧૦૮ ખમાસમણાના દુહા

**૧ કૈલાસગિરિ**

કૈલાસગિરિવરે શિવવર્યા, તીર્થંકરો અનંત; આગે અનંતા પામશે, તીરથકલ્પ વદંત.

**૨ ઉજ્જયંતગિરિ**

ઉજ્જયંતગિરિવર મંડણો, શિવાદેવીનો નંદ; યદુકુલવંશ ઉજાળીયો નમો નમો નેમિજિણંદ.

**૩ રૈવતગિરિ**

રૈવતગિરિ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર; માનવભવ પામી કરી, ધ્યાવું વારંવાર.

**૪ સ્વર્ણગિરિ**

એકેકું પગલું ચઢે, સ્વર્ણગિરિનું જેહ; હેમ વદે ભવોભવતણાં પાતિક થાયે છેહ.

**૫ ગિરનારગિરિ**

સોરઠદેશમાં સંચર્યો, ન ચઢ્યોગઢ ગિરનાર; સહસાવન ફરસ્યો નહીં, એનો એળે ગયો અવતાર.

**૬ નંદભદ્રગિરિ**

આધિ વ્યાધિ ઉપાધિ સૌ, જાયે તત્કાળ દૂર; ભાવથી નંદભદ્ર વંદતા, પામે શિવસુખ નૂર.

**૭ પારસગિરિ**

લોહ જિમ કંચન બને, પારસમણિને યોગ; ગિરિ સ્પર્શે ચિન્મય બને, અશોક ચંદ સુયોગ.

**૮ યોગેન્દ્રગિરિ**

મન વચ કાયા યોગને, જીત્યા જે ગિરિ માંહી; તિણ કારણ યોગી તણો, ઈન્દ્ર કહાયો જ્યાંહી.

**૯ સનાતનગિરિ**

ગિરિ તણા ગુણને કહે, તિર્થંકર ભગવંત; સનાતનગિરિ માનથી, શિવ લહે જીવ અનંત.

**૧૦ સુરભિગિરિ**

દુર્ગંધા નારી ઈણગિરિ, ગજપદ કુંડે સ્નાન; બની સુગંધી દેહડી, સુરભિગિરિને પ્રણામ.

**૧૧ ઉદયગિરિ**

ઉદય લહે શુભ કર્મનો, અશુભનો થાયે જિહાં છેદ; એહ ગિરિના ધ્યાનથી, અંતે લહે અવેદ.

**૧૨ તાપસગિરિ**

તાપસ પણ શિવ સુખ લહે, એહવો જેહનો પ્રભાવ; અષ્ટ કર્મનો ક્ષય કરી, પામે આત્મ સ્વભાવ.

**૧૩ આલંબનગિરિ**

આલંબન આપી રહ્યો, સિદ્ધિસદન સોપાન; જે જે જીવડા તેહ ભજે, ઝટ પામે શિવસ્થાન.

**૧૪ પરમગિરિ**

ગિરિવરોમાં પરમતા, પામી જેહ સૌભાગ્ય; આનંદ આપે સહુ જીવને, દૂર કરી દુર્ભાગ્ય.

**૧૫ શ્રીગિરિ**

શ્રી ગિરિ છે એક એહવો, પ્રિય વસ્તુમાં અજોડ; ભવિક જીવ ઝંખે ઘણું, વરવા શિવવધૂ કોડ.

**૧૬ સપ્તશિખરગિરિ**

સાતરાજ પહોંચાડવા, જે ધરે સપ્ત શિખર; સ્વગુણ મહેલ પ્રવેશવા, જે કરે મોટુ વિવર.

**૧૭ ચૈતન્યગિરિ**

ચૈતન્યશકિત પ્રગટતાં, આત્માનંદ જિહાં થાય; તેહ ગિરિના સ્મરણથી ચૈતન્યપૂંજ સમરાય.

**૧૮ અવ્યયગિરિ**

વ્યય હોવે કર્મો તણો, વળી અશુભ પરિણામ; અવ્યયગિરિને વંદતા, શુદ્ધ સ્વરૂપને પામ.

**૧૯ ધ્રુવગિરિ**

એહ ગિરિ છે અનાદિથી, કાળ અનંત રહે જેહ; ભૂમિતલે ધ્રુવપણે રહી, શાશ્વતતા લહે તેહ.

**૨૦ પરમોદયગિરિ**

ધ્યાન ધરતા ગિરિતણું, ભવચોથે લહે શિવ; પરમોદય આતમ તણો, પ્રગટાવે ભવિ જીવ.

**૨૧ નિસ્તારગિરિ**

સહસાવને સંયમગ્રહી, ગજસુકુમાલ મુણિંદ; રૈવત મસાણે શિવ લહી, નિસ્તારણ ગિરિંદ

**૨૨ પાપહરગિરિ**

માતપિતાનો ઘાતકી, ગિરનારે આવંત; ભીમસેન મુગતે ગયો, પાપહર ગિરિ સેવંત.

**૨૩ કલ્યાણકગિરિ**

અનંત કલ્યાણક જિન તણા, ગિરિ શૃંગે સોહાય; વ્રત-કેવલ-મુકિત લહે, કલ્યાણક ગિરિ જોવાય.

**૨૪ વૈરાગ્યગિરિ**

મેઘ પરે વરસે સદા, ગિરિ વૈરાગ્ય ઝરણ; સિંચે આતમ ગુણને, પરમાનંદ રમણ.

**૨૫ પુણ્યદાયકગિરિ**

સુરતરૂ સમ આરાધતાં, પુણ્યદાયક ગિરિરાજ; ઋદ્ધિ સમૃદ્ધિ તત્ક્ષણમિલે, વળી મળે સિદ્ધિરાજ.

**૨૬ સિદ્ધપદગિરિ**

સિદ્ધપદ અર્પણ કરે, જેહ ગિરિની સેવ; તિણે કારણ વંદીએ સદા, અભેદ થઇ તતૂખેવ.

**૨૭ દ્રષ્ટિદાયકગિરિ**

મિથ્યાદ્રષ્ટિ ભમતા ભવે, પામે ગિરિ શરણ; સુદ્રષ્ટિ લહે પંથે રહી, દ્રષ્ટિદાયક ચરણ.

**૨૮ ઈન્દ્રગિરિ**

પડિમા ભરાવી સુરવરે, પૂજા કરે ત્રિકાળ; ચૈત્યદ્વારે રક્ષા કરે, ઇન્દ્ર થઇ રખેવાળ.

**૨૯ નિરંજનગિરિ**

સ્ફટીક જિમ છે ઉજળો, નિરંજન નિરાકાર; શુદ્ધાતમ ઇણ ગિરિ કરે, દીસે અંજન આકાર.

**30 વિશ્રામગિરિ**

ઇણ ક્ષેત્રે દાન તપ કરે, ક્રોડ ગણું ફલ પામ; અનંત ઋદ્ધિ નિર્મલપણું, લહેશો ગિરિ વિશ્રામ.

**૩૧ પંચમગિરિ**

સ્પર્શો પંચમ શિખરે, શિવગામી નેમિ ચરણ; વરદત્ત ગણધર પૂજો, પામો ચરણ શરણ.

**૩૨ ભવચ્છેદકગિરિ**

ભવનિર્વેદ કરી મુનિવરો, અનશન તપે તપંત; ભવચ્છેદકગિરિ વંદતા, અજરામર પદ લહંત.

**૩૩ આશ્રયગિરિ**

દ્રવ્યભાવ શત્રુહણે, આપે મન વાંછિત; ગિરિવરનો આશ્રય લહે, વિશ્વ બને આશ્રિત.

**૩૪ સ્વર્ગગિરિ**

દેવો વાસ કરે જિહાં, કરવા જનમ પવિત્ર; જાણે સ્વર્ગ વસ્યુ તિંહા, તિણે સ્વર્ગગિરિ સિદ્ધ.

**૩૫ સમત્વગિરિ**

સમત્વગુણ વિલસી રહ્યો, મહાગિરિ કણે કણ; સ્મરણ દર્શન સ્પર્શને, દીયે અનુભવ મણ.

**૩૬ અમલગિરિ**

વિશાળ ગિરિ પરશાળમાં, વાસ કરે ભવિલોક; પાપ ટળે ભવતણાં, અમલગિરિ આલોક.

**૩૭ જ્ઞાનોદ્યોતગિરિ**

ભવ્યરૂપી કમળ ખીલે, જ્ઞાનોદ્યોતગિરિ તેજ; ગુણશ્રેણી પ્રકાશમાં, પામી સિદ્ધિની સેજ.

**૩૮ ગુણનિધિ**

ગુણનિધિ એ ગિરિ થયો, અનંત જિનનો જયાં; પ્રગટ્યો નિજ સ્વરૂપનો, અકલ અમલ ગુણ ત્યાં.

**૩૯ સ્વયંપ્રભગિરિ**

સ્વયંપ્રભા ખીલી રહી, જેની અનાદિ અનંત; તેહ ગિરિને વંદતા, દોષ ટળે અનંત.

**૪૦ અપૂર્વગિરિ**

એ ગિરનારને ભેટતાં, અપૂરવ ઉલ્લસે દેહ; કરમદલ ચરણ કરી, પામે ભવિ સુખ તેહ.

**૪૧ પૂર્ણાનંદગિરિ**

આનંદ પૂરણ જેહના, ફરસે ધ્યાને જેહ; પૂર્ણાનંદગિરિ તેહનું, નામ થયું જગતેહ.

**૪૨ અનુપમગિરિ**

વાનરીમુખ નૃપઅંગજા, ઇણગિરિ ઝરણપસાય; અનુપમ મુખકમલ લહી, પામે શિવ સુખસદાય.

**૪૩ પ્રભંજનગિરિ**

પ્રભંજનગિરિ એહથી, પાપ પ્રણાશન થાય; પુણ્યપૂંજ કરી એકઠો, સુખપામે વરદાય.

**૪૪ પ્રભવગિરિ**

પ્રભવગિરિના પ્રભાવથી, તિણે શિવપામ્યા અનંત; પામે છે ને પામશે, લબ્ધિ લહી અનંત.

**૪૫ અક્ષયગિરિ**

હિમ સમ શીતળતા હુવે, કરે જીવ સમતાપાન; આતમ સત્તા પ્રગટ કરી, અક્ષયપદ વિસરામ.

**૪૬ રત્નગિરિ**

રત્નબલાહ ગુફામંહી, રત્નપડિમા શોભંત; દેવ સહાયે દરિસણ, નિકટ ભવિ લહંત.

૪૭ પ્રમોદગિરિ

પ્રમોદ લહે ગિરિ દર્શને, પૂર્ણતા સ્પર્શે પમાય; ગઢ ગિરનારની સહજતા, જેહ સદા સુખદાય.

૪૮ પ્રશાંતગિરિ

પ્રકર્ષથી કરે શાંત જેહ, કર્મ વંટોળ અતીવ; પ્રશાંત ગિરિવર તેહ છે, વંદુ તેહને સદૈવ.

૪૯ પદ્મગિરિ

પદ્મતણી પરે જિહાં સદા, પ્રસરે ગુણ સુવાસ; તેહ આપે ભવિ જીવને, મુક્તિ સુખ આવાસ.

૫૦ સિધ્ધશેખરગિરિ

સિદ્ધો થકી શેખર થયો, અન્ય ગિરિમાં તેહ; અનંત જિન નિવાસથી, પામ્યો મુક્તિરૂપ જેહ.

૫૧ ચંદ્રગિરિ

ચંદ્રસમ શીતળપણું, આપે જીવને જેહ; પાપ સંતાપ ટળે ઈહાં, સુખ પામે સસનેહ.

૫૨ સુરજગિરિ

સુરજ સમ પ્રતપે બહુ, સર્વ ગિરિમાં તેહ; તેહથી સુરજગિરિ કહ્યું, નામ અનુપમ જેહ.

૫૩ ઈન્દ્રપર્વતગિરિ

દેવોતણા પરિવારમાં, શોભે ઈન્દ્ર મહારાય; તિમ ગિરિમાળ માંહે, શોભે તીરથરાય.

૫૪ આત્માનંદગિરિ

આતમ આનંદ જિહાં લહે, અનુભવે નિરમલ સુખ; કાલ અનાદિના ટળે, મિથ્યા મતિના દુઃખ.

૫૫ આનંદઘરગિરિ

આત્માનંદને પામવા, મુનિવર કોડા કોડ; આનંદઘર એ ગિરિવરે, કરતાં દોડા દોડ.

૫૬ સુખદાયીગિરિ

સુખદાયી એ ગિરિ થયો, આપી અનંત સુખશાત; તેહને પામી ભવિતણા, ટળી ગયા દુઃખ વ્રાત.

૫૭ ભવ્યાનંદગિરિ

અનંત સિદ્ધ જિહાં થયા, કરી અનશન શુભ ભાવ; ભવ્યાનંદ પામી કરી, વિલસે નિજ સ્વભાવ.

૫૮ પરમાનંદગિરિ

પરમાનંદને પામતો, દરિસણ લહે ભવિ જેહ; તેહ પરમ પદવી ભણી, ગતિ લહે સસનેહ.

૫૯ ઈષ્ટસિધ્ધિગિરિ

સર્વ શાશ્વતી ઔષધિ, સુવર્ણ સિદ્ધિ રસકૂંપ; પુણ્યશાળીને ગિરિ દીયે, ઈષ્ટસિદ્ધિ અનુપ.

૬૦ રામાનંદગિરિ

આતમરામ આનંદમાં, ઝીલે જેહનો સંગ, રામાનંદગિરિ વંદતા, પામો સુખ અસંગ.

૬૧ ભવ્યાકર્ષણગિરિ

ભવ્યાકર્ષણગિરિ પ્રતિ, પ્રિત ભવિને અતીવ; જિન અનંત ની પ્રગતિ, આકર્ષે તે ભવિજીવ.

૬૨ દુઃખહરગિરિ

ગોમેધે ઘણું દુઃખ લહ્યું, રોગે પીડીયો ભમંત; થયો અધિષ્ઠાયક ગિરિ, દુઃખહર ગિરિ ભજંત.

**૬૩ શિવાનંદગિરિ**

શિવનો આનંદ જે ગિરિ, ચઢતાં અનુભવે જીવ; એહવા તે શિવગિરિ પ્રતિ, પ્રગટયો નેહ અતીવ.

**૬૪ ઉજ્વલગિરિ**

ઇણ ગિરિની ઉજ્વલપ્રભા, પ્રસરે ચિંહુ દિશે જ્યાંય; તિંહા થકી તિમિર સહુ, ઝટપટ નાસે ત્યાંય.

**૬૫ આનંદગિરિ**

આનંદના જિંહા સમુહ છે, અનંત જિનનાં જેહ; તેહ ફરસી ભવિ લહે, રહેના કલેશની રેહ.

**૬૬ તીર્થોત્તમગિરિ**

એ તીરથને ભેટતાં, સર્વ તીરથ ફલલાધ; તે તીર્થોત્તમ પ્રણમતાં, સુખ મળે અવ્યાબાધ.

**૬૭ મહેશ્વરગિરિ**

આણા મહેશ્વરગિરિ તણી, ત્રણ લોકે વર્તાય; અનંત કલ્યાણકની જિંહા, આર્હન્ત્ય શકિત સમાય.

**૬૮ રમ્યગિરિ**

રમ્યતા એ ગિરિ તણી, દેખી મોહ્યું મન; દેવો અને વિદ્યાધરો, આવે દોડી પ્રસન્ન.

**૬૯ બોધિદાયગિરિ**

સદા કાળજે વરસતો, ગિરિ પ્રભાવ અમંદ; બોધિ બીજ વપનકરે, બોધિદાય નિર્મંદ.

**૭૦ મહોદ્યોતગિરિ**

નેમીશ્વરને ગિરિ શ્યામલો, મન મોહે દિન રાત; મહોદ્યોત ભીતર કરે, ગુણ પેખી સુખ શાત.

**૭૧ અનુત્તરગિરિ**

અરિહંત ધ્યાન પરમાણુને, ગ્રહે અર્હમ્ પદ યોગ; સાધે જે ભવિ તે લહે, અનુત્તર સુખનો યોગ.

**૭૨ પ્રશમગિરિ**

પ્રશમગુણ જિંહા ઉપજે, ફરસતા જીવને જ્યાં; તિણે કારણ ગિરિ સ્પર્શથી, સુખ પામો ભવિ ત્યાં.

**૭૩ મોહભંજકગિરિ**

મોહે પીડીત જીવડા, આવે ગિરિ સાનિધ; સમ્યક્ત્વ પામી શિવ લહે, મોહભંજક ગિરિ કિધ.

**૭૪ પરમાર્થગિરિ**

અનંત કાળથી પ્રાણીયા, સેવે સ્વાર્થીય ભાવ; ગિરિ ચરણ શરણ ગ્રહી, પ્રગટે પરમાર્થ ભાવ.

**૭૫ શિવસ્વરૂપગિરિ**

મન-વચ-કાયા વશકરી, યોગી સેવે ગિરિ આજ; શિવ સ્વરૂપ રસ લીયે, બની સદા ભૃંગરાજ.

**૭૬ લલિતગિરિ**

ગિરિ હારમાળાઓ મહીં, મનોહર રૂપ લહંત; તેહ ગિરિ નિરખી ભવિ, લલિતગિરિ વદંત.

**૭૭ અમૃતગિરિ**

અમૃતસમ દરિસણ લહિ, પામે ભવ્યત્વ છાપ; અમૃતગિરિ તણી સેવા કરે, તેના ટળે સવિ પાપ.

**૭૮ દુર્ગતિવારણગિરિ**

આ ભવે પરભવ ભાવથી, રૈવત ભકિત કરંત; દુ:ખ દરિદ્ર દુર્ગતિ ટળે, દુર્ગતિવારણ નમંત.

૭૯ કર્મક્ષાયકગિરિ

કર્મવિડંબના જીવને, વળગી કાળ અનંત; કર્મક્ષાયક ગિરિ સેવતાં, આતમ મુકિત લહંત.

૮૦ અજેયગિરિ

અજેય જે સવિ શત્રુને, ચિંતા સવિ દૂર જાય; રાગદ્વેષ જીતી કરી, અરિહંત પદને પમાય.

૮૧ સત્વદાયકગિરિ

રજસ્ તમો ગુણી આવી, ગિરિવર પાદ ચઢંત; સત્ત્વદાયક ગિરિ બળે, ક્ષપક શ્રેણી ધરંત.

૮૨ વિરતીગિરિ

પરમાણુ જે સહસાવને, દિયે વિરતી પરિણામ; અંતરાય સવિ દૂરે કરી, સપ્ત ગુણઠાણુ પામ.

૮૩ વ્રતગિરિ

હરિ પટરાણીને યાદવો, પ્રદ્યુમ્ન શાંબ કુમાર; વ્રતગિરિએ વ્રત ગ્રહી, પામ્યા ભવનો પાર.

૮૪ સંયમગિરિ

જિન અનંતા સહસાવને, નેમિપ્રભુ ઠવે પાય; સંયમ ગ્રહી મનઃપર્યવી, ધ્યાનધરી મુગતે જાય.

૮૫ સર્વજ્ઞગિરિ

રવિ લોક પ્રકાશતો, સર્વજ્ઞ લોકા લોક; મોહ તિમિર દૂરે ટળે, ચેતન શકિત આલોક.

૮૬ કેવલગિરિ

એક એક પ્રદેશમાં, ગુણ અનંતનો વાસ; ઇણ ગિરિ કેવલ લઇ, ભોગવે લીલ વિલાસ.

૮૭ જ્ઞાનગિરિ

સહજાનંદ સુખ પામીયો, જ્ઞાન રસ ભરપૂર; તેહના બળથી મેં હણ્યો, મોહ સુભટ મહાક્રૂર.

૮૮ નિર્વાણગિરિ

જે ગિરિએઅનંતા, નિર્વાણ પામ્યા જિન; તે નિર્વાણગિરિ પર, કોઇ નહિં દીન હિન.

૮૯ તારકગિરિ

આંગણું એ ગિરિ તણું, પામે જલ થલ જેહ; ભવ સાતમે મુકિત લહે, તારકપણું ગુણ ગેહ.

૯૦ શિવગિરિ

રાજીમતિને રહનેમિ, સહસાવને દીક્ષા લીધ; વળી શિવપદ પામીયા, ઇણગિરિ અનશન કીધ.

૯૧ હંસગિરિ

હંસ પરે નિર્મલ કરે, પરિણતી શુદ્ધ સદાય; જેહ ગિરિ સાંનિધ્યથી, અનુપમ ગુણ પમાય.

૯૨ વિવેકગિરિ

વિવેકગિરિ આતમ તણો, દુહ થકી જે ભિન્ન; ધ્યાન ધારા માંહી લહે, પરમ સુખ અભિન્ન.

૯૩ મુકિતરાજગિરિ

મુગતિના મુગટ સમો, શોભે એ ગિરિરાજ; મુક્તિરાજ એ ગિરિ થયો, આપે સિદ્ધનું રાજ.

૯૪ મણિકાન્તગિરિ

મણિસમ કાન્તિ જેહની, દીપે સદા દિનરાત; ભવિક લોકની દ્રષ્ટિમાં, દીસે તે ભલીભાત.

**૯૫ મહાયશગિરિ**

મહાન યશને પામીયો, અનંતજિન જિહાં સિદ્ધ; તેહની તુલનામાં નહીં, અન્ય કોઈ પ્રસિદ્ધ.

**૯૬ અવ્યાબાધગિરિ**

ત્રણ લોકમાં સુરનરો, ગિરિ આકાર પૂજંત; સંસાર બાધા છેદીને, અવ્યાબાધ ભજંત.

**૯૭ જગતારણગિરિ**

જગતના જીવો સહુ, પામી તરે સંસાર; એહ ગુણ છે ગિરિતણો, ન લહે ફરી અવતાર.

**૯૮ વિલાસગિરિ**

એ ગિરિનો વિલાસ જે, પ્રસરે ત્રિંહુ જગમાંય; આતમ શકિત પ્રગટાવવા, ભવિજન આવે ત્યાંય.

**૯૯ અગમ્યગિરિ**

અગમ્ય ગુણ છે જેહના, પાર ન પામે કોઈ; કેવલી એહ જાણી શકે, કહી ન શકે તે જોઈ.

**૧૦૦ સુગતિગિરિ**

પ્રાચીન પડિમા વિશ્વમાં, દરિસણે દુર્ગતિ જાય; પૂજો પ્રણમો ભાવથી, સુગતિગિરિના પાય.

**૧૦૧ વીતરાગગિરિ**

કર્મ રેણુ દૂરે કરે, રૈવત ભકિત સમીર; વીતરાગગિરિ બળે, મુક્ત બની રહે સ્થીર.

**૧૦૨ ચિંતામણીગિરિ**

ભાવ ચિંતામણી ગિરિ દીયે, ગુણરત્નો કોડા કોડ; ઇચ્છિત સર્વ શિઘ્ર ફળે, ભેટવા મન ધરે દોડ.

**૧૦૩ અતુલગિરિ**

અનંત કલ્યાણકો થકી, મેરૂ સમ ગિરિ અતુલ; અન્ય ગિરિ તુલના નહીં, ભાખે ઋષભ અમૂલ.

**૧૦૪ મહાવૈદ્યગિરિ**

ભવ રોગ પીડતો મને, જન્મજરા મૃત્યુ દુઃખ; ગુણ યોગે રોગ વારજો, મહાવૈદ્યગિરિ દીયે સુખ.

**૧૦૫ પાવનગિરિ**

ત્રસ સ્થાવર ગિરિ ખોળે, કર્મ મળથી અપવિત્ર; " મા " બાળને પુનિત કરે, તિમ પાવનગિરિ ધરે હિત.

**૧૦૬ અચળગિરિ**

ત્રિકલ્યાણક પરમાણુઓ, કાળ અસંખ્ય અવિચળ; રત્નત્રયી અવિચળદીયે, અચળગિરિ પરિબળ.

**૧૦૭ લબ્ધિગિરિ**

અનંત લબ્ધિ ઇહાં ઉપની, ગણધર મુનિ મહંત; આત્મ લબ્ધિગિરિ નમો, ભાવે ભજો ભગવંત.

**૧૦૮ સૌભાગ્યગિરિ**

એકસો આઠ શિખર મહીં, સૌભાગ્યશાળી ગિરિ શૃંગ; ત્રિકલ્યાણક ઇણ ગિરિ, રહે પ્રતિકાળ ઉત્તુંગ.

ગુણકેટલા ગિરિ તણા, ગાઇ શકું મતિ મંદ; બૃહસ્પતિ ન ગણી શકે, ગુણવંતગિરિ અમંદ.

**શ્રી ગિરનારજી મહાતીર્થના શાસ્ત્રાધારે છ આરાના છ નામો જોવામાં આવે છે, પરંતુ તીર્થભકિત માટે તેના વિવિધ ગુણાનુસાર આ ૧૦૮ નામો તથા દુહાની રચના કરવામાં આવેલ છે.**

## યાત્રા કરતા પહેલા આ ખાસ વાંચો

જગમાં તીરથ દો વડાં, શત્રુંજય ગિરનાર,
એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર.

*શું આપ આ ગિરનાર મહાતીર્થની યાત્રા કરવા આવ્યા છો?*
*શું આપ ગિરનાર મહાતીર્થનો મહિમા જાણો છો? નહીં ?*

**તો આવો આ ગિરનાર મહાતીર્થની અપરંપાર મહિમાની આછી ઝલક જોઇએ !**

૧ આ પાવનભૂમિમાં વહેતા વાયુમાં અનંતા તીર્થંકરોના દીક્ષા અવસરના વૈરાગ્યની સુવાસ પ્રસરેલ છે...

૨ આ પાવનભૂમિમાં અનંતા તીર્થંકરોના કેવલજ્ઞાનનો પ્રકાશ ફેલાયેલો છે...

૩ આ પાવનભૂમિ અનંતા તીર્થંકરોના સિદ્ધિપદની મહેકથી મઘમઘાયમાન છે...

૪ આ પાવનભૂમિમાં વિશ્વના પ્રાચીનતમ શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમાજી બિરાજમાન છે.

૫ આ પાવનભૂમિથી આવતી ચોવીસીના ચોવીસે ચોવીસ તીર્થંકર પરમાત્મા પરમપદને પ્રાપ્ત કરવાના છે...

૬ આ પાવનભૂમિની ઉપાસનાથી અતિચીકણા એવા ગાઢ નિકાચિત કર્મો પણ નાશ થઇ જાય છે...

૭ આ પાવનભૂમિ ઉપરથી વિશ્વની પ્રત્યેક વનસ્પતિ, ઔષધિ, જડીબુટ્ટીની પ્રાપ્તિ થાય છે...

૮ આ પાવનભૂમિમાં વસનારા જાનવરો પણ આઠમાં ભવમાં સિદ્ધપદને પામે છે...

૯ આ પાવનભૂમિ ઉપર શુદ્ધભાવથી દાન-શીલ-તપ-ભાવધર્મની કોઇપણ આરાધના કરવામાં આવે તો શીઘ્ર મોક્ષપદની પ્રાપ્તિ થાય છે...

૧૦ આ પાવનભૂમિનું ઘરબેઠાં પણ શુદ્ધભાવપૂર્વક ધ્યાન ધરવામાં આવે તો ચોથા ભવે મોક્ષની પ્રાપ્તિ થાય તો ત્યાં કરેલ આરાધના તો ક્યાં પહોંચાડે ?...

૧૧ આ પાવનભૂમિ ઉપર આકાશમાં ઉડતા પંખીનો પડછાયો પણ પડે તો તેના ભવોભવતણાં દુર્ગતિના ફેરા પણ ટળી જાય છે...

૧૨ આ પાવનભૂમિમાં સહસાવન મધ્યે શ્રી નેમિનાથ પરમાત્માના પ્રથમ અને અંતિમ સમવસરણની રચના કરોડો દેવો દ્વારા કરવામાં આવી હતી...

૧૩ આ પાવનભૂમિમાં સહસાવનમાં સાધ્વીવર્યા રાજીમતીશ્રી સિદ્ધપદને પામ્યા હતા...

★ **સહસાવન કલ્યાણભૂમિની સ્પર્શના-દર્શન-પૂજન કર્યા વગરની આપની ગિરનાર યાત્રા અધુરી રહી જાય છે. પહેલી ટૂંકની યાત્રા કરી કલ્યાણકભૂમિની સ્પર્શના કર્યા વગર નીચે પરત આવવું તે પરમાત્માની કલ્યાણકભૂમિની મહાઆશાતના છે.**

★ સહસાવનમાં સંપ્રતિકાલીન શ્રી નેમિનાથ પરમાત્મા સહિત ચૌમુખજી પ્રતિમાજી વિશાળ સમવસરણ મંદિરના મૂળનાયક છે. ત્યાં શ્રી નેમિનાથ પરમાત્માના કાળમાં જ બનેલી જીવિત સ્વામી શ્રી નેમિનાથની અને શ્રી રહનેમિજીની પ્રતિમા સિદ્ધ અવસ્થામાં છે. ગુફામાં પ્રભાવક શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમા છે.

★ સહસાવનમાં શ્રી નેમિનાથ પરમાત્માની દીક્ષા-કેવળજ્ઞાન કલ્યાણકની પ્રાચીન દેરી પણ છે.

★ સહસાવન તીર્થના ઉદ્ધારક, સાધિક ૩૦૦૦ ઉપવાસ અને ૧૧૫૦૦ આયંબિલના ઘોર તપસ્વી પ.પૂ.આ. હિમાંશુસૂરિ મહારાજની અંતિમ સંસ્કાર ભૂમિ પણ છે.

**સહસાવન કલ્યાકભૂમિની યાત્રા કેમ કરવી?**

શ્રીગિરનારની પહેલી ટૂંક (૩૮૩૯ પગથીયા)થી ૨૮૦ પગથીયા ચડી ગૌમુખી ગંગાના મંદિરની પહેલા ડાબી બાજુ વળીને થોડું ચાલતા સેવાદાસનો આશ્રમ આવે છે. ત્યાંથી ૧૨૦૦ પગથીયા ઉતરતા વિશાળ સહસાવન સમવસરણ મંદિર આવે છે. ત્યાંથી ૭૦ પગથીયા ઉતરતા કેવળજ્ઞાન દીક્ષાકલ્યાણકની પ્રાચીન દેરી આવે છે. પાછા ૫૦ પગથીયા ચડીને તળેટીને રસ્તે ૩૦૦૦ પગથીયા ઉતરીને અડધો કિલોમીટર ચાલતા તળેટીની ધર્મશાળા આવે છે.

**સહસાવન જવા માટેનો બીજો રસ્તો**

જય તળેટી આદિનાથ મંદિર તથા શ્રી નેમિનાથ ભગવાનની ચરણપાદુકાના મંદિરમાં દર્શન કરીને ૨૫ ડગલા પાછા ફરીને જમણી બાજુ દિગંબર ધર્મશાળાની બાજુમાંથી નીકળીને અડધો કિલોમીટર ચાલીને ૩૦૦૦ સહેલા પગથીયા ચડીને સહસાવન પહોંચી શકાય છે. ત્યાંથી ૧૨૦૦ પગથીયા ચડીને થોડું ચાલ્યા પછી ૨૮૦ પગથીયા ઉતરવાથી શ્રી નેમિનાથ પરમાત્માની પહેલી ટૂંકના મંદિરમાં પહોંચી શકાય છે. ચાર-પાંચ યાત્રિકો સાથે જવાથી આ રસ્તે ખતરાનું કોઇ કારણ રહેતું નથી.

★ સૌથી પહેલા ગિરનાર મહાતીર્થની જય તળેટીનું ચૈત્યવંદન કરવું.

★ પહાડના પાંચમા પગથીયા પર શ્રી નેમિનાથ પરમાત્માની ચરણપાદુકાની દેરીમાં ચૈત્યવંદન કરવું.

★ ગિરનારની પહેલી ટૂંકની તરફ ૩૮૩૯ પગથીયા ચડતી વખતે આ પવિત્રભૂમિની આશાતના ન થાય તેમ મનમાં પવિત્રતા રાખવા ટેપરેકોર્ડર,મોબાઇલ અને રસ્તામાં મસ્તી-મજાક ન કરતા પરમાત્માનું નામ સ્મરણ કરતા તીર્થંકરની કલ્યાણક ભૂમિની સ્પર્શના કરવાની શુભ ભાવના સાથે ચડવું.

★ યાત્રા દરમ્યાન નીચે દ્રષ્ટિ રાખીને ધીરે ધીરે જયણાપૂર્વક જીવદયાનું પાલન કરવું જોઇએ.

★ યાત્રા દરમ્યાન કોઇનું મન કલુષિત ન થાય અને મર્યાદાનું પાલન થાય એવા વસ્ત્રો પહેરીને યાત્રા કરવી.

★ યાત્રા દરમ્યાન કોઇ સાથે કષાય ન થાય અને કઠોર વાક્ય ન બોલાઇ જાય માટે મૌનપૂર્વક શાંતિથી યાત્રા કરવાનો આગ્રહ રાખવો.

★ પહેલી ટૂંકે પહોંચીને શ્રી નેમિનાથ પરમાત્માના દર્શન કરી સ્નાન કરીને તૈયાર થવું. જો પક્ષાલને થોડો સમય વાર હોય તો અંદરના ત્રણ મંદિર (૧) મેરકવસી (૨) સગરામસોની અને (૩) કુમારપાળના મંદિરના દર્શન-પૂજન કરશો. પછી મૂળનાયકની પક્ષાલ પૂજા કરીને આજુબાજુની દેરીની પૂજા કરશો. પછી મૂળનાયકની પૂજા કરીને બહારના મંદિરમાં દર્શન-પૂજન કરવા જશો. જો સામાન લઇને બહારના મંદિરની પૂજા કરવા જાઓ તો ચૌમુખજી મંદિર અને રહનેમિજી મંદિરની પૂજા કરીને સીધા સહસાવન કલ્યાણકભૂમિ તરફ જઇ શકાય છે. ત્યાં

સમવસરણ મંદિરમાં પૂજા-ચૈત્યવંદન કરીને દીક્ષા-કેવળજ્ઞાન કલ્યાણકોની પ્રાચીન ભૂમિની પૂજા-સ્પર્શના કરીને ચૈત્યવંદન કરીને તળેટી તરફ ઉતરવાનું શરૂ કરી શકાય છે. સહસાવનમાં ભાતુ આપવામાં આવે છે.

## ગિરનાર મહાતીર્થના પાંચ ચૈત્યવંદન

૧) જય તળેટીમાં નેમિનાથ ભગવાનનું ચૈત્યવંદન.

૨) જય તળેટીમાં શ્રી નેમિનાથ ભગવાનની ચરણપાદુકાનું ચૈત્યવંદન.

૩) પહેલી ટૂંકમાં શ્રી નેમિનાથ ભગવાનનું ચૈત્યવંદન.

૪) શ્રી નેમિનાથ ભગવાનની પાછળ શ્રી આદિનાથ ભગવાનનું ચૈત્યવંદન.

૫) ભમતી ના ભોંયરામાં શ્રી અમીઝરા પાર્શ્વનાથનું ચૈત્યવંદન અથવા.

નેમિનાથ ભગવાનની ચરણપાદુકાનું ચૈત્યવંદન. આ સિવાય જો સમય હોય તો જ્યાં થઇ શકે ત્યાં ચૈત્યવંદન કરી શકો છો. સહસાવનમાં (૧) સમવસરણ મંદિર (૨) દીક્ષા કલ્યાણકની પ્રાચીન દેરી (૩) કેવળજ્ઞાન કલ્યાણકની પ્રાચીન દેરીનું ચૈત્યવંદન કરવું.

## શ્રી નેમિનાથ ટૂંકના મંદિરની માહિતી

૧) મૂળનાયક શ્રી નેમિનાથનું મંદિર - શ્રી નેમિનાથ ભગવાન

જગમાલ ગોરધનનું મંદિર - શ્રી આદિનાથ ભગવાન

અમિઝરા પાર્શ્વનાથનું ભોંયરૂ - અમિઝરા પાર્શ્વનાથ ભગવાન

મેરકવશીનું મંદિર - શ્રી પાર્શ્વનાથ ભગવાન

અદબદજી મંદિર - શ્રી ઋષભદેવ ભગવાન

પંચમેરુનું મંદિર -

અષ્ટાપદજીનું મંદિર - ૨૪ ભગવાન

ચૌમુખજી મંદિર - શ્રી શાંતિનાથ ભગવાન

૩) સગરામ સોનીનું મંદિર - શ્રી પાર્શ્વનાથ ભગવાન

૪) કુમારપાળનું મંદિર - શ્રી અભિનંદન સ્વામી

૫) માનસંગ ભોજરાજનું મંદિર - શ્રી સંભવનાથ ભગવાન

૬) વસ્તુપાલ-તેજપાલનું મંદિર - શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાન

૭) ગુમાસ્તાનું મંદિર - શ્રી સંભવનાથ ભગવાન

૮) સંપ્રતિરાજાનું મંદિર - શ્રી નેમિનાથ ભગવાન

૯) જ્ઞાનવાવનું મંદિર - શ્રી સંભવનાથ ચૌમુખજી

૧૦) ચંદ્રપ્રભ સ્વામિનું મંદિર - શ્રી ચંદ્રપ્રભુ સ્વામી

ગજપદ કુંડ -

૧૧) મલવાલાનું મંદિર - શાંતિનાથ ભગવાન

રાજુલની ગુફા - પ્રેમચંદજીની ગુફા.

૧૨) ધરમચંદ હેમચંદનું મંદિર - શ્રી શાંતિનાથ ભગવાન

૧૩) ચૌમુખજીનું મંદિર - શ્રી નેમિનાથ ભગવાન

૧૪) રહનેમિનું મંદિર – શ્રી રહનેમિ સિદ્ધ ભગવાન

★ ગૌમુખીગંગામાં ચોવીસ ભગવાનના પગલા

★ અંબાજી ટૂંકમાં મંદિરની પાછળ શાંબના પગલા

★ ગોરખનાથ ટૂંકમાં શ્રી નેમિનાથના પગલા

★ પાંચમી ટૂંકમાં શ્રી નેમિનાથના મોક્ષકલ્યાણકના પગલા

★ સહસાવન કલ્યાણક ભૂમિ :

i) સમવસરણ મંદિર

ii) પ.પૂ.આ. હિમાંશુસૂરિજીમ. ની અંતિમસંસ્કાર ભૂમિ

iii) કેવળજ્ઞાન કલ્યાણકની પ્રાચીન દેરી

iv) દીક્ષાકલ્યાણકની પ્રાચીન દેરી

# પરમાત્મા ભક્તિના અંતે સંકલ્પ

**હે પરમાત્મા... હે વીતરાગદેવ.... હે દેવાધિદેવ...**

મારા જીવે અનંતા ભવમાં કરેલા દુષ્કૃત્યો તેમજચાલુ ભવમાં કરેલા દુષ્કૃત્યોની નિંદા કરુ છું. ભવિષ્યમાં દુષ્કૃત્ય મારાથી ન થાય તેવી આપને પ્રાર્થના કરુ છું.

**હે પરમાત્મા....**

મારા જીવે અનંતા ભવમાં કરેલા સુકૃત્યો તેમજચાલુ ભવમાં કરેલા સુકૃત્યોની અનુમોદના કરુ છું. ભવિષ્યમાં સુકૃત્ય કરવાનું ચાલુ રહે તેવી આપને પ્રાર્થના કરુ છું.

**હે પરમાત્મા...**

સુકૃત્યો કરનાર વ્યક્તિઓમાં અગ્રગણ્ય શ્રી અરિહંતદેવ, સિદ્ધ ભગવંતો, આચાર્ય ભગવંતો, ઉપાધ્યાય ભગવંતો, સાધુ ભગવંતો, મહા શ્રાવક એવા દેશવિરતિધર સમ્યગ્દષ્ટિ આત્માઓ, સમ્યગ્દષ્ટિ દેવો તથા મનુષ્યોના ત્રણે કાળના સુકૃત્યોની આપની સમક્ષ અનુમોદના કરુ છું.

**હે પરમાત્મા...**

મારે કોઇનીય સાથે વૈર નથી, કોઇ મારી સાથે વૈર રાખે નહિ. દરેક જીવોને હું ભાવપૂર્વક ખમાવું છું. દરેક જીવો મને ભાવપૂર્વક ખમાવે.

**હે પરમાત્મા...**

દેવોની પાસે જે વૈક્રિય લબ્ધિ હોય છે તેવી લબ્ધિ મને આપો જેના કારણે ભૂતકાળમાં જે કોઇ તીર્થંકરો થઇ ગયા, ભવિષ્યકાળમાં જે કોઇ તીર્થંકરો થવાના અને વર્તમાનકાળમાં જે કોઇ તીર્થંકરો વિચરી રહ્યા હોય તે દરેક તીર્થંકરોમાં એક-એક તીર્થંકરના અનંતા અનંત જિનાલયો બનાવું. તેમાં અનંતી - અનંત પ્રતિમાઓ ભરાવું. દરેક પ્રતિમા સમક્ષ મારુ એક-એક સ્વરૂપ મૂકી અષ્ટપ્રકારી પૂજા તેમજ સ્નાત્ર પૂજા વગેરે ઉત્કૃષ્ટ કોટીની ભક્તિ ભાવના કરું.

તેમજ વર્તમાનકાળમાં ત્રણે લોકમાં જ્યાં જ્યાં જિન પ્રતિમા હોય તે દરેક પ્રતિમા સમક્ષ મારુ એક એક સ્વરૂપ મૂકી ઉત્કૃષ્ટ કોટીની ભક્તિ ભાવના સ્નાત્ર પૂજા વગેરે કરું.

પ્રભુ મારી આ આજની આ જિનેશ્વર પરમાત્માની ભક્તિના પ્રભાવે આખા જગતનું કલ્યાણ થાઓ, વિશ્વમાત્રમાં જૈનશાસનનું સામ્રાજ્ય પ્રવર્તો ! જિનશાસનના સ્થાવર જંગમ તીર્થોનો પ્રભાવ સર્વત્ર વ્યાપી જાઓ ! પૂજનીય સાધુ સાધ્વીજી ભગવંતોના સંયમજીવન શક્યતઃ નિરતિચાર થાઓ ! મને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રની સાથે મોક્ષ પદની પ્રાપ્તિ થાઓ.

અવિધિ આશાતના મિચ્છામિ દુક્કડમ્...

## અમાસના દિવસે કલ્યાણકારી કલ્યાણકભૂમિની સ્પર્શના

*દેવાંગના ને દેવતાઓ, જેની સેવના ઝંખતા,*
*મળી તીર્થકલ્પો વળી, જેના ગુણલાં ગાવતા,*
*જિનો અનંતા જે ભૂમિએ, પરમપદને પામતા,*
**એ ગિરનારને વંદતા, મુજ જન્મ આજ સફળ થયો.**

શાસ્ત્રકારો ફરમાવે છે કે...

ગિરનાર મહાતીર્થની મધ્યે આજ પર્યંત અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષા-કેવળ અને મોક્ષ કલ્યાણક થયેલ છે તથા અન્ય અનંતા તીર્થંકર પરમાત્માના માત્ર મોક્ષકલ્યાણક થયા છે.

આ મહાતીર્થ ઉપર થયેલ અનંતા તીર્થંકર કલ્યાણક દિનોની તિથિ તથા ચોક્કસ સ્થાનથી પણ આપણે આજે અજ્ઞાત છીએ ત્યારે આપણા જન્મો જનમના અજ્ઞાન તિમિરને દૂર કરવા...

ચાલો ! શ્રી નેમિનાથ પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણકની માસિક તિથિના દિવસે આ કલ્યાણકભૂમિની સ્પર્શના-ભક્તિની સાથે સાથે ભૂતકાળમાં થયેલ અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષાકલ્યાણક કેવળજ્ઞાનકલ્યાણક અને મોક્ષ કલ્યાણકની પાવનભૂમિની પણ સ્પર્શના-ભક્તિની આરાધના દ્વારા આપણા અનંતાજન્મોના વિષય-કષાયના કર્મમલને દૂર કરી આત્મકલ્યાણની આરાધના કરીએ.

શ્રી નેમિપ્રભુના કેવળજ્ઞાન કલ્યાણક અવસરે અમાસના દિવસે કરોડો દેવતાઓ દ્વારા સમવસરણની રચના થઈ હતી ત્યારે શ્રી નેમિપ્રભુના શાસનના તથા શ્રી ગિરનારજી મહાતીર્થના અધિષ્ઠાયિકા દેવી તરીકે અંબિકાદેવીની સ્થાપના પણ થઈ હતી.

## બાલબ્રહ્મચારી શ્રી નેમિપ્રભુના કલ્યાણક દિન

| | | |
|---|---|---|
| ચ્યવનકલ્યાણક | - | આસો વદ ૧૨ શૌરીપુરી |
| જન્મકલ્યાણક | - | શ્રાવણ સુદ ૫ શૌરીપુરી |
| દિક્ષાકલ્યાણક | - | શ્રાવણ સુદ ૬ સહસાવન(ગિરનાર) |
| કેવળજ્ઞાનકલ્યાણક | - | **ભાદરવા વદ અમાસ** સહસાવન (ગિરનાર) |
| મોક્ષકલ્યાણક | - | અષાઢ સુદ ૮ પાચમીટૂંક (ગિરનાર) |

**દર માસની અમાસે ગિરનારજી મહાતીર્થની યાત્રા કરવા અવશ્ય પધારો...**

## ગિરનારનો મહિમા ન્યારો... તેનો ગાતા ના આવે આરો...

नित्यानित्य स्थावरजंगमतीर्थाधिकं जगत् त्रितये ।

पर्वसु ससुरेन्द्रार्च्यः, स जयति गिरनार गिरिराजः ॥ (શ્રી ગિરનાર મહાતીર્થકલ્પ – શ્લોક – ૨૦)

ત્રણ જગતમાં રહેલા નિત્ય અનિત્ય અર્થાત્ શાશ્વત – અશાશ્વત સ્થાવર જંગમ તીર્થોથી જે અધિક શ્રેષ્ઠ છે અને પર્વ દિવસોમાં દેવો સહિત ઇન્દ્રો જેને પૂજે છે, તે ગિરનાર ગિરિરાજ જય પામે છે.

स्वर्भूमूवस्थ चैत्ये वस्याकारं सुरासुरनरेशाः ।

सं पूजयन्ति सततं, स नयति गिरनार गिरिराजः ॥ (શ્રી ગિરનાર મહાતીર્થકલ્પ – શ્લોક – ૫)

સ્વર્ગલોક, પાતાળલોક અને મૃત્યુલોકના ચૈત્યોમાં સુર, અસુર અને રાજાઓ જેના આકારને હંમેશા પૂજે છે તે શ્રી ગિરનાર ગિરિરાજ જય પામે છે.

अन्यस्था अपि मबिनो, यद्ध्यानाद् घातिकर्ममलमुक्तः ।

सेत्स्यंति भवचतुष्के, स जयति गिरनार गिरिराजः ॥ (શ્રી ગિરનાર મહાતીર્થકલ્પ – શ્લોક – ૧૯)

બીજા સ્થાનમાં પણ રહેલા (અર્થાત્ ગિરનારથી દૂર ઘર–દુકાન–દેશ–વિદેશ ગમે તે સ્થાનમાં પણ રહીને) જે ભવ્ય જીવો ગિરનારનું ધ્યાન ધરે છે તે જીવો ઘાતીકર્મના મલ દૂર કરી ચાર ભવમાં મોક્ષ પામે છે, તે શ્રી ગિરનાર ગિરિરાજ જય પામે છે.

अन्यत्रापि स्थितः प्राणी, ध्यायन्नेनं गिरीश्वरम् ।

आगामिनि भवे भावी, चतुर्थे किल केवली ॥ (વસ્તુપાળચરિત્ર – પ્રસ્તાવ – ૫, શ્લોક – ૮૫)

અન્ય સ્થાને (ગિરનાર સિવાય) પણ રહેલો જીવ આ ગિરનાર ગિરીશ્વરનું ધ્યાન ધરે તો તે આગામી ચાર ભવમાં કેવલીપણાને પામી, મોક્ષપદને પ્રાપ્ત કરે છે.

महातीर्थमिदं तेन, सर्वपापहरंस्मृतम् ।

शत्रुंजयगिरेरस्य, वन्दने सदृश फलम् ॥

विधिनास्य सुतीर्थस्य, सिद्धान्तोक्तेन भावतः ।

एकशोऽपि कृता यात्रा, दत्ते मुक्तिं भवान्तरात् ॥ (વસ્તુપાળચરિત્ર – પ્રસ્તાવ – ૫, શ્લોક – ૮૦/૮૧)

ગિરનારનો અનેરો મહિમા હોવાથી આ ગિરિવરને સર્વ પાપને હરણ કરનાર કહેલ છે તથા શત્રુંજય અને ગિરનારને વંદન કરવામાં બંનેનું એકસરખું ફળ કહેવામાં આવેલ છે.

આ ગિરનાર મહાતીર્થની શાસ્ત્રાનુસાર ભાવપૂર્વક એકપણ યાત્રા કરવામાં આવે તો તે ભવાન્તરમાં મુક્તિપદને આપનાર બને છે.

ગિરનાર તીર્થની યાત્રા કરવા વર્ષમાં એકવાર આવવાનો સંકલ્પ કરવો.